Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્ય પાઠાવલી

શ્રેણી પહેલી

પ્રાથમિક શ્રેણી પાંચમી

સંપાદક
દેસાઇ અને બક્ષી

Karnatak Publishing House, Bombay.

66 ગ
13 ક

Pantholey

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या ..... 66 ज/१३ क

पंजिका-संख्या ..... २०१९६ B

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



[શ્રી યજ્ઞેશ્વર શુક્લ ગામતરું ચિત્રકાર]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્યપાઠાવલી

પુસ્તક પહેલું

: સંપાદક :

ઝીણાભાઈ રતનજી દેસાઈ,

પ્રિન્સીપાલ, શ્રી. શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહાર, અમદાવાદ

અર્ઘ્ય, ગાતા આસોપાલવ, તૂટેલા તાર, સ્વર્ગ અને પૃથ્વી આદિ પુસ્તકોના કર્તા

અને

છગનલાલ લાભશંકર બક્ષી, બી. એ., એલ. ટી.

સુપરીન્ટેન્ડન્ટ,

મ્યુનિસિપલ ગૂજરાતી બૉયઝ સ્કૂલ્સ, મુંબઈ

LIBRARY,
GURUKULA KANGRI.

६५/१३ क
२०१५६
५.१.२००१

કર્નાટક પબ્લિશિંગ હાઉસ
મુંબઈ ૨

CHECKED 1973

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિંમત સાત આના

First Printed : 1936
Reprinted : 1938
Reprinted : 1939
Reprinted : 1940

Printed by M. N. KULKARNI at the KARNATAK PRINTING PRESS, Chira Bazar, Bombay, and published by him at the KARNATAK PUBLISHING HOUSE, Chira Bazar, Bombay 2.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

"સાહિત્યપાઠાવલી"નો આ પ્રથમ ખંડ વિદ્યાર્થીઓ અને શિક્ષક બંધુઓના હાથમાં મૂકતાં અમે આશા રાખીએ છીએ કે આ પ્રકારના પાઠ્યપુસ્તકના સમર્થનમાં કોઈ પણ જાતની દલીલ કરવાની કોઈ ભાગ્યે જ અપેક્ષા રાખે. છેલ્લાં દસપંદર વર્ષમાં આપણે દરેક દિશામાં અસાધારણ પ્રગતિ કરી છે. શિક્ષણ સંબંધી આપણી માન્યતાઓમાં ભારે મૂલ્યપરિવર્તન થયું છે; આપણી સાહિત્યાભિરુચિ વધુ સૂક્ષ્મ બની છે; આપણું સાહિત્ય વધુ જીવન્ત અને તેજસ્વી બન્યું છે; આપણી કલાદૃષ્ટિ વધુ વિશાળ અને સૌન્દર્યોપાસક બની છે; આપણા બાળકોની કલ્પના અને સર્જનશક્તિને પોષે એવાં અનેક બળો ચારે બાજુએ ગતિમાન બની રહ્યાં છે—એ સંજોગોમાં બે પેઢી ઉપરનાં બાળકોને પાઠ્યપુસ્તકના રૂપમાં જે અપાતું હતું તે જ હજુ આપણાં બાળકોને શાળામાં આપવામાં આવે છે એ કહેવું તો છે જ; પણ આપણાં બાળકો પ્રત્યેની આપણી અક્ષમ્ય બેદરકારીનું એક કરુણ પ્રતીક છે.

આપણું સંસ્કારી પ્રજા-માનસ આ વિષમ પરિસ્થિતિ પ્રત્યે જાગ્રત ન હતું એમ તો નથી જ. ત્રિવેદી વાચનમાળા અને ગોંડળ સ્ટેટની વાચનમાળા, તેમ જ ગૂજરાત વિદ્યાપીઠે તૈયાર કરેલી વાચનમાળા આપણી એ જાગ્રતિનાં પ્રમાણ રૂપ છે. પણ જે રીતે, જે ગતિથી આપણો આખો સમાજ આગળ વધ્યો છે તે દૃષ્ટિએ જોતાં, આપણાં બાળકોની જરૂરિયાતોને પહોંચી વળે એવા નવા નવા એક નહિ, પણ અનેક પ્રયત્નોની જરૂર તો ઊભી જ રહી છે. પ્રો. શ્રી લાલભાઈ દેસાઈ અને આચાર્ય શ્રી મગનલાલ વ્યાસે 'નવયુગ વાચનમાળા' તૈયાર કરી ગૂજરાતી ચાર ધોરણ સુધીનાં બાળકોની જરૂરિયાતોને નવી દૃષ્ટિએ સ્વીકારવાનો અને તે જરૂરિયાતોને બને તેટલી સારી રીતે પહોંચી વળવાનો પ્રયત્ન કર્યો; હાઈસ્કૂલનાં ચોથા, પાંચમા અને છઠ્ઠા ધોરણો માટે પણ અનેક પાઠ્યપુસ્તકો તૈયાર થયાં; પણ વચ્ચેનાં ધોરણો માટે તો તે જૂની ધરેડ જ રહી. "સાહિત્યપાઠાવલી" એ ધરેડમાંથી બહાર નીકળી નવા યુગની વિસ્તીર્ણ ક્ષિતિજોનું દર્શન કરાવી શકે એવા વિશાળ માર્ગે આવવાનો એક નમ્ર પ્રયત્ન છે.

એની યોજનામાં અમે જે દૃષ્ટિ રાખી છે તે એ કે એનાથી જો વિદ્યાર્થીઓમાં ભાષાજ્ઞાન અને ભાષાપ્રેમ ઉત્પન્ન થઈ શકે તો એનું અસ્તિત્વ સાર્થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થશે. વાચનમાળાનો પ્રધાન હેતુ આ જ હોવો જોઇએ. એ હેતુની સિદ્ધિ અર્થે રસને અમે એક સબળ વાહન લેખ્યું છે; રસ જળવાઈ રહે અને બને તેટલી હકીકતો, વિગતો, અને નવીનવી વસ્તુઓ વિદ્યાર્થીઓને જાણવા મળે એ અમે અભિનન્દનીય લેખ્યું છે. પણ એ વિગતો, હકીકતો વગેરેનું ભાષા શીખવવાના પાઠ્યપુસ્તકમાં પ્રધાન સ્થાન તો ન જ હોઈ શકે–ન જ હોવું જોઇએ, અને અમારી એ માન્યતાને આ પાઠાવલીની યોજનામાં અમે મક્કમતાથી વળગી રહ્યા છીએ. ટૂંકમાં આ 'પાઠાવલી' વિદ્યાર્થીને ગૂજરાતી સરસ્વતીમંદિરમાં પ્રવેશ કરાવશે એવી અમે આશા રાખી છે. એ સરસ્વતીમંદિરમાં ઇતિહાસની ભવ્ય કમાનો છે, પણ તે કમાનો કંઈ સમગ્ર મંદિર નથી; વિજ્ઞાનનાં સિંહદ્વાર છે, પણ તે મંદિરનું એક અંગ માત્ર છે; કલાનું સિંહાસન છે, પણ તે દેવીનું આસન માત્ર છે એ વાત વિદ્યાર્થીના મન ઉપર, તેને ખબર ન પડે એ રીતે બરાબર ઠસે અને તેને ગૂજરાતી સાહિત્યના ભવ્ય મંદિરની ઝાંખી થાય એ દૃષ્ટિએ અમે આ 'પાઠાવલી' યોજી છે.

આ દૃષ્ટિ સ્વીકારી એટલે સાહિત્યનાં જુદાં જુદાં અંગોનો સવિવેક સમન્વય કરવાનું જ અમારે માટે રહ્યું. ટૂંકી વાતોના જુદા જુદા પ્રકારો; લાંબી નવલ-કથાઓના વસ્તુવિકાસમાં યોજાતી દૃષ્ટિને મૂર્ત કરે એવા લાંબા કથાનકોમાંના લાક્ષણિક પ્રસંગો, વર્ણનો કે અવતરણો; ભાષાન્તરોના ઉત્કૃષ્ટ પ્રકારો અને એ દ્વારા ભાષાભેદ, જાતિભેદ, કે ભૌગોલિક ભેદોની પાર રહેલા માનવ-એકતાનો પરિચય; નિબંધસાહિત્યના જુદા જુદા પ્રકારો; કવિતાના જુદા જુદા પ્રકારો; જુદા જુદા પ્રકારની નાટ્યકૃતિઓ, વિવેચનાસાહિત્યનો પરિચય વગેરેમાંથી બને તેટલા નમૂનાઓ વિદ્યાર્થીઓની ગ્રહણ-શક્તિ ધ્યાનમાં રાખી અમે ભેગા કર્યા. એમાં વિષયવૈવિધ્ય જળવાય એ માટે અમે બનતી કાળજી રાખી છે. ઇતિહાસ, વિજ્ઞાન કે ભૂગોળ ઉપર લખાએલો પાઠ અને કોઈ સાહિત્ય-કૃતિમાંથી નિષ્પન્ન થતી આ જાતના વિષયોનો લગતી માહિતી વચ્ચે કેવો મોટો ભેદ રહેલો છે તે અમે માનીએ છીએ કે સુવિદિત છે. એથી વિષયવૈવિધ્ય જાળવવા માટે અમારે આપણા સાહિત્યનાં અનેક અંગોની આપણી સમૃદ્ધિને સારી રીતે તપાસવી પડી છે. એમાં "કુમાર," "પ્રસ્થાન," "કૌમુદી," કિશોર," "વસન્ત" "ગૂજરાત" આદિ આપણાં અગ્રગણ્ય માસિકોએ અમને સારું સરખું માર્ગદર્શન આપ્યું છે તે હકીકત અહીં સાભાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોંધીએ છીએ. આ પાઠાવલીમાં જે પાઠો છે તે દરેક સાહિત્યના કોઈ એક અંગ કે પ્રકાર–type–ના એક ઉત્તમ પ્રતિનિધિ રૂપ છે એમ એ પાઠો વાંચતાં વિવેકી વાચક જોઈ શકશે. એ નમૂનાઓ મોટે ભાગે આપણા સાહિત્યમાં સિદ્ધહસ્ત લેખાયેલ સાહિત્યસેવકોનાં લખાણોમાંથી જ છે. શિક્ષકો એ નમૂનાઓને લઘુનિબંધ, સ્વૈરવિહારીનિબંધ, ઐતિહાસિકનિબંધ, વિવેચનાત્મકનિબંધ, પ્રવાસવર્ણન, કુદરતવર્ણન, આત્મકથા, નવલિકા, નવલકથા, સાહસકથા, પુરાણકથા, પરીકથા, લોકકથા, વ્યક્તિચરિત્ર, વિનોદ કે હાસ્યરસાત્મક સાહિત્ય, નાટ્યકૃતિ, કલાદર્શન, રાષ્ટ્રકાવ્ય, પ્રકૃતિકાવ્ય, લોકગીત, સંવાદગીત, કથાકાવ્ય આદિ નામો આપી, તેના જેવા બને તેટલા બીજા નમૂના વિદ્યાર્થીઓ આગળ મૂકી, એ દરેક અંગની વિશિષ્ટતા વિદ્યાર્થીઓના મનમાં સારી રીતે જડાઈ રહે એમ કરવા જો પ્રેરશે તો આ 'પાઠાવલી'નો હેતુ સફળ થશે.

ભાષાની બાબતમાં બને તેટલાં સાદાં વાક્યોવાળી સાહિત્યકૃતિઓ જ અમે અહીં રજૂ કરી છે. વિદ્યાર્થીઓ કઠણ શબ્દોનો અર્થ તો, વાક્યનો ધ્વનિ માત્ર તેમને સમજાય તો કલ્પના કરીને પણ, શોધી શકે છે; પણ જટિલ વાક્યરચના કે વાક્યમાં રહેલો દુર્બોધ ભાવ કે વિચાર દસઅગિયાર વર્ષનાં બાળકોની ગ્રહણશક્તિ માટે ભારે પડે છે. અને તેથી એ ભયચિહ્ન સામે અમે બને તેટલા જાગ્રત રહ્યા છીએ. તે ઉપરાંત ભાષાનો વિકાસ કેવી રીતે થાય છે એ પણ વિદ્યાર્થીના ધ્યાનમાં સારી રીતે આવી શકે એ દૃષ્ટિએ જુદા જુદા સમયના નમૂનાઓ આપ્યા છે, અને જરૂર પડે ત્યાં શબ્દોના ઉપયોગમાં જે ફેરફારો થતા રહ્યા છે તે તરફ પણ વિદ્યાર્થીઓનું ધ્યાન ખેંચ્યું છે.

દરેક પાઠની શરૂઆતમાં આપેલો પરિચય વિદ્યાર્થીઓને લેખકોના પ્રથમદર્શનના પરિચય જેવો–માત્ર નામના પરિચય જેવો છે; પણ તે ઉપરાંત પાઠ વાંચવામાં વિદ્યાર્થીઓ સમક્ષ ચોક્કસ દૃષ્ટિ રજૂ કરવાનો અને ઇતર વાચન સૂચવવાનો પણ એ પરિચયનો એક હેતુ છે. દરેક પાઠને અન્તે આપેલો સ્વાધ્યાય વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિ, તુલનાશક્તિ, વિવેચનશક્તિ, સુરુચિ, સુવ્યવસ્થિત રીતે શબ્દો અને વિચારોની ગોઠવણી કરવાની શક્તિ વગેરે વિકસાવવાના હેતુથી યોજાયો છે. પ્રથમદર્શને અને ગૂજરાતી પાઠ્યપુસ્તકોમાં એ પ્રકારના સ્વાધ્યાયોથી આપણે ટેવાએલા ન હોવાથી એ સ્વાધ્યાયો કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ જગ્યાએ કદાચ કોઇને ભારે લાગવા સંભવ છે. પણ પોતાના વિદ્યાર્થીઓ ઉપર એનો અખતરા દાખલ એક વખત પોતે પ્રયોગ કરી જુએ એવી અમારી શિક્ષક ભાઈબહેનોને વિનતિ છે. એમ કરતાં તેઓ સહેજે જોઇ શકશે કે એ સ્વાધ્યાયો પાછળ રહેલ સૂચન–suggestion–ને વિદ્યાર્થીઓ ઉલ્લાસપૂર્વક ઝીલી લેશે; અને આ એક અનુમાન તરીકે નહિ, પણ અમારા પ્રત્યક્ષ અનુભવ પરથી અમે અત્રે રજૂ કરીએ છીએ. વિશેષમાં આ સ્વાધ્યાયો પાઠ શીખવવા માટે શિક્ષકની પૂર્વતૈયારીમાં સહાયકર્તા થઈ પડશે એવી પણ અમે આશા રાખી છે. વિદ્યાર્થીઓ આ કક્ષાથી શબ્દકોશનો ઉપયોગ કરવા ટેવાય એ હેતુથી શબ્દાર્થ અમે ઇરાદાપૂર્વક નથી આપ્યા તે પ્રતિ શિક્ષક ભાઈબહેનોનું ધ્યાન ખેંચીએ છીએ.

કાવ્યો સંબંધી એક વાત અત્રે અમે ખાસ નોંધવા ઇચ્છીએ છીએ. શબ્દોની શકિત, કાવ્યનો વ્યંગ્યાર્થ કે ધ્વનિ વગેરે વિદ્યાર્થીઓ પૂરેપૂરી રીતે સમજે એવી આશા રાખવી એ વધુ પડતું છે. જે ઉંમરનાં બાળકો માટે આ 'પાઠાવલી' તૈયાર થઈ છે તે ઉંમર સ્વતંત્ર રીતે વસ્તુઓનાં મૂળ સ્વરૂપને સમજવાની દિશા તરફના વિદ્યાર્થીઓના પ્રથમ પગલાં જેવી છે. જોડકણાંથી કંઈક વિશેષ અને અર્થગંભીર વિચારપ્રધાન કાવ્યોથી કંઈક ઓછું–જેમાં સંગીત હોય, જોડકણાંથી ટેવાયેલ રસવૃત્તિને સુન્દર પ્રાસોની મઝા મળતી હોય, કાનને પ્રિય લાગે એવા વ્યંજનોની સુરેખ ઘટના હોય અને કલ્પનાને આનંદ પડે એવાં ચિત્રો હોય એવાં કાવ્યો આ ઉંમરનાં બાળકોને ઉલ્લાસ આપી શકે એ દૃષ્ટિએ કાવ્યોની પસંદગી કરતાં અમને અનેક મુશ્કેલીઓ અનુભવવી પડી. આપણું કાવ્યસાહિત્ય હજુ મુખ્યત્વે ઊર્મિપ્રધાન જ છે. એમાંથી બાળકોની રસવૃત્તિને અનુકૂળ કાવ્યોની પસંદગી સારા સરખા વિણામણની અપેક્ષા રાખે છે. બને ત્યાં સુધી અમે આત્મલક્ષી–subjective–કાવ્યો ઓછાં લીધાં છે અને વસ્તુલક્ષી–objective–કાવ્યના સારા સરખા ભંડારની આપણે ત્યાં ભારે ખોટ છે; એમ છતાં શકય તેટલાં કાવ્યો અમે આ જ દૃષ્ટિએ પસંદ કર્યા છે. એ કાવ્યોનો મોટો ભાગ ગેયકાવ્ય હોઈ એના સંગીત દ્વારા જો વિદ્યાર્થીઓ સમક્ષ એ રજૂ થશે તો ભલે વિદ્યાર્થીઓ શરૂ-આતમાં એના સંગીત આગળ કાવ્યના હાર્દને ઘડીભર ભૂલે, પણ કાળે કરી કાવ્યનો ભાવ તેમનાં અન્તરમાં દૃઢ થશે અને તે તેને સાચા આનંદનું સાધન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ પડશે. આ હેતુ સફળ થાય એ માટે આ 'પાઠાવલીમાં' આપેલાં કેટલાંક કાવ્યોની પ્રમાણભૂત ગ્રામોફોન રેકર્ડ કરાવવા અમે ધારી છે. તે ઉપરાંત બનશે તો વખતોવખત રેડીઓ દ્વારા પણ એનો પ્રચાર થાય એવી યોજના કરવાના અમારા મનોરથ છે.

'પાઠાવલી'માં જે નાટ્યકૃતિઓ લીધી છે તે બને ત્યાં સુધી વિદ્યાર્થીઓને નાટકના સ્વરૂપનો બરોબર ખ્યાલ આવે એ દૃષ્ટિએ, અને માત્ર સંવાદ એ નાટક નથી એનું તેમને સારી રીતે ભાન થાય એ દૃષ્ટિએ, અને તેઓ સહેલાઈથી ભજવી શકે એ રીતે આપી છે. શિક્ષકો એ દિશામાં વિદ્યાર્થીઓ સમક્ષ વધુ નમૂનાઓ અને ખાસ કરીને એકાંકી નાટકોના નમૂનાઓ રજૂ કરી વિદ્યાર્થીઓને નાટ્યસ્વરૂપનો ખ્યાલ આપવા ઘણું કરી શકશે.

આ 'પાઠાવલી'નું બીજું વિશિષ્ટ અંગ એને હાથમાં લઈ ઉપલક રીતે એનાં પાનાં ઉથલાવી જોનારના ધ્યાનમાં સહેજે આવ્યું હશે. બાળકોને જે કંઈ શીખવાય તે પ્રત્યક્ષ પરિચય કરાવીને શીખવાય તો તેથી તેના મન પર ચિરસ્થાયી છાપ પડે છે એ શિક્ષણનો સર્વમાન્ય સિદ્ધાન્ત છે. એથી અમે ઘણી મહેનતે 'પાઠાવલી'ના પાઠોને લગતાં ચિત્રો તૈયાર કરાવ્યાં છે. શ્રી. ગોકળીબાઈ પૂનમચંદ હાઈસ્કૂલના ચિત્રશિક્ષક શ્રી ભાનુ પંચોલી, જી. ડી. આર્ટસના એ માટે અમે ખાસ ઋણી છીએ. જે ચિત્રો તેમણે તૈયાર કર્યાં છે તે વિગત કે ભાવને રજૂ કરે છે, તેના હાર્દને બરોબર વ્યક્ત કરે છે. દુર્ભાગ્યે આપણે ત્યાં કલાનું સ્થાન ઉપેક્ષિત જેવું છે, એટલે આ ચિત્રો ઉપરાંત સિદ્ધ-હસ્ત ચિત્રકારોનાં પ્રસિદ્ધ ચિત્રો, મૂર્તિઓ, ફોટો વગેરેના આ 'પાઠાવલી'માં આપેલા પરિચય આ 'પાઠાવલી'નું એક અતિ અગત્યનું અંગ છે. ઉત્તમ પ્રકારનાં અંગ્રેજી પાઠ્યપુસ્તકો આ વિધાનની સાક્ષી પૂરશે. એ ચિત્રપરિચયો માત્ર નમૂના રૂપ છે. શિક્ષકો એ ઉપરથી એ દિશામાં, જો તેઓ ધારે તો, ઘણું કરી શકશે.

અંતમાં આ 'પાઠાવલી'ના પાઠો શિખવવા સંબંધી શિક્ષકોના ધ્યાન પર એક વાત અમે લાવવા ઈચ્છીએ છીએ. ઉચ્ચાર વગેરેની દૃષ્ટિએ સારી રીતે વંચાએલો પાઠ એ પાઠની પોણી સફળતા છે, અને એમ ન થાય તો તે પાઠનું મૂલ્ય ગમે તેટલું મોટું હોય છતાં મોટા ભાગના વિદ્યાર્થીઓના મનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની સામે પૂર્વગ્રહ જ બંધાવાના. એટલે સારામાં સારી રીતે આ પાઠો વર્ગમાં વંચાય એ માટે શિક્ષકો પૂરતી કાળજી રાખશે એવી તેમને વિનતિ છે. કવિતાની બાબતમાં પણ જેમ તેના સંગીતતત્ત્વ ઉપર અમે ભાર મૂક્યો છે, તેમ તેનાં શુદ્ધ પઠન–Recitation–ઉપર—ભવિષ્યમાં વિદ્યાર્થીઓને वाक्यं रसात्मकं काव्यम् એ કાવ્યના શુદ્ધ સ્વરૂપથી પરિચિત કરવા છે એ દૃષ્ટિએ અને કાવ્યનો અર્થ તેમને બરોબર સ્પષ્ટ થાય એ દૃષ્ટિએ ખાસ જરૂરનું છે. ટૂંકમાં આ પાઠોની સફળતા મોટે ભાગે જે સ્વરૂપમાં વિદ્યાર્થીઓ સમક્ષ એ રજૂ થાય તે ઉપર અવલમ્બશે એ વાત જેમના ઉપર આ 'પાઠાવલી'ની સફળતાનો સંપૂર્ણ આધાર છે તે શિક્ષક ભાઈબહેનોના ધ્યાન ઉપર સતત રહે એવી પ્રાર્થના છે.

આ 'પાઠાવલી' જેમનાં લખાણોને લીધે તૈયાર થઈ શકી છે તે સહુ લેખક–લેખિકાનો અમારા ઉપર ઘણો મોટો ઉપકાર થયો છે. એ ઉપકાર માટે અમારી કૃતજ્ઞતાની લાગણી શબ્દો દ્વારા ભાગ્યે જ અમે પૂરેપૂરી રીતે વ્યક્ત કરી શકીએ. મૂળ લખાણને વિદ્યાર્થીઓને અનુકૂળ પડે એ દૃષ્ટિએ કોઈક જગ્યાએ અમારે નિરુપાયે ટૂંકાવવાં પડ્યાં છે તે માટે અમને તે લખાણોના કર્તા ક્ષમા આપશે એવી આશા રાખીએ છીએ. આ 'પાઠાવલી' તૈયાર કરવામાં અમને અનેક ભાઈબહેનોની સક્રિય મદદ, સૂચનાઓ વગેરે મળ્યાં છે તે સહુના અમે ઋણી છીએ.

અંતમાં આ 'પાઠાવલી'ને માટે અનુભવી શિક્ષક ભાઈબહેનો અને વિદ્વાનો તરફથી અમને યોગ્ય સૂચનાઓ અને માર્ગદર્શન મળે એવી પ્રાર્થના સહ વિરમીએ છીએ.

ઝી. ર. દેસાઈ
છ. લા. બક્ષી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્યપાઠાવલી

અનુક્રમ

			પૃષ્ઠ
૧	હિન્દ માતાને (કવિતા).	'કાન્ત'	૧
૨	મેઘધનુષ્ય	નવલરામ પંડ્યા	૨
૩	રામ અને નાવિક (કવિતા)	ભાલણ	૫
૪	શિકાર	ડુંગરસિંહ ધરમસિંહ સંપટ	૭
૫	વીએનાનો સાધુ	ચંદ્રશંકર શુક્લ	૧૫
૬	બ્રહ્મગિરિ (કવિતા)	નર્મદાશંકર	૨૪
૭	કૃષ્ણ-સુદામા (કવિતા)	પ્રેમાનંદ	૨૬
૮	જમરાજ અને વૈદરાજ	કીકુભાઈ દેસાઈ	૨૯
૯	જેસલ-તોળલ (કવિતા)	લોકગીત	૩૬
૧૦	ગોરો જુવાન	રામનારાયણ ના. પાઠક	૩૯
૧૧	સાગર (કવિતા)	ત્રિભુવન વ્યાસ	૪૪
૧૨	કણ્વનો આશ્રમ	મોંઘીબહેન	૪૮
૧૩	મીઠી માથે ભાત (કવિતા)	વિઠ્ઠલદાસ આવસત્થી	૫૨
૧૪	મારા ગોકિયા	હરિપ્રસાદ વ્ર. દેસાઈ	૫૭
૧૫	ઝાકળનું બિન્દુ (કવિતા)	ઝવેરચંદ મેઘાણી	૬૭
૧૬	છોડોની વસાહતો	આપાસાહેબ પટવર્ધન	૭૦
૧૭	કાબુલી	મહાદેવભાઈ દેસાઈ	૭૭
૧૮	બે પંખી (કવિતા)	જુગતરામ દવે	૮૫
૧૯	નારિયેળી	'સૃષ્ટિવિજ્ઞાન'માંથી	૮૯
૨૦	શાન્તિ (ચિત્રપરિચય)	'સ્નેહરશ્મિ'	૯૪
૨૧	રંગ રંગ વાદળિયાં (કવિતા)	'સુન્દરમ્'	૯૬
૨૨	સાકરનો શોધનારો–૧ (નાટિકા)	યશવંત પંડ્યા	૯૯
૨૩	સાકરનો શોધનારો–૨	,, ,,	૧૦૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪ સાકરનો શોધનારો–૩ (નાટિકા).	યશવંત પંડ્યા . .	૧૧૦
૨૫ બાપાની પીપર અને ભાદરવાનો ભીંડો (કવિતા).	દલપતરામ . .	૧૧૩
૨૬ સતી	કનૈયાલાલ મુનશી .	૧૧૬
૨૭ નારાયણ હેમચંદ્ર. . .	ગાંધીજી . . .	૧૨૦
૨૮ વીર નર્મદ . . .	ભાનુશંકર વ્યાસ . .	૧૨૬
૨૯ ભવિષ્યવેત્તા (કવિતા) . .	ચંદ્રવદન મહેતા . .	૧૩૧
૩૦ વામનજીના દેશમાં . .	હંસા મહેતા . .	૧૩૪
૩૧ એક વિચિત્ર અનુભવ . .	વિનોદિની નીલકંઠ .	૧૪૧
૩૨ કુલહોવલ્લાહ (કવિતા) . .	કરીમ મહમદ માસ્તર .	૧૪૬
૩૩ પેટમાં દેડકાવાળો વાણીઓ .	મહીપતરામ . .	૧૪૭
૩૪ બાપ-દીકરો (કવિતા) . .	ઉમાશંકર જોશી . .	૧૫૩
૩૫ આરોગ્ય. . . .	અંબાલાલ સાકરલાલ .	૧૫૭
૩૬ જહાજો બાંધનાર એક પ્રખ્યાત પારસી કુટુમ્બ . . .	વિજયા દેસાઈ . .	૧૬૦
૩૭ તારાઓનું કાવ્ય . . .	કાકા કાલેલકર . .	૧૬૭
૩૮ ગદાયુદ્ધ	નૃસિંહપ્રસાદ ભટ્ટ .	૧૭૧
૩૯ ગામતરું (ચિત્રપરિચય) .	રામનારાયણ વિ. પાઠક .	૧૭૮
૪૦ મધપૂડો (કવિતા) . .	'લોકસાહિત્ય'માંથી .	૧૮૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ : હિન્દ માતાને

ઓ હિન્દ ! દેવભૂમિ ! સંતાન સૌ તમારાં !
કરીએ મળીને વંદન ! સ્વીકારજો અમારાં !

હિન્દુ અને મુસલમિન : વિશ્વાસી, પારસી, જિન :
દેવી ! સમાન રીતે સંતાન સૌ તમારાં !
પોષો તમે સહુને, શુભ ખાનપાન બક્ષી;
સેવા કરે બને તે, સંતાન સૌ તમારાં !
રોગી અને નિરોગી, નિર્ધન અને તવંગર,
જ્ઞાની અને નિરક્ષર : સંતાન સૌ તમારાં !
વાલ્મીકિ, વ્યાસ, નાનક : મીરાં, કબીર, તુલસી;
અકબર, શિવાજી, માતા ! સંતાન સૌ તમારાં !
સૌની સમાન માતા, સૌએ સમાન તેથી;
ના ઉચ્ચ નીચ કોઈ, સંતાન સૌ તમારાં !
ચાહો બધાં પરસ્પર, સાહો બધાં પરસ્પર;
એ પ્રાર્થના કરે આ, સંતાન સૌ તમારાં !

'કાન્ત'

B. Pancholey

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨



[જેને લખતાં ન આવડતું હોય તેને પણ મેઘધનુષ્ય જોતાં થઈ જાય કે "હું કંઈનું કંઈ લખી નાખું" એથી અનેક લેખકોનાં લખાણોમાં તમે મેઘધનુષ્યનાં વર્ણન વાંચશો. તે બધાંમાં સ્વ. નવલરામ લક્ષ્મીરામ પંડ્યાનું વર્ણન ઘણું જૂનું છે. એ વર્ણન અહીં ટૂંકાવીને આપ્યું છે. નવલરામ, કવિ નર્મદાશંકરના મિત્ર હતા. તે મોટા વિદ્વાન હતા. "ભટનું ભોપાણું," "વીરમતી નાટક," "ઇંગ્લાંડનો ઇતિહાસ" આદિ તેમનાં પુસ્તકો સુપ્રસિદ્ધ છે. નવલરામ આપણા આદ્ય વિવેચક લેખાય છે. કવિ કે લેખકો જે કંઈ લખે છે તેમાં તેમને સાચી દિશા બતાવવાનું, તેમનાં લખાણમાં રહેવા પામેલી ભૂલો કે તેમનાં લખાણના સુન્દર ભાગો બતાવી તેની કદર કરી બીજાઓ પાસે કદર કરવાનું અને લોકોને લેખકોનાં લખાણોની બરોબર સમજૂતી આપવાનું કાર્ય વિવેચકનું છે. એ કાર્ય અત્યંત કઠિન છે. જો વિવેચકમાં અપાર વિદ્વત્તા હોય તો જ એવું કામ તેનાથી બની શકે. નવલરામમાં એવી વિદ્વત્તા હતી. તમે મોટા થશો ત્યારે તેમનું "નવલ ગ્રંથાવલી" નામનું પુસ્તક વાંચી, નવલરામ કેવા મોટા વિવેચક હતા તે સહેજે જોઈ શકશો. ગૂજરાતના બીજા કોઈ મોટા વિવેચકોનાં નામ તમે સૂચવી શકશો ?]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેઘધનુષ્ય કેવું રળિયામણું દેખાય છે! જ્યારે આકાશના એક છેડાથી બીજા છેડા સુધી મેઘધનુષ્ય તણાઇને નાના પ્રકારના રંગ ઝળકી રહે છે ત્યારે જે શોભા થાય છે તેનું શું પૂછવું! મેઘધનુષ્યના જેવો જગતમાં એક પણ બીજો રમણીય દેખાવ નથી. એ જોતાં જ માણસનો આત્મા પ્રસન્ન થઈ જાય છે.

વરસાદના વખતમાં જ મેઘધનુષ્ય દેખાય છે. પણ તે સમયે એક દિશામાં સૂર્ય ખૂબ પ્રકાશતો હોવો જોઇએ, અને સામી દિશામાં વરસાદ આવતો હોવો જોઇએ. એવે પ્રસંગે જો સૂર્ય તરફ પીઠ કરીને ઊભા રહીએ તો ઘણું કરીને સામાં વાદળાંઓ પર એક મોટું તોરણ વિચિત્ર રંગથી ચળકતું દેખાશે. એ રંગ નાના પ્રકારના છે, તથાપિ તેમાં સામ્ય એવું રહેલું છે, અને તે એકબીજામાં એવી રીતે મળી ભળી ગયેલા છે કે એક રંગનો પટ્ટો ક્યાં પૂરો થયો, અને બીજો ક્યાંથી શરૂ થયો એ ઓળખવું અશક્ય થઈ પડશે. જો વધારે વરસાદ હશે તો તે સમે આ કમાનની બહાર એક બીજી કમાન પણ દેખાશે; પરંતુ તેના રંગ એટલા પ્રકાશિત નહિ માલમ પડે. એ બન્ને તોરણોમાં રંગ આ જ અનુક્રમે હમેશાં દેખાય છે: લાલ, નારંગીઓ, પીળો, લીલો, વાદળી, ભાગો-જાંબુઓ અને જાંબુઓ. પણ તેની ગોઠવણમાં ફેર છે. પહેલા ધનુષ્યમાં નીચલી કોર જાંબુઆ રંગની અને ઉપલી લાલ રંગની હોય છે, પણ બહારના ધનુષ્યમાં ઉપલી કોર જાંબુઆ રંગની અને નીચલી કોર લાલ રંગની દેખાય છે.

આ રમણીય ચમત્કારનું કારણ એ છે કે સૂર્યનાં કિરણમાં ઘણા રંગ રહેલા છે. ઘણા સાધારણ લોક એમ સમજે છે કે ધોળામાં રંગ જ નથી, પણ એથી ઊલટું ધોળો તો બધા રંગનો બનેલો છે. એનો જો કોઇને પ્રયોગ કરી અનુભવ લેવો હોય તો તે બહુ સહેલી વાત છે. ઝુમ્મરનાં લોલકો થાય છે તે અથવા ત્રિકોણાકાર પાસા પાડેલા કોઈ પણ બિલોરી કાચને લઇને તેમાંથી જોશો, તો તૂરત માલૂમ પડશે કે એક ધોળા કિરણમાં તો સાત રંગ રહેલા છે. જો એથી બારીક પ્રયોગ કરી જોવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તો એક ઓરડામાં બિલકુલ અંધારું કરવું અને બારીમાં એક બહુ જ નાનું કાણું પાડીને તેમાંથી સૂર્યના કિરણને આવવા દેવું. એમ કર્યાથી જમીન ઉપર ઓરડામાં અજવાળાનું ટપકું દેખાશે. હવે પછી પેલા બારીના છિદ્રમાં એક ત્રિકોણાકાર કાચનો કકડો ઘાલીને જોશો તો ભોંય ઉપર કાંઈ અજવાળું દેખાવાને બદલે સામી ભીંત ઉપર સુંદર રંગનો પટ્ટો પડી રહેશે અને તે બધી રીતે એક નાના મેઘધનુષ્યના જેવો જ દેખાશે. આ શોધ પ્રથમ સર આઈઝેક ન્યૂટને કરી અને ત્યારથી માલૂમ પડ્યું છે કે સૂર્યના કિરણમાં સાત રંગ છે અને તે દરેક જુદી જુદી રીતે વક્રીભવન થાય છે. પાછળથી મૂળ રંગ ત્રણ જ છે અને બીજા રંગ તો એ ત્રણની મેળવણી ઉપરથી પેદા થાય છે એવો મત ચાલે છે, તો પણ તેથી કાંઈ મેઘધનુષ્યનાં કારણ સમજાવવામાં ફેર પડતો નથી.

જોનાર ઊંચી જમીન ઉપર ઊભો ન રહ્યો હોય તો મેઘધનુષ્ય ક્યારે પણ અર્ધગોળ કરતાં મોટું દેખાય નહિ. જો વાદળાં થોડાં હોય તો અર્ધગોળ કરતાં ઓછું દેખાય ખરું. જ્યારે વાદળાંથી આકાશ ઘણું છવાઈ ગયું હોય છે ત્યારે જ સંપૂર્ણ ધનુષ્યનાં દર્શન થાય છે. કોઈ સમયે વાદળાં વગરના ભૂરા આકાશમાં પણ ધનુષ્ય ખેંચાય છે અને કોઈ વખત જમીન ઉપર થયેલું દેખાય છે. વાદળાં વગર પણ થાય છે તેનું કારણ એ છે કે હવામાં તે સમે ન દેખાય એવી પાતળી વરાળનો જથ્થો હોય છે, અને તેમાંથી પણ કિરણ વક્રીભવન થાય છે. જમીન ઉપર ઘાસ તથા વનસ્પતિ ઉપર વરસાદનાં ટીપાંઓ બહુ જ વળગી રહ્યાં હોય છે ત્યારે પૃથ્વી ઉપર પણ મેઘધનુષ્ય થવાનો યોગ આવે છે. ધોધવા અથવા ફુવારાના ફીણમાં પણ મેઘધનુષ્યના જેવી જ રમૂજ કોઈ વખત થઈ રહે છે. ઝાકળથી પણ એવું જ પરિણામ થઈ શકે છે. ઉત્તર મહાસાગરમાં હમેશાં બહુ જ ઝાકળ પથરાયેલી રહે છે તેથી ત્યાં આવાં ધનુષ્યો પાણી ઉપર ઘણીવાર જોવામાં આવે છે.

પહાડી અને તોફાની મુલકોમાં મેઘધનુષ્ય ઘણાં અને સરસ દેખાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. ચંદ્રનાં કિરણથી પણ કોઈ કોઈ વખત એમ થઈ શકે છે, પરંતુ તેના રંગ તો બહુ જ ઝાંખા હોય છે.

– સ્વાધ્યાય –

૧. તમે કોઈ વખતે મેઘધનુષ્ય જોયું છે? કઈ ઋતુમાં? દિવસના કયા ભાગમાં?

૨. તમે તમારા મિત્ર સાથે ફરવા નીકળ્યા છો, એવામાં એકાએક આકાશમાં મેઘધનુષ્ય ખેંચાએલું તમે જુઓ છો—એવો એક પ્રસંગ કલ્પી તે પ્રસંગે તમારી વચ્ચે મેઘધનુષ્ય સંબંધી થએલી ચર્ચા નાના સંવાદ રૂપે લખો.

૩. મેઘધનુષ્ય જોવા શા માટે સૂર્ય તરફ પીઠ કરવી?

૪. મેઘધનુષ્યના રંગો જોવા હોય તો કયા કયા પ્રયોગો દ્વારા તે જોઈ શકાય?

૫. સર આઈઝેક ન્યૂટન સંબંધી તમે કંઈ જાણો છો? તમારા શિક્ષક પાસેથી તેને વિષે જરૂરી માહિતી મેળવી ટૂંકમાં તેનું જીવનચરિત લખો.

૩

રામ અને નાવિક

[ભક્ત કેવી સરસ રીતે લાડ કરી શકે છે તેનું આ કાવ્ય સુન્દર ઉદાહરણ છે. વિશ્વામિત્ર સાથે રામ સામે કાંઠે જવા નદીકિનારે ઊભા હતા. હોડીવાળો રામચંદ્રજીનો ભક્ત હતો; રામચંદ્રનો ચરણસ્પર્શ કરી તેમના ચરણ ધોવાની તેની ઈચ્છા હતી; પણ રામ કદાચ એવી રજા સહેજે ન આપે તો? એટલે ચતુર નાવિકે એક યુક્તિ કરી. પોતાના પતિના શાપથી અહલ્યા પથ્થર બની ગઈ હતી એ વાત તો તમે સાંભળી જ હશે. નાવિકને કાને એ વાત આવી હતી. તેનો તેણે લાભ લીધો. તેણે હોડીમાં બધાને બેસાડવાની હા પાડી, પણ 'એક રામને નહિ બેસાડું!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવું કહ્યું. તેણે કહ્યું : "રામચંદ્રની ચરણરજ લાગતાં જ શલ્યાની અહલ્યા થઈ તો મારી આ હોડી, હોડી મટી સ્ત્રી ન થઈ જાય એનો શો ભરોસો ? તો તો મારું તો આવી જ બને ને ? એક તો મારો રોટલો જાય, અને ઘરમાં મારે એક બૈરી તો છે, અને આ બીજી થાય. એ બધ્ધે જણીને ખવરાવું શું ? ના ભાઈ, મને એ ન પરવડે. તમો બધા સુખેથી હોડીમાં આવો; એક રામ નહિ !" વિશ્વામિત્ર તો ભારે ચતુર હતા. નાવિકના કથનનો મર્મ તરત જ તે કળી ગયા. પછી શું થયું તે તમે જ જાતે કવિતા વાંચી શોધી કાઢો. આ કવિતા ઘણી જૂની છે. ભાલણ નામના આપણા એક પ્રાચીન કવિએ તે લખી છે. એ લખાયાને લગભગ પાંચ સૈકા થવા આવ્યા છે તેથી એની ભાષા તમને જરા વિચિત્ર લાગશે. સ્વામીનું 'સ્વામ,' ત્યાંનું 'તાં' વગેરે શબ્દો ભાલણના જમાનામાં વપરાતા હતા. ભાલણ વિષે વધુ તમે ઉપલાં ધોરણમાં શીખશો. તેનું કાદંબરી નામનું એક પુસ્તક આપણા સાહિત્યમાં ખૂબ પ્રખ્યાત છે.]

* * *

નાવિક વળતો બોલીઓ, સાંભળો મહારા સ્વામ;
સાથ સહુ કો નાવે બેસો, નહિ બેસારું રામ.
વાર્તા મેં સાંભળી છે, ચરણ રેણુની અપાર;
અહલ્યા તાં થઈ સ્ત્રી સહી, પાષાણ ફીટી નાર.
આજીવિકા માહરી એક છે, જુઓ મન વિવેક;
સ્ત્રી થાતાં વાર ન લાગે કાષ્ટ પાષાણ એક.
આજીવિકા ભાંગે મહારી, આગે એક સ્ત્રી છે ઘેર;
બે મળીને શું જમે ? શી કરું તાં પેર ?
હસી વિશ્વામિત્ર બોલિયા, ચરણ રેણે સ્ત્રી થાય;
તે માટે ગંગાજળ લેઇને પખાળો હરિપાય.
હસીને હરિ હેઠા બેઠા, રામ અશરણાંશર્ણ;
નાવિકે ગંગાજળ લઇને, પખાળ્યા તાં ચર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

– સ્વાધ્યાય –

૧. રામ અને નાવિકની કથા તમારા શબ્દોમાં કહો.

૨. નીચેનાની સમજૂતી આપો :

(ક) વાર્તા મેં સાંભળી છે, ચરણ રેણુંની અપાર.

(ખ) પાષાણ ફીટી નાર.

(ગ) કાષ્ટ પાષાણ એક.

(ઘ) શી કરું તાં પેર ?

૩. માલવિકા, આજીવિકા જેવા બીજા થોડાક શબ્દો લખો.

૪. રામ અને નાવિક કાવ્યની કથા વિશ્વામિત્ર અને નાવિક વચ્ચેના સંવાદ રૂપે લખો.

૪

[શ્રી. ડુંગરસિંહ ધરમસિંહ સંપટની " દરિયાઈ સેતાન " નામની વાર્તામાંથી આ ભાગ લેવામાં આવ્યો છે. શ્રી. સંપટ માહિતીપૂર્ણ લેખોનાં લેખક તરીકે જાણીતા છે. " કુમાર "ની ફાઈલ તમે ઉથલાવશો તો તેમાંથી તેમના અનેક સારા લેખો તમને વાંચવા મળશે. વહાણવટા ઉપરના તેમના લેખો બને તો તમે જરૂર વાંચજો. "શિકાર"માં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં જે પ્રસંગો વર્ણવ્યા છે તેનો હેતુ એ છે કે જેમને હરકોઈ ઘડીએ લડવા માટે તત્પર રહેવાનું હોય એવા લડવૈયાઓએ સતત સાહસભર્યું જીવન ગાળવું જોઇએ; ડગલે ને પગલે તેમણે મોતના મુખમાં ઝંપલાવી મોતની સાથે રમત કરવી જોઇએ; તો જ તેમનો મરણભય ટળે અને રણભૂમિ પર મર્દની જેમ ઝઝૂમી શકે. આપણને કદાચ એ બધું અતિક્રૂર લાગશે, પણ દુનિયામાં જ્યાં સુધી યુદ્ધો અટક્યાં નથી ત્યાં સુધી આ પ્રકારની શિકારલીલા ચાલુ રહેવાની જ અને તેનો એક અથવા બીજી રીતે બચાવ થયા જ કરવાનો. બાકી શિકારીઓ જે અતુલ સાહસ, વીરતા અને હિમ્મત બતાવે છે તે તો સૌ કોઈનામાં જ હોવાં જોઇએ ને? શિકારની વાત બાજુ મૂકિયે, અને ધારો કે તમારા ગામમાં એકાદ વકરેલો વાઘ આવી ચઢયો ત્યારે? ત્યારે આ પાઠમાંના હબસીઓ જે વીરતાથી શિકારલીલા માણતા હતા તે વીરતાને દાખવવાનો તમારો ધર્મ ખરો કે નહિ?]

* * *

– ૧ –

ભયંકર જંગલની વચ્ચે હબસીઓનો મોટો નાચ થતો હતો. લગભગ પાંચસોએક હબસીઓ મોટા ઘેરાવામાં ગાતા ગાતા અને ઢોલક વગાડતા ગોળ ચકરાવામાં ફરતા હતા. દરેક હબસી સાડા છ ફૂટ ઊંચો, યુવાન, બળવાન, સોટા જેવો સીધો, સશક્ત અને ભરાવદાર માંસલ સ્નાયુવાળો હતો. સુલતાનના એ ન્યુબીઅન ગુલામો હતા. સૌએ માત્ર કેડ ઉપર એકેક લાલ વસ્ત્ર વીંટ્યું હતું. સૌની પીઠ ઉપર લાંબાં ભાલાં અને પાડાના ચામડાથી મઢેલી મોટી ઢાલો બાંધેલાં હતાં. સૂર્યનો પ્રકાશ એ ભાલાંઓનાં ફળાં અને તેલ ચોળેલાં એમનાં કાળાં ચળકતાં શરીરોમાં પ્રતિબિંબિત થઈ ચમકારા મારતો હતો. સુલતાન માજીદ આજે સિંહનો શિકાર મહાલવા નજદીકની ટેકરી પર પોતાના રસાલા સાથે ઊભો હતો.

નદીકિનારાથી થોડે દૂર, એક મોટા મેદાનમાં, અહીંતહીં કાળા પથ્થરની નાનીનાની ટેકરીઓ પથરાયેલી હતી. વચ્ચે છૂટાંછવાયાં વૃક્ષો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊગ્યાં હતાં. એક નાની ટેકરીની આસપાસ આ મોટા રાસનું ગોળ કુંડાળું ફરતું હતું. આ ટેકરીમાં સિંહની બોડ હતી. કાળી ટેકરીઓના રંગમાં મળી જતા પહાડ જેવા હબસીઓ ધીમા સ્વરથી લાંબો ઘેરાવો લઈ શૌર્યગીત ગાતાગાતા ચકરાવો લેતા હતા. ઢોલકના તાલેતાલે પડતા ઉઘાડા પગના ધબકાર અનુસાર પાંચસોએ મુખમાંથી એક તાલબદ્ધ ગીત ગવાતું હતું. ભારે આકર્ષક એ દૃશ્ય હતું.

ચકરાવાનો ઘેરાવો બહુ જ ધીમેધીમે નાનો થતો જતો હતો. સવારના સૂર્યના અનુકૂળ તાપને સેવતાં વનરાજ અને તેની માદા બોડની બહાર પડ્યાં હતાં. મનુષ્યોના ચક્રવ્યૂહ તરફ તેઓ જાણે બેદરકારીથી જોતાં હતાં. માત્ર સિંહણ ક્યારેક ક્યારેક ચમકથી પોતાના કાન ઊંચા કરી ધીમોધીમો ઘુરઘુરાટ કરતી હતી. ધીમેધીમે કુંડાળું ઘણું નાનું થતું ગયું અને નૃત્ય કરનારાઓ જેવા એકબીજાની તદ્દન નજદીક આવી ગયા કે તરત બે ગોફણોમાંથી અચૂક નેમ સાથે બે પથ્થરો એ બન્ને જનાવરોનાં શરીરો પર છૂટ્યા.

વાતાવરણને ધ્રુજાવી દેતી બે ભયંકર ગર્જનાઓ નાખતાં સિંહ અને સિંહણ ઊભાં થઈ ગયાં. તેમની આંખોમાંથી અગ્નિ ઝરવા લાગ્યો. ક્રોધથી કેશવાળી હલાવતો સિંહ પોતાની પૂંછડી આમળવા તથા પછાડવા માંડ્યો અને ત્રાડો ઉપર ત્રાડો નાખતાં બન્ને જણ પોતાની આસપાસના માનવશરીરના અભેદ્ય કુંડાળામાંથી બહાર નીકળવાનો લાગ શોધવા લાગ્યાં.

એક ભયાનક ત્રાડ નાખી સિંહણે છલંગ મારી અને બે કૂદકે તો માણસોની દીવાલ ઉપર આવી પડી. પ્રદક્ષિણા સ્વયમેવ અટકી પડી. શિકારને આવકાર આપવાને હબસીઓ ભાલાં અને ઢાલો હાથમાં લઈ તૈયાર થઈ ગયા. વીજળીની ઝડપથી સિંહણ નજદીકના એક હબસી ઉપર કૂદી પડી. એક હાથે મોટી ઢાલથી પોતાનું શરીર ઢાંકતા તે હબસીએ જમણા હાથથી સિંહણની બાજુમાં ભાલો માર્યો. સિંહણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અતિ ઝડપથી ઢાલથી નહિ રક્ષાયેલા તેનાં સાથળ ઉપર પોતાના ઝનૂની પંજાનો સજ્જડ થાપો માર્યો. હબસી પડી ગયો. પરંતુ એટલી વારમાં તો તેની બન્ને બાજુના હબસીઓનાં ભાલાં સિંહણના પેટમાં પ્રવેશી ચૂક્યાં. સિંહણે પડેલા હબસીને મૂકી પડોશના હબસી ઉપર તરાપ મારી, પણ તે ઢાલ ઉપર ઝિલાઈ ગઈ. એટલામાં તો બીજા હબસીઓએ ભાલાંઓથી સિંહણને ધૂળ ચાટતી કરી દીધી.

પોતાની માદાને આમ ક્ષણમાં મૃત્યુ પામેલી જોઈ વનરાજે પોતાનું પૂછડું જોરથી વીંઝયું. તેની કેશવાળી ઊભી થઈ અને કારમી ગર્જના કરી તે કૂદી આવ્યો. પહેલી જ છલંગે એક હબસીને તેણે ઢાલ સાથે ભોંય ભેગો કરી દીધો અને ભાલો મારવા આવતા જોડેના હબસીને પણ થાપો મારી પછાડ્યો. તેની આસપાસ ભાલાંનો જાણે વરસાદ વરસવા લાગ્યો. ભાલાંઓના ઘાને લેશમાત્ર ન ગણકારતાં ઝનૂનમાં આવેલા વનરાજે ત્રણચાર હબસીઓને તો મરણશરણ કરી દીધા. એવામાં યમ જેવા એક હબસીએ તેની બગલમાં જોરથી ભાલો માર્યો. સિંહે બીજી બાજુના હબસી ઉપર જોરથી તરાપ મારી. આમ ભાલા ઉપર બે તરફનું બળ પડ્યું અને તેનો બાંબુ ભાંગીને બે ટુકડા થઈ ગયો. ભાલાનું ફળું સિંહના શરીરમાં જ રહી ગયું. છતાં વનરાજે હબસીને ઘાયલ તો કરી જ નાખ્યો. પણ ત્યાં તો તેનું શરીર ચાળણીની પેઠે વીંધાઈ ગયું અને પાંચ હબસીઓને ભોંયભેગા કરીને મુડદું થઈ તે જમીન પર પડ્યો.

– ૨ –

આફ્રિકાનો પહાડ જેવો પાડો મેદાનમાં નીલું ઘાસ ચરતો હતો. આફ્રિકાનો જંગલી પાડો એટલે અતુલ બલશાળી પ્રાણી. હાથીથી પણ બળવાન ગણાતા એ ઝનૂની જનાવરનું જબરું કદ, લોખંડી પગ, અણિયાળાં શિંગડાં અને ભયંકર ખુન્નસભરી આંખો સામે સિંહ જેવું જનાવર પણ થડકી જાય છે.

એક ઘોડેસવારના લાલ કપડાના વાવટાવાળા લાંબા ભાલાથી તેને ચમકાવવામાં આવ્યો. જેવી તેણે પોતાની અંગારા જેવી આંખો ઘોડેસવારોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમૂહ તરફ ફેરવી કે તરત જ ગોફણમાંથી છૂટેલો પથ્થર સચોટ નેમથી તેના કપાળ પર આવી પડ્યો. એ ઘાની સાથે જ પાડાનાં નસકોરાંમાંથી ક્રોધનો સુસવાટ નીકળવા માંડ્યો. તેણે પૂછડું ઊંચું કર્યું અને ચારે પગે ઊછળી તે પેલા રાતા વાવટાવાળા ઘોડેસવારની પાછળ દોડ્યો. એટલું ભારે શરીર છતાં તે અજબ જેવી ઝડપે તીરની માફક છૂટ્યો. આરબ ઘોડેસવારે પોતાના તેજ અશ્વને પૂરપાટ મારી મૂક્યો, છતાં તેની અને પાડાની વચ્ચેનું અંતર વધવા પામ્યું નહિ.

પોતાની ભારે ખરીઓથી માટીનાં ઢેફાં ઉછાળતો પાડો આંધળીઆં કરી દોડતો હતો. એવામાં એક શ્વેત અરબી ઘોડા ઉપર સવાર થએલા સુલતાન માજીદે પાડાને પડખે ચડી પોતાનો ભાલો તેના પડખામાં ઘોંચી દીધો. તરત જ બીજા સવારે આવી પોતાનો ભાલો સુલતાનના હાથમાં આપ્યો. દોડતા પાડાની બીજી તરફ જઈ સુલતાને એ બીજા ભાલાનો ઘા કર્યો. ઘવાયેલા પાડાએ હવે લાલ ઘોડેસવારની પૂંઠ મૂકી સુલતાનની પૂંઠ પકડી. એટલે બાજુમાં ઘોડો દોડાવતા એક સરદારે પોતાનો ભાલો પાડાની પીઠ ઉપર ખોસી દીધો. પાડો સહેજ તે તરફ વળ્યો ત્યાં તો બીજા સરદારે આગળ વધી તેની બીજી બાજુએ જઈ પોતાના ઘોડાને બે પગે છલંગ મરાવી; પણ તે ભાલો ઘોંચવા જાય તે પહેલાં તો પાડાએ એકદમ પોતાનું મોં તેની તરફ ફેરવ્યું અને ઊભા થયેલા ઘોડાના પેટમાં પોતાનાં ભયંકર શિંગડાં પરોવી તેને નીચે નાખી દીધો. સવાર ઊછળીને દસ હાથ છેટે જઈ પડ્યો ને પોતાના ભારે માથાના બીજા જ ઘાથી પાડાએ ઘોડાને ભીંસી નાખ્યો. પણ એટલામાં તો બીજાં ત્રણચાર ભાલાં તેની પીઠમાં ઊંડાં ઊતરી ગયાં.

કાળા પહાડ ઉપરથી લાલ નદીઓ વહેતી હોય તેમ હવે પાડાની પીઠ ઉપરથી લોહીના રેલા જોરથી વહેવા લાગ્યા. તેનો શ્વાસ ભરાઈ આવ્યો હતો; તેની શક્તિ ઘટી ગઈ હતી; અને ભાન ગુમાવી આવરો-બહાવરો તે આમતેમ દોડતો હતો. ઘોડેસવારો હવે ભાલાં મારતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અટકી તેને ખાલી દોડાવીને થકવતા હતા. થોડી વારમાં તો પાડાના મોંમાં ફીણ આવી ગયાં.

પુષ્કળ લોહી વહેવાથી તે નબળો બની થાકી ગયો હતો. સુલતાને ફરી તેને પડખે ચડી તેના પેટ ઉપર ભાલાનો જોરથી ઘા કર્યો. પહાડ જેવો પાડો એક તરફ ઢળી પડ્યો. તરત એક સરદારે ઘોડા ઉપરથી ઊતરી 'બિસ્મિલ્લાહ' કહી તલવારથી તેને હલાલ કર્યો. સુલતાનનો બીજો દિવસ આમ પાડાના શિકારમાં પૂરો થયો.

-૩-

જંબાસી નદીમાં આઠેક મોટી હોડીઓ તરતી હતી. હોડીમાં બેઠેલાઓ નદીના ચોખ્ખા પારદર્શક પાણીમાં ઝીણી આંખે કાંઈક જોઈ રહ્યા હતા. તેમના હાથમાં લોહાની ઝીણી અણીઓવાળા લાંબા વાંસ હતા. એવામાં નદીની એક ભેખડ નીચે એમણે જળઘોડાને પાણીને તળિયે શાંતિથી બેઠેલો દીઠો. લાંબા બાંબુની ઝીણી અણી તેની પીઠમાં ઘોંચવામાં આવી. પાણીમાં આરામથી બેઠેલો જળઘોડો (હિપોપોટેમસ) એકદમ ચમકયો અને ત્રણચાર ટન વજનનું આફ્રિકાનું એ રાક્ષસી પ્રાણી પાણીની સપાટી ઉપર આવ્યું. એક હોડી તેને પડખે ચડી અને તેમાં ઊભેલા આબીસીનીઅને તેની પીઠ ઉપર મોટા ભાલાથી ઘા કર્યો. હિપોએ તરત ડૂબકી મારી; પરંતુ લાંબા બાંબુઓની તીણી અણીઓ મારી આસપાસના શિકારીઓએ તેને ભાગતો અટકાવ્યો. આઠે હોડીઓ તેને ઘેરી વળી. જરાક ઉપર આવે કે લાંબા ભાલાં તેની પીઠ વીંધી નાખતાં. જળઘોડો ત્યાંથી લેશમાત્ર ચસી શક્યો નહિ.

વારંવાર ભાલાં વાગવાથી આ ટાઢું પ્રાણી અંતે ઊકળ્યું. તેણે ક્રોધથી પોતાનું રાક્ષસી મોં ખુલ્લું કરી ભયંકર દાંતોની પંક્તિ બતાવી અને હોડીઓ ઉપર તે ધસ્યું. તેને હોડીની નજદીક ન આવવા દેવા માટે લાંબી અણીવાળા બાંબુ આડા ધરવામાં આવ્યા, પરંતુ પ્રાણીના ધસારા આગળ હવે એ બાંબુઓ કડડભૂસ કરતા તૂટી પડ્યા. ક્ષણવારમાં તો તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક હોડી પાસે આવી પહોંચ્યું. હોડીવાળા હબસીએ પોતાના સમગ્ર બળથી તેની પીઠમાં ભાલો માર્યો. વકરેલો જળઘોડો હવે ભાગ્યો નહિ. તેણે હોડી ઉપર હલ્લો કરી પલવારમાં હોડીની બાજુમાં પોતાનું રાક્ષસી માથું માર્યું. મામૂલી તણખલાની પેઠે હોડી પાણી ઉપરથી હવામાં ઊંચી ઊછળી ફરી પાણીમાં પટકાઈ અને તેના ચૂરેચૂરા થઈ ગયા. તેમાંના બેસનારા સૌ નદીમાં જઈ પડ્યા.

પણ જળઘોડો પાછો ફરે એટલામાં તો બીજી હોડીમાંથી એક જબરદસ્ત ભાલાનો ઘા થયો. તેના પછી ઉપરાઉપર બીજા ઘા ઘચોઘચ થયા. નદીનું પાણી લોહીથી લાલ બની ગયું. અનેક ભાલાંઓના ઘા ખાવાથી ઘોડો હવે ગાંડો બન્યો. તે પાણી ઉડાડતો અહીંતહીં ધસવા લાગ્યો. તેના આ પછાડાથી શાંત નદીમાં વમળો પેદા થયાં, પાણી ઊછળવા લાગ્યું અને હોડીઓ પાણી ઉપર ડોલવા લાગી. હવે કોઈ હોડીની ઘોડા નજદીક જવાની હિંમત રહી નહિ. બધા દૂર જઈ તમાશો જોવા લાગ્યા. ઘોડાના શરીરમાંથી ધોધબંધ લોહી વહ્યે જતું હતું. તેના શરીર ઉપર આશરે પંદરેક મોટાંમોટાં ભાલાં ચોટ્યાં હતાં. થોડા તોફાન પછી તે થાકી ગયો, અને હવે વારંવાર પાણી નીચે જઈ ઊંચે આવવા લાગ્યો. ત્રણેક કલાક આમ રિબાયા પછી તે નદીને તળીએ જઈ ઢળી પડ્યો. સુલતાનની ત્રીજા દિવસની શિકારયાત્રા પૂરી થઈ.

– સ્વાધ્યાય –

૧. નૃત્ય કરતા હબસીઓનું ચાર પાંચ લીટીમાં વર્ણન કરો.

૨. આ શિકારોની પાછળ શો હેતુ રહ્યો હશે ? શું તેમને સિંહ-સિંહણનું ચામડું જોઇતું હતું કે પાડાનું કે હિપોપોટેમસનું માંસ જોઇતું હતું ?

૩. તમને શિકાર ખેલવાની અનુકૂળતા મળે તો તમે શું કરો ?

૪. પોતાના રાજ્યમાં શિકાર કે કોઈ પણ જાતની હિંસાનો નિષેધ કરનાર કોઈ હિન્દી રાજા વિશે તમે સાંભળ્યું છે ? તેનો ટૂંકો પરિચય આપો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. "નદીકિનારેથી થોડે દૂર એક મોટા મેદાનમાં અહીંતહીં કાળા પથ્થરની..." થી માંડી "અભેદ્ય કુંડાળામાંથી બહાર નીકળવાનો લાગ શોધવા લાગ્યા." સુધીની પંક્તિઓનું સુલેખન લખો.

૬. આ પાઠમાં જે જે વર્ણનો તમને સુન્દર લાગ્યાં હોય તેનો ઉલ્લેખ કરો.

૭. પાડાના શરીરને અને તેના પરથી જોરથી વહેતા લોહીના રેલાને શાની ઉપમા આપવામાં આવી છે તે જણાવો.

૫

વીએનાનો સાધુ

[સીતાહરણના કર્તા તરીકે શ્રી. ચંદ્રશંકર શુકલ સારી રીતે જાણીતા છે. "વીએનાનો સાધુ"ની કથા તેમની લખેલી છે. એ કથામાં વીએના બદલીને વારાણસી કે હિન્દના બીજા કોઈ એવા નગરનું નામ લખ્યું હોત તો આપણે જાણે એ સાધુને ઓળખતા પણ હોઈએ એવું લાગત. હિન્દમાં તો આપણે સૈકાઓથી માનતા આવ્યા છીએ કે ઈશ્વરે માણસમાં જેમ જીવ મૂક્યો છે તેમ પશુઓમાં, પંખીઓમાં અને નાનાં નાનાં જીવડાં-ઓમાં પણ મૂક્યો છે; એટલું જ નહિ પણ ઝાડપાન અને વનસ્પતિમાં પણ મૂક્યો છે. આપણી એ માન્યતાને આજ સુધી બીજા લોકો હસી કાઢતા, પણ આપણા સર જગદીશચંદ્ર બોઝે હવે તો સિદ્ધ કર્યું છે કે ઝાડો અને વનસ્પતિમાં પણ જીવ છે. આપણી આ કથામાં આપણે ઝાડોને જીવવાળાં નીરખીએ છીએ; તેમને વાત કરતાં પણ સાંભળીએ છીએ. એ બધો વાર્તાનો ચમત્કારિક અંશ છે, અને એટલે અંશે એ વાર્તા પરીકથા જેવી બની છે. એમ છતાં એ ઓક અને એ લીંબોઈ આપણને કેવાં જીવતાંજાગતાં દેખાય છે! ઓક ગુસ્સો કરે છે ત્યારે પણ આપણને કેવું વહાલું લાગે છે! અને લીંબોઈ તો એવી મીઠી અને નિર્દોષ છે—જાણે એનાં વખાણ કરતાં ધરાઈએ જ નહિ! નાનાં સરળ નિર્દોષ બાળક જેવી એ મીઠી છે. અને પેલો સાધુ? ઘડીભર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખ મીંચી દઇએ તો આપણા મન સમક્ષ તેની ભલી, નિખાલસ અને પવિત્ર મૂર્તિ ઊભી થયા વિના નહિ રહે. વળી એ કથાની ભાષા પણ એ નાની મીઠી લીંબોઈના જેવી અમૃતમીઠી છે. તમે ફરીથી ને ફરીથી એ વાંચજો–ને દરેક વખતે તમને તેમાંથી જરૂર વધુ ને વધુ મીઠાશ મળશે. જેમાંથી આ પાઠ લેવાયો છે તે 'મધપૂડો' નામનું એક નાનકડું પુસ્તક તમે અવશ્ય વાંચજો.]

* * *

વીએના એ ઑસ્ટ્રિયાની રાજધાની છે. ત્યાં સેંટ એટીએનનું દેવળ છે, અને એની પાસે એક પથરો ઊભો કરેલો છે. એક કાળે એ જગાએ લીંબોઈનું એક ઝાડ હતું એનું એ સ્મારક છે.

વીએના આજે મોટું શહેર છે; પણ નવસો વરસ પહેલાં એ નાનકડું ગામ હતું. નાની નાની અને સાંકડી એની ગલીઓ હતી અને ગામ ફરતો નાનો કોટ હતો. એ કોટની જગાએ આજે તો એક આલેશાન રાજમાર્ગ આવેલો છે. એ કોટની બહાર પેલું દેવળ હતું, અને દેવળની આસપાસ એક જૂનું ને રળિયામણું જંગલ હતું. વસતિ વધતી ગઇ ને ગામ મોટું થતું ગયું તેમ તેમ દેવળ નાનું પડવા લાગ્યું. ગામના બધા લોકો એમાં માઈ શકતા નહિ. ઘણા લોકો તો દેવળ બહાર ઝાડો નીચે જ ઘૂંટણિયે પડીને પ્રાર્થના કરતા અને દેવળનાં પગથિયાં પર ઊભો રહીને દેવળનો સાધુ ઉપદેશ કરતો તે સાંભળતા.

આમ ક્યાં સુધી ચાલે? એક દિવસ ગામનો મોટો મિસ્ત્રી હાથમાં કાગળિયાનો વીંટો લઈને આવ્યો. એની જોડે મજૂરો હતા. દોરી નખાઈ, ખીંટીઓ ઠોકાઈ અને જમીન મપાવા લાગી.

ઝાડો ભયથી ફફડી ઊઠ્યાં. દેવળની પાસે એક નાની લીંબોઈ હતી. પડોશમાં એક વયોવૃદ્ધ ઓકનું ઝાડ હતું. લીંબોઈ ઓક તરફ ઝૂકી પડી ને પૂછવા લાગી: 'હે ભાઈ, પેલા લોકો શું કરે છે? આ બધું શાને સારુ હશે?'

'અરે દૈવ!' ઓકે નિસાસો નાખ્યો. 'આપણો કાળ હવે પાસે આવ્યો છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીંબોઇનું પાતળું થડિયું ધ્રૂજી ગયું અને પાંદડાં કંપવા લાગ્યાં.

ઓક બોલ્યું : 'હા, એમ જ થવાનું. ઘાસ ઉપર પેલું ચળક ચળક થાય છે, એનું નામ કુહાડી ને કરવત. એનાથી આપણાં શરીર કાપી નાખશે. પેલી ભીંતો ચણી ત્યારની મને તો એની ખબર પડી ગઈ છે. તે વખતે હું તારી પેઠે નાનું બાળક હતો. એક પછી એક મારા પડોશીઓને કાપી નાખ્યા ને એ દીવાલને સારુ જગા કરી. એ બધું મેં મારી આંખે જોયેલું. હવે આપણો વારો છે.'

ઓક તો માણસોને ગાળો દેવા લાગ્યું : 'કેવા કૃતઘ્ની રાક્ષસો! અમે એમની આડે ન આવીએ ત્યારે અમારી શોભાનાં વખાણ કરે છે ને અમારી છાયાનો પાડ માને છે. પણ અમારી જગાનું કામ પડ્યું કે બધી દયા ભૂલી જવાના. કેટલાં વરસો થયાં આ વીએનાના લોકો અમારી પાસે આવે છે, અમારી ડાળીઓની છાયામાં બેસીને થાક ઉતારે છે, કોલકરાર કરે છે અને પોતાનાં છોકરાંને પક્ષી અને ફૂલનાં નામ શીખવે છે. હવે એ નિર્દય લોકો બધું ભૂલી ગયા! હવે આ જંગલ કાપી નાખશે. માણસના જેવું ક્રૂર ને હૈયાસૂનું પ્રાણી મેં હજી સુધી જોયું નથી. ભૂંડ કે વરુ કરતાં પણ એ બૂરાં છે.'

ઓકનો કકળાટ સાંભળી લીંબોઈ બોલી : 'ના, ના. એવું શું કામ કહો છો, ભાઈ? માણસો દુષ્ટ નથી. મારી ખાતરી છે કે એ લોકો દુષ્ટ નથી. હું તો રોજ એમની પ્રાર્થનાઓ સાંભળું છું. આ સુંદર સૃષ્ટિ રચી એને સારુ એના સરજનહારનો–સૃષ્ટિના પિતાનો તેઓ પાડ માને છે ને એનું સ્તવન કરે છે. તેઓ એ ઈશ્વર પાસે રોજ માગે છે કે હે પ્રભુ, તું અમારાં પાપો માફ કર અને અમને ભલા બનાવ. વળી એ માણસોનાં મોઢાં પર કેટલી બહાદૂરી, આનંદ અને દયા દેખાય છે! જરૂર પડશે તો હું એમને માટે મારા પ્રાણ આપીશ.'

થોડા દહાડામાં ઓકની ભવિષ્યવાણી ખરી પડી. મજૂરોએ કુહાડીઓ લીધી ને ઝાડો કડડડ કરતાં જમીન પર લાંબાં થવાં લાગ્યાં. મજૂરોનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામ ચાલતું ગયું અને જંગલ ચીસો અને કડકડાટથી ગાજી રહ્યું. મજૂરો ધીમે ધીમે પેલા ઓકની પાસે ને પાસે આવતા ગયા.

એક દિવસ ઓકની પાસે મિસ્ત્રી અને દેવળનો સાધુ એબરહાર્ડ ઊભા હતા. સાધુએ કહ્યું : 'તમે તો બહુ ભવ્ય દેવળ બાંધવાના લાગો છો. એમાં ઈશ્વરનો જયજયકાર થશે અને આ નગર ધન્ય થશે. પણ આ જંગલ કપાય છે એ જોઇને જાણે મારું હૈયું કપાય છે. મારા પાડોશીઓ હણાતા હોય એમ મને તો થઈ જાય છે.'

મિસ્ત્રી હસ્યો.

સાધુ બોલ્યો : 'મારી એક વિનતિ સાંભળો. પેલા મોટા ઓકને રહેવા દો; એ મને બહુ વહાલો છે, બહુ ભલો છે : વીએના શહેર કરતા એ જૂનો છે.'

મિસ્ત્રીએ ડોકું ધુણાવ્યું : 'એ નવા દેવળની દીવાલની અડોઅડ છે અને એની ડાળીઓ બહુ લાંબી છે. એને કેમ રહેવા દેવાય ?'

સાધુ ફરી કરગર્યો : 'ત્યારે આ બચુકડી લીંબોઇને તો બચાવો. એ બિચારી શું નુકસાન કરવાની હતી ?'

મિસ્ત્રીએ ડોકું હલાવ્યું : 'ભલે, તમારી લીંબોઇને ભલે રાખો, નવા દેવળના બાગમાં એ છો રહેતી.'

સાધુ રાજી થયો : 'પ્રભુ તમારું ભલું કરે, ભાઈ. આ લીંબોઇથી આ વનનું સંભારણું રહેશે. લોકો એને જોશે ને વનને સંભારશે.'

બન્ને ચાલતા થયા.

ઓક લીંબોઇની આગળ બબડવા લાગ્યું : 'મારા મરણનો હુકમ તો મેં સાંભળ્યો. છતાં મને બહુ દુઃખ નથી થતું. તું તો બચી છે ને ! તું મારું પેટ નથી તેથી શું, તું મને મારી દીકરી જેટલી વહાલી છે.'

આખું વન કપાયું. સૌથી છેલ્લો વારો ઓકનો હતો. એ કપાયું તે દિવસે રાતના આકાશ સાફ હતું. વાદળાં નહોતાં. ઉનાળાની રાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. રૂપેરી ચાંદની જમીન પર પથરાઈ હતી. લીંબોઈ પર ફૂલ આવ્યાં હતાં ને તેની સુવાસ હવામાં ફેલાઈ રહી હતી.

એકાએક પહેલાં ઝાડનાં થડિયાંમાં પ્રકાશના ચમકારા થવા લાગ્યા. નાનાં નાનાં સુંદર પ્રાણીઓના કપાળ પર ચળકતા તારાના એ ચમકારા હતા. તે એ વનની પરીઓ હતી. એમણે જાણે ધૂમસનાં કપડાં પહેર્યાં હતાં. એમનાં માથાં પર ફૂલપાંદડાંની માળાઓથી ગૂંથેલા મુગટ હતા. આ પરીઓ અત્યારસુધી આ ઝાડોમાં રહી હતી, હવે તેમને નવાં રહેઠાણ શોધવાનાં હતાં. તેઓ ગભરાટથી આમતેમ દોડવા લાગી. તેમના વિલાપ અને ચીસો રાત્રિને ભેદતી હતી. અંતે તેઓ લીંબોઇની આસપાસ ભેગી થઈ. લીંબોઇનું થડ ઊઘડ્યું ને એમાંથી એક પરી નીકળી.

રોતાં રોતાં એ બીજી બધી બહેનોને વિદાય આપવા લાગી:

'આપણને સૌને સાથે દેશવટો મળ્યો હોત તો કેવું સારું થાત! હવે હું મધરાતે કોની જોડે ગાઇશ અને નાચીશ? આ સૂનકાર તો મને ખાવા ધાતો લાગે છે. હવે મારાથી એકલાં કેમ રહેવાશે?'

બીજી બહેનોએ એને આશ્વાસન આપ્યું:

'બનશે તો અમે કોકવાર છાનાંમાનાં તારી પાસે આવતાં રહીશું. તું અહીંઆં રહે, બહેન. લોકોને આપણા વહાલા વનની યાદ આપજે અને આપણને ભાઈબહેનની જેમ ચાહતા એ પેલા સાધુ પર આશીર્વાદ વરસાવજે.'

એકેએક પરી બોલી: 'મારા પણ એને આશીર્વાદ છે. ધન્ય થાઓ એનું જીવતર અને ધન્ય થાઓ એનું મરણ.'

ચમક ચમક કરતી પરીઓ ચાલી ગઈ.

વરસો વહી ગયાં. લીંબોઈની પાસે ભવ્ય દેવળ ઊભું હતું. એની પાસે સાધુ એબરહાર્ડનું ઘર હતું. લીંબોઇની આસપાસ બચુકડાં ફૂલઝાડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

66 ગ/12 ક ૨૦૧૫૬

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊગ્યાં હતાં ને એના પર રંગરંગનાં ફૂલો હસતાં હતાં. લીંબોઈને એ ફૂલો પર બહુ વહાલ આવતું. હવે એને સૂનું પણ નહોતું લાગતું. કારણ એની છાયામાં એક બાંકડો ને મેજ પડી રહેતાં ને સાધુ દિવસનો ઘણો ભાગ ત્યાં જ ગાળતો. ત્યાં વીએનાના મોટા મોટા લોકો આ જ્ઞાની અને પવિત્ર સાધુની પાસે બેસવા આવતા. ત્યાં જ છોકરાંઓ એની પાસે વનની પરીઓની, દુષ્ટ રાક્ષસોની, સંતોની અને એવી એવી વાતો સાંભળવા ટોળે મળતાં. રાજાના મહેલમાં ન થાય એટલી માણસોની આવજા આ બાગમાં થતી. કારણ, વીએનાનું એકેએક માણસ આ સાધુને ચાહતું ને એની પાસે સુખદુઃખની વાત કરવા આવતું. લીંબોઇની સુવાસ ફેલાવતી ડાળીઓની છાંયે કેટલાંયે ભાંગેલાં હૈયાં સાજાં થઈ જતાં.

લીંબોઈ અને સાધુ એકબીજા પર પોતાનું વહાલ ઢોળતાં. એ પ્રેમની તોલે જગતનો કયો પ્રેમ આવી શકે? સાધુની અવસ્થા થવા આવી. સાધુ લીંબોઇને થાબડતો ને મળવા આવેલા લોકોને કહેતો:

'મારી જુવાનીનો આ એક જ સાથી છે. એનાં ફૂલોએ મારા આખા જીવનને સુવાસિત બનાવ્યું છે.'

એક વાર શિયાળામાં સાધુ માંદો પડ્યો. પક્ષી અને ફૂલો અદૃશ્ય થયાં હતાં, અને લીંબોઈની પાંદડાં વિનાની ડાળીઓમાં થઇને ગમગીન પવન મંદમંદ વાતો હતો.

સાધુ કહેતો: 'અહા! મારી બહેન મારે સારુ રૂએ છે. બહેન લીંબોઈ, મારા જેવું હેત તને કોણ દેખાડશે?'

લીંબોઈ હવે તો ઊંચી થઈ હતી. સાધુના સૂવાના ઓરડામાં એ ડોકિયાં કરી શકતી. સાધુ દિવસે દિવસે વધારે ને વધારે ફિક્કો અને કૃશ થતો હતો એ તે જોતી, પણ એણે એને એકે દિવસ ઇશ્વરને દોષ દેતો કે ભાગ્યનો વાંક કાઢતો ન સાંભળ્યો.

સાધુનો અંતકાળ પાસે આવ્યો. બારીએ લીંબોઈની પાંદડાં વિનાની

LIBRARY,
GURUKULA KANGRI.
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડાળીઓ ધીમેધીમે અથડાતી હતી. મરણશય્યા પરથી સાધુએ બારી તરફ આંખ ફેરવી, અને ગણગણ્યો: 'હે પ્રભુ! તારી જ ઇચ્છા પ્રમાણે થાઓ. જિંદગી મીઠી તો છે, પણ તારી જ ઇચ્છા પ્રમાણે થાઓ. અરે, મારી લીંબોઇને ફરી એક વાર ફૂલ આવેલાં જોવા જેટલું હું જીવ્યો હોત તો!'

પછી એક ચમત્કાર થયો.

એના મોઢામાંથી પેલા શબ્દો નીકળ્યા કે તરત જ લીંબોઇને પાંદડાં ફૂટ્યાં અને ફૂલ ખીલી નીકળ્યાં.

'બારી ઉઘાડો.' સાધુ ઝીણે અવાજે બોલ્યો.

પાસે ઊભેલા લોકો તો ચકિત થઈ ગયા. એક જણ બારી ઉઘાડવા દોડ્યો. ઓરડામાં સુવાસ ફેલાઈ ગઈ. પવનની એક ઝીણી લહેર આવી અને કેટલીક પાંખડીઓ લાવીને પથારી પર વેરી ગઈ. મરતા સાધુએ એક લઇને હોઠ પર મૂકી. પાંખડી પર જ એનો શ્વાસ વિરમી ગયો.

કાળે કરીને લીંબોઈ પણ ઘરડી થઇને મરી ગઈ. પણ વીએનાના લોકો પેલા ભલા સાધુને ભૂલ્યા ન હતા. એ સાધુનું લીંબોઈ પરનું હેત સંભારીને તેમણે લીંબોઈની જગ્યાએ એક પથ્થરનું સ્મારક કાયમ કર્યું. આજે પણ લોકો ત્યાં જાય છે ત્યારે એ પથ્થર તેમને પેલા પ્રાચીન વતનનું સ્મરણ કરાવે છે.

– સ્વાધ્યાય –

૧. નવસો વર્ષ પહેલાનું વીએના અને આજના વીએનાની સરખામણી કરો.

૨. ઓકની આત્મકથા માણસ જાત માટેના તેના અભિપ્રાય સહ દસ બાર લીટીમાં લખો.

૩. લીંબોઈ માણસો માટે જરૂર પડે તો પોતાનો પ્રાણ આપવા શા માટે રાજી હતી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. વન કપાવા માંડ્યું તે પ્રસંગનું, ઝાડોના મનની સ્થિતિ, તેમની અંદર અંદરની વાતચીત અને સાધુના મનની સ્થિતિ બતાવતું ટૂંકું વર્ણન આપો.

૫. ઓકનો સ્વભાવ તમને કેવો લાગ્યો ? તે સ્વાર્થી હતું ખરું ?

૬. વનપરીઓનું વર્ણન તમારા પાઠમાંથી બરોબર સમજી તમારી સુલેખન પોથીમાં સુન્દર અક્ષરે "એકાએક પડેલાં ઝાડનાં થડિયાં-માં"થી માંડી "ચમક ચમક કરતી પરીઓ ચાલી ગઈ" સુધીના ફકરાઓનું સુલેખન લખો.

૭. "લીંબોઇની સુવાસ ફેલાવતી ડાળીઓની છાંયે કેટલાંયે ભાંગેલાં હૈયાં સાજાં થઈ જતાં." એમ તમે વાંચ્યું; તેમાં "ભાંગેલાં હૈયાં" શબ્દોથી તમે શું સમજ્યા ? ભાંગેલાં હૈયાંની જેમ બીજા કયા કયા શબ્દો જોડે ભાંગેલાં શબ્દ વાપરી શકાય ? લીંબોઈની છાયામાં ભાંગેલાં હૈયાં શાથી સાજાં થતાં ?

૮. "લીંબોઈની પાંદડાં વિનાની ડાળીઓમાં થઇને ગમગીન પવન મંદ મંદ વાતો હતો." એ વાક્ય બરોબર કાળજીપૂર્વક વાંચો, એમાં પવનને ગમગીન શાથી કહ્યો છે ? પવન ગમગીન હોય ખરો ?

૯. નીચેના શબ્દો ધ્યાનપૂર્વક તપાસો :
કૃતઘ્ન, શત્રુઘ્ન, કૃતજ્ઞ અને સર્વજ્ઞ. આ શબ્દોમાં પહેલા બેમાં કંઈ સરખાપણું તમને દેખાય છે ? તો શું ? બીજાં બેમાં પણ એવું કંઈક હોય તે જણાવો અને તમારા શિક્ષક પાસેથી એ શબ્દોનો વિશેષ અને રસિક પરિચય મેળવો.

૧૦. સાધુના અન્તિમ શબ્દો શા હતા ? તે શબ્દોમાંથી તમે શું રહસ્ય તારવ્યું ?

૧૧. સાધુના જીવનની છેવટની ઘડીઓનું તમારા શબ્દોમાં વર્ણન લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬



[કવિ નર્મદાશંકર આપણા એક મોટા કવિ હતા. તેમને વિશે આપણી આ વાચનમાળામાં સ્વતંત્ર પાઠ છે તેમાંથી ઘણું જાણી શકશો. નર્મગદ્ય, નર્મકાવ્ય આદિ તેમનાં પુસ્તકો ખૂબ જાણીતાં છે. તેમણે કુદરતનાં વર્ણનની અનેક કવિતા લખી છે. બ્રહ્મગિરિ એવી એક કુદરતવર્ણનની કવિતા છે. બ્રહ્મગિરિ પહાડ નાશિક પાસે આવ્યો. એ જોતાં કવિએ કેવી લાગણીઓ અનુભવી તેની વાત આપણને તે આ કવિતામાં કહે છે. કોઈક મોટો ગંભીર પર્વત આપણે પહેલવહેલાં જોઇએ ત્યારે તેની ભવ્યતાથી પહેલાં તો આપણે મૂંઝાઇએ છીએ. પછી ધીરે ધીરે આપણને તેની ભવ્યતા સમજાવા માંડે છે, અને પછી તો આપણને અપાર આનંદ થાય છે, અને એ આનંદમાં ડૂબી આવી ગહન દુનિયા કોણે સર્જી હશે એ વિચાર થાય છે. એ વિચાર આવતાં ઈશ્વરમાં આપણું મન લીન થાય છે, અને એમ થતાં આપણું મન અપાર આનંદથી ઊભરાઈ જાય છે. આવું કંઈક કવિએ આપણને આ કાવ્યમાં કહ્યું છે. આ કવિતામાં વપરાએલ ' સંઘૂં ' શબ્દનો અર્થ બધું થાય છે. આપણે એ શબ્દ હાલ વાપરતા નથી. તેવી જ રીતે ' મંન ' શબ્દ કવિતામાં જ કવચિત વપરાય છે. આપણે મન શબ્દ જ વાપરિયે છીએ. કવિતામાં મનનું મંન કરવું પડે એને આપણે ' કવિએ એ શબ્દ સાથે એટલી છૂટ લીધી ' એમ કહીએ છીએ. એવી છૂટ અગાઉના કવિઓ વારંવાર લેતા.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

– ઇન્દ્રવજ્રા –

ચોપાસ સંઘૂં સુનકાર લાગે,
વચ્ચે ઝરાના મૃદુ શબ્દ થાએ,
લ્હેરો વળી વાયુની મંદ આવે,
જોઉં રુડો ડુંગર પૂર્ણ ભાવે.

જોતાં નવું વિસ્મય મંન પામે,
ગંભીરતાથી ભય ભારી જામે;
આનંદ તોએ પછી વ્યાપી રેહે,
એવો ચમત્કારિક ખ્હાડ છે એ.

સંસાર સંઘો વિસરી જવાએ,
પાપી પ્રપંચો મનમાંથી જાએ;
લીલા પીતાં હું નથી રે ધરાતો,
એવો તપસ્વી ગિરિ છે જ આ તો.

એ સર્વ જોતાં ચિત્ત તો સમાયું
વિશ્વેશમાં, ને બીજું કૈં ન ભાવ્યું;
આનંદમાં નર્મદ છેક ડૂબ્યો,
એવો દીસે બ્રહ્મગિરિ જ ઊભો!

– સ્વાધ્યાય –

૧. કવિએ બ્રહ્મગિરિ જોયો તે વખતે આજુબાજુનું વાતાવરણ કેવું હતું તે વર્ણવો.

૨. એ જોતાં કવિને જુદી જુદી કેવી લાગણીઓ થઈ તે વિશે થોડાં વાક્યો લખો.

૩. " પાપી પ્રપંચો મનમાંથી જાએ. " એમ કહી કવિ શું કહેવા ઇચ્છે છે તે સમજાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. આ કવિતા વાંચી આપણાં યાત્રાનાં ધામો સંબંધી વિચારતાં તમે કહી શકશો ખરા કે તે ધામોમાંથી ઘણાંખરાં શાન્ત, ભવ્ય અને સુન્દર સ્થળમાં છે? યાત્રા માટે એવાં સ્થળો શા માટે પસંદ થયાં હશે? લોકો યાત્રાએ શા માટે જાય?

૫. આપણા ઋષિમુનિઓના આશ્રમો કોઈ પર્વતની તળેટીમાં કે તપોવનોમાં કે કોઇ મોટી નદીને કાંઠે હતા એવું આપણે વારંવાર વાંચીએ છીએ. એવી જગ્યાએ શા માટે એ આશ્રમો બાંધવામાં આવ્યા હશે?

૬. કવિ નર્મદને બ્રહ્મગિરિ જોતાં જે જાતનો અનુભવ થયો તેવો અનુભવ કુદરતનાં બીજાં કયાં કયાં દશ્યો જોવાથી થવા સંભવ છે?

૭

કૃષ્ણ–સુદામા

[કૃષ્ણ-સુદામાની મૈત્રી કેવી ગાઢ હતી તે તો તમે જાણતા જ હશો. આપણા મહાકવિ પ્રેમાનંદે તો એ મૈત્રીના અનેક પ્રસંગો 'સુદામાચરિત' લખી અમર કર્યા છે. તમારા કોઈ મોટી ઉમરના મિત્રો, વડીલો કે શિક્ષકની મદદ લઈ 'સુદામાચરિત' વાંચતાં તમને ઘણો આનંદ મળશે. કૃષ્ણ, સુદામા અને બળદેવ (કૃષ્ણના મોટા ભાઈ) સાંદીપનિ ઋષિને ત્યાં રહી સાથે ભણેલા; એટલે એ ત્રણે બાળગોઠિયા હતા. કૃષ્ણ થયા રાજા, અને સુદામા રહ્યા ગરીબ બ્રાહ્મણ. વર્ષો બાદ બન્ને મિત્રો મળે છે ત્યારે બાળપણના અનેક પ્રસંગો સંભારી સંભારી તે બન્ને કેવા હેતથી વાતો કરે છે તે તમે આ કવિતામાં જોઈ શકશો. એ સુન્દર કાવ્ય તમે તમારી સાહિત્યસભામાં પણ એક મિત્ર કૃષ્ણ બને અને બીજો સુદામા બને એ રીતે ભજવી શકશો.]

* * * *

પછી શામળીઓ બોલીઆ, તને સાંભરે રે?
સુ૦ હા જી, નાનપણાની પેર, મને કેમ વીસરે રે!
કૃ૦ આપણ બે મહિના પાસે રહ્યા, તને સાંભરે રે?
સુ૦ હા જી, સાંદીપનિ ઋષિને ઘેર, મને કેમ વીસરે રે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૃ૦ અન્નભિક્ષા માગી લાવતા, તને સાંભરે રે?
સુ૦ હા જી, જમતા ત્રણે ભ્રાત, મને કેમ વીસરે રે!
કૃ૦ આપણ સૂતા એક સાથરે, તને સાંભરે રે?
સુ૦ સુખદુઃખની કરતા વાત, મને કેમ વીસરે રે!
કૃ૦ પાછલી રાતના જાગતા, તને સાંભરે રે?
સુ૦ હા જી, કરતા વેદની ધુન્ય, મને કેમ વીસરે રે!
કૃ૦ ગુરુ આપણા ગામે ગયા, તને સાંભરે રે?
સુ૦ જાચવા કોઈકિ મુન્ય, મને કેમ વીસરે રે!
કૃ૦ શરીર આપણાં ઊકળ્યાં, તને સાંભરે રે?
સુ૦ હા જી, માથે તપ્યો અરિષ્ટ, મને કેમ વીસરે રે!
કૃ૦ સ્કંધે કહોવાડા ધર્યા, તને સાંભરે રે?
સુ૦ ઘણું દૂર ગયા રણછોડ, મને કેમ વીસરે રે!
કૃ૦ આપણે વાદ વદ્યા ત્રણે બાંધવા, તને સાંભરે રે?
સુ૦ હા જી, ફાડ્યું મોટું ખોડ, મને કેમ વીસરે રે!
કૃ૦ ત્રણે ભારા બાંધ્યા દોરડે, તને સાંભરે રે?
સુ૦ હા જી, આવ્યા બારે મેહ મને કેમ વીસરે રે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૃ૦ શીતળ વાયુ વાયો ઘણો, તને સાંભરે રે?
સુ૦ ટાઢે થરથર ધ્રૂજે દેહ, મને કેમ વીસરે રે!
કૃ૦ નદીએ પૂર આવ્યું ઘણું, તને સાંભરે રે?
સુ૦ ઘન વરસ્યો મૂસળધાર, મને કેમ વીસરે રે!
કૃ૦ એકે દિશા સૂઝી નહિ, તને સાંભરે રે?
સુ૦ થયા વીજતણા ચમકાર, મને કેમ વીસરે રે!
કૃ૦ ગુરુજી ખોળવા નીકળ્યા, તને સાંભરે રે?
સુ૦ કહ્યું સ્ત્રીને તેં કીધો કેર, મને કેમ વીસરે રે!
કૃ૦ આપણને હૃદયાશું ચાંપીઆ, તને સાંભરે રે?
સુ૦ પછી તેડીને લાવ્યા ઘેર, મને કેમ વીસરે રે!

– સ્વાધ્યાય –

૧. કૃષ્ણ-સુદામાનો સંવાદ તમારા શબ્દોમાં લખો.

૨. આ કવિતા ઉપરથી સાંદીપનિ ઋષિના આશ્રમમાં ભણનાર વિદ્યાર્થીઓની દિનચર્યા વિષે અટકળ કરી, તમે જાણે નજરોનજર એ આશ્રમ જોયો હોય અને તેનું વર્ણન કરતા હો એ રીતે લખો.

૩. કૃષ્ણ, બળદેવ અને સુદામાને ગુરુ શા માટે શોધવા નીકળ્યા? તેમણે તેમની પત્નીને શો ઠપકો આપ્યો? શા માટે એ ઠપકો આપ્યો?

૪. અન્નભિક્ષા, જાચવું, મૂસળધાર, અને કેર કીધો એ શબ્દો વાપરી વાક્યો બનાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

જમરાજ અને વૈદરાજ

["ખોવાએલા તારા" નામ તમે સાંભળ્યું છે? એ શ્રી. કીકુભાઈ રતનજી દેસાઇએ લખેલ એક સુન્દર પુસ્તકનું નામ છે. તેમાં દેશ-દેશાવરની સુન્દર વાતો ભેગી કરી તે વાતોને ગૂજરાતી પોશાક પહેરાવવામાં આવ્યા છે. એવા પોશાક પહેરીને કેટલીક વાતો તો આબેહૂબ ગૂજરાતી જ બની ગઈ છે, જ્યારે કેટલીક, કેટલીક મડમો ગૂજરાતી સાડી પહેરવા છતાં ગૂજરાતી જેવી નથી લાગતી તેમ, પરદેશી તરીકે પકડાઈ જાય છે. જમરાજ અને વૈદરાજ એ આ બેમાંથી કયા પ્રકારની વાત છે તે તમે જ નક્કી કરજો. મૂળ તો નોર્વેની લોકકથા છે. લોક-કથા એટલે તે કથાનો કોઇ લેખક નહિ, તે કથા ક્યારે રચાઈ તેનાં કંઈ પ્રમાણ નહિ. લોકોમાં સૈકાઓથી ચાલતી આવેલી કથા તે લોકકથા. દરેક દેશમાં એવી ઢગલાબંધ લોકકથાઓ હોય છે, અને કેટલીક વખત તો મોટામાં મોટા લેખકોએ લખેલી કથાથી પણ ચઢી જાય એવી તે હોય છે. આપણે ત્યાંની એવી લોકકથાઓમાંથી કેટલીકનો તો પુસ્તકાકારે સંગ્રહ કરવામાં આવ્યો છે. "સૌરાષ્ટ્રની રસધાર," "ભારત લોકકથા" આદિ પુસ્તકો લોકકથાઓના સંગ્રહો છે. "ખોવાએલા તારા," "સૌરાષ્ટ્રની રસધાર," "ભારત લોકકથા" વગેરેમાંની ઘણીખરી વાતો તમે સહેલાઇથી સમજી શકશો, અને તે વાંચતાં તમને મઝા પણ પડશે.]

* * *

એક છોકરો હતો. તે એક ફડિયાને ત્યાં લાંબા વખતથી નોકરી કરતો હતો. આ ફડિયો એટલો તો સરસ દારૂ ગાળતો હતો, કે આખી દુનિયામાં એને ત્યાંના જેવો દારૂ બીજે ક્યાં ય મળતો નહોતો. એટલે જ્યારે પેલા છોકરાએ એની નોકરી છોડી દીધી, ત્યારે પગારમાં પૈસા લેવાને બદલે એક નાનું સરખું પીપ ભરીને દારૂ જ લીધો. આ પીપ લઈને તે ચાલી નીકળ્યો. પણ રસ્તે ચાલતાંચાલતાં પીપ ભારે ને ભારે લાગવા માંડ્યું, એટલે એણે વિચાર કર્યો કે રસ્તામાં કોઈ મળી જાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો સારું, કે જેથી તેની સાથે બેસીને દારૂ પીવાનું થાય તો દારૂ થોડો ઓછો થાય, અને પીપ પણ થોડું હલકું થાય. થોડુંક આગળ ચાલ્યો એટલે લાંબી દાઢીવાળો એક બુઢ્ઢો સામો મળ્યો.

"રામ રામ!" બુઢ્ઢાએ કહ્યું.

છોકરાએ જવાબ આપ્યો: "રામ રામ."

બુઢ્ઢાએ પૂછ્યું: "કાંઈ ભારે વિચારમાં પડ્યો હોય એમ લાગે છે?"

છોકરાએ જવાબ આપ્યો: "દારૂ પીવા માટે કોઈ સોબતીની રાહ જોઉં છું."

"તો હું શું ખોટો?" બુઢ્ઢાએ કહ્યું. "હું ખૂબ થાકયો છું અને તરસ્યો પણ થયો છું."

"ખોટો તો કંઈ નહિ, પણ તું ક્યાંથી આવે છે અને કોણ છે તે મને પહેલો કહે."

"હું ઈશ્વર છું અને સ્વર્ગમાંથી આવું છું."

"તો તો હું તારી જોડે દારૂ ન પીઉં; કારણ કે તું આ દુનિયામાં માણસ માણસ વચ્ચે ખૂબ ભેદભાવ રાખે છે. કેટલાકને તું શ્રીમંત બનાવે છે અને કેટલાકને તદ્દન ગરીબ રાખે છે. એટલે હું તારી જોડે તો દારૂ નહિ જ પીઉં." આટલું કહીને છોકરો આગળ ચાલવા લાગ્યો.

થોડે દૂર ગયા પછી તો પીપ એટલું ભારે લાગવા માંડ્યું, કે એનાથી જરા પણ આગળ ચાલી શકાશે નહિ એમ તેને લાગ્યું. સાથે બેસીને દારૂ પીવા લાગે એવો કોઈ સામે મળી જાય તો જ હવે તો આ પીપ હલકું થાય, એવો વિચાર કરવાંની સાથે જ સામેથી ઝપાટાભેર આવતો એક કદરૂપો, કેડમાંથી વાંકો વળેલો બુઢ્ઢો તેની નજરે પડ્યો.

બુઢ્ઢાએ કહ્યું: "રામ રામ!"

"રામ રામ." છોકરાએ જવાબ આપ્યો.

બુઢ્ઢાએ પૂછ્યું: "શા વિચારમાં પડ્યો છે?"

"દારૂ પીવા માટે કોઈ સોબતી મળી જાય તેની રાહ જોઉં છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તો હું શું ખોટો? હું થાકયો છું, અને તરસ્યો પણ થયો છું."

"ખોટો તો કંઈ નહિ, પણ તું કોણ છે તે પહેલો મને કહે."

"હું શેતાન."

છોકરાએ કહ્યું: "તું તો ગરીબ લોકોને બહુ રંજાડે છે, અને દુનિયામાં જે કાંઈ દુઃખ છે તે બધું તારે લીધે જ છે એમ બધા કહે છે. એટલે તારી જોડે હું દારૂ પી શકું નહિ."

વળી છોકરો આગળ ચાલવા મંડ્યો. દારૂનું પીપ ભારે ને ભારે થતું ગયું, અને છોકરો હવે આતુરતાથી કોઈ દારૂ પીનાર સોબતી આવી ચડે એની રાહ જોવા લાગ્યો. જરાક આગળ ચાલ્યો એટલે તેણે સામેથી એક હાડપિંજર જેવા પાતળા ફ્રિક્કા ડોસાને આવતો દીઠો.

"રામ રામ!" ડોસાએ કહ્યું.

છોકરાએ જવાબ આપ્યો: "રામ રામ."

ડોસાએ પૂછયું: "કેમ, શું વિચાર કરે છે?"

"સાથે બેસીને દારૂ પીવા લાગે એવા કોઈની રાહ જોઉં છું. પીપ બહુ ભારે થઈ ગયું છે, થોડું હલકું થાય તો સારું."

"તો હું શું ખોટો?"

"ખોટો તો કંઈ નહિ, પણ તું કોણ છે તે પહેલો કહે."

"હું જમરાજ છું."

"તું દોસ્ત ખરો. તારી જોડે હું જરૂર આનંદથી દારૂ પીવાનો. તું ભરોસાદાર અને પ્રામાણિક ખરો. ગરીબ તેમ જ તવંગર બધાંને એક લાકડીએ હાંકનારો આ જગતમાં તું જ એક છે. તારી સાથે તો જરૂર દારૂ પીવાનો." આમ કહીને છોકરાએ પીપ નીચે મૂક્યું અને પ્યાલી ભરીને બન્નેએ દારૂ ગટગટાવ્યો. આવો સરસ દારૂ જમરાજે કદી પીધો જ નહોતો; એટલે પ્યાલી પર પ્યાલી ઊડવા લાગી. દારૂ ઓછો થઈ ગયો. પીપ પણ હલકું થયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેવટે જમરાજે કહ્યું: "આટલો લહેજતદાર તેમ જ આટલી તાજગી આપનાર દારૂ મને કદી પીવા મળ્યો નથી. આના બદલામાં મારે તને શું આપવું તેની કાંઈ સૂઝ પડતી નથી." થોડોક વખત વિચાર કર્યા પછી તે બોલ્યો: "તને મારું વરદાન છે કે આ પીપમાંનો દારૂ એવી તો દવા બની જશે, કે માણસ ગમે તેટલો માંદો હોય, તો પણ એનો એક જ ઘૂંટડો પીવાથી તે સાજો થઈ જશે. પણ તારે એક વાત ધ્યાનમાં રાખવી: તું જ્યારે દરદી પાસે જાય, ત્યારે હું તને ત્યાં દેખા દઈશ. જો હું દરદીના પગ આગળ બેઠેલો હોઉં, તો તારે સમજવું કે એક જ ઘૂંટડો દવા આપવાથી તે સાજો થઈ જશે, પણ જો હું માથા આગળ બેઠેલો હોઉં, તો તારે સમજી જવું કે એ સારો થાય એમ છે જ નહિ, અને પછી તારે તેને દવા આપવી જ નહિ."

છોકરો તો થોડા વખતમાં પ્રખ્યાત થઈ ગયો. દેશદેશાવરથી તેને લોકો બોલાવતા, અને બધા વૈદ્યદાક્તરોએ જેમની આશા છોડી દીધી હોય, તેવાઓને પણ તે સાજા કરવા લાગ્યો. દરદી પાસે જઇને પહેલાં તો એ જમરાજ ક્યાં બેઠો છે તે જોઈ લેતો, અને પછી દરદી બચશે કે કેમ તે કહેતો. અને એનું કહેવું કદી પણ ખોટું પડતું નહિ. એ ખૂબ પૈસાદાર પણ થયો. એક વખત દૂર દેશના કોઈ મહારાજાને ત્યાં એને જવાનું થયું. રાજકુંવરી માંદી હતી અને બધા દાક્તરોએ એની આશા છોડી દીધી હતી. રાજાએ એને કહ્યું: "જે જોઇએ તે લો, પણ કુંવરીને સારી કરો."

છોકરો જ્યારે રાજકુંવરીના ઓરડામાં આવ્યો, ત્યારે તેણે જમરાજને તેના માથા આગળ બેઠેલો જોયો. બેઠોબેઠો તે ઝોકાં ખાતો હતો. એને ઝોકું આવતું એટલો વખત રાજકુંવરીને જરા સારું લાગતું. વૈદ્યરાજે કહ્યું: "મને લાગે છે કે આમાં કંઈ વળે એમ નથી."

પણ રાજાએ કહ્યું: "જોઇએ તો રાજપાટ લો, રાજકુંવરી લો, પણ એને સારી તો કરો જ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈદરાજે જમરાજ તરફ જોયું, અને જેવું તેણે ઝોકું ખાધું કે તરત જ રાજકુંવરીનો પલંગ ફેરવી નાખવાની નોકરોને ઇશારત કરી. અને જેવો પલંગ ફર્યો અને જમરાજ પગ આંગળ થયો, કે તરત જ દવાનો એક ઘૂંટડો કુંવરીને પાઈ દીધો. કુંવરી બચી ગઈ.

જમરાજે આંખ ઉઘાડી ત્યારે પોતે દરદીના પગ આગળ બેઠો છે એ જોઇને શું બન્યું હતું તે એ સમજી ગયો, અને વૈદરાજને એ કહેવા લાગ્યો: "અલ્યા, તેં મને છેતર્યો! આજથી આપણી મૈત્રી તૂટી. રાજપાટ અને રાજકુમારીના લોભે તેં મને છેતર્યો, પણ એ બંને તારે કશા કામનાં નહિ રહે. કારણ કે તારે હવે મારી જોડે આવવું પડશે."

છોકરાએ જવાબ આપ્યો: "બનવાકાળ હશે તે બનશે; પણ તું મને ગીતાના બીજા અધ્યાયના પ્રાર્થનાના શ્લોક તો વાંચી લેવા દેશે ને?"

જમરાજે શ્લોકો વાંચવાની રજા આપી, પણ આ ભાઈ એ શ્લોકો પૂરા વાંચે જ શેના? પહેલો અધ્યાય વાંચે, ત્રીજો અધ્યાય વાંચે, બીજા અધ્યાયના શરૂઆતના શ્લોકો વાંચે, પણ છેલ્લા બે શ્લોક આવે કે તરત જ પાનાં ઊથલાવે. જમરાજને થયું કે આ તો આણે ફરી વાર છેતર્યો. ખૂબ વિચાર કરીને આખરે જમરાજે એક યુક્તિ શોધી કાઢી. એક તખતી પર સુંદર અક્ષરે આ શ્લોકો એણે લખ્યા, અને રાત્રે પેલા છોકરાને ઘેર જઈ એ સૂતો હતો ત્યાં એના પગ આગળ, એની આંખની બરાબર સામે, દીવાલ પર એ તખતી ટાંગી. સવારમાં છોકરો જાગ્યો ત્યારે અર્ધા ઊંઘતાં, અર્ધા જાગતાં તેની નજર પેલી તખતી પર પડી અને બધું વંચાઈ ગયું! શું થયું તેની પૂરી સમજ પડે તે પહેલાં તો જમરાજે આવીને તેનો બરડો થાબડ્યો અને કહ્યું: "ચાલો ભાઇ-સાહેબ, શ્લોકો વંચાઈ રહ્યા!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

– સ્વાધ્યાય –

૧. "જમરાજ અને વૈદરાજ" વાત વાંચતાં તમને એમ લાગ્યું કે એ વાત ગૂજરાતી નથી?

૨. છોકરાએ શા માટે ઈશ્વરને અને શેતાનને દારૂ ન પાયો? છોકરાએ જે દલીલ કરી હતી તે તમને સાચી લાગે છે?

૩. ઈશ્વર, શેતાન અને જમરાજ સાથેની મુલાકાત સુધીના પ્રસંગો સંવાદ દ્વારા વર્ણવો.

૪. છોકરાએ જમને કેવી રીતે ઠગ્યો તે વર્ણવો.

૫. છોકરાને ઠગવાની જમે શી યુક્તિ કરી? તે યુક્તિમાં તે શાથી ફાવ્યો?

૬. લોકકથા એટલે શું? તમે જાણતા હોય એવી કોઈ બે ત્રણ લોક-કથાનાં નામ આપો.

૭. લોકકથા સમાસનો વિગ્રહ કરો. એમાં આવેલા શબ્દો વાપરી જુદા જુદા સમાસો બનાવો.

૮. ૩૨મા પાનાં ઉપરના ચિત્રનો પરિચય આપો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

[" જમરાજ અને વૈદરાજ "માં તમે લોકકથા વિશે વાંચી ગયા; જેસલ–તોળલ એવા જ પ્રકારનું એક લોકગીત છે. જેના લેખક વિશે આપણે કંઈ જાણતા નથી, અને વર્ષોથી લોકોમાં જે ગવાતાં આવ્યાં છે એવાં ગીતો લોકગીત કહેવાય છે. સ્વ. શ્રી રણજીતરામ મહેતા અને શ્રી મેઘાણીએ આપણાં લોકગીતો ભેગાં કરી તેના સંગ્રહ કરેલા છે. ગૂજરાત–કાઠિયાવાડમાં હજી પણ અનેક લોકગીતો વણસંગ્રહાએલાં પડ્યાં છે. જેસલ-તોળલનાં આપણે ત્યાં અહીં આપ્યું છે તેવાં બીજાં પણ લોકગીતો છે. જેસલ મોટો બહારવટિયો હતો, અને તોળલ મોટી સતી હતી. આ ગીતમાં સતી આગળ જેસલ પોતાનાં પાપનો એકરાર કરે છે. એ બહારવટિયો બીક શું તે જાણતો ન હતો, પણ સમુદ્રમાં સતી તોળલ સાથે હોડીમાં બેસી તે જતો હતો ત્યાં એકાએક ભયંકર તોફાન થયું, અને તેનું પાપી હૃદય તેને ડંખવા લાગ્યું. એટલે સતીએ તેને બોધ કર્યો: " ભાઈ, તારાં પાપની તું કબુલાત કર: તે માટે પસ્તાવો કર: ઈશ્વર તને માફ કરશે, અને તોફાન શમી જશે " બહાદૂર જેસલ સતીના પ્રભાવ આગળ ગરીબ ગાય જેવો બની જાય છે. પોતાનાં પાપો તે તેની આગળ કબૂલ કરે છે, અને તેનું હૃદય પશ્ચાત્તાપથી સ્વચ્છ બને છે. આપણા રાજવી કવિ કલાપીએ પસ્તાવાનું મહાત્મ્ય વર્ણવતાં ગાયું છે કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હા! પસ્તાવો વિમળ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.

જેસલ પણ તેવી રીતે પસ્તાવા રૂપી એ વિમળ સ્વર્ગીય ઝરણમાં ડૂબકી મારી પવિત્ર બન્યો એ આ લોકગીતનો સાર છે. કચ્છી ભાષામાં પણ આ લોકગીત ગવાય છે. જેસલ કચ્છનો હોઈ મૂળ આ ગીત કચ્છીમાં જોડાયું હોય અને તે ઉપરથી ગૂજરાતીમાં આવ્યું હોય એ બનવાજોગ છે. આ ગીતમાં, લોકગીતમાં સામાન્ય રીતે પ્રાસ સારી રીતે આવે છે તેવા પ્રાસો નથી, છતાં તમે એકતારા ઉપર એને, જો કોઈને એ ગાતાં આવડતું હોય, ને સાંભળો તો એમાં તમને અસાધારણ મીઠાશ અને સંગીત લાગશે.]

* * *

પાપ તારું પરકાશ જાડેજા, ધરમ તારો સંભાળ રે,
તારી બેડલીને બૂડવા નહિ દઉં, જાડેજા રે:
એમ તોળલ કહે છે જી.

વાળી ગોંદરેથી ગાય, તોળીરાણી! વાળી ગોંદરેથી ગાય રે,
બેની ભાણેજાં મારિયાં, તોળલદે રે:
એમ જેસલ કહે છે જી.

પાદર લૂંટી વાણિયાર, તોળીરાણી! પાદર લૂંટી વાણિયાર રે,
વનના મોરલા મારિયા, તોળલદે રે:
એમ જેસલ કહે છે જી.

ફોડી સરોવરપાળ, તોળીરાણી! ફોડી સરોવરપાળ રે,
વનકેરા મૃગલા મારિયા, તોળલદે રે:
એમ જેસલ કહે છે જી.

લૂંટી કુંવારી જાન, તોળીરાણી! લૂંટી કુંવારી જાન રે,
સાતવીસું મોડબંધા મારિયા, તોળલદે રે:
એમ જેસલ કહે છે જી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરણુ હણ્યાં લખ ચાર, તોળીરાણી! હરણુ હણ્યાં લખ ચાર રે,
એવાં કરમ તો મેં કર્યાં તોળલદે રે:
એમ જેસલ કહે છે જી.

જેટલા માથાના વાળ, તોળીરાણી! જેટલા માથાના વાળ રે,
એટલાં કરમ તો મેં કર્યાં તોળલદે રે:
એમ જેસલ કહે છે જી.

બોલિયા જેસલ વીર, તોળીરાણી! બોલિયા જેસલ વીર રે,
મારા સાધુને તમે તારજો, તોળલદે રે:
એમ જેસલ કહે છે જી.

– સ્વાધ્યાય –

૧. જેસલ પોતાના પાપોનો કઈ રીતે એકરાર કરે છે? તેણે ક્યાં ક્યાં પાપ કર્યાં હતાં?

૨. પાપનું પ્રાયશ્ચિત્ત કરવાથી જેસલને શું થયું?

૩. આ ગીતમાં તમને કઈ પંક્તિઓ વધુ ગમી?

૪. તમે બીજાં કોઈ લોકગીતો સાંભળ્યાં કે વાંચ્યાં છે? તેનો ઉલ્લેખ કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦
ગોરો જુવાન

[શ્રી. રામનારાયણ નાગરદાસ પાઠકકૃત "ભારતના ભડવીરો" નામના પુસ્તકમાંથી "ગોરો જુવાન"નો પાઠ લેવામાં આવ્યો છે. શ્રી. પાઠકે લાંબા લાંબા પ્રવાસો પણ કર્યા છે. "પચાસ વર્ષ પછી" નામની એક સરસ નવલકથાએ એમને મોટી પ્રસિદ્ધિ અપાવી છે. ભારતના ભડવીરો, ચાર પ્રવાસો, પચાસ વર્ષ પછી આદિ એમનાં બધાં પુસ્તકો તમે રસપૂર્વક વાંચી શકો એવાં સરળ અને મઝાનાં છે.]

* * *

સૂરત શહેર સૂનકાર પડ્યું છે. તાપીને કિનારે ગોરા લોકની દુકાનો ઉઘાડી પડી. કાળો કાગડો ય નથી ઊડતો.

શિવાજી મહારાજે ફરી સૂરત ઉપર છાપો માર્યો ને લૂંટીને રાયગઢ પહોંચી ગયા. પણ ધાક એવી બેસી ગઈ છે કે હજી ગામમાં કોઈ પગ નથી દેતું.

બીજે દિવસે બધાને ખાતરી થઈ ગઈ. સૌ પોતપોતાનાં ઘર સંભાળવા માંડ્યાં. અંગ્રેજો તાપી નદીને કાંઠે ભાગી ગયેલા: બીતા બીતા ગામમાં આવ્યા. દુકાનનો માલ તપાસવા માંડ્યા. એક કબાટ જોવા માંડ્યો; બીજો મખમલના તાકાનો હિસાબ કરવા માંડ્યો. કોઈ ઝવેરાત શોધવા લાગ્યા તો કોઈ ચોપડા લઈને બેસી ગયા.

એમાં એક ગોરો જુવાન હતો. એ તો ચારેકોર દૃષ્ટિ ફેંકવા માંડ્યો. તાકા વીંખ્યા ને ચોપડા ફગાવી દીધા. ગાંડાની જેમ ચારેકોર ભીંતે ટગર ટગર જોઈ રહ્યો છે, એવામાં એના કાકાની નજર ગઈ.

"શું ખોવાણું, છોકરા?"

"મારી માની છબી!"

એટલું બોલતાં તો જુવાનની આંખ ભીની થઈ ગઈ. હૈયું ભરાઈ ગયું. આંખમાંથી ડળક ડળક આંસુ ખરી પડ્યાં.

કાકો તો જમ જેવો હતો. રાડ નાખી:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એમાં રોવા બેઠો છો? એ તો લૂંટી ગયા. ચાલ, ઊભો થા; તાકા ગોઠવવા માંડ."

નિસાસો નાખીને જુવાન ઊઠ્યો. તાકા ગોઠવ્યા પણ એને ગોઠતું નથી. એની જીવથી વહાલી છબી લૂંટાઈ ગઈ! એમાં યે મરેલી માની છબી! સંભારી સંભારીને પાણીડાં પાડે છે. સાંજે વાળુ ન ભાવ્યું. રાતે ઊંઘ ન આવી. વિચાર થાય કે શિવાજીને પગે પડીને લઈ આવું; પણ એ કાળ શે માને? વળી ઉદાસ થઈ જાય. એમ ને એમ બે દિવસ વહ્યા ગયા.

જુવાનને એક નોકર હતો. એનું નામ ગોપાળ. ગોપાળને જુવાન ઉપર દયા આવી. એણે બનતી મદદ કરવા વચન દીધું. કાકાને પૂછ્યા વગર અધરાતે, જુવાન, ગોપાળ સાથે રાયગઢ પહોંચ્યો.

ગઢના દરવાજામાં પેસવા જાય છે ત્યાં પહેરેગીરે આડો ભાલો ધર્યો: "હથિયાર છોડી નાખો."

"હથિયાર નહિ છૂટે, થાય ઈ કરી લે."

તરત બેયને કબજે કરી લીધા. હથિયાર લઈ લીધાં ને ઉપાડ્યા મહારાજ પાસે. ગોરા જુવાનને તો એ જ કામ હતું.

સાંજને વખતે મહારાજ બેઠા છે. મહેલને ઓટલે શેતરંજી બિછાવીને જામ્યા છે. પડખે બે ટોપલા પડ્યા છે. ટોપલામાં જાતજાતનાં ફળ- સીતાફળ ને રામફળ, કેળાં ને સફરજન, નારંગી ને સંતરાં. નાનાં નાનાં ટપૂડિયાં છોકરાં મહારાજ ફરતાં ફરી વળ્યાં છે. કોઈ નારંગી માગે તો કોઈ સંતરું માગે; કોઈ કેળું તો કોઈ સીતાફળ. મહારાજ ફળની લૂંટ કરાવે. ઓટલા ઉપર તો મોટી સભા ભરાણી છે. મહારાજ હસી હસીને વાતો કરે છે. એમાં એક નાગોડિયો છોકરો સીતાફળ લઇને ભાગ્યો.

મહારાજ કહે: "એલા પકડો એને!"

ભર્‌ર્‌ર્‌ર્‌ ભુસ બધા દોડ્યા. બરાબર બાંધીને લઈ આવ્યા. મહારાજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હસતાં હસતાં એક થપાટ લગાવી દીધી. ઓલ્યો તો દાંત કાઢતો કાઢતો સીતાફળ ખાઈ ગયો. એવી એવી ગમ્મતો ચાલે છે.

ગોરા જુવાને છેટેથી મહારાજને ભાળ્યા. એને થયું કે આ કોણ? આ શિવાજી? હોય નહિ. આ તો છોકરાં સાથે ગેલ કરે છે. ત્યાં પહેરેગીર જઈને મહારાજને પગે પડ્યો. જુવાનને હિંમત આવી. બધી વાત કરી. મહારાજ કહે: "એમાં શું? છબીના થાય એટલા પૈસા આપીને લઈ જાઓ."

પણ આ જુવાનીઆ પાસે તો પાઇએ ન મળે. વળી ઉદાસ થઈ ગયો. મહારાજને કહે: "મને બે દિવસ ગઢ ઉપર રહેવા દેશો?"

"બે શું કામ, ચાર દી રહો ને!"

જુવાને તો આખો ગઢ જોયો. બે દિવસ વીતી ગયા. છબી મળવાની કાંઈ આશા ન રહી. સાંજને પહોરે ગઢની રાંગે ફરવા નીકળ્યો. આમ સામે મુંબઈ બેટ દેખાણો: વિલાયત સાંભર્યું: મરી ગયેલી મા સાંભરી: છબી સાંભરી: જુવાન રોવા જેવો થઈ ગયો: આકાશ સામે જોઇ રહ્યો છે, એવામાં.....

"દગો! દગો!" એવો અવાજ કાને પડ્યો. આમ નીચે નજર કરે તો એક મરાઠા ઉપર ત્રણ મુસલમાન તૂટી પડ્યા છે. મરાઠો વીર વીજળી વેગે તલવાર વીંઝે છે, પણ સામે જમ જેવા ત્રણ જણા છે. એક પળમાં જુવાન ઊઠ્યો. દોડીને પહોંચ્યો: એક ઘાએ એક જણને સુવાડ્યો. ત્યાં તો મરાઠા સૈનિકે એક જણને પૂરો કરી નાખ્યો. ત્રીજો ઝાડીમાં ભરાઈ ગયો.

"જુવાન! આજ તેં મારો જીવ બચાવ્યો."

જુવાન સાદ વરતી ગયો.

"કોણ, મહારાજ....."

પગમાં પડી ગયો. મહારાજ એને મહેલમાં તેડી ગયા. બીજે દિવસે ભરસભામાં જીવ બચાવ્યાની વાત કરી. બધા જુવાન સામે જોઈ રહ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહારાજ કહે :

"જુવાન! જે જોઇએ તે માગી લે."

એક પળનો પણ વિચાર કર્યા વગર જુવાને માગ્યું : "આપના રાજ્યમાં અંગરેજને વેપાર કરવાની છૂટ આપો."

"અરે જુવાન! તારે તો તારી માની છબી જોઇએ છીએ ને!"

"ના, ના. મહારાજ! મારો દેશ બહુ ગરીબ છે. અમને વેપાર કરવાની છૂટ આપો."

શિવાજી મહારાજે ગોરા લોકોને વેપારની છૂટ આપી; અને જુવાનની માની છબી મંગાવી, જુવાનના હાથમાં મૂકી : ગળામાંથી નવલખો હાર કાઢીને જુવાનને પહેરાવી દીધો! જુવાનનું હૈયું કોઈ ન સાંભળે એમ બોલ્યું :

"વાહ શિવાજી મહારાજ!"

– સ્વાધ્યાય –

૧. ગોરો જુવાન શાથી રડતો હતો?

૨. આ પાઠમાં ગોરા જુવાનને લગતા ત્રણ સુન્દર પ્રસંગો છે : (૧) પોતાની માની છબી માટે તે સૂરતથી ઠેઠ રાયગઢ સુધી શિવાજી પાસે ગયો તે; (૨) શિવાજી મહારાજને તેણે મોટી સહાય કરી તે; અને (૩) પોતાના દેશબાંધવો માટે શિવાજી મહારાજના મુલકમાં વેપારની છૂટ માગી તે. આ ત્રણમાં સૌથી સરસ પ્રસંગ તમને કયો લાગે છે તે કારણો આપી જણાવો.

૩. રાયગઢના દરવાજા ઉપર ગોરા જુવાને હથિયાર છોડવાની શાથી ના પાડી?

૪. ગોરો જુવાન શિવાજી મહારાજ પાસે ગયો ત્યારે તે શું કરતા હતા? એ પ્રસંગ ઉપરથી શિવાજી મહારાજના સ્વભાવ વિષે તમે કંઈ અનુમાન કરી શકશો? સામેના ચિત્રનો પરિચય આપો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧
સાગર



[સાગરને તો તમારામાંના અને કે જોયો હશે, અને એ જોતાં જ તમને કંઈ ને કંઈ લખવાનું કે કહેવાનું મન થયું હશે. તેનાં પ્રચંડ મોજાં, તેની વિશાળતા, અગાધતા અને ભવ્યતા એ બધું જોતાં આપણે ઠરી જઇએ છીએ; અને છતાં આપણે જે અનુભવીએ છીએ તે કહી શકતા નથી, ખરું ને ? પણ આપણા એક કવિ શ્રી ત્રિભુવન ગૌરીશંકર વ્યાસે તમને જે વિચારો આવ્યા હશે તે સુન્દર રીતે નીચેના કાવ્યમાં રજૂ કર્યા છે. જેની જોડે સહેજે તમે ઓળખાણ કરી શકો એવા એક કવિ શ્રી વ્યાસ છે. તેમની કવિતા સરળ છે, સુન્દર છે, અને તમે સમજી શકો એવી છે. " નવાં ગીતો " નામનો તેમનો કવિતાનો સંગ્રહ તમે અવશ્ય વાંચજો.]

* * *

ખારાં ખારાં ઊસ જેવાં
આછાં આછાં તેલ,
પોણી દુનિયા ઉપર એવાં
પાણી રેલમછેલ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આરો કે ઓવારો નહિ,
પાળ કે પરથારો નહિ.
સામો તો કિનારો નહિ,
પથરાયા એ જળભંડાર સભરભર્યા !

આભના સીમાડા પરથી,
મોટા મોટા તરંગ ઊઠી,
વાયુ વેગે આગળ ધાય,
ને અથડાતા પછડાતા જાય !
ઘોર કરીને ઘૂઘવે
ગરજે સાગર ઘેરે રવે !

કિનારાના ખડકો સાથે
ધિંગામસ્તી કરતો કરતો,
ફીણથી ફૂંફાડા કરતો,
ઓરો આવે, આઘો થાય,
ને ભરતીઓટ કરતો જાય.

ઊંડો ઊંડો ગજબ ઊંડો !
માણસ ડૂબે, ઘોડા ડૂબે,
ઊંચાં ઊંચાં ઊંટ ડૂબે,
હાથી જેવાં તૂત ડૂબે,
કિલ્લાની કિનાર ડૂબે,
મહેલના મિનાર ડૂબે,
તાડ જેવાં ઝાડ ડૂબે,
મોટા મોટા પહાડ ડૂબે,
ગાંડો થઇને રેલે તો તો,
આખી દુનિયા જળબંબોળ જળબંબોળ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનાં પાણી એનું પેટ
એવાં મોટાં જબરદસ્ત
નાની નાની માછલીઓના
થાય મોટા મગરમચ્છ !

ચંદ્રની જ્યાં દૃષ્ટિ પડે,
ત્યાં તો પાણી હેલે ચડે;
આખો સાગર ઊંચો થાય,
મોજાંથી છલહાઈ જાય !

શંખ, છીપ, પરવાળાં ને
બીજી ચીજો પારંપાર,
મોંઘાં-મૂલાં રત્નોનો એ
ભારેમાં ભારે ભંડાર !

હજારો નદીઓ જઈ રેડે
કાયમ તેમાં મીઠાં નીર,
તો યે એનાં સદાય ખારાં
પાણી દીસે શાં ગંભીર !

અપાર જળ એમાંથી સંચી
મેઘ બધી દુનિયાને પાય,
તો ય છલોછલ છલકાતો એ
એવો ને એવો દેખાય !

વિશાળ લાંબો, પહોળો ઊંડો
એવો મોટો ગંજાવર !
એના જેવું કોઇએ ન મળે
મહાસાગર તે મહાસાગર !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

– સ્વાધ્યાય –

૧. આ કવિતામાં તમને સૌથી સુન્દર લાગ્યો હોય એવા ભાગનો ઉલ્લેખ કરો.

૨. ઘોર કરીને ઘૂઘવે
ગરજે સાગર ઘેરે રવે !

આ પંક્તિઓ મોટેથી બોલો. એ બોલતાં એનો જે ધ્વનિ થાય છે તે તમને કેવો લાગે છે તે કહો.
એમાં કયા અક્ષરો એકથી વધુ વાર વપરાયા છે ?
તમને લાગે છે કે એ અક્ષરો એ રીતે વપરાયાથી એ પંક્તિઓ વધુ સુન્દર બની છે ?

૩. "મહાસાગર તે મહાસાગર" આવો શબ્દપ્રયોગ બીજાં નામો વાપરી કરી બતાવો; અને "મહાસાગર તે મહાસાગર" કહી કવિ શું કહેવા ઇચ્છે છે જણાવો.

૪. જાણે કે તમે તમારા જીવનમાં પહેલી જ વાર સાગરને જુઓ છો, અને એથી તમારા મનમાં જે વિચારો જાગે છે તે તમારા મિત્રને કાગળમાં લખી જણાવો છો એવો એક પત્ર આ કાવ્યના ભાવો તેમાં આવે એ રીતે તમારા મિત્રને લખો.

૫. વહાણ, બંદર, મોજાં, મોતી, માછલી—આમ સાગર અને સાગરની જોડે સંબંધ ધરાવતા શબ્દોની તમારાથી બની શકે એટલી મોટી એક યાદી કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨
કણ્વનો આશ્રમ

[શાકુન્તલ નાટકનું નામ તમે સાંભળ્યું છે ? આપણા એક મહાકવિ કાલિદાસે એ લખ્યું હતું. દુનિયામાં ઉત્તમ નાટકોમાં તેની ગણના થાય છે. એ સંસ્કૃત નાટકની કથા શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરના ભૂતપૂર્વ આચાર્ય સ્વ. શ્રી. ગિજુભાઈનાં ભત્રીજી શ્રીમતી મોંઘીબહેને ગૂજરાતીમાં ઉતારી છે. તેમાંથી કણ્વના આશ્રમમાં શકુન્તલા અકસ્માત કેવી રીતે આવી ચઢે છે તે પ્રસંગનું એક સુન્દર ચિત્ર જોતા હઇએ એવું વર્ણન અહીં આપ્યું છે. તમે એ વર્ણનની મઝા માણવા ફરીથી ને ફરીથી તે વાંચજો. એનાં ટૂકાં ટૂકાં વાકયો તમને કવિતા જેવાં લાગશે, અને વાકયે વાકયે તમને જાણે કે ચિત્રો દેખાશે. શ્રી મોંઘીબહેનકૃત "બાલરામાયણ" તેમજ બીજાં પુસ્તકો તમે વાંચ્યા છે ? ન વાંચ્યા હોય તો વાંચજો.].

* * *

અઘોર એવું વન હતું. એમાં મોટા મોટા વડ હતા, તાલ ને તમાલ હતાં, પહાડ ને પર્વત હતા. નાની એવી નદી હતી. એનું નામ માલિની.

માલિનીનું જળ સ્થિર અને કાચ જેવું ચોકખું હતું. તેમાં ઝાડની છાયા, નીલાકાશની છાયા, કાળાં વાદળોની છાયા, ઊડતાં પક્ષીઓની છાયા એ બધું દેખાતું. ઝાડો નીચેની કુટિર પણ દેખાતી.

નદીતીરે અઘોર વન હતું. તેમાં અનેક જીવજંતુઓ રહેતા. કેટલાં ય હંસ ને કેટલાં ય બગલાં આખો દિવસ પાણીના ઝરાઓમાં, સુંદર સરોવરોમાં ફર્યા કરતાં. કેટલાં ય નાનાં પક્ષીઓ, કેટલા ય પોપટો ઝાડોની ડાળીઓ ઉપર બેસીને ગાન ગાતાં અને ડાળીએ ડાળીએ માળા બાંધતાં.

હરણનાં ટોળેટોળાં ત્યાં આનંદથી ફરતાં હતાં. હરણનાં નાનાં નાનાં બચ્ચાં કુશનાં વનમાં, અનાજનાં ખેતરોમાં અને કૂણાં ઘાસના પગથારમાં ફર્યા કરતાં. વસન્તકાળે કોયલો ગાન ગાતી ને ચોમાસામાં મયૂરો નાચ કરતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વનમાં ત્રણ હજાર વારના એક મોટા વડલા નીચે મહર્ષિ કણ્વનો આશ્રમ હતો. તેમાં જટાધારી તપસ્વી કણ્વ અને માતા ગૌતમી રહેતાં. તેઓની કુટિર પાંદડાંની હતી; પહેરવા વલ્કલ હતાં; એક ગૌશાળા ભરાય એટલી ગાયો હતી; ચંચળ વાછરું હતાં.

વલ્કલધારી કેટલાક ઋષિકુમારો હતા. તેઓ કણ્વદેવની પાસે વેદ ભણતા; માલિનીના જળમાં તર્પણ કરતા; વૃક્ષોના ફળથી અતિથિની સેવા કરતા, અને વનફૂલોથી દેવોની પૂજા કરતા. વનવનથી હોમનાં લાકડાં વીણી લાવતા. કાળી અને ધોળી ગાયોને ખેતરોમાં ચારવા લઈ જતા.

લીલાં હરિયાળાં ખેતરોમાં ગાયો અને વાછરું ચર્યા કરતાં ને ગોવાળ થયેલા ઋષિકુમારો રમ્યા કરતા. તેઓને ઘર બનાવવાને રેતી હતી; મોર બનાવવાને માટી હતી; પાવા બનાવવાને વાંસ હતા; અને તેમના રમતના સાથી વનનાં હરણો હતાં. માતા ગૌતમી દેવદાનવની યુદ્ધ-કથાઓ કહેતાં; અને તાત કણ્વ સામવેદનું મધુર ગાન કરતા.

બધું યે હતું; નહોતી માત્ર અંધારઘરનું માણેક–કોઈ નાની કન્યા. એક દિવસ અડધી રાતે અપ્સરા મેનકા પોતાની રૂપરૂપનો ભંડાર ધાવણી દીકરી શકુન્તલાને તે તપોવનમાં મૂકી ગઈ. વનનાં પશુ-પક્ષીઓએ તેને પાંખોથી ઢાંકી, છાતી સાથે ચાંપી આખી રાત બેસી રહ્યાં.

વહેલી સવારમાં તપોવનના ઋષિકુમારો વનમાં ફળફૂલ વીણવા ગયા. તેઓએ આંબળાનાં વનમાંથી આંબળા લીધાં. હરડેનાં વનમાંથી હરડે લીધી. ત્યાર પછી ફૂલના બાગમાં જઈ ફૂલ વીણતાં વીણતાં તેઓએ પક્ષીઓ વચ્ચે ફૂલ જેવી સુંદર કન્યા શકુંતલાને જોઈ. તેઓએ તેને લઈ જઈ મહર્ષિ કણ્વને સોંપી. આ જ વખતે શકુંતલાની સાથે કેટ-લાંક વનનાં પક્ષીઓ ને કેટલાંક હરણો તે તપોવનમાં આવી વસ્યાં.

શકુંતલા તપોવનમાં, વડની છાયામાં, ઝાડપાનની ઝૂંપડીમાં, માતા ગૌતમીની ગોદમાં રમતીકૂદતી મોટી થવા લાગી. જ્યારે એ મોટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ ત્યારે તાત કણ્વ પૃથ્વી ઉપર શકુંતલાને માટે વરની શોધમાં ગયા. આ વખતે શકુંતલા તપોવનનો બધો કારભાર ચલાવતી હતી.

શકુંતલાના પોતાના માબાપે તેને પારકી કરી; પણ પારકાં હતાં તે તેનાં થયાં. પિતા કણ્વ તેના પોતાના હતા. માતા ગૌતમી તેનાં પોતાનાં હતાં. ઋષિકુમારો તેને પોતાના ભાઈઓ જેવા હતા. ગાય અને વાછરું પણ તેના પોતાનાં હતાં: અને એટલે સુધી કે વનના વેલ–પાંદડાં પણ તેના પોતાનાં જ હતાં. ઘણી જ પ્રિય એવી બે સખીઓ અનસૂયા અને પ્રિયંવદા પણ પોતાની જ હતી. એક મા વિનાનું ઘણું ચંચળ નાનું હરિણનું બચ્ચું પણ પોતાનું જ હતું.

ત્રણે સખીઓને આજકાલ ઘણું કામ રહેતું. ઘરનું કામ, અતિથિ-સેવાનું કામ, સવાર ને સાંજ ફૂલઝાડને પાણી પાવાનું કામ અને સાથે મળી મલ્લિકા વેલનાં લગ્ન કરવાનું કામ પણ હતું. ઉપરાંત શકુંતલાની બન્ને સખીઓને એક બીજું કામ પણ હતું.

તેઓ રોજ માધવીલતાને પાણી પાતી; અને વિચારતી કે ક્યારે આ માધવીલતાને ફૂલ આવશે? જે દિવસે આ માધવીલતા ફૂલોથી ખીલી નીકળશે તે દિવસે આપણી શકુંતલાનો વર આવશે એમ તેઓ વિચારતી.

આ ઉપરાંત તેમને બીજાં કામો પણ હતાં. હરિણોનાં બચ્ચાંની માફક નિર્ભયપણે ફરવું, ભમરાઓની પેઠે લતાઓમાં ધીમે ધીમે વાતો કરવી, અથવા માલિનીના જળમાં હંસનીઓની જેમ તરવું અને રોજ સંધ્યાના આછાં અંધારામાં વનમાર્ગેથી વનદેવીઓની પેઠે પાછા ફરવું–આ બધાં એમનાં કામ હતાં.

એક દિવસ દક્ષિણના પવનથી જોતજોતામાં કુસુમવનમાં પ્રિય એવી માધવીલતાનાં સઘળાં અંગો ફૂલોથી ખીલી ઊઠ્યાં. 'આજ સખીનો વર આવશે' એ વિચારથી હરિણીના જેવી ચંચળ અનસૂયા ને પ્રિયંવદા વધારે ચંચળ થઈ ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

– સ્વાધ્યાય –

૧. કણ્વ ઋષિના આશ્રમામાં શકુન્તલા કેવી રીતે આવી તે કથા તમારા શબ્દોમાં કહો.

૨. કણ્વના આશ્રમમાં ભણતા ઋષિકુમારોનો પ્રાતર્વિધિ વિગતે લખો.

૩. જે તપોવનમાં કણ્વનો આશ્રમ હતો તેનું વર્ણન કરો.

૪. શકુન્તલાની સખીઓ કોણ હતી? તેઓ કયાં કયાં કામ કરતાં?

૫. "અઘોર એવું વન હતું."થી શરૂ શરી "ચોમાસામાં મયૂરો નાચ કરતા" સુધીના વર્ણનનો અભ્યાસ કરો, અને એમાં કઈ કઈ વિગતો આવે છે તે જણાવો. એ ભાગ તમારી સુલેખન પોથીમાં ઉતારો.

૬. 'કન્યા તો અંધારઘરનું માણેક' અને 'દીકરી તો ઘરનો દીવો' આ બે વાકયોમાં તમને કંઈ સામ્ય લાગે છે? બન્નેનો અર્થ સમજાવો.

૭. પૂર્વાપર સંબંધ આપી સમજાવો :

(ક) માબાપે તને પારકી કરી; પણ પારકાં હતાં તે તેનાં થયાં.

(ખ) એક દિવસ દક્ષિણના પવનથી જોતજોતામાં કુસુમવનમાં પ્રિય એવી માધવીલતાનાં અંગો ફૂલોથી ખીલી ઊઠ્યાં.

૮. શકુન્તલાની કથા તમે જાણો છો? ન જાણતા હો તો તમારા શિક્ષક પાસેથી શીખી તમારા શબ્દોમાં તેનો સારાંશ આપો.

૯. શાકુન્તલ નાટકના લેખક વિશે તમે જે જાણતા હો તે લખો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩
મીઠી માથે ભાત

[ગરીબ લોકોનાં જીવન કેટલાં જોખમમાં હોય છે એનો પૂરોપૂરો ખ્યાલ બહુ ઓછાને હોય છે. શ્રી વિઠ્ઠલરાય યજ્ઞેશ્વર આવસત્થીએ આ કવિતામાં ગરીબોનાં જીવનનો આબેહૂબ કરુણ ચિતાર આપ્યો છે. કથા ઘણી સારી છે. બાપને ભાથું આપવા મીઠી નામની એક નાની ખેડૂતકન્યા જાય છે, અને રસ્તામાં વાઘ તેને ઉપાડી જાય છે. કથા ટૂંકમાં આટલી છે. પણ એ નાની કથા પાછળ કેટલી બધી કરુણતા ભરી છે! કવિ એ બહુ સાદી છતાં સચોટ રીતે આપણને વર્ણવી બતાવે છે. આ કવિતામાં ઘણા કાઠિયાવાડી શબ્દો આવે છે; એથી એનું વાતાવરણ પણ કાઠિયાવાડ તરફના કોઈ એક ગામડાની એ કથા હોય એવું લાગે છે. "બાપદીકરો" નામની બીજી એક કવિતા તમારી આ ચોપડીમાં છે તે સાથે આ કવિતા સરખાવીને વાંચતાં તમને ગરીબ લોકોના કરુણ જીવનનો જરૂર વધુ ખ્યાલ આવશે, અને તે ઉપરાંત લોકોના વહેમો સંબંધી પણ ઘણું જાણી શકશો.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

– દોહરા –

ડુંગર કેરી ખીણમાં ગાંભૂ નામે ગામ,
ખેતી કરતો ખંતથી પટેલ પાંચો નામ.
સીમ થકી છેટી હતી વાડી એક વિશાળ,
ભોંય બધી ભગરી અને રૂડી અધિક રસાળ.
નવાણ છે નવ કોસનું, ફરતાં જંગી ઝાડ,
રોપી તેમાં શેલડી, વાધ્યો રૂડો વાડ.
પટલાણીએ પુત્રનું મુખ દીઠું છે માંડ;
મીઠી ઉંમર આઠની બહેન લડાવે લાડ.
શિયાળો પૂરો થતાં પાકયો પૂરો વાડ;
વાધ શિયાળ વરુતણી રહેતી વગડે રાડ.
કેળ સમી સૌ શેલડી ઝૂકી રહી છે ઝુંડ,
રસ મીઠાની લાલચે ભાંગે વાડો ભુંડ.
ચીંચોડો બેસારવા, પાંચે કરી વિચાર.
બાવળનાં નથ બૂતડી તૂર્ત કર્યો તૈયાર.
સોંપ્યું સાથી સર્વને બાકી બીજું કામ,
સાધન ભેળું સૌ થવા તવા તાવડા ઠામ.
પટલાણી પેખી રહી પટેલ કેરી વાટ;
રોંઢાવેળા ગઈ વહી પડતું ટાઢું ભાત.

– ભુજંગી –

કહે મા, "મીઠી, લે હવે ભાત આપું,
કીકો લાવ મારી કને, જા તું બાપુ;
હજી ઘેર આતા નથી તુજ આવ્યા,
ભૂખ્યા એ હશે વાડ કામે થકાયા."
"ભલે લાવ બા જાઉં હું ભાત દેવા,
દીઠા છે કદી તેં ઊગ્યા મોલ કેવા?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીઠી કેળ શી શેલડી તો ખવાશે
દીઠી છે ટૂંકી વાટ જલ્દી જવાશે."
કહી એમ માથે લઈ ભાત ચાલી,
મૂકી માર્ગ ઘોરી ટૂંકી વાટ ઝાલી.

– દોહરા –

વહી જાય છે વેગમાં મીઠી ભરતી ફાળ
ગણે ન કાંટા કાંકરા દોડે જ્યમ મૃગબાળ.
ડુંગર ઝાડી ગીચમાં કોડે કૂદતી જાય;
સામો વાડ ઝઝૂમતો જોતાં તે હરખાય.
હમણાં વાડી આવશે, હમણાં આપું ભાત;
એમ અધિક ઉતાવળી દોડી મળવા તાત.
બખોલમાંથી બહાર ત્યાં વાઘ ઘસ્યો વિકરાળ;
થપાટ પાછળથી પડી બાળા થઈ બેહાલ.
ભાત ઓઢણી તો રહ્યું ઝરડામાં જકડાઈ;
મીઠી બાળા મોતના પંજામાં સપડાઈ.
વાઘ ઉપાડી ક્યાં ગયો? કુદરતમાં કકળાટ!
વૃક્ષ ઊભાં વીલાં બધાં! સૂની બની સૌ વાટ!
સાંજ વહી સૂનકારમાં ઓઢીને અન્ધાર;
રાત રડે છે રાનમાં આંસૂડે ચોધાર.
પહોંચી ઘર પાંચો કરે "મીઠી! મીઠી" સાદ;
"મારે તો મોડું થયું રોંઢો ન રહ્યો યાદ."
પટલાણી આવી કહેઃ "મેલી છે મેં ભાત,
મળી નથી તમને હજી રોકાણી ક્યાં રાત?"
"મળી નથી મીઠી મને મારગ ઘોરી વાટ;
કહાં ગોત કરવી હવે? ગઈ હશે પગવાટ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બની ગયાં એ બાવરાં બન્ને મા ને બાપ;
ગયાં તૂર્ત તે ગોતવા કરતાં કંઇ સન્તાપ.
નભથી ચાંદો નીરખી વિલાય ફિકકે મુખ;
ઝાંખા સર્વે ઝાડવાં, દારુણ જાણે દુઃખ.
"મીઠી! મીઠી!" પાડતાં બૂમ ઘણી માબાપ;
જવાબ પાછો ના મળે તેથી કરે વિલાપ.
પળતાં આગળ પગ મહીં અટવાયું કંઈ ઠામ;
તે તો ઘરની તાંસળી, ભાતતણું નહિ નામ.
ખાલી આ કોણે કરી? હશે સીમનાં શ્વાન;
મીઠી કાં મેલી ગઈ?– બોલે નહિ કંઈ રાન.
વળી પગે અટવાય છે ઝરડું, નીચે જોય;
મીઠી કેરી ઓઢણી– પોકે પોકે રોય.
હા! મીઠી, તું ક્યાં ગઈ? આ શું–ઝમે રુધિર!
ઉત્તર એનો ના મળે: બધૂંય વિશ્વ બધિર.
નિરાશ પાછાં એ વળ્યાં કરતાં અતિ કકળાટ;
"મીઠી મીઠી" નામથી રડતાં આખી વાટ.

* * *

વાડ ગયો વેચાઈને વીતી ગઈ છે વાત,
તો પણ દેખા દે કદી **મીઠી માથે ભાત**

– સ્વાધ્યાય –

૧. પાંચો પટેલ ક્યાં રહેતો હતો, અને તેની જમીન તથા ખેતીવાડી કેવાં હતાં તે જણાવો.

૨. મીઠીને ભાત લઇને તેના બાપા પાસે જવા મા કહે છે ત્યારે તેમની વચ્ચે જે વાર્તાલાપ થયો તે તમારા શબ્દોમાં આપો.

૩. મીઠી ભાત લઈ ને જતી હતી ત્યારે રસ્તામાં તેને શા શા વિચારો આવ્યા હશે તે સંબંધી આ કવિતા ઉપરથી અટકળ કરી ટૂંકમાં લખો.

સા. પા. ૧–૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. વાઘ ઉપાડી ક્યાં ગયો ? કુદરતમાં કકળાટ !
વૃક્ષ ઊભાં વીલાં બધાં ! સૂની બની સૌ વાટ !
સાંજ વહી સૂતકારમાં ઓઢીને અંધાર;
રાત રડે છે રાનમાં આંસુડે ચોધાર.

આ પંક્તિઓનો અર્થ સમજાવો.

૫. મીઠીને વાઘ ઉપાડી ગયો છે એ કેવી રીતે સમજાયું ?

૬. મીઠીને વાઘ ઉપાડી ગયો હતો છતાં કવિ કહે છે—

તો પણ દેખા દે કદી **મીઠી માથે ભાત.**

એ શી રીતે ? "બાપ-દીકરો" કવિતામાં આને મળતું કોઈ જગ્યાએ કંઈક આવે છે. તમે તે શોધી કાઢશો ?

૭. આ કવિતામાં જે શબ્દોથી કવિએ પ્રાસ મેળવ્યા છે તેમાંથી દસ જોડકાં કરો.

૮. ખેતીવાડીને લગતાં સાધનો અને ઓજારોની યાદી કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪

[બાલ્યાવસ્થા એટલે ધિંગામસ્તી, વિનોદ, અને પરાક્રમની અવસ્થા. ડૉ. હરિપ્રસાદ દેસાઈ એ એ અવસ્થાનું એક મઝાનું ચિત્ર પોતાના બાલ્યના સાચા બનાવોમાંથી આ પાઠમાં ઉતાર્યું છે. ડૉ. હરિપ્રસાદ દેસાઈ એક લોકસેવક અને સાહિત્યસેવક તરીકે ગુજરાતભરમાં જાણીતા છે. બાળકોને પણ સમજાય એવી સરળ ભાષામાં અને રમૂજી શૈલીમાં તે લખે છે. " મારા ગોઠિયા " તેનું એક સારું ઉદાહરણ છે. આ પાઠને કોઈ એક આત્મકથાના એક પ્રકરણ જેવો પણ લેખી શકાય.]

* * * *

આદિતરામ પોતાની બહેનને ત્યાં ઊછરી મોટો થયો હતો. નાનપણથી જ એનાં માબાપ મરી ગયેલાં. એનો ભાણેજ લગભગ એની જ ઉંમરનો હતો. પણ એ ભાણેજને અડાવી ઘરમાંથી જે કંઈ સારું ખાવાનું હોય તેના બે ભાગ તો સામટા જ ખાઈ જતો. બનેવી વઢતા આવે ત્યારે સામો થતો. બનેવી કહે કે: 'આદિતા! એને તું આમ મારે છે શું? એ બિચારો તારો ભાણેજ છે. તું મામો થઇને એને મારે છે? એ સમજે શું?' આદિતો કહે: 'હું ને એ બે ય સરખા છીએ. એ સમજે નહિ ત્યારે હું યે શું સમજું?' પણ આમ બહુ દહાડા ન ચાલ્યું. આદિતો અમારી સાથેના ઘરમાં ભાડે રહેવા આવ્યો.

એ પહેલો અમદાવાદ આવ્યો ત્યારે ઠાકોરજીની મૂર્તિ જોડે લઇને આવેલો. એની એ રોજ પૂજા કરે અને નૈવેદ્ય ધરાવે. પૂજા કરવાનો ઉદ્દેશ જ નૈવેદ્ય ખાવા મળે એ હતો! નૈવેદ્યમાં રોજ દળની લાડૂડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધરે ને એ એકલો જ આરોગી જાય. અમને કોઇને ભાગ્યે જ ચખાડી હશે.

દર રવિવારે એ ઠાકોરજીને દળની લાડૂડીને બદલે બે ચમચી દીવેલ ધરાવતો, અને બહાર કહેતો કે મારા લાલજી નાના છે અને સાત દહાડો લાગલાગટ દળ ખાધું છે તેથી એમના પેટમાં ભાર ન થાય એટલે હું એમને નિયમિત જુલાબ આપું જ છું. પણ એ દીવેલના નૈવેદ્યનો મહાપ્રસાદ પોતે આરોગતો નહિ; એ તો બારોબાર દીવાના કોડિયામાં જ પધરાવતો!

અમારી નિશાળમાં એ દાખલ તો થયો, પણ ગેરહાજર બહુ રહેતો. આખો દહાડો ભાઈશંકર લાયબ્રરીમાં બેસી રહેતો; ને કઇ નાટક કંપની ક્યાં છે એટલી ખબર છાપાંમાંથી રાખતો. એ સિવાય બીજું કંઈ જ વાંચવામાં એને રસ પડતો નહિ અને અમને મળે ત્યારે 'વાંકાનેર કંપની વડોદરે છે, ને મોરબી કંપની મુંબાઈ છે; ડાહ્યાભાઈ ઘોળશાના નવા ખેલ પવિત્ર લીલાવતીમાં 'આ શું આંસુ કે ચોમાસું આવ્યું આંખમાં!' એ ગાયન મુંબાઇમાં દસ વાર વન્સમોર થયું' એવીએવી તાજી ખબરો અમને આપતો; પરંતુ કલાસમાં શું લેસન ચાલે છે એ જાણવાની પણ એને દરકાર નહોતી!

ભાડાનાં ઘર બદલવામાં આદિતરામ જેવો કોઈ હોશિયાર નહિ. અઠવાડિયું થાય ન થાય ને ઘર બદલે! એની જોડે રહેનારા અમારા સહાધ્યાયીઓને ગરીબાઈના દુઃખમાં ટકાવી રાખનાર એકમાત્ર આધાર હોય તો એ બધાનો રમૂજી સ્વભાવ હતો. મહિને ફક્ત ત્રણ રૂપિયામાં એ લોક પૂરું કરતા એ વાત આજકાલના જુવાનો–જેઓ મહિને ત્રીસ-ચાળીસના ખર્ચથી પણ ધરાતા નથી એમના માન્યામાં યે નહિ આવે.

આદિતરામ ને એમની સાથે રહેનારા અમારા સમકાલીનો જમના-માશીની મેડીએ ભાડે રહેતા. જમનામાશીનું છાપરું ભાંગેલું; તેમાં વળીઓ તો છાપરામાંથી વાંક વળી મેડી તરફ દોડતી હોય એમ લાગે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી ભાડું પણ છ જણની વચ્ચે મહિને ફક્ત બાર આના! એટલે માથા દીઠ બબ્બે આના આવતા. જમનામાશીને આવાં ભાડૂતો ન મળે ને આદિતરામની ટોળીને જમનામાશી જેવાં માશી ન મળે. આ ઘર અમારી મિત્રમંડળીને ખૂબ ફાવ્યું. અઠવાડિયે અઠવાડિયે ઘર બદલનારી એ ટોળીને અહીં રહ્યે એક મહિનો થઈ ગયો પણ બદલવાનો તો વિચાર સરખો પણ આવ્યો નહિ.

એવામાં એક બનાવ બન્યો. આદિતરામની મંડળી દરરોજ જમનામાશીના છાપરામાંથી વળીઓના બેત્રણ દંડા કાઢે ને લાકડાંને ઠેકાણે બાળે. એક દિવસ સામા ઘરનાં મંછામાશી એ દેખી ગયાં ને એણે જમનામાશીને ચાડી ખાધી. જમનામાશી તો વિફર્યાં. નીચેથી છોકરાઓને નોટિસ આપી દીધી કે, 'રોયાઓ! મારું ઘર ખાલી કરો. મારી વળીઓ બાળવા મેં મારું ઘર નથી આપ્યું.'

આદિતરામે પણ માથું ફેરવી કહ્યું: 'લે આ હીંડ્યા; તારા ઘરમાં પૂળો મેલીને પોક મૂક્ય.' અને તરત આખી મંડળી પેટીઓ અને શેતરંજી માથે લઇને ચાલી નીકળી.

આ જોઈ જમનામાશી નરમ પડ્યાં. ગમે તેવાં તો યે માશી! 'મા મરજો પણ માશી ન મરશો!' તેને લાગ્યું હશે કે આવા ઘરમાં કોઈ કાગડો યે આવનાર નથી અને આટલું યે ભાડું હું ખોઈ બેસીશ. એટલે એમણે ગુલાંટ મારી: 'પાછા વળો, ભાઈ. જાવ, પાછા રહો. તમારાં ઘર ને તમારાં બાર.' છોકરા રોકાઈ ગયા. પાછા વધારે ખાતરી કરવા જમનામાશી ઉપર ગયાં. તે વખતે ચૂલામાં હોલવાઈ ગએલી વળીઓના છેડા તો પહેલા જ હતા. જમનામાશીએ એ જોયા પણ ખરા; તો ય જોયા ન જોયા કર્યા અને કહે: 'ભાઈ આદિતા! આમ આવ્ય, બેટા! જો મને તો પેલી મંછાએ ચડાવી. તમે તો સારા છો. કંઈ વળીઓ બાળો એવા નથી. નિરાંતે રહો.'

પણ હવે તો આદિતાનું ચક્કર ફર્યું. એ કહે: 'જા માશી, તું તો જુઠ્ઠી છે. અમે તો તારી વળીઓ બાળી છે. જો આ રહી, હવે અમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારા જુઠ્ઠીના ઘરમાં રહેવા માગતા નથી. આજ તો તું વળીઓની બાબતમાં ફરી ગઈને કાલ તો બીજી કોઈ વાતમાં જૂઠું બોલે. અમે તો આ ચાલ્યા.'

બસ, ફરી તરત બધી મંડળી નીકળી ચાલી. ટૂંકો માથે ને બિસ્તરા બરડે. મંડળી પોળેપોળે ફરે ને બૂમો પાડે: 'આ પોળમાં કોઈને ઘર ભાડે આપવાનું છે કે?'

ઘણી પોળો ફર્યા પછી જેઠાભાઈની પોળમાં એક ખડકીનું ઘર મળ્યું. એ ઘરનાં માલિક પણ એક ડોશીમા જ હતાં. માનો ન માનો પણ અમારી એ ટોળીને ડોશીઓ સાથે લેણાદેણી તો ઘણી જ.

એકબે દહાડા થયા, પણ નવાં કાશીમાશીને ભાડું મળ્યું નહિ ને આદિતરામના વાયદા પર રાહ જોઈ. પણ પછી ચોથે દહાડે કાશી-ડોશી વિફર્યાં: 'કાલે ભાડું મહિનાનું આપી દો; નહિ તો આ ચાર દહાડાનું ચૂકતે કરીને સિધાવો. માયો નવરી હશે તે ઘોડાઓને મારે ત્યાં છોડી મૂક્યા.'

આદિતાનો મિજાજ ગયો ને આ કાશીડોશીને પણ સીધી કરવાનો સંકલ્પ કરી એણે 'કાલે તમારું ભાડું લેતાં પરવારજો' એમ કહીને તે વખતે તો ડોશીને વિદાય કર્યાં.

અગિયારશ હતી. અજવાળી રાત હતી. ડોશી સમજી કે અગિ-યારશનાં જાગરણ થશે ને છોકરાઓ પર ચૉકી રહેશે. ચાર દહાડાનું ભાડું આપ્યા વગર રાતોરાત જતા ન રહે તે માટે એ બીજી પાડોશ-ણોને બોલાવી લાવી, ને ખડકીએ તાળું મારી બધાં ભજનો ગાવા મંડ્યાં:

'કોણ કહે છે ગાય નો'તી મારા વહાલા,
હું કહું છું ગાય હતી રે.'

... ...

શીજી સ્વામી શામળિયા કેમ બોલતા છો નહિ?
બોલતા છો નહિ તો ચાલ્યું
પણ આ તો સામું જોતા છો નહિ. શીજી સ્વામી૦'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આખા લીમડામાં એક ડાળ મીઠી રે રણછોડ રંગીલા.'

ઇત્યાદિ ઘણાં ભજનો ગાયાં. આદિતરામની ટોળીએ સામો નાટકોનાં ગાયનોની ચોપડીઓનો ગુટકો કાઢ્યો અને ડોશીઓની સ્પર્ધામાં એમણે પણ ગીતો લલકાર્યાં :

'ભેખ રે ઉતારો રાજા ભરથરી.'

આમ ડોશીઓ ગાતી થાકી નહિ તેમ આ ટોળી પણ નવાંનવાં ગાયનોની ઝૂક બોલાવતી રહી. 'ઇંદરસભા'થી માંડી 'વીણાવેલી' સુધીનાં બધાં ગાયનોની ચોપડીઓ એમની પાસે હતી, ને તે ઉપરાંત કેટલાં યે ગાયનો મોઢે હતાં તે તો જુદાં! ડોશીઓના રાગ ભેંસાસૂર જેવા હતા તો અમારી ટોળીના સામા ગર્દભસેન જેવા હતા. પાડોશીઓની ઊંઘનું શું થયું હશે તે તો ખબર નથી, પણ ડોશીઓ તો આખરે થાકીને સૂઈ ગઈ.

સૂવાનું બીજું કારણ પણ હતું. વારંવાર અમારામાંનો એકાદો ઊઠે ને ડોશીમાએ ખડકીએ તાળું મારેલું તે ઊઘડાવે: 'મારે જરા દૂધ લેવા જવું છે;' 'મારે જરા તેલ લેવા જવું છે;' 'શાક રહી ગયું;' 'લોટ લઈ આવું.' એમ કહીકહીને કેટલી યે વાર ગયા ને જતાંઆવતાં તાળાં ઊઘડાવ્યાં એથી એ ડોશીઓના ટાંટિયા રહી ગયા હતા.

આખરે સાડાઅગિયાર થયા. અમે જીત્યા. ડોશીઓ થાકીને સૂઈ ગઈ. આદિતરામની અક્કલ હવે ખીલી. અજ્ઞાનીઓની રાત તે જ જ્ઞાનીઓનો દિવસ છે. બધાને ભૂખ કકડીને લાગી હતી, પણ વળીઓ બાળીને રસોઈ પકાવનારી ટોળીને લાકડાં લાવવાની તો આદત જ નહોતી, અને લાકડાં વગર રસોઇ થાય પણ કેમ? ને રાત્રે સાડાઅગિયારે લાંકડાં લેવા પણ ક્યાં જવું?

અમારી ટોળીમાં બીજો નંબર મોહન રાજાનો હતો. એણે હાટિયાંનાં બારણાં, કઠેરાના દંડા એમ ચીજો એકઠી કરી, ને બાકીના બીજા લોટની બાટીઓ કરવા બેઠા. બાટીઓના ગોળા વાળીને પેલાં ભડભડ બળતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બારણાં વગેરેમાં નાખે. થોડો ગોળ, થોડું ઘી વગેરે કાઢ્યું, બાટીઓ ભાંગીને અંદર ગોળ, ઘી નાખ્યાં ને બધા ખાવા બેઠા. 'અહીં પણ ઈશ્વરકૃપાએ લાકડાં તો મફત જ મળી ગયાં. હરિ સરખો દાતાર છે! પણ કાલે ઠોશી ઘર જુએ ત્યારે શી વલે? ઊઠો, અલ્યા હમણાં જ ઊઠો, અત્યારે જ ઘર બદલી નાખીએ!' રાજા કહેવા લાગ્યો. બધાને પેલાં જમનામાશીનો વિયોગ સાલતો હતો; પણ આ કાશીમાશી કેમ જાણે કે 'ઘોડા' કેવા હતા!

આદિતો કહે: 'બારણાં બંધ કરો ને સાંકળો મારો. ઘરમાં જૂની ગોદડીઓના ડૂચા માળી પર પડ્યા હતા તે કાઢ્યા ને ખાળે ડૂચા મારી નળની ચકલીઓ છોડી મૂકી. પછી સૌ પાછલી બારીએથી એક ડહેલામાં ઊતર્યા. ડહેલું બળેલું હતું એટલે એનો એક મોભ બરાબર પાછલી બારીએથી પૂલ જેવો થઇને પડ્યો હતો. એ પૂલ પરથી માથે ટૂંકો ને ખભે બિસ્તરા લઇને બધા ચુપકિદીથી ઊતર્યા ને જમનામાશીના ઘર તરફ ચાલવા મંડ્યા.

રસ્તે પોલીસોએ એકબે ઠેકાણે રોક્યા. એમને સ્કૂલની ઓળખાણ આપી. રાત અજવાળી હતી. રસ્તામાં માણભટ્ટની કથાઓમાંથી લોકો હમણાં જ છૂટ્યા હતા એમાં ભળી ગયા ને જમનામાશીની સાંકળ ઠોકી.

ઉડાઉ છોકરો ઘેર આવ્યાથી બાઇબિલની પેલી કથામાંના ડોસાને જેટલો આનંદ થયો હતો એટલો આનંદ જમનામાશીને થયો; અને અમને અમારા જૂના રાજાના મહેલમાં રહેતાં જે સુખશાંતિ મળ્યાં તેનું વર્ણન તો અહીં થાય તેમ નથી.

પણ હવે અમને જેઠાભાઈની પોળવાળાં કાશીમાશીની ખબર કાઢવાનું મન થયું. જિજ્ઞાસા થઈ કે પછી એ ઘરનું શું થયું હશે? ખાળો ઊભરાઈ ગઈ હશે? માશી જીવતાં હશે કે તણાઈ ગયાં હશે?

પાછા ટોળે વળીને એ જ ખડકીમાં પેઠા. અને 'અલ્યા ભાઈ, અહીં કોઇને ઘર ભાડે આપવાનું છે?' એમ બૂમો પાડવા માંડી, ત્યાં તો કાશી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડોશી બહાર નીકળી; 'અલી અમથી, અલી ચંચળ, અલી નાથી, આમ આવો. પેલા રોયાઓ આવ્યા છે.'

અમારો સરદાર હવે ઓટલે ચડી ગયો. બે જમણી બાજુએ ઊભા, બે ડાબી બાજુએ. ભાઈશ્રી આદિતરામને શારીરિક ઇજા ન થાય એમ એની શરીરરક્ષાનો પ્રબંધ કરી અમે ઊભા. મુખ્ય યુદ્ધ એ જ કરતા. પ્રહાર વાણીના હતા.

ડોશી બોલી: 'ઠીક આવ્યા છો; રણછોડરાયે જ તમને અહીં મોકલ્યા. લાવો મારું ભાડું, ને મારું ઘર પડત તેની નુકસાની લાવો. ઘરમાં વાણું વાતાં તો ઢીંચણ સમાં પાણી થઈ ગયાં. બારણાં ઊતરાવ્યાં ત્યારે ખબર પડી કે ચોરો નાઠા છે.'

કાશીડોશી ગાળો ભાંડતી જાય. બીજાં એમનો સાથ પૂરાવે. આ તરફ આદિતો એકલો બધાને પૂરો પડે. એટલામાં અમારી કલાસના ત્રિકમ ટાયગરનો નોકર ડોશી તરફથી ઉપરાણું લઇને અમને ગાળો ભાંડવા લાગ્યો. આદિતાને હવે બરાબરીઓ મળ્યો લાગ્યો. અત્યાર સુધી તો ગમે તેવી તો યે સ્ત્રીઓ! એમની જોડે લડવાની મજા જ નો'તી આવતી. પેલા નોકરને છેલ્લા બોલો આદિતરામે નીચે પ્રમાણે સંભાળાવ્યા: 'સાંભળ્ય, અલ્યા બેવકૂફ, સાંભળ્ય. ઘરનાં અભિમાન ન રાખીએ. આ પૃથ્વી વિશાળ છે. એમાં ત્રણ ભાગનું પાણી છે ને તેમાં ય જમીન તો એક જ ભાગની છે. પણ છતાં યે આ તારી જેઠાભાઈની ખડકી કરતાં તો ઘણી મોટી છે. પૃથ્વીના એશિયા, આફ્રિકા, યુરોપ, અમેરિકા અને ઑસ્ટ્રેલિયા એવા ખંડો છે, એ ખંડોમાં એકલા એશિયાનો શો હિસાબ? વળી એ એશિયા ખંડ પણ કેવો? બલુચિસ્તાન, અફઘાનિસ્તાન, એશિયાઈ તુર્કસ્તાન, તાર્તરી ઈરાન, અરબસ્તાન, ચીન, જાપાન, ટિબેટ અને હિંદુસ્તાન એ એના ભાગો છે. બોલ! એમાં હિંદુસ્તાનનો શો હિસાબ? વળી સાંભળ્ય! હિંદુસ્તાન તેમ છતાં ઘણો મોટો છે. આ તારું ઘર ને ખડકી એ તો રાઇના દાણા જેવાં. એનો કંઈ હિસાબે નહિ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજ્ય, અલ્યા કંઈ સમજ્ય! ચલ્યું ચલ્યું શું બોલે છે? જો હિંદુસ્તાનમાં પાછા ઈલાકા છે. મુંબઈ ઈલાકો, મદ્રાસ ઇલાકો, મ્હૈસૂર અને કુર્ગનાં સંસ્થાનો; વરાડ સહિત હૈદ્રાબાદ, પંજાબ, મધ્યહિંદ અને એજન્સી; રજપૂતાના, બંગાળ, બિહાર અને ઓરીસા તથા છોટાનાગપુર. એમાં તારા મુંબાઈ ઈલાકાનો શો હિસાબ?

અને છતાં મુંબાઈ ઈલાકો કેવો? અમદાવાદ જિલ્લો, ભરૂચ જિલ્લો, ખેડા જિલ્લો, સૂરત જિલ્લો ને પંચમહાલ: એમાં વળી તાલુકા: એમાંના એક દસ્ક્રોઈ તાલુકાનું મુખ્ય શહેર એ અમદાવાદ. એમાં બે લાખની વસતિ. શાહપુર, દરિયાપુર, જમાલપુર, કાળુપુર એ પરાં અને ખાડિયા. સાંભળ્ય, એ ખાડિયામાં અનેક પોળો ને એ પોળોમાં એક જેઠાભાઈની પોળડી અને એમાં એક આ તારી ખડકી. એમાં ય આટલાં બધાં ઘરો. એમાંનું એક ઘર તે જાણ્ય તારું. છતાં શું? આવી અગાધ વિસ્તારવાળી પૃથ્વીમાં તું કોણ ને કેવડો એ તો જો? તેમાં વળી તારા આખા શરીરમાં અનેક અવયવો. તેમાં આ તારું મોં અને નાક એ રાઈના લાખમા ભાગનાં યે નથી!'

પણ નાક ને રાઈના લાખમા ભાગની વાત આવતાં તો નોકર આદિતરામ પર ધસી આવ્યો. ડોશીઓએ તો ગાળોના વરસાદ વરસાવી નાખ્યા. આખરે અમે વચમાં પડ્યા, પેલો અમારો મિત્ર ત્રિકમ ટાયગર (વાઘ) વચમાં પડ્યો, જામીન થયો અને અમે બધાંએ છેલ્લી સલામ કરીને જેઠાભાઈની પોળની વિદાય લીધી.

– સ્વાધ્યાય –

૧. આ વાતમાં આવતાં મુખ્ય પાત્રોની ઓળખાણ આપો.

૨. આદિતરામ જેવા કોઈ વિદ્યાર્થી તમારી શાળામાં છે? અથવા તો એવા કોઈ વિદ્યાર્થી વિષે તમે કંઈ સાંભળ્યું છે? તો તેનાં એક બે 'પરાક્રમો' વર્ણવો.

૩. આદિતરામનાં 'પરાક્રમો'માં તમને સૌથી વધુ રમૂજી કયું લાગ્યું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. આદિત્યરામનું ભૌગોલિક જ્ઞાન તમને કેવું લાગ્યું? ત્રિકમ ટાયગરના નોકરને આદિત્યરામે જે "બોધ" કર્યો તેનો સારાંશ આપો.

૫. 'ઉડાઉ દીકરાનું પુનરાગમન'વાળી બાયબલમાંની કથા તમે સાંભળી છે? જો ન સાંભળી હોય તો તમારા શિક્ષક પાસેથી સાંભળી, તમારા શબ્દોમાં લખો, અને આ પાઠમાં તેનો ઉલ્લેખ આવે છે તે બરોબર છે કે નહિ તે જણાવો.

૬. આદિત્યરામના જેવાં તોફાન તમને ઠીક લાગે છે? જો તમને એવાં તોફાન ગમતાં હોય તો તમારા ઉપર કોઈ આદિત્યરામ એવો પ્રયોગ કરી તમને હેરાન હેરાન કરી મૂકે તો તમને શું થાય? જો આ જાતનાં તોફાન તમને ગમતાં ન હોય તો બીજાં કઈ જાતમાં ગમે?

૭. 'ચક્કર ફર્યું,' 'સ્પર્ધા' અને 'ભેંસાસૂર' શબ્દો વાપરી વાક્યો બનાવો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫

[સૌરાષ્ટ્રની રસધાર, રઢિયાળી રાત, કિલ્લોલ, વેણીનાં ફૂલ આદિ લગભગ પચાસ પુસ્તકોના લેખક તરીકે જાણીતા થયેલ શ્રી ઝવેરચંદ મેઘાણીની આ એક સુન્દર કવિતા છે. 'યુગવન્દના' નામના તેમના કાવ્ય-સંગ્રહનું એ પહેલું જ કાવ્ય છે. કોઈક સુન્દર પ્રભાતે કોઈ ગુલાબની કે કમળની પાંદડી પર ઠરેલું ઝાકળનું બિંદુ નિઃશ્વાસ નાખે છે કે: "હાય! હું કેવું કમનસીબ છું. ત્યાં પેલા સૂરજરાણા ઊગે છે તે તો બ્રહ્માંડને ભરનારા, અને હું તો અણુ જેવું નાનું! તેમને મારે હૈયે હું શી રીતે પધરાવું!" સૂરજરાણાએ ઝાકળબિન્દુનું આ રુદન સાંભળ્યું. હસતા હસતા તે બોલ્યા: "ચિન્તા મા કર, રે ઓ નાજુક ઝાકળબિંદુ! હું મોટો છું તેથી શું? આ જો, કેવો તારા અંતરમાં હું સમાઈ શકું છું! ને જો ઈન્દ્રધનુની રમતો ય હવે તો હું તારી સાથે ખેલીશ!" એમ બોલી એ નાના ઝાકળબિન્દુમાં તરત જ સૂરજદેવ ઝળહળી ઊઠ્યા, અને ઝાકળબિન્દુનું મુખ ઊજળું બની ગયું. શ્રી મેઘાણીએ આ બધું કેવી સુન્દર રીતે ગાયું છે એ તમે કવિતા વાચતાં સહેજે જોઈ શકશો.]

* * *

ઝાકળનાં પાણીનું બિન્દુ
એકલવાયું બેઠું'તું;
એકલવાયું બેઠું'તું ને
સૂરજ સામે જોતું'તું;
સૂરજ સામે જોતું'તું ને
ઝીણું ઝીણું રોતું'તું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂરજ ભૈયા! સૂરજ ભૈયા!
હું છું ઝીણું જળબિન્દુ—
મુજ હૈયે તમને પધરાવું
શી રીતે, હે જગબંધુ!

તમે દૂર વાદળમાં વસતા,
સાત અશ્વને કરમાં કસતા,
બ્રહ્માંડોની રજ રજ રસતા,
ધૂમો છો, બંધુ!
તમ વ્હોણું મુજ જીવન સઘળું
અશ્રુમય, હે જગબંધુ!

જળબિન્દુ રે જળબિન્દુ!
ઓ નાજુક ઝાકળબિન્દુ!
સૂરજ બોલે, સુણ બંધુ!

હું તો ત્રિલોકમાં ફરનારો,
કોટિ કિરણો પાથરનારો,
ગગને રમનારો:
તેમ છતાં હું તારો તારો,
હે ઝાકળબિન્દુ!

તો ય મને તું વહાલું વહાલું
બાળાભોળા, જળબિન્દુ!
તુજ હૈયે હું પોઢી જાણું,
હે ઝાકળબિન્દુ!

તુજ સરિખો નાનકડો થૈને,
તુજ અંતરમાં આસન લૈને,
ઈન્દ્રધનુની રમતો રમવા
આવીશ, હે બિન્દુ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુજ જીવનમાં પ્રકાશ લાવું
તુજ અશ્રુને હાસ્ય બનાવું,
હે નાજુક બિંદુ!

હસતે મુખડે સૂરજરાણા
જળબિન્દુમાં જઈ સમાણા:
રુદનભર્યાં જીવનનાં ગાણાં
ગાઈ રહ્યું ઝાકળબિન્દુ.

– સ્વાધ્યાય –

૧. ઝાકળબિન્દુ સૂરજ સામે જોઈ શા માટે ઝીણું ઝીણું રોતું'તું ?

૨. ઝાકળબિન્દુ અને સૂરજ વચ્ચેના સંવાદ રૂપે આ કાવ્યની આખી કથા તમારા શબ્દોમાં લખો.

૩. સૂર્ય ઝાકળમાં કેવી રીતે સમાઈ ગયો ?

૪. તુજ જીવનમાં પ્રકાશ લાવું
તુજ અશ્રુને હાસ્ય બનાવું,
હે નાજુક બિન્દુ !

એ પંક્તિઓનો અર્થ સમજાવો. 'લાવું' શબ્દ અહીં કયા અર્થમાં વપરાયો છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬

[શ્રી આપાસાહેબ પટવર્ધન]

પહેલાં આર્ય લોકો કોઈ કહે છે કે મધ્ય એશિયાના તો કોઈ કહે છે કે આર્ટિક મહાસાગરની પાસેના પ્રદેશના રહેવાસીઓ હતા. ત્યાંથી વિખરાઇને હવે આખું જગત વ્યાપી રહ્યા છે. અંગ્રેજ લોકોની વસાહતો આખાં જગતમાં ફેલાઈ છે, અને હિન્દી લોકોમાં સાહસ ઓછું છતાં તેઓએ પણ ભૂખમરાને લીધે ફીજી–આફ્રિકા જેવા દૂર દૂરના પ્રદેશોમાં પોતાનાં બચ્ચાંને મોકલ્યાં છે. એવું ભૂખમરાનું ધૈર્ય પશુઓમાં પણ કેટલીક વાર દેખાય છે. કહે છે કે બસો વરસ પહેલાં ભૂરા રંગના ઊંદરડાનું એક મોટું ટોળું હિન્દુસ્તાન છોડીને ઈરાનમાં થઇને યુરોપમાં ગયું અને તેણે આખું યુરોપ કબજે કર્યું. આ સૈન્ય આગળ યુરોપના કાળા ઊંદરડા ભાગી ગયા અને ત્યારથી હિન્દી ઊંદરડા ત્યાં અબાધિત રાજ્ય ચલાવે છે. થોડાંક વરસો ઉપર ખિસકોલીનું પણ એક ટોળું યુરલ પર્વતમાંથી રશિયા પર ફ્રૂચ કરી ગયું હતું એમ કહે છે.

કેટલાંક પશુપક્ષીઓ તો થોડાક વખત સુધી જ પરદેશ જઈ વસે છે. ઇંગ્લંડનાં ઘણાંખરાં પક્ષીઓ શિયાળાની ટાઢના ડરથી ફ્રાન્સ, આફ્રિકા સુધી ઊડી જાય છે, પણ અંગ્રેજ લોકોની માફક તેઓ સ્વદેશપ્રેમી હોવાથી ફરી વસંત ઋતુમાં પાછાં ઇંગ્લંડ આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ થઈ માણસો અને જાનવરોની વાત. છોડો પણ વસાહતો વડે પોતાનો વંશવિસ્તાર કરવામાં જે સાહસ બતાવે છે તે આશ્ચર્ય અને કૌતુક ઉપજાવે એવું છે. એને નથી ભૂગોળનું જ્ઞાન, નથી ભાષાનું ભાન, નથી એની પાસે ઘોડાગાડી, નથી તે પોતે હાલીચાલી શકતાં, છતાં ય પોતે નહિ તો પોતાનાં બચ્ચાંને જુદી જુદી પદ્ધતિથી તેઓ દૂર દૂરના અને અજાણ્યા પ્રદેશોમાં મોકલી દે છે. પછી ત્યાં તેમની શું હાલત થશે, ત્યાંનાં હવાપાણી તેમને માફક આવશે કે નહિ કે ત્યાં ક્રૂર પ્રાણીઓ એમને કરડી ખાશે તો શું થશે વગેરે બાબતો વિષે એ નકામી ચિંતા નથી કરતાં. પોતાનાં બચ્ચાં સ્વાવલંબી જ હોય એટલી એમના મનની ખાતરી હોય છે. ગમે ત્યાં એને મૂકો તો પણ જમીન કે હવા પર પણ તે પોતાનું ગુજરાન ચલાવી શકે એટલી માતૃવૃક્ષની ખાતરી હોય છે. પછી તે વધારે નથી કરતી, માત્ર પોતાનાં બચ્ચાને ચારે બાજુથી એક જોરદાર કવચ પહેરાવે છે, એ કવચની અંદર જ જ્યારે એને પોતાનો સંસાર શરૂ કરવાનું ઘટે ત્યારે પહેલા બે ચાર દહાડા પૂરી પડે એટલી જ અન્નસામગ્રી રાખે છે એટલે એની ફરજ પૂરી થઈ. પછી 'એ બચ્ચું અને એનું નસીબ' એમ કહીને કોઈકિ આવનારજનારની સાથે એને મોકલી દે છે.

આવનારજનાર શું કામ એનાં બચ્ચાંને ઉપાડી જવાની તકલીફ લે? એની પાસેથી આટલું કામ કરાવવામાં જ તો માતૃવૃક્ષનું અસાધારણ ચાતુર્ય રહ્યું છે.

જુઓ પેલો કાકાસાહેબના બારણા આગળ ખજૂરીનો છોડ! એની મા ક્યાં હશે? એને મા યાદ આવતી હશે? કાકી આવતાં ન હતાં ત્યારે બાળ તો એમને ઘણીવાર સંભારતો અને લગભગ રોવા પણ લાગતો. પણ એ ખજૂરીનું બચ્ચું એવું પોચું નથી. એની માનો અને એનો વિયોગ જન્મને વખતે થયો અને ફરીથી એની મા એને દેખાશે પણ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો પણ એની મા છે ક્યાં ? તે તો છે દૂર સિંધમાં કે બલુચિસ્તાનમાં. ત્યારે પોતાની સિંધી કે બલુચી માતાની ગોદ છોડીને અહીં સુધી એ બચ્ચું કેવી રીતે આવ્યું ? એની મુસાફરીની વાત તો ઘણી અદ્ભુત છે.

નાનપણમાં એ બચ્ચું કોઈની મદદ વગર માટી, પાણી, હવા પર જીવી શકે છે. સૂરજનો તાપ મળે તો એને કપડાંની પણ જરૂર નથી પડતી. છતાં ય એ પોતાના કવચમાંથી બહાર માથું કાઢે છે ત્યારે જમીનમાં એનાં મૂળ જાય અને હવામાં એનાં લીલાં પાંદડાં જાય ત્યાં સુધી–એટલે બે ચાર દહાડા–એ બહારથી ખોરાક નથી લઈ શકતું માટે એની મા કવચની અંદર જ ચારપાંચ દહાડા પૂરું પડે એટલું ભાતું દીર્ઘદૃષ્ટિથી રાખી મૂકે છે. આમ ભાતું આપ્યું, પોશાક ચઢાવ્યો, પણ એને લઈ કોણ જાય એ ચિંતા માતાને પડી.

આટલામાં એને એક વિચાર સૂઝયો અને પોતાના બચ્ચાની ચારે બાજુ મીઠો મગજ ગોઠવ્યો; એના મનમાં એમ કે આ મીઠા મગજની લાલચથી કોઈ પ્રાણી આપણા બચ્ચાને ઉપાડી જશે. પણ મગજ ખુલ્લો હોવાથી કોઈ મોટું પ્રાણી આવીને આખું ઉપાડી જાય ત્યાર પહેલાં જ નાની નાની કીડીઓ અને માખીઓ આવીને બહારનો મગજ ત્યાંનો ત્યાં જ ખાવા લાગી; બચ્ચું ત્યાંને ત્યાં જ રહ્યું, મગજ મફતનો ગયો અને વળી હજારો કીડી માખીઓનો ત્રાસ! એનો બંદોબસ્ત કેવી રીતે કરવો ? માણસ પ્રયત્ન કરે તો સફળ થયા વગર રહે નહિ. અને છોડ પણ કરે તો શું સફળ ન થાય ? જરૂર થાય. ખજૂરીએ લૂગડું વીંટાળી બીજો ઉપાય યોજ્યો. મગજની ચારે બાજુ એક પાતળું લૂગડું વીંટાળી દીધું, જેથી નાનાં જન્તુઓ એ ન ખાઈ શકે. માત્ર જે આખી ગાંઠડી ઉપાડી શકે એવાં સામર્થ્યવાન પ્રાણીઓ હોય તે જ ઉપાડીને લઈ જાય.

એ કલ્પના સૂઝયા પછી ખજૂરીએ એવાં ઘણાં બચ્ચાં (બિયાં, બીજ) મગજમાં મઢીને અને લૂગડામાં વીંટાળીને દરેક આવનાર-જનારને દેખાય એવી રીતે ઊંચાં ધરી રાખ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક જ ખજૂરીનાં બચ્ચાં, પણ એનાં જીવનચરિત્રો કેટલાં જુદાં! કેટલાંકને ખિસકોલીઓ ખાવા આવી. અર્ધુંએક ખાધું એટલામાં છોડથી તૂટીને નીચે પડ્યાં. તેઓ આ ચોમાસામાં ત્યાં ને ત્યાં જ ઊગ્યાં છે, છતાં ય ત્યાં તો આ નાના છોડોની એટલી ભીડ થઈ છે કે ભૂખમરાથી થોડાક વખતમાં તેઓ મરી જશે. થોડાંએકને માલિકે પૂરાં પાકવા દઈને ઉતાર્યાં અને સાચવીને રાખી મૂક્યાં. ચોમાસું બેઠું ત્યારે સારી સડેલી માટીમાં એને મૂકી દીધાં. વરસાદ ન હોય ત્યારે પાણી પાય છે, તેથી તેઓ તો ઘણા જોશથી વધ્યાં છે. બાકીનાં બિયાંને બીજા અનેક છોડનાં બિયાં સાથે બજારમાં મોકલવામાં આવ્યાં. ત્યાંથી પેલા વસંતે તે ખરીદ્યાં અને અહીં આવતી વખતે બાળ માટે લઈ આવ્યો. બાળે તરત જ એમાંથી બે ચારનો ઘાણ કાઢ્યો અને નકામાં બિયાં આમતેમ નાખી દીધાં તે એના રસોડાના બારણા આગળ ઊગ્યાં છે. ખજૂરી માતાનું કામ તો હવે થયું. હવે એ બાળકો ન ઊછરે તો તે એમનું નસીબ.

ભલી ખજૂરી ડોશીનું કથાનક સમાપ્ત થયું. ખજૂરી, કેરી કે સંતરાં જેવા કેટલાક છોડો પોતાનાં બિયાંને લઈ જનારને મીઠું મગજ ખવડાવે છે, તો લીંબુ ખટાશની બક્ષિસ આપે છે, અને કીડીઓ કરડે નહિ માટે પોતાની છાલમાં એક જાતનું ઉગ્ર તેલ રાખે છે, જેનો કીડીઓને ડર લાગે છે. દ્રાક્ષ જેવો ભલો છોડ તો બીજો ભાગ્યે જ હશે. છતાં તે પણ કીડીઓને દૂર રાખવા માટે પોતાનાં બિયાં પર વીંટાળેલા લૂગડાને એક નઠારી ભસ્મ ચોપડી રાખે છે. ફણસ તો બહાર એક કાંટાની વાડ જ બાંધી રાખે છે!

અમારા કોંકણમાં શેવરી કરીને એક છોડ થાય છે. તેનાં ફળો આપણાં મોટાં બોર જેવાં હોય છે. અંદર બી કઠણ કવચ પહેરીને બેસે છે. આ ફળો ઢોરોને ઘણાં ભાવે છે. તેઓ તે આખાં ને આખાં ખાઈ જાય છે. આપણે બોરનું બી કાઢી નાખીએ છીએ તેમ ઢોર કાઢી નથી નાખતાં. પછી કેટલાંક વાગોળતી વખતે નીકળી જાય, અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાંક પેટમાં રહે અને તમનાં તેમ છાણમાં નીકળી પડે. પક્ષીઓ અને જાનવરો પણ એવી રીતે કેટલાંક બિયાં ખાઈ જાય છે અને ચરક સાથે કાઢી નાખે છે. એથી તો તે બિયાં સહેલાઈથી ઊગી શકે છે. પશુપક્ષીઓનાં પેટમાં એના ઉપર જે ક્રિયા થાય છે તે બિયાંના વિકાસને અનુકૂળ હોય છે.

કપાસિયા સહેજ જુદા સ્વભાવના હોય છે. તે કોઈની મદદની અપેક્ષા જ રાખતા નથી. રૂની મદદ વડે એ પોતે જ પવનમાં ઊડી શકે છે. ગલગોટાનાં બિયાં પણ માથા પરનાં છોતરાંની સહાયથી થોડુંક ઊડી શકે છે.

પણ બધા જ છોડો કેરી જેવા મીઠા સ્વભાવના કે કપાસ જેવા સ્વાવલંબી હોતા નથી. કેટલાક તો માણસો કે જાનવરો પાસે કામ કરતાં છતાં એને સતાવે પણ ખરા. કેટલીક જાતનાં ઘાસનાં બીને લાંબો અણિયાળો છેડો હોય છે. એ બિયાં આવનારજનાર માણસની કે જાનવરની રાહ જોતાં બેસે છે અને કોઈ આવે કે તરત જ એના લૂગડામાં ઘૂસી જાય છે. બહાર આવ્યા પછી તે માણસ ગુસ્સે થઈને એમને ફેંકી દે તો તેથી એમનું શું ગયું? તે પણ ક્યાં ધોતિયાને વળગી રહેવા માગતાં હતાં?

એ છોડો તો પક્કા જ કહેવાય. કેરી અને ખજૂરીના છોડ તો ભલા અને ડાહ્યા પણ હોય છે. એ પોતાનું કામ કરાવી લે છે, પણ એનો બદલો પણ ઉદારતાથી આપે છે. છતાં એ આટલું પણ જાણે છે કે જો તેઓ પોતાનો વંશવિસ્તાર ચાહતાં હોય તો એમનાં બિયાં કડવાં કે બીજી રીતે ખવાય નહિ એવાં હોવાં જોઇએ. આ બાબતમાં પૂરેપૂરાં ભોળાં તો બદામ કે નાળિયેર! એના પોશાક આગળ તો લોકો જોતા જ નથી; માત્ર અંદરનાં બચ્ચાં જ ખાઈ જાય છે. જરદાલુની સ્થિતિ તો સૌથી દયામણી કહેવાય. માણસ એનું મીઠું ઢાંકણ પણ લે અને વળી અંદરનું બી પણ ફોડી ખાય!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ છોડો જ માત્ર એવી રીતે ભોળા હોય છે એવું નથી. કેટલાંક પ્રાણીઓ છોડોનું કામ વગર ભૂલે કરે છે. દાખલા તરીકે કાગડાને જો એની હાજત કરતાં વધારે અનાજ મળે તો તે માટીમાં દાટી રાખે છે. પાછળથી કોઈ વાર એ અનાજ ખાઈશું એમ એ મનમાં ધારે છે. પણ એવું કંઈ હંમેશ બને? કોઈ વાર તે દાટી દીધેલી જગ્યા ભૂલી જાય છે અને કોઈ વાર તેના કરતાં વધારે સારું ખાવાનું મળવાથી દાટી દીધેલું ખાવાનું મન પણ નહિ થતું હોય. પછી વરસાદ પડવાથી એ બી ઊગી નીકળે છે. કીડીઓના કોઠાર તો જમીનમાં જ હોય છે. અને કોઈ વાર અકસ્માતથી ઉપરની માટી ધસી પડે એટલે નીચેના દાણા વવાઈ જાય! ખિસકોલી જેવાં ઘણાં પ્રાણીઓને બદામ અખરોટ જેવાં ફળો દાટી રાખવાની ટેવ હોય છે. પણ ધન દાટી રાખનાર કૃપણની જે દશા થાય તે જ દશા આ મૂગાં કૃપણોની થાય તો તેમાં નવાઈ જેવું નથી!

– સ્વાધ્યાય –

૧. માણસને પોતાનું વતન છોડી દૂર દૂરના મુલકોમાં જવાની ઇચ્છા ક્યાં ક્યાં કારણોથી થાય છે? આર્ય લોકોનું મૂળ રહેઠાણ કયું? તે છોડવા શા માટે તે પ્રેરાયા? હાલ આર્ય લોક દુનિયાના ક્યા ક્યા ભાગોમાં છે?

૨. છોડો દૂર દૂરના મુલકોમાં પોતાનાં બચ્ચાંને મોકલે છે એ વાત મન ઉપર બરોબર જડાઈ રહે એ માટે લેખક આપણને ક્યાં ક્યાં ઉદાહરણો દ્વારા વિષયપ્રવેશ કરાવે છે?

૩. ખજૂરી પોતાનાં બચ્ચાંને પરદેશ મોકલવા કઈ યુક્તિપ્રયુક્તિ કરે છે? ખજૂરી, લીંબુ, સંતરાં, દ્રાક્ષ અને ફણસ આદિ કીડી વગેરેથી પોતાનાં બચ્ચાનું રક્ષણ કરવા જે ઉપાયો યોજે છે તેનો સારાંશ આપો.

૪. ભલા છોડ, ભોળા છોડ અને લુચ્ચા છોડનાં ઉદાહરણ આપો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. વસાહત એટલે શું ? હિન્દીઓની વસાહતો કયાં કયાં છે તે જણાવો અને દુનિયાના નકશા પર બતાવો.

૬. નીચેના શબ્દોનો અભ્યાસ કરો—

સ્વાવલંબન, સ્વાધીનતા, સ્વાશ્રય, સ્વાર્પણ, સ્વદેશ. આવા બીજા શબ્દો બનાવો, અને 'સ્વ' શબ્દનો અર્થ સમજાવો. એવી જ રીતે કર્તૃત્વ, મનુષ્યત્વ, વીરત્વ, આર્યત્વ શબ્દોનો અભ્યાસ કરી 'ત્વ' નો અર્થ સમજાવો. સ્વત્વ શબ્દનો આ ઉપરથી હવે કંઈ અર્થ કરી શકશો ? 'હિન્દીઓએ પોતાનું સ્વત્વ જાળવવું જોઇએ.' આ વાકયમાં સ્વત્વની જગ્યાએ બીજો કોઈ યોગ્ય શબ્દ સૂચવી શકશો ?

૭ નીચેના શબ્દોથી ઊલટા અર્થવાળા શબ્દો આપો—

સ્વાવલંબી, વિયોગ, ઉગ્ર, ઉદાર.

૮. નીચેનાં વાકયોનો અર્થ બરોબર સમજો.

'આ વખતે સખત પરીક્ષા લેવાશે એ **અપેક્ષા**એ મેં ખૂબ વાંચ્યું.'

'આ વખતે સખત પરીક્ષા લેવાશે પણ હું તો પાસ થઈશ જ, એમ ધારી વાંચવું જોઇએ એવી સલાહની મેં **ઉપેક્ષા** કરી.'

અપેક્ષા અને ઉપેક્ષાના અર્થ સમજાવો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭
કાબુલી

[ટાગોરનું નામ તો આપણે અનેક વાર સાંભળ્યું છે. તેમનું આખું નામ રવીન્દ્રનાથ ઠાકુર. કેટલાંક નામોનો અંગ્રેજીમાં ઉચ્ચાર બગડે છે, કે બદલાઈ જાય છે. જેમ કે ભરૂચનું બ્રોચ, વસઇનું બસીન, મુંબઈનું બોમ્બે, વડોદરાનું બરોડા તેમ ઠાકુરનું ટાગોર થયું છે. એવી જ રીતે ચટ્ટોપાધ્યાયનું ચેટરજી, વંદ્યોપાધ્યાયનું બેનરજી વગેરે રૂપાંતર થએલાં છે. દુનિયાના મોટા મોટા કવિઓમાં રવિબાબુની ગણના થાય છે. તેમણે ઢગલાબંધ પુસ્તકો લખ્યાં છે, અને તે પુસ્તકોનાં ભાષાંતર દુનિયાની અનેક ભાષામાં થયાં છે. ગૂજરાતીમાં પણ તેમનાં અનેક પુસ્તકોનાં ભાષાન્તર થયાં છે. જે પુસ્તકથી એ દુનિયાભરમાં જાણીતા થયા તે ગીતાંજલી. તેમાં કાવ્યો છે. બાળકો માટે પણ તેમણે ખૂબ લખ્યું છે. કાબુલી વાર્તા મૂળ તો તેમની લખેલી છે, પણ શ્રી મહાદેવભાઇને થયું કે ગૂજરાતનાં બાળકોને પણ એ વાર્તાનો લાભ મળે તો કેવું ! તેથી તેમણે એ વાર્તા ફરીથી લખી છે. તમને એ વાત ગમશે જ, પણ તે સાથે તમે નવું નવું પણ ઘણું જાણશો. શ્રી મહાદેવભાઇએ તો ટાગોરનાં બીજાં પુસ્તકો તેમ બંગાળના બીજા એક મોટા નવલકથાકાર શ્રી શરદબાબુના કેટલાંક પુસ્તકોનાં પણ ભાષાન્તર કરેલાં છે. તેમાંથી શરદ-બાબુની ત્રણ વાતો તમે વાંચી જજો. તમને તે જરૂર ગમશે.]

* * *

મીનીના બાપ હતા મોટા પંડિત. મીની એટલે બિલાડી નહિ, પણ એક છોકરીનું નામ. પણ તેની આંખ માંજરી હતી, એટલે તેની ફઇએ તેનું નામ મીની પાડ્યું હતું. એ મીનીના બાપ હતા મોટા પંડિત. કોના જેવા તે નહિ કહું, તમે જ કહેશો. મોટાંમોટાં પોથાં ઉથામે, મોટાંમોટાં થોથાં લખે, રાત્રે દીવાનું દીવેલે ખૂટી જાય અને દિવેટ બળી જાય. મીનીની મા બૂમો પાડે: 'તમારે સવાર, બપોર, અધરાત મધ-રાત સરખાં. વાંચીવાંચીને આંખે મોટા ડાબલા પહેર્યા છે, સૂઈ જાઓ, ભલા માણસ, હવે તો સૂઈ જાઓ.' સાંજ થાય અને મીની એની બાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહે: 'બા, એક વાર્તા કહે.' મીનીની બા ખિજાઇને કહે: 'જાની તારા બાપની પાસે. એ વાર્તા કહેશે. કહેની કે આટલાં પોથાં લખો છો તો મને વાત કહેતાં નહિ આવડે?' મીની એના બાપની પાસે જઇને કહે: 'બાપા, તમે આખો દિવસ શું લખો છો? વાર્તા લખો છો? આપણા હજામને સારી વાર્તા આવડે છે. કહોની બાપા, મને સૂપડાં જેવડા કાનવાળા હાથીના છોકરાની વાત.'



બાપા કહે: 'મીની, હું લખતો હઉં ત્યારે મને તારે સતાવવો નહિ.'

'વારુ ત્યારે, બાપા, કહોની સિંહ જબરો કે ઊંદર? તમે નહિ કહો તો હું તમને એક વાર્તા કહું?'

બાપા કહે: 'ભાઇસાબ, મીની, તું ચૂપ નહિ રહે?'

મીની કહે: 'ત્યારે તો સાચે જ, બાપા, બા કહેતી હતી તે ખરું, કે તમને ચોપડી લખતા આવડે છે પણ વાર્તા કહેતાં નથી આવડતી, કેમ?'

ઓરડામાંથી મીનીની બા હસતાં હસતાં કહે: 'લો, લેતા જાઓ. પંડિત કહેવાઓ છો, પણ તમારી કિંમત તમારી દીકરી આગળ કેટલી છે?'

મીની તુરત બાપાને પૂછે: 'બાપા, કિંમત એટલે શું? બાની કિંમત કેટલી? કિંમત એટલે પૈસા. બાપા, પેલો કાબુલી આવે છે તે કહે છે: શાલકી કિંમત બીસ રૂપિયા, બાદામકી કિંમત એક રૂપિયા, તે બાપા, બા અને બાપા પણ વેચાતા હશે? બા કહે છે ને કે તમારી કિંમત કેટલી છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બા આવીને મીનીના કાન અમળાવે અને મીનીના બાપાને કહે : 'તમે આ છોકરીને વાત નહિ કહો, તમારી ચોપડીમાંથી ડોકું ઊંચું નહિ કરો, તો એને પેલો કાબુલી ઉપાડી જશે.'

મીની તુરત કહે : 'ના, બા. કાબુલી તો બહુ સારો. મારી પાસે પૈસા જ નહિ માગે. કોઈ દી બદામ આપે, કોઇ દી ખારેક આપે, કોઈ દી મારા ખીસામાં આલુ ભરી દે અને પૈસા માગે જ નહિ. બાએ એક દી બે આના આપ્યા તે પોતાના ખીસામાં મેલ્યા. અને પછી બા ગઈ એટલે મારા ખીસામાં મૂકી ગયો. બા, લઈ આવું એ બે આના ?'

એક દિવસ મીનીના બાપ પોથીમાંથી ડોકું કાઢી બારી આગળ જઈને જુએ છે તો મીની પેલા કાબુલીના ખોળામાં બેઠીબેઠી કાબુલીની દાઢી ખેંચતી હતી, અને બંને વાતો કરતાં હતાં. મીની કહે : 'કાબુલી, તારી દાઢીના વાળ કેમ ધોળા અને મારા વાળ કેમ કાળા ?'

કાબુલી કહે : 'મીની, હું બુઢ્ઢા હો ગયા, ઔર તુમ બચ્ચી છે.'

મીની કાબુલીનું ગૂજરાતી સાંભળી ખડખડ હસે અને કહે : 'પણ કાબુલી, તારા થોડા વાળ ધોળા કેમ અને થોડા વાળ કાળા કેમ ? તું થોડો બુઢ્ઢા અને થોડો બચ્ચા છે ?'

બંને ખડખડાટ હસે છે. કાબુલી મીનીને એક હાથમાં ઉપાડે છે, મીઠી બચ્ચી કરે છે, અને ખીસામાં બદામપિસ્તાં ભરે છે.

બીજે દિવસે મીનીને મીનીના બાપે બોલાવી : 'મીની, મીની, આમ આવ, આજે તને વાર્તા કહું.' મીની કહે : 'ના, બાપા, કાબુલી વાર્તા કહે છે તેવી તમને નહિ આવડે. મારે તમારી વાર્તા નથી સાંભળવી.' બાપા ચૂપ રહ્યા. વળી એક દિવસ કાબુલી આવ્યો હતો, અને મીની ને કાબુલી વાતો કરતાં હતાં. હવે કાબુલીને ગૂજરાતી આવડી ગયું હતું. મીની કાબુલીને પૂછે : 'કાબુલી, કાબુલી, તારા દેશમાં માણસ ઊંટ જેવાં હોય છે ?'

કાબુલી કહે : 'ના, ના. મારા દેશમાં બચ્ચાં બિલ્લી જેવાં હોય છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીની કહે: 'એટલે ઊંટનાં બચ્ચાં બિલ્લી જેવાં હોય છે?'

કાબુલી હસે અને પૂછે: 'તને કોણે કહ્યું, મીની, કે અમારા દેશમાં માણસ ઊંટ જેવાં હોય છે?'

મીની કહે: 'કાલે અમારા ઘર આગળથી ઊંટ જતો હતો. તેની બંને બાજુએ કોથળા હતા તેવા જ કોથળા તારી ખાંધે છે.'

કાબુલી કહે: 'અમારા દેશમાં તો માણસો ઊંટને ખાંધે લઇને ચાલે એવાં હોય છે.'

વળી મીની ખડખડાટ હસે અને કાબુલીની દાઢી ખેંચે. કાબુલી યે મીનીની સાથે ગમ્મત કરે. મીનીને એ પૂછે: 'મીની, તું સાસરે ક્યારે જઇશ?'

મીનીના મનમાં કે સાસરે નામનું કોઈ ગામ હશે. એટલે મીની પૂછે: 'સાસરામાં તમારા દેશની જેમ દ્રાક્ષના વેલા હોય ખરા કે તેની ઉપરથી આપણે ધરાઇધરાઈને દ્રાક્ષ ખાઇએ? સાસરામાં તમારા દેશના જેવા પહાડ હોય ખરા કે તેની ઉપરથી ખળખળ ખળખળ બરફ જેવું ઠંડું પાણી વહી જતું હોય અને આપણે ધરાઈધરાઈને પીએ, કાબુલી?'

કાબુલી કહે: 'ના, મેં તને મારા દેશની વાત કહી છે તેવો એ દેશ નથી. ત્યાં તો સવારસાંજ ચક્કી પીસવી પડે, અને પાની નિકાલના પડે અને સાંજે જાડીમોટી રોટી મલે.'

મીની કહે: 'એવે સાસરે કોણ જાય? તું જઇશ, કાબુલી?'

મીનીના બાપને હવે લાગતું હતું કે મીની હવે હાથમાંથી ગઈ; મીનીની માને લાગતું હતું કે આ કાબુલી એકાદ દિવસ છોકરીને ઉપાડી જશે. પણ કાબુલીની સાથે છોકરીને ખૂબ ગમ્મત આવે તે માબાપ બંનેને ગમે, અને માત્ર કાબુલી ઉપર નજર રાખે, પણ તેને ઘેર આવવાની ના કદી નહિ કહે.

પણ મીનીને કાબુલી લઈ જાય તેના પહેલાં તો એક દિવસ કાબુલીને સિપાઈ લઈ જતા હતા. મીનીએ કાબુલીને બૂમ પાડી: 'કાબુલી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાબુલી, આવ, આવ.' કાબુલીએ હસીને હાથકડી બતાવી અને કહ્યું: 'ના, મીની, સાસરે જાઉં છું.'

મીનીએ એના બાપને પૂછયું: 'કાબુલીને સાસરે કેમ લઈ જાય છે?'

મીનીના બાપે કહ્યું: 'કાબુલીએ કોઇને છરી મારી એટલે સિપાઈ એને પકડી લઈ જાય છે.'

મીની કહે: 'ના, બાપા. કાબુલી કોઇને છરી મારે નહિ. સિપાઈ એને ક્યાં લઈ જશે? ક્યાં લઈ જશે? એને છોડાવી લાવોની! મને વાર્તા કોણ કહેશે?' કહીને મીની રોવા લાગી.

એના બાપા કહે: 'છરી તો એણે મારી હતી. સિપાઈ એને કેદમાં પૂરશે.'

મીની કહે: 'ત્યાં એને સિપાઈ છરી મારશે?'

બાપા કહે: 'ના, છરી નહિ મારે; પણ ઘંટી દળાવશે, પાણી કઢાવશે, ખૂબ કામ કરાવશે.'

મીની કહે: 'હેં બાપા, એવું તો સાસરામાં થાય છે એમ કાબુલી કહેતો હતો. એને સિપાઈ સાસરે લઈ ગયા?'

મીનીના બાપ અને મા ખડખડ હસ્યાં: 'ના, બહેન, ના; એને કેદમાં લઈ ગયા, જેલમાં લઈ ગયા.'

મીની કહે: 'ત્યારે એના દેશમાં કેદને સાસરું કહેતા હશે? આપણા દેશમાં સાસરું કોને કહેતા હશે?'

મીનીની મા કહે: 'તને ખબર પડશે. સાસરું એટલે આપણે ત્યાં પણ કેદ જ કહેવાય. જોને હું સાસરે આવેલી કહેવાઉં.'

મીની એ કાંઈ સમજી શકી નહિ, પણ એમ વાતો કરતાં મીની કાબુલીને ભૂલી ગઈ, અને મીનીનાં માબાપ પણ કાબુલીને ભૂલી ગયાં.

પણ મીનીને એક દિવસ સાચે જ સાસરે જવાનો વખત આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીનીના વિવાહ થવાના હતા. આંગણામાં મોટો માંડવો બાંધ્યો હતો. ચોકમાં મોટા સાથિયા પુરાયા હતા. ગામડામાંથી સારા ઢોલીઓ આવ્યા હતા, અને મધુરી શરણાઈ વગાડી રહ્યા હતા. શરણાઈવાળા કોણ જાણે શું વગાડતા હશે, પણ મીની ઘર છોડીને સાસરે જવાની હતી, એટલે તેના બાપના દિલમાં દુઃખ ઊભરાતું હતું, અને શરણાઇમાંથી જાણે—

'મીની જાય સાસરીએ, કહો શું કરીએ?'

એવું ગીત તેને સંભાળતું હતું. મનમાં મનમાં તે ગણગણતો હતો:

'મીની જાય સાસરીએ, કહો શું કરીએ?'

તેવામાં એક મેલાંઘેલાં કપડાંવાળો, ઊંચો પહાડી જેવો લાગતો પણ ગાલો ઉપર અને કપાળ ઉપર કરચોળી પડેલો એક માણસ દરવાજે ઉઘાડી અંદર આવ્યો. મીનીના બાપે એને ઘડીકવાર ન ઓળખ્યો, પણ જરા ધારીને જોતાં જણાયું, કે એ તો પેલો કાબુલી જ હતો. એને દાઢી નહોતી; જેલમાં એની દાઢી સરકારે ઉતારી લીધી હતી, અને એની ખાંધે ઊંટની પીઠ ઉપર લાદેલા કોથળા જેવા કોથળા નહોતા. મીનીના બાપને થયું કે આવે મંગળ દહાડે આ ખૂનીનું મોં ક્યાંથી જોયું, પણ પેલાએ તો પૂછ્યું: 'મીની ક્યાં છે? મીનીના બાપે ઝટ જવાબ દીધો: 'મીની અહીં નથી, તમે બીજી કોઈવાર આવજો.' પેલાનું મોં પડી ગયું. ઉદાસ થઈને તે બહાર નીકળ્યો. મીનીના બાપને આગલા દિવસો યાદ આવ્યા. એક દિવસ મીની કાબુલીના પ્રેમમાં તેના બાપને પણ ભૂલી ગઈ હતી તે યાદ આવ્યું, અને કાબુલીને પાછો બોલાવવાનું મન થયું. ત્યાં તો કાબુલી જ પાછો આવ્યો. ખીસામાંથી એક પડીકું કાઢ્યું: બદામપિસ્તાં અને દ્રાક્ષ. બિચારો કોઈ બીજા કાબુલી પાસેથી લઈ આવ્યો હતો. તેના મનમાં કે મીની તો દસ વરસ ઉપર હતી એવડી જ હશે. તેની આંખમાં પાણી આવ્યાં. તેણે કહ્યું: 'વારુ, સાહેબ, મીની ન હોય તો મીનીને આટલાં બદામપિસ્તાં તો આપજો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીનીના બાપને દયા આવી. કાબુલી જેલમાંથી છૂટીને આવ્યો છે, અને પૈસાની જરૂર હશે, એમ માનીને પેલું પડીકું લઈ પૈસા કાઢ્યા. કાબુલીની આંખમાંથી આંસુની ધારા ચાલી. ઘડીક પછી શાંત થઈ તેણે કહ્યું: 'માફ કરો, સાહેબ. પૈસા માટે હું નથી આવ્યો. તમારી મીની જેવી જ મને દીકરી છે. તમારી દીકરીને જોઇને હું મારીને જોઉં એમ હરખાઉં છું.' એમ કહીને પોતાના ચોરખીસામાંથી એક એના ગાલના જેટલી જ કરચોળી પડેલો કાગળ કાઢ્યો, ને જમીન ઉપર મૂકીને તેની ઘડી ઉકેલી મીનીના બાપ આગળ ધર્યો. કાગળ ઉપર એની દીકરીના કૂમળી આંગળીઓવાળા હાથની શાહીએ રંગીને પાડેલી છાપ હતી.

મીનીનો બાપ સડક થઈ ગયો. પોતે મોટો પંડિત હતો તે ભૂલી ગયો, મોટો પૈસાદાર મહેલમાં રહેનાર હતો તે ભૂલી ગયો, અને તેના મનમાં થયું: 'આ યે મારા જેવો બાપ છે.' ઘડી પછી એના મનમાં થયું: 'નહિ, મારા કરતાં વધારે સારો બાપ છે. હું જ્યારે બાપ મટીને પંડિત બન્યો હતો, ત્યારે મને બાપ બનાવનાર એ હતો. એનો પાડ કેમ વિસરાય?'

તુરત મીનીને એના બાપે બોલાવી. પીઠી ચોળેલી, ઘરેણાં ઘાલેલી મોટી ઊંચી થયેલી મીનીને કાબુલીની આગળ કેમ લવાય? ઘરમાંથી બૈરાંઓએ ના પાડી. પણ એના બાપ એને ખેંચી લઈ આવ્યા અને કહ્યું: 'મીની, ઓળખે છે, તને કિસમિસ બદામ ખવડાવનાર કાબુલીને? એને પગે લાગ, અને આશીર્વાદ મેળવ.'

કાબુલી તો આટલી મોટી મીનીને જોઈને ઓલો જ બની ગયો. એને એકાએક યાદ આવ્યું કે પોતાની દીકરી પણ એટલી મોટી થઈ હશે. એના મનમાં અનેક લાગણી આવી અને ગઈ. જેમતેમ શાંત થઈ બોલ્યો: 'મીની, સાસરે જાય છે? બહેન, સુખી થજે.'

મીની તો કશું બોલી જ શકી નહિ. દૂરથી પગે લાગી ગઈ. મીનીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપે કબાટમાંથી નોટો કાઢીને પેલા કાબુલીના ખીસામાં ઘાલીને કહ્યું: 'ભાઈ, તું આજે ભલે આવ્યો. આ પૈસા લે, તારા ઘરભેગો થા. તારી મીની યે તારી રાહ જોતી હશે. તેને મળીને આશીર્વાદ દેજે કે મારી મીની સુખી થાય.'

– સ્વાધ્યાય –

૧. આ વાત વાંચતાં તમને તમારા બાલ્યના કોઇ પ્રસંગો યાદ આવે છે? નાનપણમાં કાબુલીને જોતાં તમને શું થયું તે જણાવો.

૨. કાબુલી કયા મુલકમાંથી આવે છે? તે મુલક, તેના લોકો, તેની કુદરતી રચના અને તેનાં હવાપાણી વિશે જો તમે જાણતા હો તો છસાત લીટીમાં લખો.

૩. 'કાબુલી'ની વાતમાં તમને સૌથી સરસ ભાગ કયો લાગ્યો?

૪. આ વાત વાંચતાં કાબુલી માટે તમારા મનમાં કેવા કેવા વિચારો જાગ્યા તે જણાવો.

૫. મીની અને કાબુલી વાતોના તડાકા મારતાં ઠઠ્ઠાવિનોદ કરી રહ્યાં છે એવો એકાદ પ્રસંગ કલ્પી બન્ને વચ્ચેનાં આઠદસ લીટીનો એક સંવાદ યોજો.

૬. "અમારા દેશમાં તો માણસો ઊંટને ખાંધે લઇને ચાલે એવાં હોય છે." એવું કોણે કહ્યું? એ વાક્યનો અર્થ સમજાવો.

૭. "હાથમાંથી ગઈ" અને "સડક થઈ ગયો." આ શબ્દો વાપરી વાક્યો બનાવો.

૮. આ વાતમાં મુખ્ય પાત્રો કયાં કયાં છે? તેની ઓળખાણ આપો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮



[પાંજરામાં પોપટ, મેના કે એવું કોઈ રૂપાળું પંખી તો આપણે સહુએ જોયું હશે, પણ પાંજરામાં એ પંખીને પૂરી આપણે તેની પાસેથી શું છીનવી લીધું છે એની આપણામાંથી કેટલાને કલ્પના આવી હશે? શ્રી જુગતરામ દવેને એ કલ્પના આવી, અને તેમણે વનના પંખીના મોંમાં પાંજરાના પંખીએ જે ગુમાવ્યું છે તે મૂકી પાંજરાના પંખીની વેદના સરસ રીતે ચીતરી. શ્રી જુગતરામ કૌશિકાખ્યાન, આંધળાનું ગાડું વગેરે પુસ્તકોના લેખક તરીકે, અને ખાસ કરીને બાળકોને આનંદ પડે એવું સરળ લખનાર બાળકોના મિત્ર તરીકે જાણીતા છે. તેમણે આ કવિતામાં જે કલ્પનાઓ રજૂ કરી છે તે લંબાવી તમે પાંજરાના સિંહ અને વનના સિંહ વચ્ચેનો અને એવા એવા અનેક વાર્તાલાપ યોજી શકશો.]

* * *

: ૧ :

પાંજરાનું પંખી રે'તું સોનાના પિંજરમાંજી,
વનવગડાનું પંખી રે'તું સુન્દર મનહર વનમાંજી;
એક દિવસ બન્ને પંખીડાં હળ્યાંમળ્યાં ને બોલ્યાંજી,
રામતણી મરજીથી ભેટ્યાં, દિલ આગળ દિલ ખોલ્યાંજી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વનનું પંખી બોલ્યું: "સાંભળ, પિંજરના ઓ પંખીજી!
ચાલો વનમાં ઊડી જઇએ, વનમાં ઝાઝાં પંખીજી."
પાંજરાનું પંખી બોલ્યું: "વનના પંખી વહાલાજી!
આવ પડ્યા રહીએ પિંજર; શા દોડા કરવા ઠાલાજી?"
વનવગડાનું પંખી કહે: "ના, એ તો ખોટી વાતોજી;
નથી અમારે બંદી થાવું, કેદ કારમી આ તો જી!"
ગરીબ બાપડું બોલ્યું પંખી પિંજરનું રહેનારજી;
"હાય હાય! હું કેમ કરીને છૂટી નીકળું બહારજી!"

: ૨ :

વનવગડાનું પંખી ગાતું બેઠું બેઠું બહારજી
વનવગડાનાં મીઠાં ગીતડાં, કરી કરી લલકારજી.
પિંજરમાં રહેનારું પંખી પઢે પઢાવ્યા બોલજી,
જાત એક પણ ભેદ અહા! શો ભાષામાં અણતોલજી!
વનનું પંખી બોલ્યું: "પિંજરના ઓ પંખીભાઇજી!
વનવગડાનાં જરા આજ તું બતાવ ગીતડાં ગાઇજી!"
પાંજરાનું પંખી બોલ્યું: "વનના પંખી વહાલાજી!
શીખે તો શીખવાડું ગીતો પિંજરનાં રઢિયાળાંજી."
વનવગડાનું પંખી કહે: "ના, કોણ શીખે તે એવુંજી?
પઢ્યું બીજાનું પઢપઢ કરવું, બોલ્યું ભોજન લેવુંજી."
ગરીબ બિચારું બોલ્યું પંખી પિંજરનું રહેનારજી!—
"હાય હાય! હું વનનાં ગીતો કેમ ગાઈ શકનારજી?"

: ૩ :

વનવગડાનું પંખી બોલ્યું: "શી શોભા આકાશજી!
ઘનશ્યામ શામળિયા જેવું, નહિ નામે તંગાશજી!"
પાંજરાનું પંખી બોલ્યું: "પિંજરના જો તારજી—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોગમ કેવા બાંધી લીધા! બીક નહિ તલભારજી."
વનનું પંખી બોલ્યું: "ભાઈ! છોડ પાંજરું તારું જી,
મેઘ ફરે ત્યાં આપણ યે ફરિયે સુખ અતિશે સારું જી."
પાંજરાનું પંખી બોલ્યું: "સુખ સાચું પિંજરમાંજી,
પાપી પીડે નહિ પારધી, આવ ભાઈ મુજ ઘરમાંજી."
વનવગડાનું પંખી બોલ્યું: "ના ભાઈ, તારો પાડજી;
વિશાળ વાદળ ક્યાં ત્યાં ફરવા? ક્યાં ત્યાં લીલાં ઝાડજી?"
ગરીબ બાપડું બોલ્યું પંખી પિંજરનું રહેનારજી:
"હાય! થાકીને પગ ટેકાનો ક્યાં નભમાં આધારજી?"
આ રીતે એ બે પંખીજન પૂરાં પ્રેમીજંનજી
પ્રેમબંધને બંધાયાં, પણ નવ સંધાયાં તંનજી;
વહાલ વડે ત્યાં સળિયામાંથી ચાંચે ચાંચ લગાડેજી,
નહિ બોલે, નહિ ચાલે, કેવળ નજરેનજર નિહાળેજી.
કોઈ કોઇનું કહ્યું ન સમજે, મનમાં બહુ મૂંઝાયજી;
પોતાના મન કેરી વાતો, તે પણ નવ સમજાયજી.
રહી રહીને વળી ફફડાવે પાંખો ઘડીએ ઘડીએજી;
દીન વદન કરી કહે: "આવ હજી કને, આવ હજી, હજીએજી!"
વનવગડાનું પંખી કહે: "ના, હવે ન આવું આઘુંજી,
કોક ક્યાંય પકડી પૂરી દે: તું જ આવ, હું માગુંજી."
ગરીબ બાપડું બોલ્યું પંખી પિંજરનું રહેનારજી;
"નબળી પાંખે કેમ ઉડાશે? હાય હાય લાચારજી!"

– સ્વાધ્યાય –

૧. વનનું પંખી અને પાંજરાના પંખી વચ્ચેનો વાર્તાલાપ તમારા શબ્દોમાં આપો.

૨. વનનું પંખી પાંજરાને કેદ જોડે શાથી સરખાવે છે? આપણે કેદ કોને કહીએ છીએ? પાંજરાના જેવી બીજી કોઈ કેદ તમે બતાવી શકશો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. "પક્ષ્યું બીજાનું પઢપઢ કરવું, ખોટ્યું ભોજન લેવુંજી" એટલે શું ?

૪. પાંજરાનું પંખી કહે છે કે પાંજરામાં તો કોઈ પણ જાતની બીક નથી, પૂરેપૂરી સહીસલામતી છે; એમ છતાં વનનું પંખી તેમાં જવાની શાથી ના પાડે છે ?

૫. આ કવિતામાં એક જગ્યાએ જંન અને તંન શબ્દો આવે છે. એવી રીતે એવો જ કોઈ શબ્દ આ ચોપડીમાં બીજે વપરાયો છે ? તમને એ શબ્દપ્રયોગ સાચો લાગે છે ? કવિએ શા માટે એ શબ્દો એમ વાપર્યા હશે ?

૬. પાંજરાનું પંખી શાથી નિશ્વાસ નાખે છે કે "નબળી પાંખે કેમ ઉડાશે ?" તેની પાંખો નબળી શાથી છે ?

૭. પાંજરાનું પંખી કદાચ ઊડીને વનમાં જાય તો વનનાં પંખી તેની સાથે કેવી રીતે વર્તે તે તમે કહી શકશો ?



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯
નારિયેળી



[નારિયેળી તો આપણે સહુએ જોઈ છે; પણ તે કેવું અદ્ભુત વૃક્ષ છે તેની આપણામાંથી ભાગ્યે જ કોઇને કલ્પના આવી શકે. મરાઠી માસિક 'સૃષ્ટિવિજ્ઞાન' માં આવેલ એક લેખ ઉપરથી નારિયેળી સંબંધી રસિક વિગતો આ પાઠમાં આપવામાં આવી છે. એમાં તેના ઉપયોગની જે હકીકત આપવામાં આવી છે તેમાંથી થોડાક પ્રયોગો તો કોઈની પણ મદદ વિના તમે અવશ્ય કરી શકશો.]

* * *

પુરાણકથાઓમાંની ઇચ્છિત વસ્તુ દેનારા 'કલ્પતરુ'ની વાતો તો સૌએ વાંચી કે જાણી હશે. એવાં વૃક્ષો ઇંદ્રના નંદનવનમાં હોય કે ન હોય, પણ આપણી પૃથ્વી પર તો કલ્પવૃક્ષની ઉપમા આપી શકાય તેવું ઝાડ થાય છે એ નારિયેળી.

માણસ જો ખોટા મોજશોખ છોડી દઈ સાદું જીવન ગાળે અને તંદુરસ્ત રહેવા ઇચ્છે તો નારિયેળી તેના જીવનની બધી જરૂરિયાતો પૂરી પાડી શકે એમ છે.

આજ પણ લંકામાં જ્યાં નારિયેળીનાં વનનાં વન છે, ત્યાંના સામાન્ય ખેડૂવર્ગનું આખું જીવન નારિયેળી જ નભાવે છે. તેઓ પોતાનાં ઝૂંપડાં તેમ જ ઢોરો માટે વાડા બાંધવામાં નારિયેળીનાં થડનો જ ઉપયોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે છે. ટાઢતડકા અને વરસાદથી રક્ષણ પામવા ઘર પર એ જ ઝાડનાં પાનનાં છાપરાં છાય છે, અને તેની જ મજબૂત છાલની ખીંટીઓ બનાવી તે પર એ જ છાલના ટુકડાઓની લટકતી છાજલી રચે છે. એ છાજલી પર ગોઠવવાનાં વાસણકૂસણ વગેરે પણ નારિયેળનાં કાચલાં ને છાલમાંથી જ બનાવેલાં હોય છે.

આ તો ફક્ત તેમનાં ઘર અને ઘરવખરીની વાત થઈ. તેમના નાનાંશાં ખેતરોમાં મરચાં, તમાકુ અને ધાન્યના પાકના રક્ષણ માટે પણ ખેતર ફરતી એ નારિયેળીનાં જ મોટાંમોટાં પાનની વાડ બાંધે છે. તેમનાં બાળકોનાં ઘોડિયાં પણ એ નારિયેળનાં છોડાંમાંથી તૈયાર કરેલાં કાથીના દોરડાં વડે ટાંગેલી, કાથીની જ ગૂંથેલી ઝોળીનાં. એમનો ખોરાક મોટે ભાગે ભાત અને ખમણેલું ટોપરું જ હોય છે; અને એ પકાવવા માટે બળતણ? નારિયેળનાં કાચલાં અને છોતરાં. જમવા માટેનાં વાસણમાં નારિયેળનાં પાંદડાની પત્રાવળી અને કાચલાંના વાડકા. પીરસવા માટે એક કાચલીમાં વેહ પાડી પાંદડાની પાતળી દાંડી બેસાડી કે કડછી તૈયાર.

એ લોકો માછલાં પકડવા મોટે ભાગે દિવસની ખેતીથી પરવારીને રાત્રે જાય છે. અને ત્યારે અંધારામાં પ્રકાશ માટે નારિયેળીનાં પાનની અથવા ફૂલોનાં ડીટાંની મશાલો બનાવે છે. વળી માછલાં પકડવા માટે પણ સૂતરની જાળ તો તેઓ ક્યાંથી કાઢે? નારિયેળના છોડાંમાંથી જ સીંદરીઓ ગૂંથીને જાળ બનાવેલી હોય છે. અને નદીમાં ફરવા હોડી જોઇએ તે માટે પણ નારિયેળીનાં મોટાં પહોળાં તોતિંગ થડને વચ્ચેથી કોરીને પોલાણ કરી તરાપા જેવું બનાવી લે છે.

એમને ઓછાં જ ચહા, કૉફી કે સૉડાલેમનનાં પીણાં હોય? એ કૃત્રિમ ઢીચારા તો શહેરના લોકોને સારુ. એમને તો જ્યારે ઇચ્છા થાય ત્યારે ખાસ્સાં લીલાં નારિયેળનું મીઠું કુદરતી પાણી અને ઉપરથી એનાં પોંચાં સ્વાદિષ્ટ ટોપરાંનો નાસ્તો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધરેલા લોકો જેમ દ્રાક્ષ કે તાડીનો દારૂ પીએ છે તેમ આ લોકો નારિયેળીના ઝાડમાંથી કાઢેલા રસને અંબાવા દઈ પીએ છે. તાડના રસની જેમ તાડી તેમ આ 'માડી' કહેવાય છે. એ પણ એક પ્રકારનો દારૂ જ છે. આ લોકો તો દાળ–શાક વગેરેમાં ખટાશ નાખવા માટે પણ એ 'માડી'નો બનાવેલો સરકો જ વાપરે છે. કોઈ સાજુંમાંદું થતાં તેઓ કોપરેલ તેલથી શરીરને ખૂબ મસળે છે. નારિયેળીના ઝાડના રસમાંથી તેઓ સાકર પણ બનાવે છે. ઝાડમાંથી નીકળે છે ત્યારે તો રસ મીઠો હોય છે. તેને ઉકાળીને ગોળ જેવો પદાર્થ બનાવી, તેની કરે છે સાકર. અને કોપરાને અધકચરું છૂંદી નીચોવીને કાઢે છે દૂધ. પછી બુંદદાણાની કૉફી બનાવી તેઓ લહેજતથી પીએ છે. રાત્રે દીવામાં પણ નારિયેળીનાં જ સાધનો. કાચલાનું કોડિયું કરી તેમાં કોપરેલ તેલ પૂરે કે દીવો તૈયાર. ખોરાકમાં નારિયેળ, દવાદારૂમાં નારિયેળ તેમ વહેમશુકનમાં પણ નારિયેળ! બાળક જન્મ્યું કે તેના ઘોડિયા ઉપર ભૂતપ્રેતના વહેમ ટાળવા નારિયેળીનો મોર ટાંગે છે. મરણ પછી ઠાઠડી ઉપર પણ એ જ મોર.

પણ નારિયેળીનો ઉપયોગ માત્ર આવું પ્રાથમિક જીવન ગાળનારો જ વર્ગ કરે છે એવું કાંઈ નથી. આપણા શહેરી જીવનમાં યે તેનો ઘણો ઉપયોગ છે. વૈજ્ઞાનિક યુગમાં પણ તેનો અનેકવિધ ઉપયોગ શોધી કાઢી તેમાંથી વિવિધ વસ્તુઓ નિપજાવાય છે.

નારિયેળીનાં પાંદડાંના ડીટાંના અંદરના ભાગમાં કૂણી રૂંવાટી જેવો એક ભાગ હોય છે, જેમાં જખમમાંથી વહેતું લોહી બંધ કરવાનો વૈદ્યકીય ગુણ હોય છે. પ્રાચીનકાળમાં તાડપત્રની પેઠે નારિયેળીનાં પાંદડાં પણ કાગળ તરીકે વપરાતાં એ જાણીતું છે. આ ઉપરાંત ચટાઈ ગૂંથવામાં, છાપરાં છાવામાં તથા ટોપલા, સાવરણી વગેરે ઘરગથ્થુ ચીજો બનાવવામાં નારિયેળીનાં પાંદડાં બેસુમાર વપરાય છે. નારિયેળના કાચલાં પરનાં છોડામાંથી બનતી કાથીનો તો જગતભરમાં મોટો વેપાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલે છે. એમાંથી બનતાં દોરડાં અત્યંત મજબૂત હોય છે. ઠંડા પ્રદેશમાં તો તેની મજબૂતાઈ વધે છે. ઉપરાંત ટટ્ટી, ઝોળી, સીંદરીઓ, બ્રશ વગેરે બનાવવામાં તથા ખુરશી, કૉચ, પલંગ વગેરેની ગાદી ભરવામાં પણ એ કાથીનો જ ઉપયોગ થાય છે. અને આ બધું બનવા ઉપરાંત એ કાથીમાંથી ખરેલું અને બાકી વધેલું છેવટનું ભૂસું ખાતર તરીકે વપરાય છે. નારિયેળમાંથી કોપરું, તેમાંથી વળી કોપરેલ તેલ, તેનો ખોળ; એ બધાનો સાધારણ ઉપયોગ તો સૌ જાણે છે; પણ કોપરેલમાંથી માથામાં નાખવાનાં ઉત્તમોત્તમ તેલ બનવા ઉપરાંત સાબુ અને મીણબત્તી પણ બને છે. કોપરેલ તેલમાં વાળને લાંબા, સુંવાળા ને મજબૂત બનાવવાનો ગુણ છે અને માથાનાં ગરમીનાં દરદો તે મટાડે છે. હિંદમાં ઘરોઘર વપરાતા 'સનલાઇટ સોપ'ના કારખાનામાં કોપરેલ જ વપરાય છે. 'માર્ગરિન અથવા કૃત્રિમ માખણ,' 'વેજિટેલિન,' 'ન્યુ કોલિન,' 'કોકેટિન' વગેરે વિલાયતી પદાર્થો તેમ જ બિસ્કિટ બનાવવામાં પણ કોપરેલ તેલ છૂટથી વાપરવામાં આવે છે. ઘણાં વિદ્વાન વૈદ્ય ડોકટરો તો માને છે કે ઔષધોમાં તેનો કૉડલિવર ઓઇલ જેવો ઉપયોગ થશે; એટલે કે તેમાં કૉડલિવર જેટલા ગુણો હોવા જોઇએ. દવાદારૂમાં તો નારિયેળનો પુષ્કળ ઉપયોગ થાય છે. નારિયેળના ઝાડના રસ 'માડી'માંથી બનતા ગોળમાં ચૂનાનું મિશ્રણ કરીને એક પ્રકારની મજબૂત સીમેંટ બનાવવામાં આવે છે. નારિયેળીના થડનું લાકડું હલકું પ્રકારનું હોઇ ઇમારતી કામમાં બહુ જ થોડા પ્રમાણમાં વપરાય છે; પણ ખુરશી, ટેબલ વગેરે શોભાના ફરનિચરમાં તેના લાકડાનો ઘણો ઉપયોગ થાય છે.

આમ એ ઝાડના એકેએક અવયવમાંથી બનતી વસ્તુઓનો ઉપયોગ જગતભરમાં થાય છે. એનાં પાંદડાં, ડીટાં, ફળ, કાચલાં, છોડાં–છોતરાં, છાલ, થડ, ગર્ભ, રસ, તેલ અને કૂચા તથા ભૂસા સુદ્ધાં જગતને ઉપયોગી છે. કલ્પતરુ આપણી ભૂમિ ઉપર જ છે: તમે માગો તે આપે એમ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

– સ્વાધ્યાય –

૧. કલ્પતરુ એટલે શું ? નારિયેળી કલ્પતરુ કહેવાય ?

૨. નારિયેળીના થોડાક અગત્યના ઉપયોગોનો ઉલ્લેખ કરો.

૩. નારિયેળીને મંગલ અને લાભદાતા વસ્તુ તરીકે કયા કયા લોકો લેખે છે ? શુકનવાળી વસ્તુ તરીકે એનો કયારે કયારે ઉપયોગ થાય છે ?

૪. " માડી " એટલે શું ? તેના જુદા જુદા ઉપયોગનું વર્ણન કરો.

૫. નારિયેળીના જુદા જુદા ઉપયોગો ચિત્રો દ્વારા બતાવી શકશો ? તો થોડાંક અગત્યનાં ચિત્રો દોરો.

૬. છાજલી, ઘરવખરી, તોતિંગ, અંબાવું–આ શબ્દો વાપરી વાકયો બનાવો. તાડપત્ર, ચર્ચાપત્ર, વિનતિપત્ર વગેરે શબ્દો કાળજીપૂર્વક સમજી એવા બીજા બે ત્રણ શબ્દો બનાવો.

૭. નીચેના શબ્દો પરથી વિશેષણ બનાવો :

ઉપયોગ, વિલાયત, શોભા, મજબૂતાઈ અને કુદરત.

૮. નીચેના શબ્દો પરથી નામ બનાવો :

સુન્દર, ઇમારતી, ઊંઘવું, ઢીચવું, ઊંચું અને છાવું.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦

શાન્તિ

[શ્રી સ્નેહરશ્મિ]

શાન્તિ–પ્રાર્થના હિંદમાં અનાદિ કાળથી લોકો કરતા આવ્યા છે. આજે પણ લાખો માણસો દરરોજ શાંતિ-પાઠ બોલી ધરતી પર, અન્તરિક્ષમાં, સ્વર્ગલોકમાં, ચૌદેય લોકમાં શાન્તિ શાન્તિ જ ફેલાઈ રહો એવી પ્રાર્થના સાથે જ પોતાનું નિત્યકાર્ય આરંભે છે. એ શાન્તિ અનુભવી શકાય, પણ જોઈ શકાય ખરી? આ સામેનો ફોટો જુઓ. તમને એમાં શાન્તિનું દર્શન થાય છે ખરું? પાણી ઉપર શાન્તિથી ઊંઘતી આ હોડી, પેલી દૂરની હોડીનો આરામ લેતો સઢ, શાન્તિમાં આનન્દથી ગરક થઈ જતો કિનારો એ બધું કેવું હૃદયંગમ લાગે છે!

આખું ચિત્ર શાન્તિની એક મધુર કવિતા જેવું છે. એ છબી લેતાં કેટલી મુશ્કેલી પડી હશે તે તમે, જો ફોટોગ્રાફી સંબંધી તમને કંઈ માહિતી હશે તો, સહેજે કહી શકશો. રાત્રે ઝાંખા પ્રકાશમાં ફોટો લેવો એ ભારે મુશ્કેલીભર્યું છે. આ ચિત્ર લેનાર આપણા કલાકારે સ્થળ અને સમયની પસંદગીમાં અસાધારણ કૌશલ્ય દાખવ્યું છે. ચિત્રની વિગતો જોતાં જ તમે સહેજે એ જોઈ શકશો. કલાકારને આખા દૃશ્યમાં ક્યાંય માણસની કે અન્ય પશુ-પંખીની જરૂર નથી દેખાઈ: અને છતાં એ બધાં વિના આખું ચિત્ર આપણને જીવન્ત સૃષ્ટિના ચિત્ર જેવું લાગે છે! આકાશ, ભૂમિ અને જળ એ ત્રણેનું સપ્રમાણ સુભગ મિલન ચિત્રમાં તમે જોઈ શકશો. પાણીને બે ભાગમાં વહેંચતા ખડકો પણ જાણે પોતાની કઠિનતા છોડીને ચાંદનીની મધુરતા ધારણ કરે છે! કિનારા તરફ ચાલ્યાં આવતાં નાનકડાં મોજાં, કિનારા પરની એ રેતીની શાન્ત ગોદમાં જાણે ગુપચુપ પોઢી જતાં હોય એમ લાગે છે. તેમાં પ્રતિબિમ્બિત થતું ચન્દ્રનું તેજ એ શાન્તિને આહ્લાદક બનાવે છે: એ શાન્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



શાન્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને લીધે નિર્મળ બની રહે છે. ચંદ્ર પણ આછાં વાદળાંની અટારીમાંથી મીઠું સ્મિત કરતો ધરતી પર પોતાનું શાન્તિરૂપી અમૃત રેલી રહ્યો છે! જે દૃશ્ય ફોટોમાં આટલું બધું હૃદયંગમ લાગે છે તે સાક્ષાત જોવાનું મળે ત્યારે તો કેવું લાગતું હશે! એવું દૃશ્ય જોવાની તમને ઇચ્છા થાય છે? તો કોઈ શાન્ત ચાંદની રાતે તમારા ગામની નજીક સમુદ્ર હોય તો સમુદ્રકિનારે, અથવા તો નદી કે તળાવને કાંઠે તમે જજો, અને એવો સમય અને ઋતુ પસંદ કરજો કે આ ફોટોમાં છે એવું સુન્દર દૃશ્ય તમને જોવાનું મળે. આ ચિત્રના સૌન્દર્યનું પાન કરતાં તમારી આ 'પાઠાવલી'માં આવેલી 'બ્રહ્મગિરિ' કવિતા અવશ્ય વાંચજો, અને આવાં દૃશ્યોની આપણા જીવન ઉપર શી અસર થાય છે તે ઉપર ઊંડું ચિન્તન કરજો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧

[વાદળાં તો આપણે સહુ કોઈએ જોયાં છે. કોઈ વખતે રૂના જેવા નરમ અને સુવાળાં, કોઈ વખતે રૂપરૂપના અંબાર જેવાં અનેક રંગે કલ્લોલ કરતાં, તો કોઈ વખતે નાનીનાની રૂપાળી હોડીઓની જેમ આકાશમાં આનંદથી તરતાં વાદળો જોતાં જે આનંદ આપણને થાય છે તે કેવી રીતે વર્ણવી શકાય ? શ્રી સુન્દરમે વાદળોની એ અમર કવિતા "રંગરંગ વાદળિયાં"માં ઝીલી લીધી છે. અનંતના ઓવારા પર રમતાં, તેજને પુવારે નહાતાં, વાયરાના વહાણે હેરિયાં ખાતાં, આશાના સુકાને કલ્લોલ કરતાં, ગગનને ગોળે પુદરડી ફરતાં, ગુલાલે રંગાતાં, તારાના તરંગે નાચતાં, આનંદના અભંગો લલકારતાં, અનંત રૂપરંગે એ વાદળિયાંને કવિએ 'તમારે ઉછંગે' ઉતાર્યાં છે ! ધરાઇધરાઇને એના રંગ તમે ઝીલજો, તેમા ડૂબકી મારજો અને તેની કવિતા ગાજો. શ્રી સુન્દરમે આવી અનેક કવિતાઓ લખી છે, "કાવ્યમંગલા" અને "કોયા ભગતની કડવી વાણી" નામના તેમના બે કાવ્યસંગ્રહો પણ બહાર પડેલા છે. તે ઉપરાંત માસિકોમાં પણ તે વારંવાર લખે છે. "પગલાં," "માગણ," "રૂડકી," "ભંગડી," "પાંદડી," વગેરે તેમની કવિતાઓ તમે અવશ્ય વાંચજો.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાં રે અમે ગ્યાં'તાં—
હો રંગના ઓવારે,
કે તેજના કુવારે,
અનંતના આરે,
કે રંગ રંગ વાદળિયાં.

હાં રે અમે ઊડ્યાં—
હો મોરલાના ગાણે
કે વાયરાના વહાણે,
આશાના સુકાને,
કે રંગ રંગ વાદળિયાં.

હાં રે અમે થંભ્યાં—
હો મહેલના મિનારે,
પંખીના ઉતારે,
કે ડુંગરાની ધારે,
કે રંગ રંગ વાદળિયાં.

હાં રે અમે પહોંચ્યાં—
હો આભલાને આરે,
કે પૃથ્વીની પાળે,
પાણીના પથારે,
કે રંગ રંગ વાદળિયાં.

હાં રે અમે નાહ્યાં—
હો રંગના ઓવારે,
કે તેજના કુવારે,
કુંકુમના ક્યારે,
કે રંગ રંગ વાદળિયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાં રે અમે પોઢ્યાં—
છલકંતી છોળે
દરિયાને હીંડોળે,
ગગનને ગોળે,
કે રંગ રંગ વાદળિયાં.

હાં રે અમે જાગ્યાં—
ગુલાલ ભરી ગાલે,
ચંદન ધરી ભાલે,
રંગાયાં ગુલાલે,
કે રંગ રંગ વાદળિયાં.

હાં રે અમે નાચ્યાં—
તારાના તરંગે,
રઢિયાળા રંગે,
આનંદના અભંગે,
કે રંગ રંગ વાદળિયાં.

હાં રે અમે આવ્યાં—
હોં રંગ રંગ અંગે,
અનંત રૂપરંગે,
તમારા ઉછંગે,
કે રંગ રંગ વાદળિયાં.

– સ્વાધ્યાય –

૧. અનન્ત એટલે જેનો અન્ત નથી તે. આકાશનો અન્ત નથી તે તમે કઈ રીતે બતાવશો ? 'અનન્તનો ઓવારે' એટલે શું ? ક્ષિતિજને આકાશનો ઓવારો કહી શકાય ?

૨. વાદળિયાંએ જે જે ક્રિયાઓ કરી તે 'ગ્યાં'તાં,' 'ઊભ્યાં,' 'થંભ્યાં,' 'પહોંચ્યાં' વગેરે ક્રિયાપદો દ્વારા કવિએ વર્ણવી છે. એ બધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રિયાઓ આ કવિતામાં જે ક્રમમાં વર્ણવાઈ છે તે ક્રમમાં ગોઠવો. તમને લાગે છે કે જે ક્રમમાં એ ક્રિયાઓ ગોઠવાઈ છે તેમાં કંઈ રહસ્ય રહેલું છે?

૩. આ કવિતામાં એકથી વધુ વાર વપરાએલા શબ્દો અને પંક્તિઓ શોધી કાઢી લખો.

૪. જે જે શબ્દોના આ કાવ્યમાં પ્રાસ મેળવ્યા છે તેની યાદી કરો.

૫. વાદળિયાંની આત્મકથા આ કવિતામાં જે રીતે વર્ણવાઈ છે તે રીતે તમારા શબ્દોમાં લખો.

૬. વાદળાં કોઈ વખત 'ભાલે ચંદન ભરતાં,' 'ગાલે ગુલાલ ભરતાં,' 'કુંકુમને કયારે' કે 'રંગને ઓવારે' નહાતાં શાથી માલમ પડે છે? વાદળમાં એ રંગો કયાંથી આવતા હશે? રંગો સંબંધી એ રહસ્ય બતાવતો કોઈ પાઠ તમે આ ચોપડીમાં શીખ્યાં છો? કયો?

૨૨

સાકરનો શોધનારો

[આપણે 'જમરાજ અને વૈદરાજ,' 'કાબુલી' વગેરે ઘણી ટૂંકી વાતો વાંચી, અને ટૂંકી વાત કેવી હોય તે સંબંધી જાણ્યું. 'સાકરનો શોધનારો' પણ એક પ્રકારની વાત છે, પણ તે વાત આપણને કોઈ કહેતું નથી; એ વાત જાણે આપણી નજર આગળ જ બનતી ન હોય, એ રીતે આપણે જોઈએ છીએ. એનાં જે પાત્રો છે તે બધાં વાતચીત કરતાં હોય છે, અને તેમની વાતચીત જેમ આગળ વધતી જાય તેમ તેમ વાર્તા ગૂંથાતી જાય છે. આવાં લખાણને નાટક કે નાટિકા કહે છે. 'સાકરનો શોધનારો' એ શ્રી યશવંત સવાઈલાલ પંડ્યાની લખેલી એક નાટિકા છે. શ્રી યશવંત પંડ્યાએ એના જેવી બીજી ઘણી નાટિકાઓ લખી છે. "ઘરદીવડી" અને "ત્રિવેણી" નામના તેમના બે બાલનાટકોના સંગ્રહ તમે સહેજે સમજી શકો એવા છે. તે વાંચતાં તમને જરૂર મઝા પડશે, પણ તે ભજવતાં તો તમને અપાર આનંદ થશે. "સાકરનો શોધનારો" તો તમે તરત જ ભજવી શકશો. એની ખરી ખૂબી શી છે એ ત્યારે જ તમે બરોબર જાણી શકશો.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ	ઓળખ	વય
અંજન	ભાઈ–બહેન	૧૦
કિન્નરી		૮
નિખિલરાય	એમના પિતા	૩૫
સુરેન્દ્રનાથ	દાક્તર	૩૦
ભાસ્કરરાય	નિખિલરાયના મિત્ર	૩૪

ચિત્ર પહેલું

[અંજનનો અભ્યાસખંડ જોવા જેવો છે. ખુરશીમાં, જાજમ ઉપર જોડા સાથે, જ્યાં ને ત્યાં ચોપડીઓ ને નોટબુકો રખડતી પડી છે. ટેબલ ઉપર મોજાં છે. મેલાં અને ધોયેલાં કપડાં પણ એક જ ઢગલામાં દેખાય છે. એક બે કિત્તા, બે ત્રણ પેનસિલ, રબ્બર વગેરે વતરણાં છૂટાંછવાયાં રખડે છે.

અહીં અંજન આવે છે.]

અંજન : લાલમાં વાદળી રંગ મેળવીએ એટલે જાંબુડો થાય. પીળામાં લાલ મેળવીએ એટલે નારંગી થાય. વાદળીમાં લીલો મેળવીએ એટલે...

[એ સંભારવાની મહેનત કરે છે. માથું ખંજવાળે છે. પણ કાંઈ ફાવતો નથી. પછી ચિડાઈને–]

માસ્તર આમ ગોખાવ્યા કરે એ ખોટું. યાદ તે કેટલું રહે? હું તે ગણિત ગોખું કે ઇતિહાસ ગોખું? એક પાકું કડકડાટ કરું છું ત્યાં બીજું મગજમાંથી ખાલીખમ થઈ જાય છે! (મૂઠી પછાડી) અમારે ભણવું તે કેટલુંક? રમવાનું તો જાણે નામ જ ન લેવું! હું તો હેરાન થઇ ગયો! આવું ભણતર તે કોણે કર્યું હશે?

[નિરાશ થઇને એ ખુરશીમાં પડે છે. એવામાં ટેબલપર હાથ આથડાતાં લાલ શાહીનો ખડિયો ઢળે છે. અંજન બ્લોટિંગ વડે ડાઘા સાફ કરે છે. એથી એનાં આંગળાં ખરડાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(બ્લોટિંગપરના ડાઘ સામે જોઇ) આ બરાબર ઉપાય છે. એક વાર આ લાલ ડાઘામાં ભૂરી શાહી ભેળવું એટલે પછી કોઈ દહાડો નહિ ભુલાય કે લાલ રંગમાં વાદળી રંગ ભેળવ્યાથી કયો રંગ ઉત્પન્ન થાય છે.

[એ વાદળી શાહીનો ખડિયો બ્લોટિંગ ઉપર ઊંધો વાળે છે. પણ ખબર નથી રહેતી કે એથી એના હાથ તો શું, પણ કપડાં પણ સારી પેઠે ખરડાય છે.]

બરાબર, જાંબુડો ! જાંબુડો !

[ઉત્સાહથી એ કૂદકા મારવા માંડે છે.]

(ફિકરથી) પણ પીળા રંગનું શું થશે ?

[એ વિચારવા લાગે છે. એટલામાં એની નાની બહેન કિન્નરી પ્રવેશ કરે છે.]

કિન્નરી : ભાઈ, ભાઈ, સત્તર સત્તાં કેટલાયાં સો ?

અંજન (ડાઘા સંતાડતો) : પણ હું વાંચું છું ત્યારે કેમ આવી ? જા; નથી કહેતો.

કિન્નરી : તું તો હમણાં કૂદકા મારતો હતો.

અંજન : તેમાં તારું શું ગયું ? જા; તું તારું કામ કર.

કિન્નરી : પણ...

અંજન : પણ ને બણ. માથું ન પકવ. વાંચવા દે.

કિન્નરી : કે કૂદકા મારવા દઉં ?

અંજન (ગુસ્સે થઈ) : ગરબડ નહિ. જા; હું કૂદીશ ખરો, પણ તને તો કાંઈ કહેવાનો નથી.

[અંજન ખરેખર ફરી કૂદવા લાગે છે. કિન્નરી શાહીના ડાઘા જોઈ જાય છે.]

કિન્નરી (તાળી પાડી) : બાપુને બોલાવવા દે. કપડાં કાળાં કર્યાં છે તો લગીર ગાલ લાલ કરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[કિન્નરી જવા જાય છે. અંજન તેનો હાથ ઝાલે છે.]

મને જવા દે.

અંજન : કિન્નુ, સત્તર સત્તાં ઓગણીસું સો.

[કિન્નરી જતી અટકે છે. અંજનને હાશ થાય છે. પણ ત્યાં તો એમના બાપુ આવે છે.]

નિખિલરાય : કેમ રે ? શાના ધમપછાડા ચલાવ્યા છે ?

અંજન : આ કિન્નુ મને ક્યારની પજવે છે.

નિખિલરાય : કેમ રે કિન્નુ ?

કિન્નરી : મસ્તી તો અંજુ કરે છે. એના હાથ જુઓ, એનાં કપડાં જુઓ.

[અંજને આંગળાં અને કપડાંના ડાઘા સંતાડવાની મહેનત લીધી હોય છે તે નકામી જાય છે. ડાઘા જોતાં નિખિલરાયનો મિજાજ બગડે છે એ જોતાં કિન્નરી ત્યાંથી સરકી જાય છે.]

નિખિલરાય (અંજનનો કાન પકડી) : ગધ્ધા, તું તો સુધરવાનો જ નહિ ને ! રોજ ને રોજ તારી સામે ફરિયાદ હોવાની ! એક દી બારીના કાચ ભાંગે છે તો બીજે દી દવાની બાટલી ફોડે છે ! આજે શાહી ઢોળી, કપડાં બગાડ્યાં, આખા ઘરમાં ડાઘા પાડ્યા...

[ગુસ્સો ઊભરાતાં નિખિલરાય અંજનને થપ્પડ ચોડી દે છે. અંજન ઢીલોઢફ બન્યો હોય છે.]

બોલ, કેમ કરતાં શાહી ઢળી ? ટેબલ પર નાચ કરતો હતો ? કે ખડિયા ઉછાળતો હતો ?

અંજન : હું લાલ શાહીમાં વાદળી ભેળવવા ગયો...

નિખિલરાય : ત્યારે તો કહેને ને હુન્નર કરતો હતો !

અંજન : ના. હું ખાતરી કરતો હતો કે એ બેની મેળવણીથી જાંબુડો રંગ થાય છે કે નથી થતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિખિલરાય : કેમ? કોઈ રંગારાને ત્યાં નોકરી લેવી છે કે શું? (માથામાં ટપલી મારી) બેસ. વાંચવાનું વાંચ. દસ વાગ્યા પહેલાં જો આ ખુરશીમાં હલ્યો કે ચલ્યો તો પગ જ વાઢી નાખીશ.

[અંજન ચુપચુપ ખુરશીમાં ગોઠવાય છે. નિખિલરાય પગ ઉપાડે છે ત્યાં કિન્નરી એમને રોકે છે.]

કિન્નરી : બાપુ, મા કહે છે કે તમે અંજુને મારશો મા.

નિખિલરાય : એણે જ એને બગાડ્યો છે ને? તદ્દન રેઢિયાળ છોકરો થઈ ગયો છે! કાલે એના માસ્તર પણ કહેતા હતા કે ભાઈ પહેલા નંબરના ઠોઠ છે. માસ્તર ભણાવે ત્યારે ભાઈનું મન ભીંતોમાં ભમતું હોય છે. ફાવે છે તો ઊંઘી જાય છે. નથી ઊંઘતા ત્યારે બાંકડાં બગાડે છે! વર્ગના બાંકડે બાંકડે એમનું નામ કોતરાઈ ગયું છે! તારી માને મોટા-ભાઈનાં પરાક્રમો તો કહે. પછી ભલે એનું ઉપરણું તાણે.

[કિન્નરી જતી રહે છે. અંજન જરા પાછળ નજર કરે છે.]

વળી ચોપડીમાંથી માથું ઊંચું કર્યું? આજે તારે માથે મોત ભમતું લાગે છે. મને એમ કે બાળકને કોણ કલેશ કરાવે! એટલે હું મૂગો રહેતો હતો. પણ તમે તો મોંમાં આંગળાં નાખીને બોલાવો એવાં છો! માવતરનું માવતરપણું રહેવા ક્યાં દો છો?

[અંજન વળી પાછો વાંચવામાં પડે છે. એની આંખો પાનામાં છે, પણ ધ્યાન ટપકામાં છે.]

કિન્નુ કહેતી હતી કે કાલે તું વીજળીના પંખાને અડપલું કરતો હતો. કોઈ દિવસ આંચકો લાગશે...

[કિન્નરી દાખલ થાય છે.]

કિન્નરી : પણ બાપુ, અમને આંચકો તો લગીરે નહોતો લાગતો.

નિખિલરાય : હવે તું એની વહારે ધા. બધાં એને બગાડવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજ્યાં છો. મને લાગે છે કે હવે મારે કડક થયા વિના નહિ ચાલે. અંજુ, ચાલ ઊભો થા.

[અંજન ઊભો થાય છે. કિન્નરી ગભરાય છે.]

(આંખો ફેરવી) આમ આવ.

[અંજન પાસે આવે છે. કિન્નરી દોડી જાય છે.]

(કડકાઇથી) તારે તોફાન કરવું હોય તો મોસાળ પાછો ચાલ્યો જા. અહીં તો ભણવાનું, ભણવાનું ને ભણવાનું. મસ્તી કરી છે તો માર્યા વગર નહિ મૂકું. આજથી બધું બંધ છે. પૈડું, ભમરડો, લખોટા મને સોંપી દે. સાઈકલ પર બેઠો છે તો તારી વાત તું જાણ્યો. ચાલ; બધું બહાર કાઢ.

[ટેબલનું ખાનું ઉઘાડી અંજન પૈડું અને સળિઓ, ભમરડો અને જાળ નિખિલરાયને સોંપે છે.]

લખોટા ક્યાં ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંજન : ખોવાઈ ગયા.

નિખિલરાય : કે મોટા ભા થઇને કોઇને દઈ દીધા ?

[અંજન ચૂપ રહે છે.]

બીજું શું શું છે

અંજન : કશું નથી.

નિખિલરાય : જોવા દે.

[નિખિલરાય ટેબલનાં ખાનાં તપાસે છે. ઊંડાણમાંથી થોડીક ખીલીઓ અને એક નાની હથોડી નીકળે છે.]

કેમ અંજુભાઈ, આનું શું કામ પડ્યું હતું ? એકાદ મગજમાં ખોડ એટલે મગજ ચસ્કી ન જાય.

[અંજન મૂગો રહે છે.]

(ફાટતે અવાજે) બોલતો કેમ નથી ? મોંમાં મગ ભર્યા છે ? હથોડી કેમ લીધી હતી ?

અંજન (રડતે સાદે) **:** આ ખુરશીના પાયા જરા ઢીલા થઈ ગયા છે તે...

નિખિલરાય : તે તું સમા કરવાનો હતો, કેમ ? સુતારને ઘરે અવતાર લેવો હતો ને ? આવો હજામ જેવો તું ક્યાં લગી રહીશ ? મારે તે તારા નામનો કેટલો કકળાટ કરવો ?

[અંજનની આંખમાંથી આંસુ ખરતાં હોય છે. કિન્નરી ડરતે ડગલે આવે છે.]

કિન્નરી : અંજુ, ચાલ, મા બોલાવે છે.

નિખિલરાય : જા; એની સોડમાં સંતા.

[કિન્નરી અંજનને ખેંચી જાય છે.]

(જતાં જતાં) બાળકોનાં ભવિષ્ય એમની માતાઓ જ રગદોળે છે. પ્રભુ ! પ્રભુ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩
સાકરનો શોધનારો

ચિત્ર બીજું

[માંદલો અંજન પથારીમાં પડ્યો છે. એનો પ્રફુલ્લ ચહેરો પીળો પડી ગયો છે. આંખોનું તેજ હણાયું લાગે છે. એની પડખે, ઈસિ ઉપર, કિન્નરી બેઠી છે ને અંજનના કપાળ પર, માથા પર, હૃદય પર, એ પોતાનો સુંવાળો હાથ ફેરવતી બિચારી તાકી તાકીને અંજન સામું જોતી હોય છે. એટલામાં જ અંજન પાસું બદલે છે.]

કિન્નરી (પંપાળતી) : અંજુ, ભાઈ, કાંઈ જોઇએ છે ?

અંજન : ના કિન્નુ. મારે કાંઈ નથી જોઇતું. તારે રમવા જવું હોય તો જા.

કિન્નરી : ના, અંજુ. હું તો અહીં બેસી રહેવાની.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંજન : શું કામ? હું માંદો પડ્યો તેમાં તારે શું કામ ન રમવું? બહેન.

કિન્નરી : ના, ભાઈ. હું ક્યા મોંએ રમું? (નીચું જોઈ) મારે વાંકે તું માંદો પડ્યો. મારે જ તને સાજો કરવો જોઈએ.

અંજન : તારે વાંકે? ના, ના. હું તડકામાં ખૂબ કૂદા કરતો. પછી તાવ ચડે એમાં શી નવાઇ?

કિન્નરી : ના, ના, અંજુ. આજે સવારે મા બાપુને કહેતી હતી કે તેમણે જ તને માંદો પાડ્યો છે. પેલે દિવસે તને બાપુ એટલું બધું ધખ્યા ન હોત તો તારી તબિયતને કશું ન થાત.

[અંજન કિન્નરીને જોઈ રહે છે.]

પછી મા મને વઢતી'તી કે મેં તને પજવ્યો ન હોત તો બાપુને કંઈ ખબર પડત નહિ. એટલે વાંક મારો છે.

[કિન્નરી અંજનની છાતી પર પોતાનું માથું ઢાળી દે છે. હેતાળ હાથે અંજન કિન્નરીનું માથું ઊંચું કરે છે. પછી તેના વાળ પર હાથ ફેરવે છે.]

અંજન : કિન્નરી, એમ ઢીલી ન થા. વાંક તારો ય નથી અને મારો ય નથી. મા ઘડીઘડી નસીબનો વાંક કાઢ્યા કરે છે ને? મારું યે નસીબ વાંકુ હશે.

[અંજન હસવાનો પ્રયત્ન કરે છે : હસી પણ શકે છે : પરંતુ એના હાસ્યમાં ઉત્સાહ નથી, રંગ નથી, ચેતન નથી.]

કિન્નરી : ભલે, ભાઈ. એ જે હોય તે ભલે રહ્યું. આપણે બીજી વાત કરીએ. તારે દવા પીવાનો વખત થયો છે. પીશ, અંજુ?

અંજન : જવા દે. મને બહુ કડવી લાગે છે. એ પીઉં છું એટલે આંખે અંધારાં આવે છે. જવા દે.

કિન્નરી : પણ ભાઈ, દવા પીધા વિના તે કાંઈ ચાલે?

[અંજન ઉત્તર નથી આપતો. કિન્નરી વિચારમાં પરોવાય છે. એવામાં નિખિલરાય અને સુરેંદ્રનાથ પ્રવેશ કરે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિખિલરાય : દાક્તરસાહેબ, અઠવાડિયામાં તો છોકરો લાશ થઈ ગયો. હવે તો બરાબર થઈ જાય એવું કાંઈક કરો. રોજ તો કેટલો તાવ છે, ક્યારે ઊતરે છે, વગેરે ચિઠ્ઠીમાં લખી મોકલતો. પણ આજે તો ઘરમાંથી હઠ લીધી કે તમને તેડાવવા.

સુરેન્દ્રનાથ : સારું કર્યું. આવા આળસમાં કોઈ વખત માણસ બાળક ગુમાવી બેસે છે. ઠીક છે કે આને એવું કશું નથી. બાકી મામલો બગડી બેસે પછી તો અમારે સુધારવો યે કેમ ?

[સુરેન્દ્રનાથને હસવું આવે છે. નિખિલરાય એનાથી ચિડાય છે. પણ શું કરે ?]

સાહેબ, છોકરો દવા બરાબર પીવે છે કે ?

[નિખિલરાય શીશી સામે જુએ છે. કિન્નરી તે જ પળે દવા કાઢી અંજનને આપે છે. અંજન એ ગટગટાવી જાય છે. મોં ન બગડે તેને માટે ઘણો પ્રયત્ન કરે છે તો ય લગીર એમ થઈ જાય છે.]

(હાથ પહોળા કરી) લ્યો ! દવા પીવી નહિ ને તબિયત સુધારવી ! એ તે કદી બનતું હશે ? હરિ ભજ્યા વિના વૈકુંઠ મળતું હશે ? હહહહા !

નિખિલરાય : દાક્તરસાહેબ, હવેથી હું ધ્યાન રાખીશ. અંજુ, સાંભળ્યું ને ? દવા વખતસર પીવાની છે. અને કિન્નુ, સાંભળ્યું કે ? દવા નિયમસર પાવાની છે.

કિન્નરી : હો, બાપુ.

સુરેન્દ્રનાથ : તો ચાલો, હું લખી આપું.

[નિખિલરાય અને સુરેન્દ્રનાથ પાછા ફરે છે.]

કિન્નરી : અંજુ, દાક્તરસાહેબે તો તારી નાડે ન તપાસી !

અંજન : સારું થયું. હવે હું દવા ઢોળી નાખવાનો છું.

કિન્નરી : અરે ! એવું તે થાય ?

[એટલામાં અંદરથી અવાજ આવે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવાજ : કિન્નુ, અહીં આવ તો ?

કિન્નરી : આ આવી, મા.

અંજન : જા જોઉં, શું કહે છે ? તું અહીંની અહીં બેસી રહે છે અને એને તો કાંઇયે મદદ કરતી જ નથી !

[કિન્નરી જલદી જાય છે. અંજન ધીમેથી પથારીમાં બેઠો થાય છે.]

(કંકાસથી) હું હસતો નથી એટલે મા રડ્યા કરે છે ! હું બોલતો નથી એટલે બહેન ગમગીન બને છે ! પણ હું શું કરું ? મારો આનંદ મરી ગયો છે ! જાણે જીવન જ જતું રહ્યું !

[હાંફતી હસતી કિન્નરી આવે છે.]

કિન્નરી : ભાઈ, ભાઈ ! ભાસ્કરકાકા આવ્યા !

અંજન (હોંશથી) **:** હેં ! ચાલ; ક્યાં બેઠા છે ?

કિન્નરી : હમણાં અહીંઆં આવશે. મા તેમને તારી જ વાત કરતી હતી.

[અંજનના હોઠ પર હાસ્ય ફરકે છે.]

અને એમની પેટીમાં તો શાં શાં રમકડાં લાવ્યા છે ! જાણે રાત ને દિવસ રમ્યા જ કરીએ.

[આ સાંભળતાં અંજનનો ચહેરો ઊતરી જાય છે. કિન્નરીને તેનું કારણ નથી સમજાતું. પાછળથી નિખિલરાય અને ભાસ્કરરાય આવે છે. પણ ભાઈબહેનને તેની ખબર ન પડે એમ એઓ છાનામાના ઊભા રહે છે.]

અંજન : ભાસ્કરકાકા ભલે આવ્યા, ભલે રમકડાં લાવ્યા; પણ એમને ક્યાં ખબર છે કે બાપુએ એની બંધી કરી છે ?

કિન્નરી (હસતી જતી) **:** તું જોજે તો ખરો. એઓ બાપુને કહી દેવાના છે કે આપણને કદી વઢે નહિ, મારે નહિ, પણ બસ રમવા જ દે. હું અહીં આવી ત્યારે એઓ માને એમ જ કહેતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંજન (આતુર આંખોએ) : તું સાચું કહે છે, કિન્તુ ? અરે ! તો તો બીજું જોઇતું'તું શું ?

[ઉલ્લાસભાર્યો અંજન કિન્નરીને બાઝી પડે છે. તેઓની નજર પડે એ પહેલાં ભાસ્કરરાય નિખિલરાયને લઈ ચાલ્યા જાય છે.]

૨૪

સાકરનો શોધનારો

ચિત્ર ત્રીજું

[નિખિલરાય અને ભાસ્કરરાય દીવાનખાનામાં આવે છે. ખંડ સુશોભિત છે. નિખિલરાય આરામખુરશીમાં અદ્ધર બેસે છે. ભાસ્કરરાય ઝૂલતી ખુરશીમાં હીંચે છે.]



ભાસ્કરરાય : જોયું ને, નિખિલભાઈ? એટલી વારમાં અંજન કેટલો ખુશમિજાજમાં આવી ગયો ? એને તમારી બીકનો તાવ આવતો હશે.

[પહેલાં તો નિખિલરાય ભાસ્કરરાય સામે જોઈ રહે છે. પણ પછી બચાવ તરીકેનું બહાનું કાઢે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિખિલરાય : ભાસ્કરભાઈ, તમે ખોટો દોષ દો છે. અંજુનાં લક્ષણ તમે જાણતા નથી. મહિના દહાડા પહેલાં એ કૉલસાનો એક મોટો કકડો લઈ એનો ભૂકો કરતો હતો.

ભાસ્કરરાય : શા વાસ્તે ?

નિખિલરાય : મેં પૂછ્યું ત્યારે કહે કે કૉલસામાંથી સાકર બને છે એવું તેણે વાંચ્યું છે. એટલે એ એમાંથી સાકર શોધતો હતો ! આવું એક વાર નથી બન્યું; નિત્ય નવા હુન્નર ! કેટલા કહું ? મારે તે ક્યાં સુધી આંખ આડા કાન કરવા ? (હવામાં હાથ વીંઝી) એમાં ભણવાનું તો નામ જ ન મળે ! અને નક્કામા થોથાં જડે તો એની પાછળ ઉજાગરા કરે !

ભાસ્કરરાય : ભાઈ, તમારી ભૂલ થાય છે. ભણવાની ચોપડીઓ મોઢે કરનારાઓએ પણ એમનું કેટલું દળદર ફિટાડ્યું ? એવા ય ચૌટે ચૌટે રખડે છે. આપણા વર્ગમાં કાયમ પહેલા પાંચની અંદર નામ રાખનાર રાજારામને મહિને માંડ પાંત્રીસ રૂપરડી મળે છે ! પેલા છેલ્લે બાંકડે પડી રહેનાર રામલાલે લોખંડના ધંધામાં બંગલા બંધાવ્યા છે ! બધું આપણી આંખ આગળ છે.

નિખિલરાય (ગરમ થઈ) : એટલે ? મારે એને લોઢાના કારખાનામાં મોકલવો, એમ ?

ભાસ્કરરાય (હસી) : ગુસ્સે ન થશો. પણ હું માનું છું કે અંજનમાં બુદ્ધિ છે, શક્તિ છે. એટલે હું માગું છું કે તમે એને રૂંધી ન નાખો. એને સાચા માર્ગે વળવા દો. અંજનનું જીવન જ્યાં હણાય નહિ, પણ પ્રફુલ્લે, ત્યાં તેને જવા દો. એ કૉલસામાંથી સાકર શોધનારો કોઈક દિવસ જગતને નવું અજવાળું આપશે.

[નિખિલરાય પર આની અસર થઈ જણાય છે, કારણ કે એઓ તદ્દન મૌન જાળવે છે. ભાસ્કરરાયને આથી સંતોષ ઊપજે છે. ખુરશીમાંથી ઊભા થઈ, એઓ બારણે પહોંચે છે.]

(બૂમ મારી) અંજુ, કિન્નુ, અહીં આવો.

[કિન્નરી આવી પહોંચે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિન્નરી : શું કહ્યું, કાકા ?

ભાસ્કરરાય : અંજન ક્યાં ?

અંજન (જોરથી) : આવ્યો.

અંજન આવે છે.]

ભાસ્કરરાય (ધીરેથી) : જાઓ. લતાભાભીને કહો કે તમને રમકડાં વહેંચી આપે.

[કિન્નરી ઊપડી જાય છે. અંજનની આંખો નિખિલરાય ભણી હોય છે. જાણે જવાની રજા ન માગતી હોય !]

નિખિલરાય : જા.

[ઉમંગથી ઊછળતા પગલે અંજન કિન્નરીને પકડી પાડે છે.]

ભાસ્કરરાય (એ બતાવતાં) : જોયું ?

[નિખિલરાય આડું જોઈ જાય છે. ભાસ્કરરાય પડખે પડેલું છાપું ઉપાડે છે. અંદરથી આવતો અંજન અને કિન્નરીનો મીઠો કિલકિલાટ બંનેના કાને અથડાય છે.]

– સ્વાધ્યાય –

૧. " સાકરનો શોધનારો " તમારા શબ્દોમાં વાર્તારૂપે લખો.

૨. આ નાટકમાં જે જે પાત્રો આવે છે તેનો પરિચય આપો.

૩. આમાં કયું પાત્ર બહાર આવતું નથી, છતાં નાટકમાં અગત્યનો ભાગ ભજવે છે અને છોકરાંઓને તેની હૂંફ રહે છે ?

૪. આ નાટકનાં ત્રણ ચિત્રોમાંથી તમને સૌથી વધુ કયું ગમ્યું ?

૫. " સાકરનો શોધનારો " એવું આ નાટકનું નામ શાથી રાખવામાં આવ્યું હશે ? બીજું કોઈ નામ તમે સૂચવશો ?

૬. અંજન અને કિન્નરીમાંથી તમને કોણ વધુ ગમ્યું ? નિખિલરાયનો સ્વભાવ તમને કેવો લાગ્યો ? ભાસ્કરરાય અને નિખિલરાયમાંથી તમે કોને પસંદ કરો ? શાથી ? સુરેન્દ્રનાથ તમને કેવા લાગ્યા ? એવા કોઈ બીજા પુરુષો તમે જોયા છે ?

૭. આ નાટક ભજવવામાં જે જે સાધનોની જરૂર પડે તેની યાદી કરો; અને એ ભજવવામાં શું શું તૈયારી કરવી પડે તેનો ટૂંકો હેવાલ આપો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫

બાપાની પીપર અને ભાદરવાનો ભીંડો

[ક. દ. ડા. ને નામે ગૂજરાતભરમાં જાણીતા થએલા કવિ દલપતરામ ડાહ્યાભાઈ, કવિ નર્મદના સમકાલીન એક મોટા ગૂજરાતી કવિ હતા. તેમની કવિતાઓ સરળ, મીઠી અને કોઈ કોઈ જગ્યાએ કટાક્ષવાળી પણ છે. અહીં તેમની કવિતામાંથી બે નમૂના આપ્યા છે. એક બાપાની પીપર નામની કવિતા છે. કવિને રસ્તામાં ખૂબ તાપ લાગ્યો હશે, અને આ બાપાની પીપર હેઠળ તેમને શીળો છાંયડો લાધ્યો તેથી રાજી થઈ તેમણે બાપાની પીપરને અમર બનાવતી એ કવિતા લખી. બીજી ભાદરવાનો ભીંડો નામની કવિતા છે. દલપતરામની વિનોદભરી કવિતાનો એ સુંદર નમૂનો છે. ઊગતા જુવાનિયાઓની ઉદ્ધતાઈ ઉપર એ એક સુન્દર કટાક્ષ છે. ઘણાખરા જુવાનિયાઓને જુવાનીના તોરમાં ઘરડાઓ અક્કલ વિનાના લાગે છે, તેવાઓ ઉપર આ કવિતામાં સરળ કટાક્ષ રહેલો છે. બન્ને કવિતાઓ કવિએ કુંડળિયામાં લખી છે. આપણા અત્યારના કવિઓ દુર્ભાગ્યે એ છંદ હાલ ભાગ્યે જ વાપરે છે; પણ આ કવિતાઓ વાંચતાં એ કેવી મઝાની રચના છે તે તમે સહેજે જોઇ શકશો. એમાં બીજી લીટી દોઢાય છે એથી કાવ્ય સુન્દર લાગે છે, તેમ પ્રાસની મઝા પણ એમાં અનેક રીતે લઈ શકાય છે.]

* * * *

બાપાની પીપર

– કુંડળિયા –

વિચરીને વઢવાણથી લીધો લીંબડી પંથ,
વિતક વરણવતાં વધે ગ્રીષ્મ-વરણન ગ્રંથ—
ગ્રીષ્મ વરણન ગ્રંથ, પંથમાં ન મળ્યું પાણી,
તપ્યો પ્રલય સમ તાપ, રહી શિર રામકહાણી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખે દલપતરામ, રામનું રટણ કરીને,
અતિશય કર્યો ઉચાટ, વાટ મધ્યે વિચરીને.

લગભગ આવી લીંબડી, દોઢ ગાઉ પર દૂર,
ત્યાં તો ઘોમ ઘખ્યો ઘણો, ન રહ્યું તનમાં નૂર—
ન રહ્યું તનમાં નૂર, સૂરજે શરીર તપાવ્યું,
છાયો ન મળે છેક, એક પણ ઝાડ ન આવ્યું.
દાખે દલપતરામ, ભલી જોતાં મન ભાવી;
પીપર બાપા તણી, લીંબડી લગભગ આવી.

બાપાની પીપર બડી પૃથ્વી પર પ્રખ્યાત,
પ્રસિદ્ધ જેવો પ્રાગવડ; વિશ્વ વખાણે વાત—
વિશ્વ વખાણે વાત, પીંપળો પ્રભાસ પાસે,
કદંબ જમુનાકૂલ, કલ્પતરુઓ કૈલાસે.
દાખે દલપતરામ, ઉપમા એ આપ્યાની
ભલે થઈ ભૂ મહીં બડી પીપર બાપાની!

ત્યાં બેસીને ત્રણ ઘડી કવિએ કર્યો વિરામ,
અતિ સુખ ઊપજ્યું તે થકી, આશિષ દીધી આમ—
આશિષ દીધી આમ નામ તુજ નવજુગ રે'હજો!
તુજને વાવી તેહ લાખ સુખ સ્વર્ગે લેજો!
દાખે દલપતરામ પરમ પદમાં પેસીને
લેજો ઉત્તમ લ્હાવ, બહુ જુગ ત્યાં બેસીને!

આંબા કરતાં અતિ ભલું દીસે તારું ડોળ;
શેલડી શા હિસાબમાં? આપે સાકર ગોળ—
આપે સાકર ગોળ તાપ તનનો ન મટાડે;
સુરતરુ સ્વર્ગે વસે, ન દેખે નર કોઈ દહાડે,
દાખે દલપતરામ, સરવ તરુના ગુણ સ્મરતાં,
તુજમાં અમૃત તત્ત્વ, અધિક તું આંબા કરતાં!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાહ્નવી તીરે જળ તણું, દેવું સુલભ દાન;
દેજો નિર્જળ દેશમાં, કહું જળ કિંમતવાન.

ભાદરવાનો ભીંડો

– કુંડળિયો –

ભીંડો ભાદરવા તણો, વડને કહે સુણ વીર,
સમાઉં નહિ હું સર્વથા, તું જા સરવર તીર—
તું જા સરવર તીર, સુણી વડ ઉચ્ચર્યો વાણી,
વીતે વર્ષાકાળ, જઈશ હું બીજે જાણી.
દાખે દલપતરામ, વીત્યો અવસર વર્ષાનો,
ગયો સુકાઈ સમૂળ ભીંડો તે ભાદરવાનો.

– સ્વાધ્યાય –

૧. બાપાની પીપર ઉપર કવિતા લખવાનું કવિને શાથી મન થયું ?
૨. બાપાની પીપરને કવિએ શાની શાની ઉપમા આપી છે ?
૩. કવિએ પીપરને શી આશિષ દીધી ?
૪. શેરડી કે સૂરતરુ બાપાની પીપર આગળ હિસાબમાં નથી એમ કવિ શાથી જણાવે છે ?
૫. 'ભાદરવાનો ભીંડો' કવિતા વડ અને ભીંડા વચ્ચેના સંવાદ રૂપે તમારા શબ્દોમાં લખો.
૬. 'વીતે વર્ષાકાળ, જઈશ હું બીજે જાણી' એમ વડે ભીંડાને શાથી કહ્યું ?
૭. 'ભાદરવાનો ભીંડો' કવિતા તમને ગમી હોય અને એવું વધુ વાંચવાનું મન થતું હોય તો વાંચો શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણીનું "વડલો" નામનું નાટક. તેમાં વડ અને ભીંડા વચ્ચેનો સંવાદ પણ તમને વાંચવા મળશે.
૮. આ બન્ને કવિતામાં જે જે શબ્દોના પ્રાસ મળ્યા છે તે શોધી કાઢો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૬



[શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી ગૂજરાતના એક સમર્થ સાહિત્ય-સેવક તરીકે એકલા ગૂજરાતમાં જ નહિ પણ હિન્દભરમાં જાણીતા છે. તેમની તેજસ્વી કલમે આપણને 'પાટણની પ્રભુતા,' 'ગૂજરાતનો નાથ,' 'રાજાધિરાજ' આદિ અનેક સુંદર નવલકથાઓ અને અનેક નાટકો આપ્યાં છે. 'રાજાધિરાજ'માંથી એક અતિ કરુણ પ્રસંગ અહીં ઉતાર્યો છે. રાણકદેવી અને સિદ્ધરાજ જયસિંહ ગૂજરાતના ઇતિહાસનાં અમર પાત્રો છે. બન્નેએ આપણા લોકસાહિત્યને અમર કર્યું છે. રાણક-દેવીને લગતા સોરઠા કાઠિયાવાડનાં ગામડાંઓમાં હજુ પણ લહેરથી લોકો લલકારે છે. સિદ્ધરાજની દુષ્ટતાને અમર કરતો જસમા ઓડણનો ગરબો હજુ પણ ગૂજરાત-કાઠિયાવાડમાં ઘરે ઘરે ગવાય છે. રાણકદેવી ઉપર ગૂજરાતીમાં બીજા અનેક લેખો લખાયા છે. તેમાંથી 'કિશોર' ના પહેલા વર્ષની ફાઇલમાંથી શ્રી. રામનારાયણ ના. પાઠકનો લેખ આ પાઠના અનુસંધાનમાં તમે વાંચજો.]

* * *

સાંઢણી પરથી ઊતરી મીનળદેવી તરત જ રાણકદેવી પાસે ગયાં અને "જય અંબે!" ગણગણતી સતીને પગે લાગ્યાં. રાણકની આંખમાં દૈવી તટસ્થતા આવી ગઈ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" અંબા ભવાની મા તમારું ભલું કરે. " સતીએ દુશ્મનની મા અને સ્ત્રીને આશીર્વાદ આપ્યો. " મીનળદેવી ! મારા રા'ને લાવ્યાં છો ? " તેની આંખ સુકાઈ ગઈ હતી.

" હા, માથું આણ્યું છે. "

રાણુકે નિસાસો મૂક્યો. " કાલે સવારે મારે સતી થવું છે."

" જેવી સતીની આજ્ઞા. "

" મારા રા'ને અહીંયાં મોકલાવો. "

" માના ! લાવ તો. " મીનળદેવીએ અનુચરને આજ્ઞા કરી.

અનુચર શાલમાં વીંટેલું રા'નું માથું લઈ આવ્યો. રાણુકના મોઢા પરથી પલ વાર ફિક્કાશ જતી રહી. તે એકદમ ઊભી થઇને આગળ આવી. અનુચર પાસેથી માથું લઈ લીધું.

" મારા રા'—" રાણુકનો અશ્રુપૂર્ણ અવાજ આવ્યો પણ તેની આંખમાં આંસું નહોતાં.

ધીમેથી તે હસી–મ્લાન વદને. " મારા રા' ! મારા સોરઠના ધણી ! હું આવી. " કહી તેણે પતિનું મસ્તક છાતી સાથે ચાંપ્યું.

મીનળદેવી ને લીલાદેવીની આંખો ભીની થઈ ગઈ.

રાત ધીમે ધીમે જવા માંડી.

પ્હો ફાટ્યો તો પણ રાણુક ત્યાંની ત્યાં જ બેસી રહી હતી.

સવાર પડતાં પહેલાં આખું વઢવાણ ગામ ઘર બહાર નીકળ્યું. પુરુષો ને સ્ત્રીઓ ખેંગારની રાણી સતી થતી હતી એટલે તેને પૂજવા કંકુ ને ફૂલ લઈ બહાર પડ્યાં. રસ્તે લોકોની ઠઠ માતી નહોતી અને બધાં ભોગવાને તીરે સ્મશાન તરફ જતાં હતાં.

ડંકા ને શરણાઇના અવાજ ગાજી રહ્યા. ઘોડેસ્વાર અને પાળાની સ્વારી ચાલી. આખા ગામમાં " જય અંબે ! જય અંબે " ની ઘોષણા ગાજી રહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂર્યોદય થતાં રાજગઢમાંથી સ્મશાનીઆઓ નીકળ્યા. ઠાઠડી પર ફૂલોના ઢગમાં ખેંગારનું માથું મૂકયું હતું અને ચારે તરફ જરીનો શણગાર મૂકયો હતો. સ્મશાનીઆઓમાં દુઃખી દેખાતા મહારાજાધિરાજ જયસિંહદેવ ને મહાઅમાત્ય મુંજાલને લોકો જોઈ રહ્યા.

પાછળ સતી રાણુક 'જય અંબે' ઉચ્ચારતી આવી. તેની પાછળ રાજ્યમાતા ને રાણી અને બીજી સ્ત્રીઓ હતી.

બધા સ્મશાનીઆઓ ભોગવાને તીરે આવ્યા. બધાની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં.

ચિતા ખડકાઈ ગઈ ને ધીમેથી, નિડરતાથી રાણુક તેના પર ચડી. તેના મુખ પર આનંદ છવાઈ રહ્યો હતો. બ્રાહ્મણે તેને લલાટે કંકુ કર્યું, પાસે શ્રીફલ મૂકયાં ને રા'નું માથું તેને આપ્યું.

ખમ્મા મારા રા'ને.' કહી રાણુકે પતિનું માથું લઈ, હેતથી ખોળા પર મૂકયું ને "જય અંબે! જય અંબે! જય અંબે!" તે બોલી.

જયસિંહદેવે આગ મૂકી—ને ડંકા, શરણાઈ ને તૂરીના અવાજે ગગન ભેદાઈ ગયું. ચારે તરફ ગુલાલ ને કંકુએ વાતાવરણ લાલ કરી મૂકયું.

"જય અંબે! સતી માતાનો જય!" એ ઘોષણા થયા જ કરી.

ચિતાની ચારે પાસે કંકુ ને ગુલાબ ઊછળી રહ્યાં. વૈશ્વાનલ લાકડે લાકડે ફૂદ્યો—એક મહાજ્વાલ ભભૂકી ને રાણુકના વાળ જળી ઊઠ્યા.

ચારે તરફ તુમુલ નાદ થયો. ચારે તરફ વાતાવરણ કંકુમય થઈ રહ્યું. એક "જય અંબે"ની બૂમ-એક ચીસ આ ઘોંઘાટમાં સંભળાઈ ન સંભળાઈ અને સતી રાણુક દેહ છોડી રા'ની સાથે જઈ વસી.

—અને ભોગાવો આ સતીની ભક્તિની પરમ કસોટી જોઈ રહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

– સ્વાધ્યાય –

૧. સતી થવાના વિધિનું સવિસ્તર વર્ણન કરો.

૨. કરણઘેલામાંથી ગુણસુન્દરીનો સતી થવા સંબંધેનો પ્રસંગ તમે વાંચ્યો છે? ન વાંચ્યો હોય તો તે વાંચી તેમાં અને આ પાઠમાં શું શું મળતું આવે છે તે જણાવો.

૩. સતી થવાની પ્રથા હિન્દમાં કોણે બંધ કરી? એ પ્રથા બંધ થઈ એ સારું થયું કે કેમ, તે સંબંધી તમારો અભિપ્રાય જણાવો.

૪. મહારાજ જયસિંહદેવ અને મહાઅમાત્ય મુંજાલ શાથી દુઃખી દેખાતા હતા?

૫. 'ભોગાવો આ સતીની ભક્તિની પરમ કસોટી જોઈ રહી.' આ વાક્યનો અર્થ સમજાવો.

૬. આ પાઠમાંથી થોડાં અકર્મક અને સકર્મક ક્રિયાપદ, કૃદંત અને સર્વનામની યાદી કરો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭
નારાયણ હેમચંદ્ર

[સ્વ૦ નારાયણ હેમચંદ્ર ગૂજરાતના એક ઘણા જાણીતા લેખક હતા. જેવા તે વિદ્વાન હતા તેવા જ સ્વતંત્ર મિજાજના અને સ્વાશ્રયી અને નીડર હતા. ઇંગ્લાંડ જેવા રૂઢિપૂજક દેશમાં—જ્યાં અમુક પ્રકારે જ કપડાં પહેરાય, અમુક પ્રકારે જ જમાય, અમુક પ્રકારે જ વાત થઈ શકે તેવા દેશમાં પણ કોઈ પણ જાતની ખોટી શરમ કે રૂઢિને વશ થયા વિના—કદાચ પોતાની ઠેકડી થશે તેની પણ પરવા કર્યા વિના એક સાચા હિન્દીને છાજે તેમ તે ગૌરવપૂર્વક રહેતા. તેમના એ જીવનનું એક સુન્દર ચિત્ર ગાંધીજીએ તેમની આત્મકથામાં આપ્યું છે. ગાંધીજીની આત્મકથાની જગતમાં ઉત્તમ પુસ્તકોમાં ગણના થઈ છે. દુનિયાની ઘણી-ખરી ભાષામાં તેનું ભાષાન્તર થએલું છે. એવાં પુસ્તકો આપણા સાહિત્યમાં ઘણાં ઓછાં છે. એ આત્મકથા ગાંધીજીએ પોતાની મહત્તા ગાવા નથી લખી, પણ પોતાના અનુભવના દર્પણ તરીકે અને પોતે સત્યનું પાલન કરવા કઈ કઈ મુશીબતો વેઠી તેના ઇતિહાસ તરીકે તેમણે લખી છે. એ વાંચતાં આપણને ઘણું નવું જાણવાનું મળે છે એટલું જ નહિ, પણ આપણો આત્મા વધુ ઉન્નત માર્ગે જવા પ્રેરાય છે. નારાયણ હેમચંદ્રે પણ એવી જ રીતે "હું પોતે" નામની પોતાની આત્મકથા લખેલી છે. આપણા સાહિત્યમાં એવી આત્મકથાઓ નર્મદાશંકર, કાકા કાલેલકર આદિએ લખેલી છે. કાકા કાલેલકરની "સ્મરણ યાત્રા" તો તમે આ ઉમ્મરે પણ રસપૂર્વક વાંચી શકશો—અને તમારે અવશ્ય તે વાંચવી જ જોઇએ. શ્રી. કનૈયાલાલ મુનશીએ પણ "અડધે રસ્તે" નામની પોતાની આત્મકથા લખવા માંડી છે. આવાં પુસ્તકો અનેક દૃષ્ટિએ ઘણાં મહત્ત્વનાં છે તે એવાં પુસ્તકોના વિશેષ પરિચયમાં તમે આવશો ત્યારે ધીરે ધીરે સહેજે જોઈ શકશો.]

* * *

આ જ અરસામાં સ્વ. નારાયણ હેમચંદ્ર વિલાયતમાં આવ્યા હતા. લેખક તરીકે તેમનું નામ મેં સાંભળ્યું હતું. તેમને હું નેશનલ ઇન્ડિયન એસોસિયેશનવાળાં મિસ મૅનિંગને ત્યાં મળ્યો. મિસ મૅનિંગ જાણતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતાં કે મને બધાની સાથે ભળતાં નહોતું આવડતું. હું તેમને ત્યાં જતો ત્યારે મૂગો બેઠો રહેતો; કોઈ બોલાવે તો જ બોલું.

તેમણે નારાયણ હેમચન્દ્રની ઓળખાણ કરાવી.

નારાયણ હેમચન્દ્રને અંગ્રેજી નહોતું આવડતું. તેમનો પોશાક વિચિત્ર હતો. બેડોળ પાટલૂન પહેર્યું હતું. ઉપર ચોળાઈ ગયેલો, કાંઠલે મેલો, બદામી રંગનો કોટ હતો. નેકટાઈ કે કૉલર ન હતાં. કોટ પારસી ઘાટનો પણ ડૉળ વિનાનો. માથે કૂમતાવાળી ઊનની ગૂંથેલી ટોપી હતી. તેમણે લાંબી દાઢી રાખી હતી.

કદ એકવડિયું, ઠીંગણું કહીએ તો ચાલે. મોં ઉપર શીળીના ડાઘ હતા. ચહેરો ગોળ, નાક નહિ અણીદાર, નહિ ચીબું. દાઢી ઉપર હાથ ફર્યા કરે.

બધા ફૂલફટાક લોકો વચ્ચે નારાયણ હેમચન્દ્ર વિચિત્ર લાગતા હતા અને બધાથી નોખા પડી જતા હતા.

"આપનું નામ તો મેં બહુ સાંભળ્યું છે. આપનાં કંઈ લખાણો પણ વાંચ્યાં છે. આપ મારે ત્યાં આવશો ?"

નારાયણ હેમચન્દ્રનો સાદ ભાંભરો હતો. તેમણે હસમુખે ચહેરે જવાબ આપ્યો:

"તમે ક્યાં રહો છો ?"

"સ્ટોર સ્ટ્રીટમાં."

"ત્યારે તો આપણે પડોશી છીએ. મારે અંગ્રેજી શીખવું છે. તમે મને શીખવશો ?"

મેં જવાબ આપ્યો: "જો આપને કંઈ મદદ દઈ શકું તો હું રાજી થઉં, મારાથી બનતી મહેનત જરૂર કરીશ. આપ કહેશો તો હું આપને ત્યાં આવીશ."

"ના, ના. હું જ તમારે ત્યાં આવીશ. મારી કને પાઠમાળા છે તે હું લેતો આવીશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે વખત મુકરર કર્યો. અમારી વચ્ચે ભારે સ્નેહગાંઠ બંધાઈ.

નારાયણ હેમચન્દ્રને વ્યાકરણ મુદ્દલ નહોતું આવડતું. 'ઘોડો' ક્રિયાપદ બને ને 'દોડવું' નામ બને આવા વિનોદી દાખલા તો મને કેટલાયે યાદ છે. પણ નારાયણ હેમચન્દ્ર મને પી જાય તેવા હતા. મારા અલ્પ વ્યાકરણથી એ કાંઈ મોહી જાય તેવા ન હતા. તેમને વ્યાકરણ ન આવડે તેની શરમ તો હતી જ નહિ.

"હું કંઈ તમારી જેમ નિશાળમાં શીખ્યો નથી. મને મારા વિચારો જણાવવામાં વ્યાકરણની જરૂર નથી જણાઈ. જુઓ, તમને બંગાળી આવડે છે? મને તો બંગાળી આવડે. હું બંગાળમાં ફર્યો છું. મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોરનાં પુસ્તકોનો તરજૂમો તો ગૂજરાતી પ્રજાને મેં જ આપ્યો છે ના? મારે તો ઘણી ભાષામાંથી ગૂજરાતી પ્રજાને તરજૂમા આપવા છે. તે કરવામાં યે હું શબ્દાર્થને નથી વળગતો. ભાવાર્થ આપું એટલે મને સંતોષ. મારી પછી બીજાઓ ભલે વધારે આપે. હું તો વગર વ્યાકરણે મરાઠી–હિંદી જાણું, ને હવે અંગ્રેજી જાણતો થવા લાગ્યો. મારે તો શબ્દભંડાર જોઇએ. તમે એમ ન જાણતા કે એકલા અંગ્રેજીથી મને સંતોષ થવાનો છે. મારે તો ફ્રાન્સ જવું છે, ને ફ્રેન્ચ પણ શીખી લેવું છે. હું જાણું છું કે ફ્રેન્ચ સાહિત્ય બહોળું છે. બનશે તો જર્મની પણ જઈશ ને જર્મન શીખી લઈશ."

આમ નારાયણ હેમચન્દ્રની ધારા ચાલતી જ રહી. ભાષાઓ જાણવાનો અને મુસાફરી કરવાનો તેમનો લોભ અપાર હતો.

"ત્યારે તો તમે અમેરિકા જવાના જ."

"જરૂર. એ નવી દુનિયા જોયા વિના હું પાછો જાઉં કે?"

"પણ તમારી પાસે એટલા બધા પૈસા ક્યાં છે?"

"મારે પૈસાનું શું કામ? મારે ક્યાં તમારા જેવી ટાપટીપ કરવી છે? મારે ખાવું કેટલું ને પહેરવું કેટલું? મારા પુસ્તકોમાંથી કંઈક મળે છે તે અને થોડું મિત્રો આપે તે બસ થઈ જાય. હું તો બધે ત્રીજા વર્ગમાં જ જનારો રહ્યો. અમેરિકા ડેકમાં જઈશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નારાયણ હેમચન્દ્રની સાદાઈ તો તેમની પોતાની જ હતી. તેમની નિખાલસતા પણ તેટલી જ હતી. અભિમાનનું નામ નહોતું. પોતાની લેખક તરીકેની શક્તિ વિષે જોઇએ તેના કરતાં પણ વધારે વિશ્વાસ હતો.

અમે રોજ મળતા. અમારી વચ્ચે વિચાર તેમ જ આચારસામ્ય ઠીક હતું. બન્ને અન્નાહાર કરનારા હતા. બપોરના ઘણી વેળા સાથે જમીએ. આ મારો અઠવાડિયાના સત્તર શિલિંગમાં રહેવાનો ને સ્વયંપાક કરવાનો કાળ હતો. હું કોઈ વેળા તેમની કોટડીએ જાઉં, તે કોઈ વેળા મારી કોટડીએ આવે. હું અંગ્રેજી ઢબની રસોઇ કરું, તેમને દેશી ઢબ વિના સંતોષ ન જ વળે. દાળ જોઇએ જ. હું ગાજર ઇત્યાદિનો 'સૂપ' બનાવું તેથી મારી દયા ખાય. તેમણે મગ ક્યાંકથી શોધી કાઢ્યા હતા. એક દિવસ મારે સારુ મગ રાંધીને લાવ્યા ને મેં અત્યંત સ્વાદથી ખાધા. પછી તો અમારો આવી આપલે કરવાનો વહેવાર વધ્યો. હું મારી વાનગી તેમને ચખાડું ને તે મને પોતાની ચખાડે.

આ સમયે કાર્ડિનલ મેનિંગનું નામ સહુને મુખે હતું. ગોદીના મજૂરોની હડતાળ હતી. જૉન બર્ન્સ અને કાર્ડિનલ મેનિંગના પ્રયત્નથી હડતાળ વહેલી બંધ થઈ. કાર્ડિનલ મેનિંગની સાદાઈ વિષે ડિઝરાયલીએ લખ્યું હતું તે મેં નારાયણ હેમચન્દ્રને વાંચી સંભળાવ્યું.

"ત્યારે તો મારે એ સાધુ પુરુષને મળવું જોઈએ."

"એ તો બહુ મોટા માણસ રહ્યા. તમને કેમ મળશે?"

"હું બતાવું તેમ. તમારે મારે નામે કાગળ લખવો. હું લેખક છું એવી ઓળખાણ આપજો. તેમના પરોપકારી કાર્યનો ધન્યવાદ જાતે આપવા મારે મળવું છે એમ લખજો; ને એમ પણ લખજો કે મને અંગ્રેજી વાત કરતાં ન આવડે તેથી મારે તમને દુભાષિયા તરીકે લઈ જવા પડશે."

મેં એવા પ્રકારનો કાગળ લખ્યો. કાર્ડિનલ મેનિંગનો જવાબ બે ત્રણ દહાડામાં એક પત્રમાં આવ્યો. તેમણે મળવાનો સમય આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે બન્ને ગયા. મેં તો દસ્તુર મુજબ મુલાકાતી કપડાં પહેર્યાં. નારાયણ હેમચન્દ્ર તો જેવા હતા તેવા જ: એ જ કોટ ને એ જ પાટલૂન. મેં વિનોદ કર્યો. તેમણે મને હસી કાઢ્યો ને બોલ્યા:

"તમે સુધરેલા બધા બીકણ છો. મહાપુરુષો કોઇના પોશાક સામું નથી જોતા. તેઓ તો તેના હૃદયને તપાસે છે."

અમે કાર્ડિનલના મહેલમાં પ્રવેશ કર્યો. મકાન મહેલ જ હતું. અમે બેઠા કે તુરત એક સુકલકડા, બુઢ્ઢા, ઊંચા પુરુષે પ્રવેશ કર્યો. અમારી બન્નેની સાથે હાથ મેળવ્યા. નારાયણ હેમચન્દ્રને આવકાર દીધો.

"મારે આપનો વખત નથી લેવો. મેં તો આપને વિષે સાંભળ્યું હતું. આપે હડતાળમાં જે કામ કર્યું તેને સારુ આપનો ઉપકાર માનવો હતો. દુનિયાના સાધુ પુરુષોનાં દર્શન કરવાનો મેં રિવાજ રાખ્યો છે તેથી આપને મેં આટલી તસ્દી આપી." આ વાક્યોનો તરજૂમો કરી દેવાનું મને નારાયણ હેમચન્દ્રે ફરમાવ્યું.

"તમે આવ્યા તેથી હું રાજી થયો. હું ઉમેદ રાખું છું કે તમને અહીંનો વસવાટ અનુકૂળ આવશે, ને અહીંના લોકોની તમે ઓળખાણ કરશો. ઇશ્વર તમારું ભલું કરો." આમ કાર્ડિનલ બોલ્યા ને ઊભા થયા.

એક વેળા નારાયણ હેમચન્દ્ર મારે ત્યાં ધોતિયું ને પહેરણ પહેરીને આવ્યા. ભલી ઘરધણિયાણીએ દ્વાર ઉઘાડ્યાં ને બીતી બીતી મારી પાસે આવી, (મારું ઘર તો હું બદલ્યાં જ કરતો એ વાંચનારને યાદ હશે) ને બોલી: "કોઈ ગાંડા જેવો માણસ તમને મળવા માગે છે." હું દરવાજે ગયો ને નારાયણ હેમચન્દ્ર જોયા. હું આભો જ બની ગયો. તેમના મુખ ઉપર રોજના હાસ્ય સિવાય કંઈ જ ન મળે.

"પણ તમને છોકરાંઓએ કનડગત ન કરી?"

"મારી પાછળ દોડતાં હતાં. મેં કંઈ ધ્યાન ન આપ્યું એટલે તેઓ શાંત થઈ ગયાં." મને જવાબ મળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નારાયણ હેમચંદ્ર થોડા માસ વિલાયતમાં રહી પેરીસ ગયા. ત્યાં ફ્રેંચ અભ્યાસ આદર્યો, ને ફ્રેંચ પુસ્તકોના તરજૂમા શરૂ કર્યા. તેમનો તરજૂમો તપાસવા પૂરતું ફ્રેંચ મને આવડતું હતું, તેથી તે જોઇ જવા કહ્યું. મેં જોયું કે તે તરજૂમો ન હતો પણ કેવળ ભાવાર્થ હતો.

છેવટે તેમણે અમેરિકા જવાનો પોતાનો નિશ્ચય પાર પાડ્યો. મુસીબતે ડેકની કે ત્રીજા વર્ગની ટિકિટ મેળવી શકયા હતા. અમેરિકામાં તેમને ધોતિયું-પહેરણ પહેરીને નીકળ્યાને સારુ "અસભ્ય પોશાક પહેર્યા" ના તહોમત ઉપર પકડવામાં આવ્યા હતા. મારું સ્મરણ એવું છે કે પાછળથી તે છૂટી ગયા હતા.

– સ્વાધ્યાય –

૧. નારાયણ હેમચંદ્રના પોશાક અને શરીરનું ગાંધીજીએ જે વર્ણન કર્યું છે તે તમારા શબ્દોમાં આપો.

૨. વ્યાકરણ સંબંધી નારાયણ હેમચંદ્રના વિચારો જણાવો.

૩. અમેરિકા જવા માટે નારાયણ હેમચંદ્રની શી યોજના હતી ? એવી યોજના કરી પરદેશ જનાર માણસને તમે કેવો લેખો ? એવા લોકોને માટે કયું વિશેષણ સામાન્ય રીતે વાપરી શકાય ?

૪. કાર્ડિનલ મેનિંગને નારાયણ હેમચંદ્ર કેવી રીતે મળ્યા તેનું સવિસ્તર વર્ણન કરો, અને એ મુલાકાતનો હેતુ જણાવો.

૫. નારાયણ હેમચંદ્રની વિચિત્રતાઓનું એક ઉદાહરણ આપો; અને તેમની નૈતિક હિમ્મત વિશેનો તમારો અભિપ્રાય જણાવો.

૬. આ પાઠમાંથી પાંચ વિશેષણ, પાંચ ક્રિયાપદ અને પાંચ અવ્યયની યાદી કરો.

૭. આ પાઠમાંથી પાંચ નામ પસંદ કરી તેનાં એકવચન અને બહુવચન આપો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮
વીર નર્મદ

[કવિ નર્મદાશંકરની એક કવિતા તો તમે આ પાઠાવલીમાં વાંચી ગયા હશો જ. તેના વીર જીવનની થોડીક ઝાંખી શ્રી ભાનુશંકર વ્યાસના આ લેખમાંથી તમને થશે. શ્રી વ્યાસ "બાદરાયણ" નામથી સાહિત્ય-જગતમાં એક શક્તિશાળી કવિ તરીકે જાણીતા છે. કવિ હોવા ઉપરાંત તે એક સારા ગદ્યલેખક અને વિવેચક પણ છે. જરૂર પડતા જ શબ્દો વાપરી, થોડામાં ઘણું કહેવાની તેમની પાસે કલા છે એમ તમે આ એક પાઠ વાંચતાં પણ સહેજે જોઈ શકશો.]

* * *

ઈ. સ. ૧૮૩૩ ના ઑગસ્ટ મહિનાની ૨૪ મી તારીખે સૂરતમાં એક બાળકનો જન્મ થયો. પુત્રનો જન્મ થાય એટલે કયા પિતાને આનન્દ ન થાય? પણ આ બાળકના પિતાને જોષીએ કહ્યું કે એ એવા કાળમાં જન્મ્યો છે કે અમુક ક્રિયાઓ કર્યા પહેલાં એનું મોઢું પણ તમારાથી ન જોવાય. ધર્મની લાગણીવાળા પિતાએ આ વાત શ્રદ્ધાથી માની અને તેવી ક્રિયા છઆઠ મહિને કરાવ્યા પછી જ પુત્રનું મુખ જોયું.

આ બાળક તે નવા ગૂજરાતનો સંદેશવાહક વીર નર્મદ. બાળપણમાં તો નર્મદ બીજાં સાધારણ બાળકો જેવો જ હતો. બહુ નાનો હતો ત્યારે ઊંઘમાં બીએ પણ ઘણો. પરંતુ ભણવાની હોંશ એનામાં ઘણી એટલે ધીમે ધીમે પણ એ બહુ આગળ વધતો ગયો. એ વખતમાં એટલે આજથી લગભગ સો વરસ પહેલાં ગૂજરાતમાં તો હજુ નિશાળોની શરૂઆત થતી હતી. બધાં માબાપોમાં પોતાનાં બાળકોને ભણાવીગણાવી હોશિયાર બનાવવાની લાગણી પણ હજુ નહોતી જન્મી. પણ નર્મદના પિતાને વિદ્યા ઉપર બહુ પ્રેમ એટલે પોતાના પુત્રને ગૂજરાતી, અંગ્રેજી વગેરે વિષયોનું જ્ઞાન મળે તે માટે તેણે સારી કાળજી રાખી અને નર્મદે પિતાના એ ઉત્સાહનો પૂરેપૂરો લાભ લીધો.

તે વખતમાં શાળામાં જેટલું ભણાતું તેટલું ભણી એ મુંબઈમાં કૉલેજ વિભાગમાં દાખલ થયો. તે માટે પરીક્ષા આપી સ્કૉલરશિપ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેળવી. એના અંગ્રેજ શિક્ષકો પણ એના ઉદ્યોગથી અને અભ્યાસથી હમેશ ખુશ રહેતા. અને જ્ઞાન મેળવવાની જે ધગશ એનામાં હતી તે તો એણે ભણવાનું છોડી દીધું છતાં એનામાં એવી ને એવી જ રહી. એણે જ્યારે કવિતા કરવાની શરૂઆત કરી ત્યારે કવિતા કરવા માટે છન્દનાં માપ અને ધોરણ જાણવા માટે ગુજરાતી ભાષામાં એક પણ પુસ્તક ન હતું. છેવટે સૂરતમાં એક કડિયાએ કહ્યું કે મારે ત્યાં મારા ગુરુનાં કેટલાંક પુસ્તકો છે તેમાં હું તપાસ કરીશ. એ પુસ્તકોમાં એવું એક પિંગળ–છન્દ વિશે જ્ઞાન આપે તેવું પુસ્તક મળી આવ્યું. પણ પેલા કડિયાને મન તો તે ગુરુની પ્રસાદી જેવું પવિત્ર હતું એટલે કોઇને અપાય કેમ? એટલે નર્મદ દરરોજ તેને ઘેર જાય અને એ પુસ્તકનાં પાનાંમાંથી જોઇએ તેટલું લખી લે. છેવટે એ કડિયાએ નર્મદને દરરોજ થોડાં પાનાં ઘેર લઈ જવાની રજા આપી અને નર્મદ દરરોજ

'ગુજરાતી'ના સૌજન્યથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડાં પાનાં ઘેર લઈ જઈ, તે ઉતારી, બીજે દિવસે પાછાં લાવતો અને પાછાં બીજાં પાનાં લઈ જતો. આમ કરીકરી એણે પોતા માટે પિંગળનું પુસ્તક મેળવ્યું. આવો ઉત્સાહ, આવો ખંત અને આવો ઉદ્યમ જેનામાં હોય તેને જ્ઞાન મેળવવામાં શી મુશ્કેલી પડે ?

એનામાં કવિતા ઉપર તો મૂળથી જ પ્રેમ. તેમાં વળી છંદ વગેરે જાણવાની આવી સગવડ મળી એટલે તો એણે પુષ્કળ કવિતાઓ લખવા માંડી. તેમાં પણ હું ગૂજરાતનો છું, ગૂજરાત મારી છે; બધા ગૂજરાતીઓની છે એવું તો એનું વિશાળ હૃદય. દેશની ખરાબ દશા જોઈ એનું દિલ બળે અને એ કવિતા લખે. પોતાનાં ભાઈબહેનોને અભણ અને અજ્ઞાન જોઈ એનું હૃદય સળગી ઊઠે અને એ કવિતા લખે. ખરાબ વ્યસનોમાંથી પોતાના દેશભાઈઓને બચાવવાનો ઉપદેશ આપવા એ કવિતા લખે. આમ ને આમ એણે કેટલી યે કવિતાઓ લખી. 'જય જય ગરવી ગૂજરાત'ની કવિતા લખી એણે ગૂજરાતનો જય પણ કવિતામાં ગાયો. કવિતા ઉપરનો આટલો બધો એનો પ્રેમ એટલે એ કવિતાની સેવા કરવા એણે પોતાની શિક્ષક તરીકેની નોકરી પણ છોડી—કોઈ પણ જાતની પેદાશની ગોઠવણ કર્યા વગર! એના પિતા એના ઉપર ચિડાયા તે છતાં એણે તો પોતાની કલમને કહી દીધું કે 'હું હવે તારે ખોળે છઊં.' આવું સાહસ એ વીરમાં હતું. અને જિંદગીમાં અનેક સંકટ આવી પડ્યાં છતાં આ ટેક એણે ઘણી બહાદૂરીથી જાળવી રાખી હતી. પછી જિંદગીના અન્ત ભાગમાં નોકરી કરવાનો વખત આવે છે ત્યારે પણ આ ટેકથી એની આંખોમાં આંસુ ઊભરાય છે. આવો અટંકી વીર નર્મદ હતો.

લોકો ભણવાગણવા માંડ્યા એટલે સમઝતા થયા કે આપણી રૂઢિઓ ખરાબ છે, આપણા રિવાજો ખરાબ છે માટે આપણે સુધારો કરીએ. કોઇથી વિદ્યા મેળવવા પણ પરદેશ જવાય નહિ. મરણ પાછળ રડવાનું–કૂટવાનું એટલું બધું કે બીજાં માણસોને પણ પાછળ મરવું પડે. ભૂત-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેતમાં લોકો એટલા બધા માને કે ઠગારા લોકો પૈસા કમાય અને ભોળાં માણસોને છેતરે. વિધવાઓ તો બિચારી પશુથી પણ વધારે ખરાબ સ્થિતિમાં જીવે. નર્મદે આ બધું જોયું અને એનો જીવ ઊકળી આવ્યો. એણે લોકોને સુધારો કરવા માટે ભાષણો આપ્યાં, કવિતાઓ લખી, નિબન્ધો લખ્યા અને છેવટે એક વર્તમાનપત્ર પણ કાઢ્યું. એ પત્રનું નામ પણ કેવું? "ડાંડિયો." ઢોલ વગાડીવગાડીને લોકોને ઠેકાણે લાવવાનું કામ એણે આ વર્તમાનપત્ર ચલાવીને કર્યું. જેટલા જેટલા ખોટા અને નુકસાનકારક રિવાજો ચાલતા હતા તે બધાની સામે એણે લડાઈ ચલાવી. લોકો પણ એનું આ છાપું બહુ હોંશથી વાંચતા. વળી ઘણાખરા લોકો તો વાંચવાનું હજુ શીખતા જ હતા. એટલે આવુંઆવું કાંઈ વાંચવાનું મળે તો તેમને બહુ મઝા પડતી. આ પ્રમાણે 'ડાંડિયા'થી નર્મદે નવા સુધારાની ગર્જના કરી.

નર્મદની જિંદગીમાં કોઈ પણ ગુણોએ વધારેમાં વધારે અસર કરી હોય તો તે પ્રેમ અને શૌર્ય. એના પોતામાં પણ સંસારના મનુષ્યો અને બધા પ્રાણીઓ ઉપર અખૂટ પ્રેમ હતો. અને શૌર્ય તો એના જીવનના અનેક પ્રસંગોમાં આપણને દેખાય છે. ગૂજરાતનો રાષ્ટ્રધ્વજ શૌર્ય અને પ્રેમથી અંકિત થયેલો જ હોય એવી એના હૃદયની ભાવના હતી. અને જ્યારે એણે પોતાનું નવું મકાન સૂરતમાં આમલીરાનમાં બંધાવ્યું ત્યારે પ્રેમ અને શૌર્ય એ બંને શબ્દો તખતીમાં લખાવી ત્યાં ચોડાવ્યા હતા. અત્યારે એટલે નર્મદના જન્મ પછી લગભગ સો વરસે સૂરતે એ આમલીરાનનું નામ નર્મદચકલો રાખી સૂરતના એ વીરપુત્રનું નામ એના એ પ્રિય સ્થાન સાથે જોડ્યું છે.

આવો વીર, આવો ટેકીલો, આવો વિદ્યાપ્રેમી, આવો કવિતાનો રસિયો અને આવો સુધારાનો સેવક તે નર્મદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

– સ્વાધ્યાય –

૧. નર્મદના જન્મપ્રસંગને અંગે કઈ અગત્યની ઘટના તમને નોંધવા યોગ્ય લાગે છે? કોઈ પરીકથા, બાલકથા કે લોકકથામાં એ જાતના પ્રસંગો તમે વાંચ્યાં હોય તો તેમાંથી એકનો ઉલ્લેખ કરો.

૨. નર્મદના કાળમાં ભણતર તરફ લોકોની કેવી વૃત્તિ હતી તે જણાવો.

૩. છન્દનાં માપ અને ધોરણ સંબંધી જ્ઞાન મેળવવા નર્મદે શું કર્યું તે જણાવો.

૪. ગૂજરાત પ્રત્યે નર્મદનો કેવો ભાવ હતો તે જણાવો. એ પ્રકારનો ભાવ જે માણસને પોતાના વતન કે દેશ પ્રત્યે હોય તેને આપણે કયા વિશેષણથી ઓળખીએ છીએ? ગૂજરાત પ્રત્યેની પોતાની ભક્તિ દર્શાવતું નર્મદે કોઈ કાવ્ય લખ્યું છે એવું તમે જાણો છો? જાણતા હો તો તે કાવ્યનો પરિચય આપો.

૫. "હું હવે તારે ખોળે છઊં" એ વાક્ય આપણા સાહિત્યમાં એક અમર વાક્ય બન્યું છે તે શાથી? નર્મદના આ કૃત્યને શ્રી ભાનુશંકર વ્યાસ "સાહસ" નામે ઓળખાવે છે. તમે કોઈ બીજું નામ સૂચવી શકશો?

૬. નર્મદના વખતની સમાજસ્થિતિનું ચિત્ર દોરો, અને એ સમાજ-સ્થિતિની નર્મદના જીવન અને કવન ઉપર શી અસર થઈ તે જણાવો.

૭. નર્મદે પોતાના વર્તમાનપત્રનું નામ શું રાખ્યું હતું? એવું નામ પસંદ કરવામાં નર્મદનો શો આશય હતો?

૮. નર્મદના મુદ્રાલેખ વિશે જે જાણતા હો તે લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯

[ભાઈ-બહેનનો પ્રેમ સર્વત્ર અતિ મીઠો, કોમળ અને નિર્દોષ લેખાયો છે. માબાપ અને દીકરા વચ્ચેનો પ્રેમ, પતિપત્ની વચ્ચેનો પ્રેમ કે એવા બીજા પ્રેમમાં તો કદાચ સ્વાર્થનો પણ કંઈક અંશ હોય, પણ ભાઈ-બહેનનો પ્રેમ તો સંપૂર્ણપણે નિસ્વાર્થ અને ઊંડા ઊમળકાભર્યો હોય છે. એ પ્રેમની આપણા લોકસાહિત્યમાં અનેક કવિતાઓ છે. એ પ્રેમની મંગલતા અને મૃદુભાવના પ્રગટાવતા રક્ષાબંધન, ભાઈબીજ વગેરે સુન્દર પ્રસંગો અને તહેવારો વર્ષોવર્ષ આપણે ત્યાં ઊજવાય છે. શ્રી ચંદ્રવદન મહેતાએ ભાઈ-બહેનના એવા પ્રેમની અનેક કોમળ કવિતાઓ લખી છે. 'ભવિષ્યવેત્તા' એવી એક કવિતા છે. એ કાવ્યમાં બહેનનું નામ ઈલા છે. ઈલા પોતાના ભાઇને કહે છે: "આજે રજા છે, બહુ થાકી ગઈ છું, લાવ તારો હાથ જોઉં !" અને પછી હાથમાં તે શું શું જુએ છે તે તો તમારે શ્રી ચંદ્રવદનના શબ્દોમાંથી જ વાંચવું જોઇએ. આ કાવ્ય 'ઇલાકાવ્ય' નામના તેમના સંગ્રહમાંથી લીધું છે. એવું જ બીજું કાવ્ય 'જન્મોત્રી' નામનું એ જ સંગ્રહમાં છે; તે કાવ્ય તમારા શિક્ષક પાસેથી મેળવી જરૂર વાંચજો.]

* * *

ઇન્દ્રવજ્રા

'કાલે રજા છે, ગઈ છું ય થાકી
વાંચીશ વહેલા સહુ પાઠ બાકી;
તારી હથેલી અહીં લાવ, સાચું
હું ભાઈ આજે તુજ ભાગ્ય વાંચું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કેવી પડી છે તુજ હસ્તરેખા!
જાણે શું લાખે નવ હોય લેખાં
પૈસા પૂછે છે? ધનની ન ખામી,
જાણે અહોહો! તું કુબેરસ્વામી!

'ને ચક્રચિહ્નો તુજ અંગુલિમાં
જાણે પુરાયાં ફૂટતી કળીમાં!
છે મત્સ્ય ઊંચો, જવચિહ્ન ખાસ્સાં!
ને રાજવી–લક્ષણ ભાઈનાં શાં!

'વિદ્યા ઘણી છે મુજ વીરલાને,
ને કીર્તિ એવી કુળ—હીરલાને!
આયુષ્યરેખા અતિ શુદ્ધ ભાળ,
ચિન્તા કંઈ રોગ તણી તું ટાળ,

'ને હોય ના વાહનખોટ ડે'લે.
બંધાય ઘોડા વળી ત્યાં તબેલે,
ડોલે સદા યે તુજ દ્વાર હાથી,
લે બોલ જોઉં, વધુ કાંઈ આથી?

'જો ભાઈ, તારે વળી એક બહેન,
ચોરે પચાવે તુજ પાટી પેન;
તારું લખે એ ઉજમાળું ભાવિ,
જાણે વિધાત્રી થઈ હોય આવી!

'મારે ય તારે કદી ના વિરોધ,
રેખા વહે છે તુજ હેતબોધ;
એ હેતના ઘોધમહીં હું ન્હાઉં,
ચાંદા ઝબોળી હરખે હું ખાઉં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ડોસો થજે, જીવન દીર્ઘ તારું,
ખોટી ઠરું તો મુજ મુક્કી હારું;
આથી જરા યે કહું ના વધારે.
કહેતાં રખે તું મુજને વિસારે!'

'જોજે, કહ્યું તે સહુ સાચું થાય,
ઈલા! પછી તો નહિ હર્ષ માય;
પેંડા-પતાસાં ભરી પેટ ખાજે,
ને આજ જેવી કવિતા તું ગાજે.'

– સ્વાધ્યાય –

૧. ભાઈનાં રાજવી લક્ષણો હાથમાંનાં કયાં કયાં ચિહ્નનો ઉલ્લેખ કરી ઈલા સૂચવે છે?

૨. ભાઇને કેવી બહેન છે તે બતાવતી આ કવિતામાંની ચાર પંક્તિ લખો અને તેનો અર્થ સમજાવો.

૩. આ કવિતામાં સૌથી સુન્દર ભાગ તમને કયો લાગ્યો? તમને ખૂબ કાવ્યમય લાગી હોય એવી એક પંક્તિનો આ કાવ્યમાંથી ઉલ્લેખ કરો.

૪. "ખોટી ઠરું તો મુજ મુક્કી હારું." આ પંક્તિનો અર્થ સમજાવો.

૫. નીચેના શબ્દોથી વિરુદ્ધ અર્થના શબ્દો લખો. જેવા કે : ઊંચો, વિદ્યા, ઉજમાણું, હેત, વિસારે, હર્ષ.

૬. નીચેના શબ્દો સાથે પ્રાસ મળે એવા આ કવિતામાં નહિ વપરાયેલા શબ્દો લખો. જેવા કે :
કાલે, રજા, થાકી, સાચું, ખામી, ભાળ, તારું, ઘોળ, ખોટી, વધારે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૦

વામનજીના દેશમાં

[રામાયણ અને મહાભારતની કથાઓ દ્વારા આપણે રાક્ષસલોકો અને એવાએવા વિચિત્ર લોકો વિશે ઘણું યે સાંભળ્યું છે. આપણામાંથી ઘણાને કદાચ એ સાંભળતાં એમ પણ થયું હશે કે આપણે કોઈકની આગળ રાક્ષસ જેવા દેખાતા હઈશું કે કેમ? જો કીડી આપણને પૂરેપૂરા જોઈ શકતી હોય તો તેની નજરે આપણે કેવાં દેખાઇએ? તેવી જ રીતે શ્રીમતી હંસાબહેન મહેતા આપણને આ પાઠમાં વામનજીના દેશમાં લઈ જાય છે. એ દેશમાં બધા વહેંતિયા લોકો છે. આપણે જે વાત વાંચવાના છીએ તેનો નાયક (જેનું નામ ગોળીબાર છે તે) કોઇક અકસ્માતથી વામનજીના દેશમાં જઈ ચઢે છે. આવા 'રાક્ષસ'ને જોતાં ત્યાંના લોકોનાં મનમાં શું થયું હશે? એ જાણવા તો તમારે શ્રીમતી હંસાબહેનનું પુસ્તક "ગોળીબારની મુસાફરી" જ વાંચવું જોઇએ. અહીં ગોળીબારની વામનજીઓએ જડતી લીધી તેનું રસિક વર્ણન ગોળીબારના પોતાના શબ્દોમાં આપ્યું છે. શ્રીમતી હંસાબહેનકૃત બીજાં પુસ્તકો પણ તમને ઘણાં ગમશે. તેમનાં "ત્રણ નાટકો," "બાવલાનાં પરાક્રમો," "અરુણનું અદ્‌ભુત સ્વપ્ન" આદિ પુસ્તકો અને લેખો તમે અવશ્ય વાંચજો. "ગોળીબારની મુસાફરી" તેમણે ડીન સ્વિફ્ટ નામના એક પ્રખ્યાત અંગ્રેજ લેખકના 'ગુલિવર્સ ટ્રાવેલ્સ' નામના પુસ્તક પરથી ગૂજરાતીમાં ઉતારી છે.]

* * *

શહેનશાહે બે અમલદારોને મારી જડતી લેવા મોકલ્યા. મેં બન્નેને હાથમાં લઈ મારા ડગલા તેમ જ બીજાં જેટલાં ગજવાં હતાં તેમાં વારાફરતી મૂક્યા. માત્ર એક ગુપ્ત ગજવું, જેમાં ખાસ મારી જરૂરિયાતની ચીજો હતી, અને જેનાથી કોઇને નુકસાન થાય તેમ નહોતું, તેમાં શોધ કરવા દીધી નહિ.

મારા એક ગજવામાં હું જ્યારે અંગ્રેજી કોઠીમાં માસ્તર હતો ત્યારે મારા યુવાન શિષ્યે મને ચાંદીની ઘડિયાળ ભેટ આપી હતી તે હતી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજામાં સોનાની મહોરોથી ભરેલી એક કોથળી હતી. તે ઉપરાંત મુસાફરીમાં જરૂર પડે એવી જાતજાતની ચીજો હતી.

આ બે અમલદારોએ શહેનશાહને માટે જે યાદી બનાવી તેનું ભાષાંતર કરી આપું છું :

'ઇમ્પ્રાઇઝીસ, એટલે પ્રથમ તો આ માનુષીપહાડના ડગલાના જમણી બાજુના ગજવામાં અમે ખૂબ શોધ કરી. ત્યાં તો એક જ ચીજ મળી : એક મોટો કર્કરા કપડાનો ટૂકડો–નામદાર શહેનશાહના મુખ્ય દીવાનખાનામાં જાજમ તરીકે પથરાય એટલો મોટો અને ડાબી બાજુના ગજવામાં ચાંદીનો પટારો હતો. અમારાથી તો એ ઊઘડાયો પણ નહિ.

'એને ઊઘડાવી અમે અંદર પેઠા તો ઘૂંટણ લગી કંઈ ધૂળના જેવું હતું તેમાં દટાયા. થોડી ધૂળ અમારા મોં પર ઊડતાં અમને એટલી છીંકો આવી કે કંઈ કહેવાની વાત જ નહિ. ખૂબ વાર પછી જ્યારે અમારી છીંકો પૂરી થઈ ત્યારે અમે એના કબજાનાં ગજવાં તપાસ્યાં. જમણી બાજુના એક ગજવામાં અમે સફેદ પાતળી ચીજોનો ચોડો જોયો.

'એ ચીજને એક પર એક મૂકી ઘડી કરવામાં આવી હતી. એના પર કાળી આકૃતિઓ હતી, જે અમારા નમ્ર અભિપ્રાય પ્રમાણે અક્ષરો છે. દરેક અક્ષર અમારી હથેલી જેવડો લાંબો છે.

'ડાબા ગજવામાં એક યંત્ર જેવું જણાયું. એને વીસ વીસ વાંસ જેવા લાંબા દાંતા છે. નામદારના રાજમહેલની આસપાસ જે લોખંડના સળિયાની વાડ કરી લીધી છે તેના જેવા છે. અમારું અનુમાન છે કે આ યંત્રવડે માનુષીપહાડ પોતાના માથાના વાળ ઠીક રાખે છે.

'વચલા કપડાના– એ લોકો મારી જોધપુરી સુરવાળને માટે કહેતા હતા–જમણી બાજુના ગજવામાં એક મથોડા જેટલો લાંબો લોખંડનો પોલો થાંભલો જોયો. આ થાંભલો એથી યે મોટા લાકડાના થાંભલા સાથે જડી લીધો છે. આ થાંભલાની એક બાજુ, લોખંડના મોટા ટૂકડાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતજાતની આકૃતિના ખોસેલા છે. આનો શો ઉપયોગ હશે તે અમને ખબર નથી.

'ડાબી બાજુના ગજવામાં પણ એવું જ બીજું યંત્ર હતું. જમણી બાજુના નાના ગજવામાં ગોળ, નાના, ચપટાં, ધોળી અને પીળી ધાતુનાં નાનાંમોટાં ચકતાંઓ જોયાં. ધોળાં ચકતાંઓ ચાંદીનાં લાગ્યાં. અમારા બેમાંથી એકે આ ચકતાં ઊંચકી શક્યા નહિ.

'ડાબી બાજુના ગજવામાં બે કાળા ખડબચડા થાંભલા છે. અમે ગજવાના તળિયે હતા એટલે મહામુશીબતે થાંભલા કેવા છે તે બરાબર જોઈ શક્યા. બીજા થાંભલાને છેડે કંઈ ગોળગોળ અમારા માથા જેવું લાગ્યું. આ દરેકની અંદર મોટાં લોખંડનાં ધારદાર પાનાં છે. અમારા હુકમથી એણે એ ઉઘાડીને બતાવ્યાં; કારણ, અમને લાગ્યું કે આ કદાચ ભયંકર યંત્રો હોય.

'એણે જણાવ્યું કે એ યંત્ર એમના દેશમાં દાઢી સાફ કરવાને માટે વાપરવામાં આવે છે. બીજાથી ખાવાની ચીજો કાપવામાં આવે છે.

'બીજાં બે ગજવાં, પેટ સાથે એવાં ચોટી ગયાં છે કે અમે અંદર જઈ શક્યા નહિ. આમાં જમણી બાજુએ એક ચાંદીની સાંકળ લટકતી હતી અને બીજે છેડે એક અજબ જેવું યંત્ર હતું. અમે તેને બહાર કાઢવા કહ્યું તો જણાયું કે અરધું ચાંદીનું અને અરધું કંઈ પારદર્શક ધાતુનું બનાવેલું યંત્ર છે.

'પારદર્શક બાજુએ અમે ગોળાકારમાં વિચિત્ર આકૃતિઓ ગોઠવેલી જોઈ. અમને લાગ્યું કે આકૃતિઓને અડકી શકીશું; પણ પેલી પારદર્શક ધાતુ વચ્ચે નડી. માનુષીપહાડે આ યંત્ર અમારા કાન આગળ ધર્યું, તો એમાંથી પાણીના ધોધનો અવાજ આવે એવો અસ્ખલિત અવાજ સંભળાયો. ક્યાં તો એ વિચિત્ર જાતનું પ્રાણી હોય કે પછી જે દેવની એ સેવા કરે છે તે હોય.

'કદાચ દેવ જ હશે, કારણ એના કહેવા પ્રમાણે જો અમે બરાબર સમજ્યા હોઈએ તો દિવસમાં કેટલી યે વાર એના દર્શન માટે એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બહાર કાઢે છે. એને જોયા વિના એને ચાલતું જ નથી. જીવનની દરેક પળ એ માપી શકે છે. ડાબી બાજુના ગજવામાંથી એક કોથળા જેવું કાઢ્યું. અંદર પીળી ધાતુનાં મોટાં ચકતાંઓ હતાં. આ જો સોનું હોય તો એક ચકતાંની કિંમત કેટલી બધી થાય!

'એની કમરે કમરબંધ છે. કોઈ રાક્ષસી પ્રાણીના ચામડાનો એ પટ્ટો છે.

'એની કમરે ત્રણ મથોડાં જેટલી લાંબી તલવાર લટકે છે. જમણી બાજુએ એક કોથળા જેવું છે. તેમાં બે ખાનાં છે.

'દરેક ખાનામાં આપ નામદારની પ્રજાના ત્રણ માણસો સહેલાઈથી રહી શકે. આમાંના એક ખાનામાં કોઈ જબરી ધાતુના અમારા માથા જેવડા ગોળા છે.

'બીજા ખાનામાં કાળા ઝીણા દાણા જેવું છે. એનું વજન ઘણું નથી, કારણ કે આ મારી હથેળીમાં અમે ઘણા દાણા ઊંચકી શક્યા.

'માનુષીપહાડના શરીર પર જે જોયું તેની આ ચોક્કસ યાદી છે. આપ નામદારના હુકમને માન આપી એણે અમને દરેક જાતની મદદ કરી છે.

'આપ નામદારના મંગળ રાજ્યારોહણ પછી નેવ્યાશીમા ચંદ્રોદયે આ ખરિતા ઉપર સહીસિક્કો કરવામાં આવ્યો છે.

કલેફ્રન ક્રેલૉક
મારસી ક્રેલૉક'

જ્યારે શહેનશાહ આગળ આ યાદી વાંચી સંભળાવવામાં આવી ત્યારે એમણે આ જુદીજુદી ચીજો સોંપી દેવા માટે નરમાશથી હુકમ કર્યો. પહેલાં તલવાર માગી. મેં પણ મ્યાન સાથે જ તે આપી દીધી.

શહેનશાહના ત્રણ હજાર ચુનંદા સિપાઇઓ મને ઘેરીને ઊભા હતા. હું જરાપણ ગડબડ કરું કે આનાકાની કરું તો મારા પર બાણનો વરસાદ વરસાવવાને આ લોકો તૈયાર થઇને ઊભા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



શહેનશાહે તલવારને મ્યાનમાંથી ખેંચવાનો હુકમ કર્યો. ખારાં પાણી લાગવાથી તલવાર થોડે ઠેકાણે કટાઈ ગઈ હતી. તે છતાં મોટે ભાગે હજી ચળકતી હતી.

મેં જેવી ખેંચી કે બધાંએ ગભરાટ અને અજાયબીની ચિચિયારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાડી. મેં તલવાર ફેરવી, તેના પર સૂર્યનાં કિરણોનું પ્રતિબિંબ પડ્યું. તલવારમાંથી તેજના ઝબકારા નીકળવા માંડ્યા.

આ તેજથી બિચારા વામનજીઓની આંખો જ અંજાઇ ગઈ. પણ હું ધારતો હતો એટલા શહેનશાહ બીના નહિ. મને તલવારને મ્યાન કરવાનો હુકમ કર્યો; અને પછી દૂર ફેંકવા કહ્યું.

પછી એમણે લોખંડના પોલા થાંભલાની માગણી કરી. મેં મારી બન્ને પિસ્તોલો કાઢી, અને એનો શો ઉપયોગ થાય છે તે એમની ઇચ્છાથી બતાવ્યો. મારી ચામડાની કોથળીમાં દારૂગોળો હતો. ચામડાને લીધે દરિયાનું પાણી એને અડક્યું નહોતું. મેં પિસ્તોલમાં ખાલી દારૂ ભર્યો. શહેનશાહને ન બીવાની ચેતવણી આપી પિસ્તોલ હવામાં ફોડી.

આ અવાજથી ઘણાના હોશકોશ ઊડી ગયા એમ એમના મોં પરથી લાગ્યું. કેટલાં યે માણસો ઘાયલ થયાં હોય તેમ નીચે બેભાન થઇને પડ્યાં.

શહેનશાહ જો કે અડગ ઊભા રહ્યા હતા, છતાં ક્યાં લગી સ્વસ્થ દેખાયા નહિ. મેં મારી બન્ને પિસ્તોલો તથા દારૂગોળાની કોથળી સોંપી દીધાં. સાથે ચેતવણી આપી કે દારૂની કોથળી આગળ દેવતાની ચિણગારી ન પડવી જોઈએ, નહિતર શહેનશાહના મહેલને હવામાં ઉડાડી દેશે.

મારી ઘડિયાળ જોવાની શહેનશાહને બહુ જ જિજ્ઞાસા હતી. તે પણ કાઢી આપી. બે કદાવર અંગરક્ષકો એક મોટા પેન્સીલ જેવડા વાંસડામાં ભેરવી ખભા પર નાખી એને લઈ ગયા.

એમાં થતા અતૂટ 'ટીક્' 'ટીક્' અવાજથી એમને નવાઇ લાગી. વળી મિનિટના કાંટાને ફરતો જોઈએ બહુ જ વિસ્મય પામ્યા. એ લોકોની દૃષ્ટિ આપણા કરતાં બહુ તીક્ષ્ણ હોય છે એટલે આપણે ન જોઈ શકીએ એટલી ઝીણી વસ્તુઓ એ લોકોને દેખાય છે. આથી શહેનશાહ મિનિટના કાંટાની ગતિ બરાબર જોઇ શક્યા. આ નવતર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચીજ શી હશે તે વિષે એમની પાસે ઊભેલા પંડિતનો અભિપ્રાય પૂછ્યો; પણ કોઈ ચોક્કસ કહી શક્યું નહિ.

પછી તો મારી પાસે જે જે હતું તે સોનામહોરો, રૂપાનાણું, ત્રાંબાનાણું, અસ્તરો, ચપ્પુ, કાંસકી, તપકીરની ચાંદીની દાબડી, ઘડિયાળ, રૂમાલ અને નોંધપોથી,—બધું મેં કાઢી આપ્યું.

મારી તલવાર, પિસ્તોલ તથા દારૂગોળાને ગાડામાં નાખી રાજ્ય-ભંડારમાં લઈ ગયા. બીજી બધી ચીજો મને પાછી આપવામાં આવી.

મારું એક છૂપું ગજવું હતું, તેમાં મારાં ચશ્માં,–મારી આંખો જરા નબળી છે–દુર્બિન વગેરે ચીજો હતી, એ કાઢી આપવામાં મને કંઈ સાર જણાયો નહિ એટલે તે બતાવી નહિ.

– સ્વાધ્યાય –

૧. "ગોળીબાર"ની જડતીનું ચિત્ર દોરી શકશો ?

૨. વામનજીઓએ "ગોળીબાર"ની જડતી કઈ રીતે લીધી તે તમારા શબ્દોમાં લખો.

૩. 'ગોળીબારે' તલવાર મ્યાનમાંથી ખેંચી, ત્યારે શું થયું તે સવિસ્તર લખો.

૪. ધારો કે તમે રહો છો તે દેશમાં હાથીનું નામ પણ કોઇએ સંભળ્યું નથી, અને કોઇએ તેને સ્વપ્ને પણ જોયો નથી. એકાએક ત્યાં એક દિવસ કોઈ હાથી આવી ચઢે છે. તેને લોકો કેદ કરે છે, અને સરકાર તરફથી તમને તે સંબંધી તપાસ કરવા મોકલવામાં આવે છે; તો હાથી સંબંધી સરકાર ઉપર મોકલવાની યાદી તમે કેવી રીતે લખશો ?

૫. અજાણતાં રાક્ષસોના દેશમાં જઈ ચડેલા કોઈ માનવીના અનુ-ભવોની કલ્પના કરી એક ટૂંકી વાત લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૧
એક વિચિત્ર અનુભવ

["વામનજીના દેશમાં" તો તમે ગઈ કાલે જ વાંચી ગયાં. એ વાંચતાં તમને કંઈ કેટકેટલા તરંગો પણ આવ્યા હશે. તમારામાંથી કોઈના સ્વપ્નામાં પણ કદાચ એ વામનજીઓ આવ્યા હશે. તમારી જેમ શ્રીમતી વિનોદિની નીલકંઠે, તે કૉલેજમાં ભણતાં હતાં ત્યારે ગુલીવર્સ ટ્રાવેલ (ગોળીબારની મુસાફરી) વાંચેલી. તે વાંચતાં તેમને 'એક વિચિત્ર અનુભવ' થયો તે તમારે માટે અહીં ઉતાર્યો છે. એક નવી કલ્પના ઉપરથી બીજી નવી નવી કલ્પનાઓ કેમ નિપજાવી શકાય તે તમે એ ઉપરથી જોઈ શકશો. શ્રી વિનોદિનીબહેનનું "રસદ્વાર" નામનું એક નાનકડું પુસ્તક તમે જરૂર વાંચજો. હાથમાં લીધા પછી તમે તેને પૂરું કર્યા વિના હેઠે નહિ મૂકો એવો તેને પાને પાને રસ ભર્યો છે. તમને પણ તે વાંચતાં અનેક નવી નવી કલ્પનાઓ કરવાનું મન થશે. શ્રી વિનોદિનીબહેન સ્વપ્નામાં જેમ વહેંતિયાં બની ગયાં તેમ ધારો કે સ્વપ્નામાં તમે સાડસીત્તેર ફૂટ ઊંચા કોઈ મોટા કુંભકર્ણ કે તાડિકા જેવાં બની ગયાં તો તમને કેવો અનુભવ થાય? જો સહેજ પ્રયત્ન કરશો તો તમે એક મઝાની વાત એમાંથી બનાવી શકશો.]

* * *

એક વરસ ઉપરની વાત છે. અમારે તે વખતે સ્વિફ્ટની "ગુલીવરની મુસાફરીઓ" શીખવાની હતી. આપણે જે વાંચીએ કે વિચારીએ તેનાં સ્વપ્નાં તો ઘણી જ વાર આવે છે ને?

શનિવારની એક સવારે હું જાગી, તો મારી ગભરામણનો પાર ના રહ્યો. મારું શરીર જ દેખાય નહિ! તરત હું સમજી ગઈ કે મારું કદ એક લિલિપુટિયન વહેંતિયા જેવડું થઈ ગયું હતું. જે તકિયા ઉપર મારું સોપારી જેવડું માથું આરામ લેતું હતું, તે તકીઓ મને મોટા પહાડ જેવડો લાગ્યો! પલંગ ઉપરથી નીચે કેમ ઊતરવું એ એક મહાન પ્રશ્ન થઈ પડ્યો. તમારા કોઈની કલ્પનામાં પણ ના આવે એટલી મહેનતે હું પલંગ ઉપરથી નીચે ઊતરી શકી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી મારા પેટમાં ફાળ પડી. આજે તો શનિવાર એટલે અત્યારે કૉલેજમાં જવાનું. માથું હોળવાનો વિચાર કર્યો, પણ એવડી મોટી કાંસકીનો ભાર મારા નાનકડા હાથ કેમ ઝીલે? કાંઈ નહિ! બાળપોથી ભણતાં ત્યારે શનિવારે વર્ગની બધી જ છોકરીઓ વાળ હોળ્યા વગર જ આવતી ને! કપડાં ક્યાં પહેરવાં? એકદમ મને સૂઝી આવ્યું. ઢીંગલીથી રમવું મૂકી દીધાને તો વરસો વીતી ગયાં, પણ મારી નવમી વરસગાંઠને દિવસે મને ભેટ મળેલી મારી માલતી નામની ઢીંગલી મારા કબાટમાં હજી અનામત પડી હતી, તેનાં કપડાં મેં પહેરી લીધાં.

આપણી કંપાસબૉક્સમાં ફૂટપટી આવે છે ને? તેના કરતાં મારું શરીર બે ત્રણ આંગળ નીચું હતું.

ખરેખર, મને આ નવું રૂપ આરસીમાં જોવાનું મન તો બહુ જ હતું. પણ આરસી તો ટેબલની ઉપર હતી, હું કેમ કરી ત્યાં પહોંચું? ચોપડીઓ તો લઈ જવી અશક્ય હતી. મારા શરીર કરતાં પણ મોટી ચોપડીઓ હું કેવી રીતે ઉપાડું?

હજી પૂરું અજવાળું થયું નહોતું, અને સારે નસીબે ઘરમાં બધાં હજી ઊંઘતાં હતાં. હું તો તૈયાર થઈને ચા-લી. દરવાજા સુધી પહોંચતાં પહોંચતાં પણ મને જરા શ્વાસ ભરાઈ આવ્યો. તો પણ હું આગળ ચાલી. રસ્તાની જમીનથી હું એટલી થોડી ઊંચી હતી કે રસ્તે ચાલતા લોકોની મારા તરફ નજર જ ના પડે. મને થયું કે આખે રસ્તે કોઈ મને જુએ જ નહિ તો કેવું સારું? પણ એટલામાં નદીએ નહાવા જતી એક છોકરી આવી, મને જોઇ એણે પોતાની આંખો ચોળવા માંડી, પછી તે બબડી: "ખરેખર! હું ઊંઘમાં ચાલું છું? આ રોગ તો બહુ ભયંકર." આ સાંભળી હું ખડખડાટ હસી. પણ મારો અવાજ મને પોતાને પણ ઝીણોઝીણો લાગ્યો એટલે કોઇએ જરૂર તે નહિ જ સાંભળ્યો હોય.

હું તો ચાલીચાલીને થાકી પણ કૉલેજ તો આવે જ નહિ! આખરે રસ્તાની બાજુ ઉપર પડેલા એક નળિયાના ટુકડા ઉપર હું થાક ખાવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊઠી...એકદમ મેઘનાદ જેવી ગર્જના થઈ. મેં ઊંચું જોયું તો મારી સામે મારા વર્ગમાં ભણતી એક વિદ્યાર્થિની ઊભી હતી. હસીહસીને તેનું મોઢું લાલચોળ બની ગયું હતું અને તેની આંખમાંથી પાણી નીકળતાં હતાં. તે જરા શાન્ત થઇ, એટલે મેં એને મારી વાત કહી. સંભાળથી ઉપાડી તેણે મને પોતાની હથેલી ઉપર મૂકી. વાતો કરતાં કરતાં અમે કૉલેજમાં પહોંચ્યાં. ઘંટ વાગી ગયો હતો એટલે અમે બારોબાર અમારા વર્ગમાં જ ગયાં. જ્યાં અમે દાખલ થયાં ત્યાં આખો વર્ગ જોરથી હસવા મંડ્યો! મેં પ્રોફેસર તરફ નજર કરી તો ખરેખર તે પણ હસતો હતો. મારા નાજુક અને નાનકડા કાન માટે આ ઘોંઘાટ અસહ્ય થઈ પડ્યો. હું તો શરમથી, ભયથી અને ક્ષોભથી ગૂંગળાઈ જ ગઈ. મારી બહેનપણી મને કમ્મરમાંથી પકડી (આપણે ભૂલા પડેલા ખિસકોલીના બચ્ચાને પકડીએ ને? તેમ) વર્ગમાંથી બહાર લઈ ગઈ. પછી તે મારા ઉપર પુષ્કળ ચિડાઈ; કહે કે: "તારે લીધે હું મૂર્ખી બની." કૉલેજના મુખ્ય દાદરના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌથી નીચલા પગથિયા ઉપર મને મૂકી દઇને એ તો જતી રહી. હવે શું કરવું? "અનાથને નસીબે આંસુ." હું પણ ખૂબ રડી. એક પગથિયાની અને બીજાની વચ્ચે એટલું બધું અન્તર હતું કે મારાથી ચડાય જ નહિ! એટલામાં એક પટાવાળો આવ્યો. મેં તેને બહુ આજીજી કરી ત્યારે એ મને પોતાના ગજવામાં મૂકીને ઉપર અમારા ઓરડામાં લઈ ગયો. એના ગજવામાં ઠીક ગરમાવો હતો. અંદર થોડી બીડીઓ, બે ત્રણ આના, એક કાગળનો કકડો અને ઘણા દિવસો ઉપર અમારા ઓરડામાંથી ગૂમ થઈ ગએલો માથું હોળવાનો બ્રશ–એટલું હતું. બ્રશના વાળ મારા શરીરમાં કાંટા માફક ભોંકાઈ ગયા. ઓરડામાં બેઠેલી છોકરીઓ તો મને જોઈ આળોટીઆળોટીને હસવા મંડી. એટલામાં પ્રિન્સિપાલની મારા ઉપર ચિઠ્ઠી આવી. આખી કૉલેજના કામમાં ખલલ કરવા માટે મને વઢવા માટે બોલવવામાં આવી હતી. હું તો રડતી રડતી એમની ઑફિસ તરફ ચાલી. હું નાની થઈ ગઈ તેમાં મારો શો વાંક?



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રિન્સિપાલની ઑફિસમાં જેવી હું દાખલ થઈ તેવો જ એમણે એક બરાડો પાડ્યો–ને હું જાગી ઊઠી.

હા...આ...શ!! બધું સ્વપ્નું જ હતું! હું જાગી ત્યારે મારી આંખમાં ખરેખરાં આંસુ હતાં.

– સ્વાધ્યાય –

૧. શ્રી વિનોદિનીબહેનને થયેલા વિચિત્ર અનુભવનો સારાંશ આપો.

૨. આ પાઠમાં જેમ સુન્દર કલ્પનાઓ છે તેમ શ્રી વિનોદિનીબહેનનામાં મજાનો કટાક્ષ કરવાની પણ શકિત છે એમ બતાવવું હોય તો તમે કયો પ્રસંગ એ માટે સૂચવશો?

૩. "વામનજીના દેશમાં" સાથે આ પાઠની સરખામણી કરો.

૪. આ પાઠમાં છે તેમ બીજો કોઇ "એક વિચિત્ર અનુભવ" કલ્પી તમારા શબ્દોમાં લખો.

૫. શ્રીમતી હંસા મહેતાકૃત "ગોળીબારની મુસાફરી," અરુણનું અદ્‌ભુત સ્વપ્ન" અને "બાવલાનાં પરાક્રમ"; શ્રીમતી વિનોદિની નીલકંઠનું "રસદ્વાર" અને આપણા મહાકવિ પ્રેમાનંદના રણયજ્ઞ-માંથી કુંભકર્ણની નિદ્રાને લગતું કાવ્ય તમે વાંચજો. કુંભકર્ણની કાયા કેવી વિશાળ હતી તેનું ગમ્મતભર્યું વર્ણન પ્રેમાનન્દે કર્યું છે. કુંભકર્ણને ઉઠાડવા અનેક પ્રયત્ન રાવણે કર્યા, પણ તેની ઊંઘ કેમે કરીને ઊડતી નથી એટલે છેવટે—

જળ છાંટે નવજાગે જોધ્ધો, તાપણાં કીધાં ચોફેર;
હૃદે ઉપર શિલાપડ મૂકયાં, કાનમાં ફૂંકયાં મદનભેર!
સૂંઠ–મરી નાસિકામાં ફૂંકયાં, અજા ચલાવ્યાં નાસા માંય;
પાછો શ્વાસ મૂકે નિદ્રા માંહે, અજા મીઢ ઊઝ્યાં જાય!
હૃદય ઉપર અશ્વ દોડાવ્યા, વઢાવ્યાં માહીષ માતંગ;
કુંભકર્ણ સૂતો નવ જાગે, સાણસે તોડાવ્યુ અંગ.
વળી નાસિકા માંહે સર્પ ચલાવ્યા, વાયુ બંધાવ્યો લંકરાય;
કપાળ માંહે સર્પ અકળાયા, તે શ્રવણ માર્ગે નીસરી જાય!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ કંડિકાઓનો અર્થ તમે બરોબર સમજશો તો "વામનજીના દેશમાં" અને "એક વિચિત્ર અનુભવ" વાંચતાં તમને જે મઝા પડી હતી તેવી જ મઝા મળશે.

૬. "વામનજીના દેશમાં" અને "એક વિચિત્ર અનુભવ"માં જે જે ચિત્રો છે તેનો પરિચય આપો; અને બને તો ઉપર આપેલી પંક્તિઓ ઉપરથી કુંભકર્ણની નિદ્રાનું એક ચિત્ર તૈયાર કરો.

૩૨

કુલહોવલ્લાહ

[કુલહોવલ્લાહનો અર્થ 'કહી દે, ઈશ્વર એક છે'—એવો થાય છે. કુરાને શરીફ એ મુસલમાનોનો પવિત્રમાં પવિત્ર ગ્રંથ. તેની એક સૂરત (પ્રકરણ) આ કુલહોવલ્લાહ શબ્દથી શરૂ થાય છે. ઇસ્લામની એ અતિ પવિત્ર સૂરત લેખાઈ છે. એનો ભાવ સરળ અને સુન્દર રીતે શ્રી કરીમ મહમદ માસ્તરે આ કવિતામાં ઉતાર્યો છે. એનો અર્થ પણ સરળ છે. ઈશ્વર એક જ છે. નથી એ જન્મતો, કે નથી એ જન્મ લઈ અન્યને જન્મ આપતો. વળી તેને ખેશ બિરાદર એટલે સગાંવહાલાં નથી. ખલક એટલે દુનિયામાં, અને નથી ફલક એટલે સ્વર્ગમાં. એને કોઇએ જન્મ આપ્યો નથી. એ તો સ્વયંભૂ–જાતે જ ઉત્પન્ન થએલ છે, અને આખી દુનિયા તેણે સર્જી છે. તેણે પોતે જ પોતાનું ખુદા એટલે આપ પોતે નામ રાખ્યું છે. શ્રી કરીમ મહમદ માસ્તરે આવી જ બીજી એક 'અઝાન' નામની મીઠી કવિતા લખી છે. તે પણ તમે વાંચજો.]

* * *

તોટક

૧

કહી દે, ઇશ એક જ, એક જ છે;
સંસારથી પાક, પવિત્ર જ છે;
નથી જન્મ લીધો—
નથી જન્મ દીધો—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—કદી કો કુખથી
—કદી કો જનમી
નથી ખેશ બિરાદર એક વળી,
ખલકે,
ફલકે,
નહિ કોઈ સ્થળે.

૨

ખુદ આપ જ આપ થકી પ્રકટી,
પ્રકટાવી દીધી સહુ ખલ્કતને;
ધર્યું નામ ખુદા
રહ્યું યાદ સદા;
ઇશ એક જ, એક જ, એક જ છે.

૩૩

પેટમાં દેડકાવાળો વાણિયો

[આપણા સદ્‌ગત સાક્ષર સર રમણભાઈ નીલકંઠના રા. સા. મહીપતરામ રૂપરામ નીલકંઠ પિતા હતા. સ્વ. મહીપતરામ પોતાના યુગના એક મોટા વિદ્વાન અને પ્રખ્યાત પુરુષ હતા. "એક વિચિત્ર અનુભવ" તો પાઠ આ 'પાઠાવલી'માં છે તે સ્વ. મહીપતરામનાં પૌત્રી–સર રમણભાઈનાં પુત્રી શ્રી વિનોદિનીબહેનનો છે. આમ એ પ્રખ્યાત નીલકંઠકુટુંબના અગ્ર પુરુષ રા. સા. મહીપતરામના "વનરાજ ચાવડો" નામના પુસ્તકમાંથી આ પાઠ લેવાયો છે. એ પુસ્તક લખાયાને પચાસથી વધુ વર્ષો થઈ ગયાં છે, એટલે પચાસ વર્ષમાં આપણી ભાષામાં કેવાકેવા ફેરફારો થયા છે તે તમે એ ઉપરથી જોઈ શકશો. આ પાઠમાં વિચારને બાજુએ મૂકી માત્ર આચારને વળગી રહેનારાઓની ઠેકડી કરી છે, અને એ હાસ્ય અને કટાક્ષનું એ પાઠ સુન્દર ઉદાહરણ છે. તમારી શાળાના પુસ્તકાલયમાંથી વનરાજ ચાવડો મેળવી જરૂર વાંચજો; તે ઉપરાંત કિશોરના પહેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ષના અંકોમાંથી શ્રી રામનારાયણ ના. પાઠકની વનરાજ ઉપરની લેખમાળા પણ વાંચજો. બન્ને વાચતાં તમને ખૂબ મઝા પડશે.]

* * *

એક દિવસ સાધુ વખાણ* કરતા હતા તે સાંભળવાને વાણિયા બેઠા હતા. એક બુઢ્ઢો બેઠો બેઠો ઉઘાડે મોઢે ઊંઘતો હતો. એવામાં વનુએ

ઓચિન્તા આવી તેના મોંમાં દેડકાનું નાનું બચ્ચું મૂકીદીધું. ડોસાએ ઝટ ઝબકી ઊઠતાં મોઢું બંધ કર્યું કે દેડકું તેના પેટમાં ઊતરી ગયું, ને અંદર કૂદાકૂદ કરવા લાગ્યું. વખાણવખાણને ઠેકાણે રહ્યાં અને હસાહસ થઈ રહી. બિચારો વાણિયો ગભરાટથી બાહાવરો બની ગયો. પેટ દાબે, અળોટે, બરાડા પાડે ને વનુભાને ગાળો દે. દેડકું પેટમાં ઊછળે તેમ તે ગભરાય ને બૂમો પાડી કહે–મુઓ રે. એ નખોદીએણ પૂજારણના છૈયાએ મારી નાખ્યો. કથા કહેનાર ગંભીર ગોરજીને પણ એટલું હસવું આવ્યું કે તેની

* વ્યાખ્યાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખો પાણીથી ભરાઈ. નાદાન વનુ ત્યાંથી તૂરત નાઠો, તો પણ સાધુ વચમાં ન પડ્યા હોત તો આ વેળા તેને ખૂબ માર પડત. બીજા સર્વે પેલાના પેટમાંથી દેડકું કાઢવાની યુક્તિ કરવા લાગ્યા, તેવામાં એકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વનુની પાછળ દોડી તેને ઝાલ્યો. ગોરજીએ તૂરત તેને છોડાવ્યો. શ્રાવકના હાથમાંથી છૂટતાં મા વઢશે એવી બીકથી કોઈના ઘરમાં સંતાઈ ગયો. ઘણી ખોળ કરી ત્યારે બહુ વારે ભાઈ જડ્યા.

પેલા પેટમાં દેડકાવાળા ડોસાની શી વલે થઈ? ઘણી ઑકારી ખાય, પણ કેમે કર્યું મૂવું દેડકું નીકળે નહિ. એક જડશો શાવક કહે: 'એનું પેટ ચીરી દેડકાને બહાર કાઢો, નહિ તો મરી જશે; જીવહિંસા થશે; જીવહિંસાનું મોટું પાપ છે.' બીજા શાવકોને આ વાત વિચારમાં લેવાજોગ લાગી. પેટમાં દેડકાવાળા ડોસાને એ સાંભળી મોટી ફાળ પડી. દેડકું કાઢવાને મારું પેટ ચીરશે તો હું નક્કી મરી જઈશ એ બીકથી તેના હોશ ઊડી ગયા, ને બે હાથ જોડી કહે: 'ના ચીરશો, ના ચીરશો.' બીજાં બેવકૂફો કહે: 'પણ ભાઈ, હવે દેડકું ઊછળતું બંધ પડ્યું ને થોડી વારમાં મરશે તો જીવહિંસા થશે, તો તું ક્યિા જનમમાં છૂટીશ?' દેડકાવાળો કહે: 'હજી તો મારા પેટમાં એ દોડાદોડ કરે છે, ને છલંગો મારે છે; જુઓ, એ કૂદ્યું! ઓ બાપ રે! મુઓ રે!' બેવકૂફો કહે: 'ભાઈ, તું ગભરા મા, હીરો ઘાંયજો તારું પેટ ચીરી દેડકાને કાઢશે, ને પછી પાછું સાંધી લેશે. જા અલ્યા લલવા, હીરાને બોલાવી લાવ.' પેટમાં દેડકાવાળો કહે: 'ના બોલાવશો!' બેવકૂફો કહે: 'ભાઈ, તારી આવરદા ખૂટી હશે તો તું મરશે, લખ્યા લેખ કાંઈ ખોટા થવાના છે? પણ જીવહિંસા તો નહિ થાય.' પેટમાં દેડકાવાળો કહે: 'ના ભાઈ, ના, રાખો. મોટા સાધુને તેડાવો. આ સાળું દેડકું તો મારા પેટમાં કૂદતાં થાકતુંયે નથી.'

એવામાં શાણા શીળગુણસૂરી આવ્યા. પેલા બાપડાનું પેટ ચીરવાનો મનસૂબો જાણી તે બોલ્યા: 'રે મૂર્ખો! મેશ્રીઓ ચેષ્ટામાં કહે કે શ્રાવકો નાના જીવને પાળે ને મોટા જીવને મારે એ ખરું ઠરાવવા તમે આજ ધારો છો શું?' બેવકૂફો કહે: 'પણ મહારાજ, દેડકાને કંઈ વાચા છે? તે કાઇ બોલે છે? માણસ તો બોલે છે.' સૂરી કહે: 'વાહ રે! મૂર્ખો, વાહ! માણસ બોલે છે માટે તે જીવ નહિ, કેમ! એ મરે તે હિંસા નહિ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેવકૂફો કહે : 'પણ મહારાજ, એની આવરદા ખૂટી હશે તો તે મરશે.' ત્યારે મહારાજ કહે : 'દેડકાનો જીવ ઉગારવાને માણસો મારી નખાય? એનું પેટ ચીરો તો નક્કી મરે! આપણા દયાધર્મની રૂડી શિક્ષાને ઊંધી સમજો છો તેથી હું બહુ ખેદ પામું છું. કીડીને દરે લોટ મૂકો છો, કબૂતર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચકલાં, પોપટાદિ પક્ષીઓને માટે પરવડીઓ કરો છો, ખોડાં ઢોરને માટે મોટી રકમો ભેગી કરો છો, ને માણસ મરે તેની દરકાર કરતા નથી? મારવાડના મઉ બજારમાં અને ભાગોળે ભૂખે ટળવળે છે ને મરે છે, તેને અન્ન પૂરું પાડવાનો કોઈ બંદોબસ્ત કરતું નથી; ઝેરી તાવ ફેલાયો છે ને લોક ટપાટપ મરે છે તેમને ઓસડવેસડ કરી તેમના જીવ ઉગારવાનો વિચાર કોઈ શ્રાવકના મનમાં આવતો નથી. તમારી દયા ક્યાં બળી ગઈ? હડખાયા કૂતરાનો જીવ બચાવો, સાપનો જીવ બચાવો ને તેના કડવાથી માણસ મરે તો છો મરે એ ખરો દયાધર્મ નહિ.'

પેટમાં દેડકાવાળો ડોસો હાથ જોડી કહે: 'મહારાજ, ક્ષમા કરજો. ઉપદેશ પછી કરો તો ઠીક. હવડાં તો દેડકાને કાઢવાનો ઉપાય કરો. બાપજી, મારો જીવ જાય છે.' સાધુ કહે કે: 'મેં જમનાશંકર વૈદ્યને તેડવા મોકલ્યું છે. એ આવ્યા.' પેટમાં દેડકાવાળાનું મોં જોઈ વૈદ્યરાજની ગંભીરતા ક્ષણવાર જતી રહી. નહિ હસવાનો તેમણે જબર પ્રયત્ન કર્યો, તો પણ જરા હસાઈ ગયું, ને તે જોઈ સૂરી સુદ્ધાંત સઘળાં ખડખડ હસી પડ્યાં.

– સ્વાધ્યાય –

૧. બુઢ્ઢા વાણિયાના મુખમાં નાનકડા વનરાજે દેડકું કેવી રીતે મૂકી દીધું?

૨. બુઢ્ઢાના પેટમાંથી દેડકું કાઢવા શ્રાવકોએ કયા કયા ઇલાજો વિચાર્યા?

૩. શીલગુણસૂરીએ શ્રાવકોને કેમ ઠપકો આપ્યો?

૪. આ પાઠમાં તમને હાસ્યના પ્રસંગો કયા કયા લાગ્યા?

૫. આ પાઠ લખવામાં સ્વ. મહીપતરામ નીલકંઠનો શો આશય હશે તે વિષે અટકળ કરી ટૂંકમાં જણાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૪



[ગરીબ લોકો–જેમને મહેનતમજૂરી કરી જીવન ગુજારવાનું હોય છે—તેમની જિંદગીનું કરુણ ચિત્ર શ્રી ઉમાશંકર જોષીએ આ કાવ્યમાં આપ્યું છે. શ્રી ઉમાશંકર "ગંગોત્રી" અને "વિશ્વશાન્તિ" નામના કાવ્યસંગ્રહના કર્તા તરીકે ગૂજરાતને સારી રીતે જાણીતા છે. તેમની કવિતા મધુર, નાજુક ભાવોથી ભરેલી અને પંક્તિપંક્તિએ સુરેખ ચિત્રો ખડાં કરે એવી સુન્દર છે. 'બાપ-દીકરો' કવિતામાં એવાં ચિત્રો છે. તેમાં મેઘો, તેની વહુ રામી અને તેમનો નાનો દીકરો મળી ત્રણ જણના એક ગરીબ કુટુંબની વાત તેમણે ગૂંથી છે. ગરીબ લોકોના જીવન વિશે કવિઓ કેટલીક વખત વધુ પડતી કલ્પનાઓ કરે છે; ખૂબ સુખી, સંતોષી અને આનંદી જીવન ગુજારી ઈશ્વરભજનમાં દિવસો ગુજારતા તેમને કવિઓ અનેકવાર કલ્પે છે. પણ ઘણી વખત તેવું નથી હોતું. રોજ સવાર પડે ને તેમને રોટલાની ચિન્તા હોય છે. સવારે ઊઠતાં જ તેમને કામના ધૂંસરાંમાં જોડાવાનું હોય છે; એથી અનેક વાર કંટાળી એક બીજા પર તે પોતાનો રોષ પણ ઠાલવતાં હોય છે. આપણા કવિ શ્રી ઉમાશંકરે ગરીબોના જીવનની આ બાજુ સારી રીતે જોઈ હોય એમ લાગે છે. તેથી આ કવિતામાંનો 'મેઘો તેની બૈરીથી કંટાળીને ચાલ્યો ગયો' એવી અટકળો કરતા લોકોને તેમણે કલ્પ્યા છે. ઇંધણ કાપવા ગયેલો મેઘો પાછો નથી આવતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ક્યાં ગયો હશે? વાઘે તેને ફાડી ખાધો હશે, કે ડુંગરની ધાર પરથી ખીણમાં અકસ્માત તે ગબડી પડ્યો હશે કે ઘરના કંકાસથી કે ગરીબાઇથી કે રોજ વૈતરું કરતાં કંટાળી ક્યાંક તે ભાગી ગયો હશે? કોણ કહી શકે તે ક્યાં ગયો હશે? લોકોને તો એ સંબંધી અટકળો કરવાની, અને વાતો કરવાની; પણ એ વાતની વેદના વેઠનાર કોણ? રામી અને તેનો બાળક. બાળક તો બિચારો હજુ નાદાન છે. તેને ખબર નથી કે તેનો બાપ હવે પાછો નહિ આવે; અને રામી એ હૃદયભેદક વાત કહી પોતાના બાળકનું હૃદય ચીરવા નથી ઇચ્છતી. તે તો તેને કહે છે, "બેટા, કાલ તે પાછા આવશે" પેલા બાળકને બાપ વિના ચેન નથી પડતું. તે તેને શોધી લાવવા ઝંખે છે. અને સાચે જ તે જાણે તેના બાપને, જ્યાં તે ગયો હતો ત્યાં, શોધવા રાતે ગુપચુપ ચાલી નીકળે છે—ગૂમ થાય છે—મરણ પામે છે—અને ઘરમાં રામી એકલી રહી જાય છે. રામીની વેદના કેવી હશે તે કોણ કહી શકશે? શ્રી ઉમાશંકરે એ સચોટ રીતે વર્ણવી છે અને સાથે ગામડાંના લોકોના વહેમોનો પણ સુન્દર ચિતાર તેમણે આપ્યો છે. મેઘો, રામી અને તેનો દીકરો એ ત્રણમાંથી વધુ દુઃખી કોણ? આ કવિતા વાંચતાં તમને કદાચ એમ પણ થશે કે જીવવાં કરતાં મરવું એ કેટલીક વખત વધુ સુખભર્યું હોય છે. આ પુસ્તકમાં આવી બીજી કોઈ કવિતા છે ખરી? તો તે શોધી કાઢી આની સાથે સરખાવી વાંચજો.]

* * *

વિષમ હરિગીત

ખેતરે રખવાળી ખાતર એક ઝાકળિયું કર્યું
કૂવાની ધારે, મઘશિયાળે રાત ત્યાં રહેવું ઠર્યું.
બાળવા ઇંધણ ઉપાડી લાવવા ડુંગર થકી
છૂટો મૂકીને કોસ અધદાડો, ગયો મેઘો નકી.
ડુંગરો આડો ચડી
જે ઝાડી પેલી ગમ પડી
ત્યાં ભારીઓ કાપી, ન કાપી—કોણ કહે એ વાતડી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલતાં પાડોશીઓ, 'બૈરી થકી કંટાળીને
ચાલ્યો ગયો પેલી તરફ જંગલ ભણી.' કો આવીને
કહેતું: 'સુણ્યા છે અમે ટચકા ત્યાં કુહાડીના થતા
જંગલ મહીં આ રાત આખી, હશે ઇંધણ કાપતા
આવશે એ અબઘડી!'
ને એમ ફરી રાત્રિ પડી!
લ્હેરંત ઘઉંના રાખનાર તણી ન પણ સીકલ જડી!
ઝૂંપડીનાં બાર કો અંધારમાં ખખડાવતું,
ને બાળનું, માનું હૃદય ફૂલકોમળું ફફડાવતું.
બાળક ઊઠી જોવા કરે, બોલે બિચારી માવડી,
'એ તો હશે બેટા! પવન કે જાનવર!' 'ઓ માવડી!
દે કુહાડી નાનલી;
ડુંગર સવારે જઉં ચડી.
લઈ આવું બાપુ, પછી ખાશું પોંક સૌ સાથે મળી.'
ચોંકતી રામી જરી, પણ તૂર્ત એક બચી ભરી
બોલી, 'અરે ઓ બાપુડા! મા ભોંક મુજ હૈયે છરી!
કાલ ખેતર ચડી માળે જજો ટોવા સૂડલાં
વનપોપટાને પૂછજો કે ક્યાં ય તુજ બાપુ મળ્યા!'
ને બીજા જ પ્રભાતમાં,
રામી ઢૂંઢે કલ્પાંતમાં,
વનપોપટો ઊડી ગયેલો પાંજરેથી રાતમાં.
કો વહેમિયું આવી કહે, 'મેઘો મરાયા વાઘથી
ને ભૂત થ્યા, હીરિયો છૂટી ના શક્યો એની બાથથી;
કહે બીજું, 'મેં સાંજરે ખીણમાં દીઠો'તો આદમી
ને છોકરો પાછળ, જતા ભારી લઈ.' એવું દમી
વિખરાય સારી મંડળી
ને રાત ધરણી પર ઢળી,
કળજગ તણું પાણી પીવા રામી રહી ગઈ એકલી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

– સ્વાધ્યાય –

૧. ઝાકળિયું એટલે શું તે સમજાવો, અને બને તો તેનું એક ચિત્ર દોરો. એ નામ કયા શબ્દ ઉપરથી પડ્યું હશે તે શોધી કાઢો. એવી જ રીતે ગૂંદર ઉપરથી ગૂંદરિયું, ઊંદર ઉપરથી ઊંદરિયું વગેરે શબ્દો બનેલા છે. તમે એવા બીજા થોડાક શબ્દો બનાવી શકશો ?

૨. કોસ છૂટો મૂકી મેઘો કયા કામે ગયો ? ક્યાં ગયો ?

૩. નીચેની પંક્તિઓના અર્થ સમજાવો :

(ક) ભારીઓ કાપી, ન કાપી–કોણ કહે એ વાતડી ?

(ખ) લ્હેરંત ઘઉંના રાખનાર તણી ન પણ સીકલ જડી.

(ગ) વનપોપટો ઊડી ગયેલો પાંજરેથી રાતમાં.

(ઘ) કળજગ તણું પાણી પીવા રામી રહી ગઈ એકલી !

૪ મેઘો પાછો ન આવ્યો તે સંબંધી લોકો કેવી કેવી અટકળો કરતા હતા તે જણાવો.

૫. મેઘો નથી આવતો એની રામી અને તેના બાળકના મન પર શી શી અસર થાય છે તે જણાવો.

૬. રામીનો દીકરો હીરિયો મરી જાય છે ત્યારે લોકો કેવી વાતો કરતા હતા તે જણાવો. આ જાતની વાતોને કયા એક નામથી ઓળખી શકાય ? આવી વાતો લોકો કરતા હતા તેનું કારણ શું હશે તે કહી શકશો ?

૭. આ કવિતાની તમારા મન પર શું અસર થઈ તે જણાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૫
આરોગ્ય

[સ્વ. દી. બ. અંબાલાલ સાકરલાલ દેસાઈનાં ભાષણોમાંથી આ પાઠ લેવાયો છે. તેમની ભાષા સરળ અને સીધી હતી. જે જમાનામાં લાંબાં લાંબાં અને સંસ્કૃત શબ્દોથી ખીચોખીચ ભરેલાં વાકયોવાળું ગદ્ય લખાતું હતું તે જમાનામાં સ્વ. દી. બ. અંબાલાલભાઈ કેવું સરળ અને સારું ગદ્ય લખતા હતા તે તમે આટલા એક નાનકડા પાઠ ઉપરથી પણ સહેજે જોઈ શકશો. આ પાઠ ભાષણનું એક સારું ઉદાહરણ હોવા ઉપરાંત એક સારા નિબંધની પણ ગરજ સારે છે.]

* * *

કહેવત છે કે 'પહેલું સુખ તે જાતે નર્યાં,' એટલે કે રોગરહિત શરીર હોય તે સારું. આ કહેવત ઘણાખરા જાણે છે, બોલે છે, તેનો દાખલો આપે છે, પણ શરીરને રોગરહિત રાખવાની કાળજી રાખનાર ભાગ્યે જ જોવામાં આવે છે.

જેમ રાજ્યના કાયદા હોય છે, તેમ શરીરના પણ કાયદા છે. ભજિયાં સારાં થયાં છે માટે વધારે ખાઇએ; પણ ભાઇઓ, પાચનના પણ કાયદા છે. જઠરનો એવો નિયમ છે કે કોઈ ખોરાક ખાધા પછી તેને પચતાં છ કલાક થાય છે. તેથી ખાધા પછી છ કલાક સુધી બીજી વાર ન ખાવું જોઇએ. એક વાર દાળ ઓરી હોય અને તે પછી અર્ધા કલાકે તરત બીજી તેમાં ઉમેરીએ તો બેમાંથી એક પણ ચડે નહિ, તે પ્રમાણે કોઠાનું પણ છે.

શું ખાવું, કેટલું ખાવું અને ક્યારે ખાવું તેના પણ નિયમ છે. એ નિયમો પાળવાથી માણસ નિરોગી રહી શકે છે અને લાંબું આયુષ્ય પણ ભોગવી શકે છે. જ્યારે આપણે નિયમ પ્રમાણે વર્તીએ છીએ ત્યારે જ તેની ખૂબી માલૂમ પડે છે. નિયમસર જ, ભૂખ લાગે ત્યારે, ભૂખ જેટલું અને ગુણકારી જ ખાવું જોઇએ. દેખ્યું એટલું ખાવું નહિ. લોકો આરિયાં અને એવી વસ્તુઓ રસ્તામાં ખાવા મંડી પડે છે, પણ ઈશ્વરી નિયમનો ભંગ થશે તો શિક્ષા થવાની જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી વાત ચાવીને ખાવાની છે. કોઈ કહેશે કે શું અમે ચાવ્યા વગર ખાતા હોઇશું? હા, એમ જ છે. સોએ પંચોતેર ટકા બરાબર ચાવતા નથી. એક ગૃહસ્થ કહેતા હતા કે ભાત તે વળી ચવાતો હશે? પણ ભાઇ, એ મરી ગયો પણ અતિસારથી જ. ચાવવું એ તો એક વિદ્યા છે. આખો દાણો પેટમાં જાય તેથી નુકસાન થાય છે: રસ થઇને જાય તો જ તે લોહી સાથે એકરસ થાય, અને ચાવીએ તો જ થૂંકના પદાર્થ સાથે મળી રસ થાય. ચાવ્યા વગર ખાધેલું બરાબર પચતું જ નથી. વૈદ્યો કહે છે કે દરેક કોળિયો ઓછામાં ઓછા ચાળીસ વાર ચાવવો જોઇએ.

શરીરના કાયદા પાળવાને કાંઈ આખું વૈદક ભણવું પડતું નથી. તાવ આવવો, માંદા પડવું, રોગી થવું કે નીરોગી રહેવું એ મનુષ્યના પોતાના હાથમાં છે એમ હું માનું છું. રોગનાં કારણો કેટલાંક આપણાં પંડના આહારવિહારને વળગી રહ્યાં છે; કેટલાંક બહારનાં–એટલે કે હવાપાણીના વિકારને લીધે થાય છે. બહારનાં કારણો દૂર કરવા માટે સાર્વજનિક ઉપાયો લેવા પડે છે. તેવા ઇલાજ હાલ શહેરોમાં સુધરાઇખાતું લેવાનો પ્રયત્ન કરે છે. એવા ઇલાજ સર્વત્ર લેવાવા જોઇએ. પરન્તુ તેવાં કારણો વિષે એક વાત યાદ રાખવાની છે તે એ કે શરીરપ્રકૃતિ સુદૃઢ કરી હોય તો આગંતુક રોગ સામે આપણે સારી રીતે ટક્કર લઈ શકીએ છીએ. વળી દારૂ, ભાંગ, ગાંજો, તમાકુ, અફીણ વગેરે વ્યસનોથી દૂર રહેવાથી શરીર સારું રહી શકે છે.

શરીર સારું રાખવાને કસરતની દરેક જણને ખાસ જરૂર છે. સૃષ્ટિનો નિયમ જ છે કે મહેનત વગર રોટલો નથી. મનુષ્ય જેટલી મહેનત કરે છે તેટલું તે ખાઈ શકે છે. કાં શ્રીમંત, કાં ગરીબ, કાં રાય, કાં રંક જેટલી મહેનત કરે તેટલી જ તેને ભૂખ લાગે અને જેટલી જ ભૂખ લાગે તેટલું જ તે ખાઈ શકે. કસરત કરશો તેટલું જ પચાવશો અને પચાવશો એટલું જ તમારું છે. ઘરમાં કોડીઓ ભરેલી હશે, પણ તમે મહેનત કરશો એટલું જ ખાઈ શકશો. બધી મહેનત સરખી છે. ટોપલો ઉપાડો તો ગેરઆબરુ અને ગોળ ઉપાડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો સારું એમ હોય નહિ. મારા બાપના કાકા ગોરધનકાકા અલીણેથી અમદાવાદ સુખડી ને લોટો લઈ ચાલતા આવતા અને સાંજના વાળુ વખતે કામ પરવારી અલીણે જતા. અત્યારે આપણું ધોરણ બે માઇલને શુમારે છે. અસલના લોકોમાં તો લાડુ પણ ઉઝનથી ઓછા ન ખાય એવા ઘણાય હતા. એ આપણા ઘરડાઓએ તો ધાડો પાછી વાળી છે, ને આપણે તો ભય હોય તો પોલીસપાર્ટી માગીએ છીએ.

શરીર સુદૃઢ કરવાને બ્રહ્મચર્ય સૌ કરતાં ઉત્તમ ઉપાય છે એ આપણા પૂર્વજોએ અભ્યાસ કરીને સિદ્ધ કરી આપ્યું છે અને હાલ અનુભવ કરવાથી સિદ્ધ થાય છે. ખોરાકથી કે કસરતથી શરીર સુદૃઢ થાય તે કરતાં બ્રહ્મચર્યથી વધારે સુદૃઢ થાય છે. વિદ્યાર્થી પૂરેપૂરું ભણી રહે ત્યાં સુધી તો તેણે બ્રહ્મચર્યનું યોગ્ય રીતે પાલન કરવું જ જોઈએ. તેથી જ વિદ્યાભ્યાસના સમયને બ્રહ્મચર્યાશ્રમ કહ્યો છે.

સ્વચ્છતા એ પણ શરીરનીતિનો એક અગત્યનો ભાગ છે. બાહ્યશૌચ એટલે બહારની ચોખ્ખાઇના નિયમો એટલા જ માટે આપણા ધર્મમાં દાખલ કરવામાં આવેલા છે કે કાંઈ નહિ તો ધર્મને નિમિત્તે એ નિયમોનું બરાબર પાલન થાય.

હું એક બીજી અનુભવસિદ્ધ સલાહ આપીશ તે સહુ વિદ્યાર્થીઓએ ગ્રહણ કરવા જેવી છે. સ્નાન કર્યા પછી દરેક બાળક અને બાલિકાએ સૂર્યને નમસ્કાર કરવાની ટેવ પાડવી. જેઓ ધર્મમાં માને તેમણે તેમ માનવું અને ન માને તેમણે કસરત થશે એમ માની એ કરવું. આ કસરત કરવામાં કશો બાધ આવે એમ નથી.

- સ્વાધ્યાય -

૧. 'પહેલું સુખ તે જાતે નર્યાં,' એ કહેવત સમજાવો.

૨. સ્વ. અંબાલાલભાઈ રાજ્ય અને શરીર વચ્ચે કઈ રીતની તુલના કરે છે તે સમજાવો. રાજ્યના કાયદાના ભંગ કરનારની શી દશા થાય ? શરીરના કાયદાના ભંગ કરનારને કેવાં પરિણામો વેઠવાં પડે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. એક વાર ખાધા પછી છ કલાક સુધી બીજી વખત ન ખાવું જોઇએ એમ સ્વ. અંબાલાલભાઈ શા માટે કહે છે? પોતાના કથનનાં સમર્થનમાં તે કયું ઉદાહરણ આપે છે? તમને એ સાચું લાગે છે?
૪. આહારમાં નિયમિતતા ઉપરાંત શરીર સારું રાખવા માટે બીજું શું શું કરવું જોઇએ?
૫. તમને કઈ કસરત ખૂબ ગમે છે? કસરત ઉપર એક નાનો નિબંધ લખો.

૩૬

જહાજો બાંધનાર એક પ્રખ્યાત પારસી કુટુમ્બ

[યંત્રો આપણા દેશમાં દાખલ થયાં તે પહેલાં આપણો દેશ દુનિયાના દેશોમાં હુન્નરઉદ્યોગમાં કેવું અગત્યનું સ્થાન ભોગવતો હતો તેની આજે આપણને કલ્પના આવવી પણ મુશ્કેલ છે. એ દૃષ્ટિએ મહારાષ્ટ્રના એક પ્રસિદ્ધ ઇતિહાસસંશોધક દ. બ. પારસનિસના એક મરાઠી લેખ ઉપરથી શ્રીમતી વિજયા દેસાઇએ તૈયાર કરેલા આ લેખમાંથી તમને ઘણું નવું જાણવાનું મળશે. તમે ગુજરાત-કાઠિયાવાડને દરિયાકિનારે દરિયા પર જ લોકોમાં ફરશો તો હજુ પણ બીજું ઘણું નવું જાણશો. આપણે ત્યાં શ્રી 'સુકાની'એ અને શ્રી ડુંગરસિંહ ધરમસિંહ સંપટે આ પ્રકારના સાહિત્યમાં ઠીક ઠીક ફાળો આપ્યો છે. 'કુમાર' અને 'પ્રસ્થાન'ના જૂના અંકોમાંથી તેમનાં એ લખાણો મળી શકશે.]

* * *

જહાજો બાંધવાની કળા અને શાસ્ત્રનું ઘણા જૂના કાળથી હિન્દના લોકોને ઊંચા પ્રકારનું જ્ઞાન હતું. એ વિદ્યામાં આ દેશના લોકો ખૂબ કુશળ હતા. પ્રાચીન સંસ્કૃત ગ્રંથો, પુરાતન ગુફાઓના શિલાલેખો વગેરે પરથી આના અસંખ્ય પુરાવા મળે છે. નૌકાશાસ્ત્રના ઇતિહાસનું કોઈ સ્વતંત્ર પુસ્તક આજ સુધી ન હતું એટલે એ કળા કેટલી ખીલી હતી એ જાણવાનું આપણી પાસે ખાસ સાધન ન હતું, પણ તાજેતરમાં બંગાળના સુપ્રસિદ્ધ વિદ્વાન સંશોધક પ્રો. રાધાકુમુદ મુકરજીએ "ભારતીય નૌકાશાસ્ત્રનો ઇતિહાસ" નામનો એક સુંદર ગ્રંથ પ્રસિદ્ધ કર્યો છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એથી આપણા દેશમાં એ શાસ્ત્ર કેટલું બધું ખીલ્યું હતું, આપણા લોકો એમાં કેટલા બધા કુશલ હતા તેની આપણને સારી સરખી માહિતી મળે છે.



સાંચી, અજન્ટા, વેરુલ વગેરે સ્થળોની ગુફાઓમાં નૌકાઓના જુદા જુદા પ્રકારનાં ચિત્રો જોવા મળે છે. અકબર બાદશાહના વખતના ઇતિહાસકાર અબુલફઝલેપણ પોતાના 'આઇને અકબરી' નામના ગ્રંથમાં નૌકાખાતાનો સ્વતંત્ર ઉલ્લેખ કરી તેના મુખ્યાધિકારી મીર બેહરીનું નામ પણ નોંધેલું છે; વળી એ ખાતાના કાયદાકાનૂનનો પણ તેણે તેમાં સવિસ્તર હેવાલ આપેલો છે. શિવાજીના રાજ્યમાં પણ એક સ્વતંત્ર નૌકાખાતું હતું. શાહુના સમયમાં અલીબાગનો કાન્હોજી આંગ્રે આ મરાઠાઓનો બહુ સુપ્રસિદ્ધ નૌકાધિકારી થઇ ગયો. મરાઠીમાં લડાઇના જહાજને 'આરમાર' કહે છે, અને તેથી નૌકાખાતાને તેઓ "આરમાર ખાતું" એવા નામથી ઓળખે છે.

આ કાન્હોજી આંગ્રેએ મરાઠાઓના પશ્ચિમકિનારાનું બહુ સારી રીતે રક્ષણ કર્યું હતું. કોંકણકિનારા પર વિજયદુર્ગ નામનું બંદર જહાજો બાંધવાનું મુખ્ય ઠેકાણું હતું. આ ઠેકાણે લડાયક જહાજો અને વેપારી વહાણો બાંધવામાં આવતાં હતાં. ખુદ અંગ્રેજ લોકો પણ પોતાનાં જહાજો એક વખત હિન્દુસ્તાનમાં જ બંધાવી લેતા હતા. હિન્દુસ્તાનમાં જહાજો બાંધવાની કળા આટલી ઊંચી સ્થિતિમાં પહોંચી હતી પણ તેની હજુ ઘણાને માહિતી ન હોઇ કેટલાકને એ વાત કદાચ ખરી પણ ન લાગે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અઢારમી સદીના આરંભમાં મુંબઈ બંદરમાં વેપાર માટે સારાં સારાં વહાણો આવતાં હતાં, પણ તે બધાં મુંબઈમાં તૈયાર થયેલાં ન હતાં. મોટે ભાગે તે બધાં સૂરત બંદરમાં બંધાયેલાં હતાં. તે વખતે સૂરત અત્યંત પ્રસિદ્ધ બંદર હતું, અને ત્યાં જહાજો બાંધવાનું બહુ મોટું અને વિશાળ કારખાનું હતું.

ઇ. સ. ૧૭૩૫ પહેલાં મુંબઇમાં બાંધવા માટે સારી ગોદી ન હતી તેથી મુંબઈમાં અંગ્રેજોને પોતાનાં જહાજો સૂરતથી લાવવાં પડતાં. ઇ. સ. ૧૭૩૫ ના અરસામાં મુંબઇના ગવર્નરે મિ. ડડલી નામના એક માણસને 'ક્વિન' નામનું એક આરમારી (યુદ્ધ માટેનું) જહાજ બંધાવવા માટે સૂરત મોકલ્યો હતો. સૂરતમાં એ વખતે ધનજીભાઈ નામનો એક પારસી ગૃહસ્થ જહાજો બાંધવાનું એક જબરદસ્ત કારખાનું ચલાવતો હતો. મિ. ડડલીએ પોતાની આરમાર તેની પાસે તૈયાર કરાવી. તે જહાજ એટલું તો મજબૂત અને એવી ઉત્તમ કારાગરીવાળું બન્યું કે તે કારખાનામાં કામ કરનાર મુખ્ય કારીગર લવજી નસરવાનજીને મુંબઈમાં લાવવાનો અંગ્રેજોએ ઘણો જ પ્રયાસ કર્યો, પણ લવજી પોતાના શેઠને છોડી મુંબઈ આવવા રાજી ન હતો. સૂરતના જેવું કારખાનું મુંબઈમાં શરૂ થાય એવી મુંબઇના ગવર્નરની ખાસ ઇચ્છા હતી; એટલે લવજીને કોઈ પણ ભોગે મુંબઈ લઈ જવાના પ્રયાસો ચાલુ જ રહ્યા. અંતે મિ. ડડલીએ મુંબઈ સરકારના મન પર ઠસાવ્યું કે એ કામ ધનજીભાઈ દ્વારા જ થઈ શકે એમ છે. એથી મુંબઈ સરકારે લવજીને મુંબઈ મોકલવા ધનજીભાઇને વિનતિ કરી; એટલે ધનજીભાઇની આજ્ઞાથી લવજી પોતાનાં માણસો લઇને મુંબઈ ગયો અને મુંબઇની જૂની ગોદીમાં તેણે પોતાનું કારખાનું ખોલ્યું.

પણ લવજીની અગવડો અનેક હતી. મુંબઈમાં સાગનું સારું લાકડું મળતું ન હતું એટલે આજુબાજુનાં ગામડાંના લોકો સાથે લાકડાંનો વેપાર શરૂ કરવો પડ્યો, અને જંગલમાંથી સારો માલ ખરીદવો પડ્યો. એ સગવડ થઈ ગઈ એટલે તરત જ તેણે નાનાં નાનાં વહાણો બાંધવાની શરૂઆત કરી દીધી. થોડા જ વખતમાં મોટાં મોટાં વેપારી જહાજો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તેણે તૈયાર કરવા માંડ્યાં. લવજીનું કારખાનું ચારે બાજુએ મશહૂર બન્યું. સરકારી આરમારો પણ હવે તો દુરસ્ત થવા એના જ કારખાનામાં આવવા લાગી. થોડા જ વખતમાં લવજી ખૂબ પ્રખ્યાત થયો અને ઠેર ઠેર તેનું નામ ગવાવા લાગ્યું.

સન ૧૭૫૪ માં મુંબઈ સરકારના મુખ્ય નૌકાધિકારી (સુપરિન્ટેન્ડન્ટ ઑફ મેરિન) એ મુંબઈમાં એક પાણી વગરની ગોદી (ડ્રાય ડૉક) બંધાવવાની મજબૂત ભલામણ કરી, અને લવજીની જહેમતથી બાર હજાર રૂપિયામાં એવી એક ગોદી તૈયાર પણ થઈ. આથી હવે લવજીની કીર્તિ સારા હિન્દુસ્તાનમાં ફેલાઈ. તેના બે દીકરાઓ–માણેકજી અને બમનજી પણ બાપના ધંધામાં પડ્યા અને તેમની મદદથી લવજીનું કારખાનું પ્રચંડ અને વિશાળ બનતું ગયું. ૧૭૬૦ માં લવજીએ બીજી ગોદી બંધાવી, અને થોડાં વરસમાં ત્રીજી ગોદી બંધાવવાને પણ સરકારે રજા આપી. જૂનાં લખાણોમાં એવો ઉલ્લેખ મળે છે કે સન ૧૭૭૧ માં લવજીના પૌત્ર ફરામજી માણેકજી અને જમશેદજી બમનજી લવજીના કારખાનામાં માસિક રૂપિયા બારના પગારે સુથારી કામ કરતા હતા.

લવજીના ગુજરી ગયા પછી તેના દીકરાઓએ તેનો ધંધો આગળ ધપાવ્યો. સન ૧૭૭૬ થી ૧૭૯૦ સુધી પશ્ચિમ કિનારા પર અંગ્રેજોની લડાઈ ચાલતી હતી તેથી જહાજો બાંધવાનું અને દુરસ્ત કરવાનું કામ ઘણું અગત્યનું બન્યું. તે બધું કામ માણેકજી અને બમનજી જ કરતા હતા. તેમનાં બાંધેલાં જહાજો મજબૂત, સુડોળ અને સુન્દર હતાં. યુરોપના મોટા મોટા કારીગરો પણ તેનાં મુક્તકંઠે વખાણ કરતા હતા. માણેકજી અને બમનજી પછી તેમના પુત્રો ફરામજી માણેકજી અને જમશેદજી બમનજીએ પોતાના બાપા અને દાદાએ ન બાંધ્યાં હોય એવાં મોટાં જહાજો બાંધી બાપદાદાએ રળેલી કીર્તિને વધુ ઉજાળી. તેમણે બાંધેલું કૉર્નવાલીસ નામનું પચાસ તોપનું જહાજ (આરમાર) એટલું તો પ્રસિદ્ધ થયું કે ઇંગ્લાંડની આરમારો પણ મુંબઈમાં જ બંધાવવાનો ઠરાવ સન ૧૮૦૨ માં થયો. ઇંગ્લાંડનાં પ્રધાનમંડળના મનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવો એક વિચાર આવ્યો કે એક કુશળ અંગ્રેજ કારીગર મુંબઈ મોકલવો અને તેની દેખરેખ નીચે લવજીના કારખાનામાં આરમારો તૈયાર કરાવવી; પણ નૌકાખાતાના એક સભાસદ સર ટોમસ ટ્રોબ્રીજે એવી ખાતરી આપી કે લવજીના કારખાનામાં એટલાં તો સરસ જહાજ તૈયાર થાય છે કે તેને અંગ્રેજ કારીગરની સલાહ અથવા સહાયની જરા પણ જરૂર નથી. ત્યાર પછી છત્રીસ છત્રીસ તોપવાળાં બે લડાઇના જહાજો અને એક ૭૪ તોપવાળું લડાઇનું જહાજ તૈયાર કરવાની વરદી જમશેદજી અને ફરામજીને મળી. આ આરમારો એવી તો ઉત્તમ કારીગરીવાળી અને કોઈ પણ પ્રકારની ખામી વિનાની બની કે નૌકાયુદ્ધ ખાતાનાં સારામાં સારાં પ્રમાણપત્રો આવ્યાં, અને એ કારખાનાનું નામ સાંભળીને યુરોપના બીજા દેશોના વેપારીઓ પણ જમશેદજીના કારખાનામાં પોતાનાં જહાજો બંધાવવા લાગ્યા. એ જ અરસામાં મુંબઈમાં મોટા મોટા ડક્કાઓ પણ બંધાવવામાં આવ્યા.

ઈ. સ. ૧૮૦૫ માં મુંબઈમાં બીજી બે ગોદીઓ બંધાવવામાં આવી. તે ગોદીમાં જમશેદજીનું 'મિન્ડેન' નામનું ૭૪ તોપવાળું એક નમૂનેદાર જહાજ તૈયાર થયું. તેની મજબૂતાઈ, કારીગરી અને બાંધકામ જોઇને ઇંગ્લાંડના નામાંકિત નૌકાપરીક્ષકોએ એવો અભિપ્રાય આપ્યો કે બ્રિટિશ રાજ્યમાં 'મિન્ડેન'ની સરખામણી કરે એવું એક પણ જહાજ નથી. આ જહાજની બહુ સખતાઇથી પરીક્ષા કરવા માટે નૌકાયુદ્ધ ખાતાનાં સેનાપતિએ કેપ્ટન હોર નામના એક કાબેલ અને સમર્થ ઇન્જીનીઅરની નિમણૂક કરી. તેણે એવો અભિપ્રાય આપ્યો કે ઇંગ્લાંડમાં તૈયાર થએલા 'રસેલ' જહાજ કરતાં 'મિન્ડેન' અનેક દૃષ્ટિથી અને અનેકગણું ચડિયાતું છે. ત્યાર પછી વિલાયત સરકારે મુંબઈ સરકાર પાસેથી લવજીના કારખાના વિશે સવિસ્તર રિપોર્ટ મંગાવ્યો. તે રિપોર્ટમાં એવું જણાવવામાં આવ્યું કે લવજીનું કારખાનું મુંબઈ આવ્યું તેથી જ મુંબઇનો લાકડાનો વેપાર અતિશય તેજીમાં આવ્યો. જહાજો બાંધવાની જમશેદજીની કુશલતા સંબંધી એ રિપોર્ટમાં નીચે પ્રમાણેનો ઉલ્લેખ છે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જમશેદજી બમનજીમાં ઉત્તમ જહાજો બાંધવા માટે જરૂરી કૌશલ્ય અને શક્તિ પૂર્ણપણે છે, અને જહાજો બાંધવાનું કામ તે અત્યંત યશસ્વી રીતે પૂરું કરી શકશે. તેને માટે તેની પાસે બધાં સાધનો છે. તેની સાથે તેનો છોકરો નવરોજી અને બીજા એક હજાર કારીગર કામ કરે છે."

એ ઉપરથી સન ૧૮૧૧ સુધી લવજી અને તેના વંશજોનું કારખાનું ઉત્તમ સ્થિતિમાં હતું એમ માલમ પડે છે. આ જ કારખાનામાં ૧૮૧૬ માં ૧૦૦૦ ટનનાં નવ જહાજો, ૮૦૦ ટનનાં પાંચ, ૬૦૦ અને ૭૦૦ ટનનાં પાંચ અને તે સિવાય ૩૫ નાની હોડીઓ બાંધવામાં આવી હતી.

સન ૧૮૨૯ થી મુંબઈના બારામાં સ્ટીમરોનો પગરવ થવા માંડ્યો એટલે ધીરે ધીરે વાડીઆ કુટુંબનું જહાજો બાંધવાનું એ કારખાનું ખરાબ સ્થિતિમાં આવી પડ્યું, અને આજ તો લવજી અને તેના કારખાનાનું નામ પણ બધા ભૂલી ગયા છે!

જે દેશ લવજી જેવા મહાન અને કાબેલ વહાણો બાંધનાર ઉત્પન્ન કરી શક્યો, જે દેશ માત્ર સો વર્ષ પહેલાં જહાજો બાંધવાની કળામાં દુનિયામાં મોખરે હતો, તે દેશ આજે પણ ધારે તો પોતાનું ગુમાવેલું સ્થાન પાછું ન મેળવી શકે?

– સ્વાધ્યાય –

૧. વહાણ બાંધવાની કળા ઘણા જૂના કાળથી હિન્દમાં સારી રીતે ખીલી હતી એમ કયાં પ્રમાણ ઉપરથી કહી શકાય?

૨. મુંબઈમાં વહાણ બાંધવાનું કારખાનું ક્યારે અને કેવી રીતે ખૂલ્યું તેનો સવિસ્તર ઇતિહાસ આપો.

૩. આ પાઠમાં લવજી સંબંધી જે ઉલ્લેખો આવે છે તે ઉપરથી લવજીના ચારિત્ર્ય અને વહાણ બાંધવાના કૌશલ્ય સંબંધી તમારો અભિપ્રાય નોંધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. લવજીના પૌત્ર માસિક રૂ. ૧૨ ના પગારથી તેના કારખાનામાં સુતાર-કામ કરતા હતા એ હકીકત આ પાઠમાં નોંધવામાં શો હેતુ હશે?

૫. 'મિન્ડેન'નો પરિચય આપો.

૬. વહાણ બાંધવાનો ઉદ્યોગ હિન્દમાં કેવી રીતે પડી ભાંગ્યો? જે સંજોગોમાં એ ઉદ્યોગ પડી ભાંગ્યો તેવા જ સંજોગોમાં હિન્દના બીજા કોઈ મોટા ઉદ્યોગો—જેવો કે કાપડ બનાવવાનો ઉદ્યોગ વગેરે પડી ભાંગ્યા એવું તમે સાંભળ્યું છે?

૭. તમારા ગામમાં અગાઉ કયા કયા ઉદ્યોગો ચાલતા હતા, તેમાંથી હાલ કયા ચાલે છે, નવા કયા ઉદ્યોગો દાખલ થયા, તે બધાનો ઇતિહાસ ભેગો કરો અને જે જે ફેરફારો થયા હોય તેનાં કારણો શોધી કાઢવા પ્રયત્ન કરી, તે કારણો નોંધો.

૮. વહાણ બાંધવાનો ઉદ્યોગ, કાપડ બનાવવાનો ઉદ્યોગ વગેરે ઉદ્યોગોને પાછા સજીવન કરી, પહેલાંની જાહોજલાલી ઉપર તેમને મૂકવા માટે શું શું કરવું જોઇએ તે તમે કહી શકશો?

૯. જેનું કારખાનું હાલ અંગ્રેજી સામ્રાજ્યમાં પહેલા નંબરના કારખાનાઓમાં ગણાય છે એવા, આ વાડિયા કુટુમ્બ જેવા, બીજા કોઈ પારસી કુટુમ્બ વિશે જાણો છો? જો તમને એની ખબર ન હોય તો જમશેદપુરનો ઇતિહાસ તમારા શિક્ષક પાસેથી જાણજો અને તે સાથે તમને પ્રખ્યાત તાતા કુટુમ્બનો ગૌરવભર્યો ઇતિહાસ પણ જાણવાનો મળશે.

૧૦. તમારા કુટુમ્બનું અથવા તમારા ગામના સૌથી જૂના કોઈ પ્રખ્યાત કુટુમ્બનું બંને તેટલું મોટું વંશવૃક્ષ તૈયાર કરો.

૧૧. ગૂજરાતનાં જૂનાં અને નવાં બંદરોની યાદી કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૭
તારાઓનું કાવ્ય



[આકાશના ચંદરવા નીચે બેસી માથા ઉપરથી નાના નાના તેજસ્વી દેવદૂતો પસાર થતા હોય એવું તારાઓનું સરઘસ કોણે નહિ જોયું હોય? અને એ જોતાં જેણે આનંદ ન અનુભવ્યો હોય એવાં કોઈ હશે ખરાં? શ્રી કાકાસાહેબ કાલેલકર આપણને એ તારાઓનું ગાન આ પાઠમાં સંભળાવે છે. આચાર્ય શ્રી આનંદશંકર ધ્રુવ, શ્રી કિશોરલાલ મશરૂવાળા કે શ્રી કાકાસાહેબ કાલેલકર જેવા વિદ્વાનોને આપણે ચિન્તક તરીકે ઓળખીએ છીએ–જેમ સ્વ. નવલરામ પંડ્યા, સ્વ. સર રમણભાઈ નીલકંઠ વગેરેને વિવેચક તરીકે ઓળખીએ છીએ તેમ. શ્રી કાકા કાલેલકરનાં લખાણો ઉપલાં ધોરણોમાં તમે બહુ રસપૂર્વક વાંચી શકશો. 'ઓતરાતી દીવાલ,' 'હિમાલયનો પ્રવાસ,' 'બ્રહ્મદેશનો પ્રવાસ,' 'લોકમાતા' આદિ તેમનાં પુસ્તકો આપણા સાહિત્યનાં પ્રખ્યાત પુસ્તકો છે. તે બધામાં કદાચ તમને આ ઉંમરે બહુ રસ ન પડે, પણ તમારા શિક્ષકની મદદથી તેમાંના તમને સમજાય એવા ભાગો તમે વાંચશો તો તમને ખૂબ આનંદ થશે. 'સ્મરણ યાત્રા' નામના તેમના પુસ્તકનો આ 'પાઠાવલી'માં આગાઉ ઉલ્લેખ આવી ગયો છે, અને તે તો કદાચ તમે વાંચી પણ લીધું હશે. ન વાંચ્યું હોય તો તમારે પહેલી તકે તે વાંચવું જોઇએ. "તારાઓનું કાવ્ય" વાંચી આકાશદર્શન ઉપર મહાત્મા ગાંધીજીના લેખો અને શ્રી પટવાની નાનકડી પુસ્તિકા મેળવી વાંચજો.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શું જુઓ છો?" એક ગામડિયા છોકરાએ મને પૂછ્યું. "આકાશના તારાઓ જોઉં છું." મેં જવાબ વાળ્યો.

"એમાં તે શું જોવાનું હોય? તારાઓ તો છે જ. હરણું, હાથિયો, વીંછૂડો ને એવા બધા તારાઓ રોજ ઊગે છે ને આથમે છે એ જોઇને શું મળવાનું હતું? નક્કામી ડોક તાણી તાણીને હેરાન થાવ છો!"

આ ગામડિયા છોકરાને તારાના આનન્દની શી ખબર હોય! જાનવરો પણ રાત્રે તારાઓ જોતાં હશે પણ એમને કંઈ એમાં ઉત્સાહ જેવું લાગતું હશે? એને માટે તો સંસ્કારિતા જોઇએ છે. તારાઓનું ભવ્ય દર્શન, તારાઓનું કાવ્ય, તારાની શાન્તિ અને એમનો આધ્યાત્મિક સંદેશ એ તો આ ગામડિયા માટે ન હોય.

થોડા દિવસ ગયા. હું શહેરમાં પાછો ગયો; અને એ જ છોકરાને ઘરમાં નોકર તરીકે મેં રાખ્યો. છોકરો અમારે ત્યાં જ રહે, અમારી સાથે જમે, ઘરના છોકરાઓ સાથે રમે અને મારી ઓરડી બહાર સૂવે. તુકારામનો ઉપદેશ મારે હૈયે ઠસેલો: दया करणें जे पुत्रासी। तेचि दासा आणि दासी॥ જે દયાભાવ પોતાના દીકરા પ્રત્યે હોય તે જ ઘરના નોકરો પ્રત્યે રાખવો ઘટે છે, એટલે છોકરાને ઘર જેવું લાગે એવો પ્રયત્ન હું કરતો જ હતો. પંદર દિવસ ગયા અને છોકરો મૂંઝાતો આવીને મને કહે: "મારે અહીં નથી રહેવું, મને જવા દો!" મને આશ્ચર્ય થયું. મેં પૂછ્યું: "કેમ? શું થયું? ખાવાનું નથી ભાવતું? કોઈ કનડે છે?" "ના." કહીને છોકરો મૂગો જ રહ્યો. બહુ પૂછતાં તેણે કહ્યું: "અહીં બધું સુખ છે, પણ ઢોરો પાછળ દોડવાની મઝા અહીં નથી, અને રાત્રે સૂઉં છું ત્યારે તારાઓ નથી દેખાતા." મેં એને પૂછ્યું: "પણ તું જ મને કહેતો હતો ને કે તારાઓ જોવાની ગરજ શી?" "એ ખરું; પણ તારા હોવા તો જોઇએ જ, એના વગર ગમે નહિ." છોકરાને મઝાની ઉપમા સૂઝી, એટલે આંખો દીપાવીને કહે: જેમ તમ્બુરા વગર ગવાય નહિ તેમ તારાઓના ચંદરવા વિના સુવાય નહિ. રોજ જોઉં છું કે રાત્રે જાગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે ત્યારે તારા દેખાતા નથી, અને મૂંઝાઉ છું. જેમતેમ પંદર દિવસ કાઢ્યા; હવે મને જવા દો!"

મને તો આવું કોઈ દી થયું ન હતું. હું તારા જોઉં, એના ઉદય અને અસ્ત નોંધી રાખું. દરેક તારો આજના કરતાં આવતી કાલે લગભગ ચાર મિનિટ વહેલો ઊગવાનો એ મેં મારી મેળે તારવી કાઢ્યું હતું. મોટા મોટા તારાઓ જે આજે નવ વાગે ઊગે છે તે મહિના પછી સાંજે સાત વાગે જ દેખા દેશે એમ લોકોને સમજાવતો. પણ તારાઓનું દર્શન એ કાંઈ મારે માટે હવાપાણી, ઊંઘ કે ખોરાક જેવું થયું ન હતું. જ્યારે એ અબોધ છોકરાને તારાઓ પ્રત્યેની ભક્તિ પોતાની મા પ્રત્યેની પ્રીતિ જેવી જ હતી. મા તો છે જ, એની પૂજા થોડી જ કરવાની હોય! પણ મા ન હોય ત્યારે આખું બ્રહ્માંડ સૂનું સૂનું લાગે. ત્યારે ખરો કવિ કોણ? એ અબોધ પ્રાકૃતિક બાળક કે સંસ્કારના ભાનથી ભારે થએલો મારા જેવો તારાપ્રેમી?

* * *

કોઈ આપણને પૂછે કે "તમારા ઘરમાં કોણ કોણ છે" તો આપણે એમ નથી કહેતા કે "ઘરમાં માણસો છે." આપણે તો એ પ્રશ્ન સાથે કૌટુમ્બિક જીવનનું ભાન જાગ્રત થવાથી કહીએ છીએ, "મારા બાપા છે, મારી બા છે, વિમલા ને કમલા છે, હું છું;–અને મીની ને મોતીઓ છે."

કોઈ પૂછે કે "તમારો બગીચો કેવો છે?" તો તમે એમ નથી કહેતા કે "બગીચામાં છોડ છે, પાંદડાં છે, અને ફૂલો છે." પણ તમે કહો છો કે "મોટા ગુલાબના ચાર છોડ છે. એક ખૂણે ચંપો છે, અને બીજે ખૂણે પારિજાત છે. મોગરાના છોડ તો હમણાં જ વાવ્યા છે; અને ગુલછડીને ઘોળાં ઘોળાં ફૂલ બેસવાની તૈયારી છે."

ત્યારે જો તમને કોઈ પૂછે કે આકાશમાં તમે શું જુઓ છો? ત્યારે શું તમે એવો જ જવાબ આપવાના કે "આકાશમાં દહાડે સૂરજ હોય છે અને રાત્રે ચાંદો અને તારા હોય છે?" નવલખ તારાનાં નામ કોઈ આપણી પાસે માગતું નથી, પણ સવારસાંજ બારે માસ જે તારાઓ ફરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરી દર્શન દે છે, જેમને સાક્ષી રાખી આપણાં બધાં સગાંવહાલાંઓ પરણે છે, જેમને જોઇને ખેડૂતો વાવણી અને લણણી કરે છે, જેમને જોઇને મુસાફરો રાત્રે દિશા નક્કી કરે છે, જેમની મદદથી અજાણ્યા મુલકમાં પણ મોટી મોટી ફોજો અચૂક રસ્તો કાઢે છે, અને જેમના પરથી રાત્રે કેટલા વાગ્યા છે એ પણ આપણે થોડીક મહેનતથી નક્કી કરી શકીએ છીએ તે મોટા મોટા તારાઓનાં વીસપચ્ચીસ નામોની પણ આપણને ખબર ન હોય! સપ્તર્ષિ, વીંછૂડો, હરણું, કૃતિકા, ચિત્રા, સ્વાતિ, હાથિયો, શ્રવણ વગેરે વેદકાળથી આપણને જગાડતા તારાઓની આકૃતિઓ આપણે ઓળખી ન શકીએ?

સંગીત સાંભળવામાં જે આનંદ છે, બુદ્ધિબળ અજમાવવામાં જે એકાગ્રતા છે, મોટી નવલકથાનું કથાનક જાળવવામાં જે તલ્લીનતા છે તે બધું આ તારાનિરીક્ષણમાં આપણને સહેજે મળે છે. આંખોને માટે એના કરતા વધારે પૌષ્ટિક ખોરાક નથી. તારાઓને જે ઓળખી ન શકે તે માણસ સંસ્કારી નથી, અને પેલો મારો ગામડિયો છોકરો કહેશે કે એ માણસ ગામડિયો પણ નથી!

ઢોરો શું કહેશે એ આપણે જાણતા નથી.

– સ્વાધ્યાય –

૧. આ પાઠનું મથાળું "તારાઓનું કાવ્ય" કેમ રાખવામાં આવ્યું હશે? એવી રીતે કાવ્ય શબ્દનો બીજાં નામો સાથે પ્રયોગ કરી બતાવો.

૨. આ પાઠમાં લેખકે બતાવેલી પંક્તિની તારા તરફની દૃષ્ટિ અને પેલા ગામડિયા છોકરાની તારા તરફની દૃષ્ટિની તુલના કરો. બેમાં તમને કઈ વધુ સારી લાગે છે? અથવા તો તારાઓ તરફ કેવી દૃષ્ટિ તમે ઉત્તમ લેખો?

૩. આકાશમાં જે મોટા મોટા તારાઓ છે તેમાંથી થોડાકનાં નામ લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭ નક્ષત્રો અને ૧૨ રાશિઓનાં નામો તમારા શિક્ષકની મદદ મેળવી લખો.

૪. કાર્તિક, માર્ગશીર્ષ વગેરે આપણા બારે મહિનાનાં નામ કેવી રીતે પડ્યાં હશે તે તમે જાણો છો? ન જાણતા હો તો તમારા શિક્ષક પાસેથી શીખી લેજો.

૫. તારાઓના જુદા જુદા ઉપયોગનો ઉલ્લેખ કરો.

૩૮

ગદાયુદ્ધ

[રામાયણ અને મહાભારત આપણા દેશે જગતને આપેલો અમર અને અમૂલ્ય વારસો છે. એ ગ્રંથોએ કાલિદાસ અને ભવભૂતિ આદિ આપણા સંસ્કૃત મહાકવિઓથી માંડી પ્રેમાનંદ અને કવિ શ્રી. ન્હાનાલાલ સુધીના આપણા મહાકવિઓને પ્રેરણા આપી છે. રામાયણમાં જગત કેવું હોવું જોઇએ તેનું ચિત્ર છે, જ્યારે મહાભારતમાં જગત કેવું છે તેનું ચિત્ર છે. એથી મહાભારતમાં જગતના પ્રપંચો, વેરઝેર, ઉદારતા, સ્વાર્થત્યાગ વગેરેનાં ચિત્રો ઢગલાબંધ ખડકાયાં છે. તેમાં જગતની દુષ્ટતાનાં જે ચિત્રો આપ્યાં છે તેથી તો ગમે તેવો કઠોર છાતીનો માણસ પણ ત્રાસી જાય, અને શ્રી કાકાસાહેબ કાલેલકરે એક જગ્યાએ કહ્યું છે તેમ તે "ઊંડા અંધારેથી ! પરમ તેજે તું લઈ જા !" ની જગ્યાએ "મહાભારતમાંથી પ્રભુ ! તું રામાયણમાં લઈ જા !" એમ પ્રાર્થના કરવા માંડે. આપણા આ બન્ને મહાન ગ્રંથોમાં જે અમર સ્ત્રીપુરુષો અગત્યનો ભાગ ભજવે છે તેમાંથી ઘણાંની કથા શ્રી નાનાભાઈ એ 'રામાયણનાં પાત્રો' અને 'મહાભારતનાં પાત્રો' નામનાં પુસ્તકોમાં આપી છે. શ્રી નાનાભાઈનું આખું નામ શ્રી નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ છે. શ્રીદક્ષિણામૂર્તિ વિદ્યાર્થિભવનના તે નિયામક છે. તેમની શૈલી પ્રસન્ન, સરળ, સીધી અને સચોટ છે. રામાયણ અને મહાભારતમાં પાત્રો ઉપરનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમનાં નાનકડાં પુસ્તકો નાની નાની સુંદર નવલકથાઓ જેવાં છે. એ પુસ્તકો તમારે વાંચવા જ જોઇએ. 'મહાભારતનાં પાત્રો' માંથી 'દુર્યોધન' નામના પુસ્તકમાંથી 'ગદાયુદ્ધ' લેવાયું છે.]

* * *

"આ જ એ તળાવ કે ?" યુધિષ્ઠિર બોલ્યા.

"હા, આ જ. આને જ લોકો દ્વૈતવન હ્રદ કહે છે." સહદેવ બોલ્યો.

"એ લોકોને શી રીતે ખબર પડી કે દુર્યોધન અંદર છે ?" યુધિષ્ઠિર બોલ્યા.

"આ પારધિ લોકો કહેતા હતા કે અમે તળાવને કાંઠે પોસ ધોતા હતા ત્યારે કાંઠે ઊભા ઊભા ત્રણ પુરુષો પાણીમાં કોઇની સાથે વાતો કરતા હતા તે પરથી અમને જણાયું કે દુર્યોધન તળાવમાં ભરાયો છે." ભીમે કહ્યું.

"એ બરાબર છે. કાંઠે ઊભેલા ત્રણ જણમાં એક તો અશ્વત્થામા હોવો જોઇએ." અર્જુને કહ્યું.

"એક અશ્વત્થામા, બીજા કૃપાચાર્ય અને ત્રીજો કૃતવર્મા. એ ત્રણ જણ હજી જીવે છે. અને ચોથો દુર્યોધન." યુધિષ્ઠિર બોલ્યા.

"તો હવે આપણે ચાલો દુર્યોધનને બહાર કાઢીએ." ભીમ બોલ્યો.

"દુર્યોધન, પાપી દુર્યોધન, તળાવમાં ભરાઈ ને શું બેઠો છું ?" યુધિષ્ઠિરે હાકલ મારી. "આવડી મોટી સેનાનો સંહાર કરાવીને હવે આ ખાબોચિયામાં ભરાવું તને શોભતું નથી. આવ, બહાર આવ, કૌરવના નાથ ! બહાર આવ. અમને હરાવીને પૃથ્વીનું રાજ્ય કર. કુરુવંશમાં કોઈ આમ ભરાઈ બેઠો સાંભળ્યો નથી !"

"યુધિષ્ઠિર," પાણીની અંદરથી ધીરગંભીર અવાજ આવ્યો. "યુધિષ્ઠિર ! તારી સહજ ધીરજ આજે શા માટે ગુમાવે છે ? દરેક માણસને એક દિવસ ભસવાનો આવે છે. એક દિવસ હું ભસી શકતો હતો તેમ આજે તારો ભસવાનો દિવસ છે, તો તું ફાવે તેટલું ભસી લે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એ આંધળાના છોકરા! ભસે છે તો તું કે યુધિષ્ઠિર?" ભીમે ત્રાડ મારી. "બકવાદ છોડીને લડાઇમાં આવી જા ને!"



"ભીમસેન, હું રાજપુત્ર જંગલોનાં જનાવરો સાથે વાત કરતાં અચકાઉં છું." દુર્યોધને મહેણું માર્યું.

"જંગલી જનાવર તો આંધળો કૌરવરાજ. ખરો બાપનો બેટો હો તો બહાર આવી જા ને!" ભીમે કહ્યું.

"દુર્યોધન, ભીમ બરાબર કહે છે. આ યુદ્ધ આખું ઊભું કરનાર તું છો. કર્ણ, શકુનિ ને દુઃશાસન બધા ય પૃથ્વી પર લેટી ગયા છે એટલે હવે તારાથી સંતાઈ રહેવાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ. તું બહાર આવ અને રણમેદાનમાં અમને હરાવીને આખી પૃથ્વીને સુખેથી ભોગવ." યુધિષ્ઠિરે જવાબ દીધો.

"યુધિષ્ઠિર, યુધિષ્ઠિર, પાંડવોમાં તું એકલો ધર્મી છું એમ હું માનું છું."

"આજે યુધિષ્ઠિર ધર્મી થઈ ગયા, કેમ? જુગાર રમતી વખતે યુધિષ્ઠિર ધર્મી ન હતા?" ભીમ બોલ્યો.

"તું એને બોલવા તો દે." યુધિષ્ઠિરે ભીમસેનને અટકાવ્યો. "દુર્યોધન, બોલ, હું સાંભળું છું."

"યુધિષ્ઠિર, હું અત્યંત થાકી ગયો છું, હતાશ છું, રથઘોડા વિનાનો છું, શસ્ત્રાસ્ત્ર રહિત છું; કવચબખ્તર કશું ય નથી. આવો હું તમારી સાથે શી રીતે લડું? માટે જ અહીં ભરાયો છું અને મારો લાગ શોધું છું." દુર્યોધન બોલ્યો.

"દુર્યોધન, તારી વાત યથાર્થ છે. પણ તું બહાર આવ. અમે તને રથ આપશું અને પછી તારી સાથે યુદ્ધ કરશું. અમે પણ બધા યુદ્ધશાસ્ત્રના નિયમોથી પરિચિત છીએ; તને અધર્મથી અમે મારવાના નથી." યુધિષ્ઠિર બોલ્યા.

"તો તો હું આ બહાર નીકળ્યો."

એમ કહી દુર્યોધન–પહાડ સરખો દુર્યોધન–પાણીની બહાર આવ્યો અને હાથમાં ગદા લઇને જમીન પર ઊભો.

"લે આ કવચ-બખ્તર." યુધિષ્ઠિર બોલ્યા, અને તેને કવચબખ્તર આપ્યાં.

"યુધિષ્ઠિર, તમે લોકો ઘણા છો જ્યારે હું એકલો છું. મારા સાથીઓ બધા મરણ પામ્યા છે. તમારી સૌની સાથે એકલો હું શી રીતે લડું?" દુર્યોધન બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દુર્યોધન, તારી વાત ઠીક છે. તું જો રણમેદાનમાં ઊતરતો હો તો અમે પાંચ પાંડવોમાંથી બધા એક એક તારી સાથે લડશું અને અમારા એકનો પણ પરાજય એ સૌનો પરાજય ગણશે." યુધિષ્ઠિર બોલ્યા.

"એ જ સાચું ધર્મયુદ્ધ ગણાય. મને એ વાત કબૂલ છે." દુર્યોધન બોલ્યો.

"તને શા માટે કબૂલ ન હોય!" શ્રીકૃષ્ણથી ન રહેવાયું. "તેં આવાં જ ધર્મયુદ્ધો કર્યાં છે એટલે આ શા માટે કબૂલ ન હોય? એકલા અભિમન્યુને છ મહારથીઓએ એકઠા મળીને માર્યો તે દિવસે આ ધર્મયુદ્ધ ક્યાં ગયું હતું? યુધિષ્ઠિર તો ભોળા છે એટલે તને બધી હા પાડે છે; પણ એનું જોખમ કાંઈ એમને જોવું છે?"

"મારે મન તો યુધિષ્ઠિર એ પાંડવોના અગ્રણી. હું તમારી સાથે ગદાયુદ્ધ માગું છું, માટે તમારામાંથી જે મારી સાથે ગદાયુદ્ધ કરવા ઇચ્છતા હો તે આવો." દુર્યોધન બોલ્યો.

"બીજો કોણ તારી સાથે ગદાયુદ્ધ કરે?" ભીમ આગળ આવ્યો. "આપણે બે જન્મના મિત્રો, આપણે રોજ એક બીજાને સંભારીએ પછી જ ઊંઘ આવે. એમાં વળી દ્રૌપદીએ આપણી મૈત્રીમાં વધારો કર્યો; એટલે તો પૂછવું જ શું? એક જ બળરામના આપણે બન્ને શિષ્યો. દુર્યોધન! આવ, તારી સાથે આ ગદાયુદ્ધ હું સ્વીકારું છું." ભીમે હાક મારી.

ભીમ-દુર્યોધનનું ગદાયુદ્ધ ચાલ્યું. ભીમનું બળ અને દુર્યોધનની ચપળતા; કોઈ કોઈથી જાય તેવા નહિ. અને છતાં યે દુર્યોધન ચડે. પાંડવો બધા આ ગદાયુદ્ધના પ્રેક્ષકો હતા. ગુરુ બળરામ પણ નસીબયોગે આવી ચઢ્યા એટલે તે પણ પોતાના શિષ્યોનું આ ગદાયુદ્ધ જોવા રોકાયા. ઘડીમાં ભીમ પડે ને ઘડીમાં દુર્યોધન પડે. કોઈ એકબીજાથી ગાંજ્યા જાય તેમ ન હતું એટલે શ્રીકૃષ્ણ મૂંઝાયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અર્જુન!" અર્જુનને એક ખૂણે લઈ જઇને શ્રીકૃષ્ણે કહ્યું: "આ યુદ્ધમાં ભીમ દુર્યોધનને જીતે એ અશક્ય જેવું છે. કોઈ પણ એકનો પરાજય એ સર્વનો પરાજય છે એમ કહીને યુધિષ્ઠિરે ભારે ભૂલ કરી છે!"

"હા, એ તો હું પણ સમજું છું. જુઓને, દુર્યોધન, ભીમના ઘાને છટકાવી જાય છે અને લાગમાં જ આવતો નથી." અર્જુન બોલ્યો.

"અર્જુન, મને એક વાત સૂઝે છે."

"શી?"

"ભીમ દુર્યોધનને સાથળમાં ગદાનો ઘા કરે તો દુર્યોધન પડે." શ્રીકૃષ્ણે કહ્યું.

"એ તો ભીમ જાણે છે."

"જાણે છે પણ ભૂલી ગયો લાગે છે."

"તો તેને યાદ આપું; પણ એ અધર્મ-યુદ્ધ નહિ થાય?" અર્જુને શંકા કાઢી.

"એ કેવું યુદ્ધ ગણાશે તે પાછળથી જોયું જશે. એક વાર દુર્યોધનને પડવા તો દે! અર્જુન, તું સાથળ ઠોક એટલે ભીમને યાદ આવે."

અર્જુને જમણા સાથળ પર હાથનો ફડાકો લગાવ્યો કે તરત જ ભીમ ચેતી ગયો, અને એવા જોસથી ગદા દુર્યોધનના સાથળમાં મારી કે દુર્યોધન એક ક્ષણમાં ધરતી પર ઢળી પડ્યો: દુર્યોધનના પગ જ ભાંગી ગયા.

આ બાજુ પાંડવો હર્ષમાં આવી ગયા ને મોટો હર્ષનાદ કરી મૂક્યો.

પણ બળરામથી આ સહન ન થયું.

"અલ્યા કૃષ્ણ, આ ભીમે દુર્યોધનને સાથળમાં ગદા મારી એ અધર્મ કર્યો છે. હું ગદાયુદ્ધનો આચાર્ય. મારા દેખતાં આવો અધર્મ થાય એ મારાથી શી રીતે જોવાય?" એટલું કહેતાં જ બળરામે પોતાનું હળ ભીમને મારવા માટે ઉપાડ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ શ્રીકૃષ્ણ તરત જ વચ્ચે આવ્યા : "મોટા ભાઈ! ભીમે અધર્મ કર્યો છે એમાં શંકા નથી; પણ દુર્યોધનના અધર્મની સીમા ન હતી. વળી ભીમે દુર્યોધનનો સાથળ ભાંગવાની પ્રતિજ્ઞા કરી હતી તે તરફ પણ આપે ધ્યાન આપવું જોઈએ. ભીમનો અધર્મ તો છે જ; પણ ક્ષંતવ્ય છે. વળી પાંડવો તો આપણાં સગા છે."

શ્રીકૃષ્ણનું કહેવું બળરામને રુચ્યું નહિ એટલે રીસમાં ને રીસમાં પોતે ત્યાંથી ચાલતા થયા.

પાંડવો પણ દુર્યોધનને તળાવના કાંઠા પર તરફડિયાં મારતો મૂકીને રવાના થયા.

બિચારો કૌરવરાજ કાગડા તથા શિયાળને હાંકતો ત્યાં છેલ્લા શ્વાસો લેતો પડ્યો હતો.

એટલામાં દૂર દૂર અશ્વત્થામાના રથનો અવાજ આવ્યો.

– સ્વાધ્યાય –

૧. આ પાઠમાં આવતાં પાત્રોનો પરિચય આપો; અને તે દરેકના સ્વભાવ અને ચારિત્ર્ય સંબંધી તમારા મનમાં આ એક પાઠ ઉપરથી જે વિચારો બંધાયા હોય તે જણાવો.

૨. આ પાઠમાંથી શ્રીકૃષ્ણ અને ભીમે દુર્યોધનને કટાક્ષભરી વાણીમાં જે મહેણાં માર્યાં છે તેનો ઉલ્લેખ કરો.

૩. દુર્યોધનને પાણીમાંથી બહાર કાઢવા પાંડવોએ શી યુક્તિ કરી? દુર્યોધન પાણીમાંથી શાથી બહાર આવ્યો?

૪. દુર્યોધન અને ભીમના ગદાયુદ્ધનું વર્ણન કરો.

૫. બળરામ શાથી 'રીસમાં ને રીસમાં' ચાલ્યા ગયા?

૬. દુર્યોધનને જે રીતે ભીમે માર્યો એ તમને યોગ્ય લાગે છે? અસહાય સ્થિતિમાં તેને મૂકીને પાંડવો રવાના થયા એ તમને કેવું લાગ્યું?

૭. દુર્યોધન માટે આપણા અન્તરમાં સહાનુભૂતિ અને દયા પ્રગટે એવાં આ પાઠમાં જે વાક્યો હોય તે બતાવો.

૮. નીચેના શબ્દો કયા કયા શબ્દોના બન્યા છે તે જણાવો : અને તે શબ્દો વાપરી તેના જેવા બીજા શબ્દો બનાવો : (જેમકે–ગદાયુદ્ધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરથી મલ્લયુદ્ધ, ગદાધર વગેરે.) બકવાદ, યુદ્ધશાસ્ત્ર, ધર્મયુદ્ધ, પરાજય, અધર્મ, કૌરવરાજ, નસીબયોગ.

૯. ધર્મયુદ્ધ અને યુદ્ધધર્મ; યુગધર્મ અને ધર્મયુગ, અને રાજધર્મ ને ધર્મરાજ–આ શબ્દોના અર્થ સમજાવો. બને તો ગદાયુદ્ધ નાટક તરીકે ભજવો.

૩૯

ગામતરું

[આ 'પાઠાવલી'માં તમે એક ચિત્રનો પરિચય તો આ પહેલાં મેળવી લીધો. 'ગામતરું' એ એક બીજા ચિત્રનો પરિચય છે. જે ત્રિરંગી ચિત્ર માટે એ પરિચય લખાયો છે તે ચિત્રને આ 'પાઠાવલી'ની શરૂઆતમાં તમે જોયું હશે. એ ચિત્ર શ્રી યજ્ઞેશ્વર શુક્લ નામના આપણા એક યુવાન ચિત્રકારે દોર્યું છે. શ્રી. શુક્લનાં કેટલાંક ચિત્રો મોટા મોટા કલાવિવેચકોની પ્રશંસા મેળવી શક્યાં છે. તેમનાં કેટલાંક ચિત્રો પ્રદર્શન માટે વિલાયત ગયાં હતાં ત્યાં પણ તે ચિત્રોની બહુ સારી કદર થઈ હતી. તેમના એક ચિત્રનો આ પાઠમાં આપણા એક સમર્થ વિદ્વાન શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક આપણને પરિચય કરાવે છે. શ્રી પાઠક સંબંધી આપણી આ 'પાઠાવલી'ના બીજા ભાગોમાં તમે વિશેષ જાણશો. અત્યારે તો એટલું જ જાણવું બસ છે કે જેમ શ્રી કાકાસાહેબ કાલેલકરનો પરિચય મેળવતાં તમે તેમને એક ચિન્તક તરીકે ઓળખ્યા, તેમ શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક પણ તેવા જ એક ચિન્તક છે. તેમનાં લખાણો તમારી ઉંમરનાને ભારે પડે એવાં છે, છતાં "કિશોર"માં તેમણે જે કંઈ લખ્યું છે તેમાંનું ઘણું તમે સમજી શકશો. 'નિત્યનો આચાર' અને 'કાવ્ય પરિશીલન' નામની તેમની લેખમાળા તમે જાતે, અને તેમાંનો ન સમજાય એવો ભાગ કોઈની મદદ લઇને જરૂર વાંચજો.]

* * *

એક ગામના લોકો બીજે ગામ જાય તેને 'ગામતરે ગયા' કે 'ગામતરું કર્યું' કહે છે. આપણા દેશમાં શહેરો કરતાં ગામડાંની સંખ્યા ઘણી મોટી છે. વસતિનો ઘણો મોટો ભાગ ગામડાંમાં રહે છે, અને ત્યાં જ ધંધો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી ખાય છે. ધંધાને અંગે તેમને વરસનો ઘણો ભાગ પોતાનાં જ ગામમાં રહેવાનું હોય છે. પણ કોઈ કામ પ્રસંગે તેમને બીજે ગામ જવાનું પણ વારંવાર થાય છે. નાતમાં કે ઓળખીતાપાળખીતામાં સારેમાઠે પ્રસંગે કોઈ ગામ જવું પડે, ખેતરની ઊપજ વેચવા કોઈ શહેર જવું પડે, કોઈ માલ પહોંચાડવા એક ગામથી બીજે ગામ કે શહેર ભાડે જવું પડે, કોઇનો સંદેશો પહોંચાડવા ક્યાંક જવું પડે, તેમ અનેક કારણે તેમને ગામ બહાર જવું પડે. નાતને પ્રસંગે કે શહેરમાં થોડો માલ લેવા જવાનું થાય ત્યારે ઘણી વાર કુટુંબનાં ચાલી શકે તેટલાં બધાં માણસો બહાર નીકળે છે. ઘણી વાર તો નાનાં છોકરાંને પણ સાથે લે છે અને બધાં વારાફરતી ઉપાડે છે. બધાં સાથે હોય તો વાતો કરતાં જાય એટલે વાટ ઝટ ખૂટે, ચોરનો ભો ન લાગે, શહેરમાંથી માલ લેવો હોય તો ઉપાડવામાં માણસો કામ લાગે, એટલે બને તેટલાં એક સાથે જવાનું પસંદ કરે. પણ સાથે નીકળવાનું મુખ્ય કારણ તો બધાંને ઠામપાટલો થાય, નવું નવું જોવા મળે, ઘરકામથી જરા છુટ્ટાં થઈ મુસાફરીનો આનંદ મળે, એ હોય છે. ગામડાંના જીવનમાં આ ગામતરે જવું એ એક આનંદનો પ્રસંગ હોય છે.

આ 'પાઠાવલી'ની શરૂઆતમાં આપેલું ચિત્ર એવા એક ગામતરે જતાં નાનાં કુટુંબનું ચિત્ર છે. ચિત્રકારે ચિત્ર કરવાને માટે આખા રસ્તામાંથી એક સુંદર ભાગ પસંદ કરેલો છે. લાંબે રસ્તે ગયા પછી વચમાં નદી કે નાનું નેળિયું આવે ત્યારે બહુ મજા પડે. નદી આગળ દેખાવ પણ બધો બદલાઈ જાય, થાકેલા પગને ઠંડું પાણી સરસ લાગે, અને બધાંને સાથે પાણીમાં ચાલવાની મજા આવે. આ ચિત્રમાં છોકરાં નથી. નહિતર છોકરાં તો રસ્તામાં પાણી દેખી જરા રમી પણ લે.

આ ચિત્રમાં ત્રણ માણસો દેખાય છે. એક જુવાન પુરુષ છે અને બે સ્ત્રીઓ છે. પુરુષ જુવાન છે એટલે નદીમાં ઊંડું પાણી કે એવો ભય ન હોય તેની સરત રાખવા સ્વાભાવિક રીતે આગળ ચાલે છે. બે સ્ત્રીઓમાં જે મોટી ઉંમરની સૌથી પાછળ ચાલે છે તે તેની પત્ની જણાય છે. નાની ઉંમરની સ્ત્રી પેલા પુરુષની નાની બહેન જણાય છે અને તેની સંભાળ રાખવા આ વરવહુ તેને વચ્ચે ચલાવતાં હોય એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાય છે. એ નાની બહેન છે એટલે જ જે કાંઈ ભાર ઊંચકવાનો છે તે તેનાં ભાઈભાભીએ ઊંચકી લીધો છે. પુરુષે ખભા ઉપર કડિયાળી લાકડી રાખી છે, અને તેના ઉપર એક છેડે લોટો અને બીજી બાજુ પોટકું ટીંગાડ્યું છે. ગામડાના લોકો આવી લાકડી પોતાના રક્ષણ માટે મુસાફરીએ જતાં હમેશાં રાખે છે. પિત્તળની પટ્ટીઓ જડેલી એ લાકડી ઘણી મજબૂત હોય છે. રસ્તામાં પાણી પીવા કે એવા કામને માટે દોરી–લોટો સાથે લેવાનું તેઓ કદી ભૂલતાં નથી. માણસો બહાર જાય ત્યારે સારાં કપડાં પહેરીને જાય, તે પ્રમાણે આ ચિત્રકારે પણ આ ત્રણેયને સારાં જેવાં કપડાં પહેરીને જતાં બતાવેલાં છે. તેમનાં કપડાંના રંગ, સામે દેખાતા ચન્દ્રના અજવાળામાં બરાબર દેખાય છે. ગામડાંના લોકો પહેરે તેવાં જ કપડાં આ ત્રણેએ પહેરેલાં છે. એ રીતે ચિત્રકારે ગામડાંના જીવનનું એક દૃશ્ય આબેહૂબ બતાવ્યું છે.

ચિત્ર જોતાં તેની અનેક ખૂબીઓ પણ તમને જણાશે. સામે ચન્દ્ર છે એટલે ચન્દ્રનું અજવાળું જ્યાં ગડાં પર પડેલું છે તે ભાગ વધારે ઊજળો છે. પગ પણ પાણીની અંદરથી દેખાય, તેવા જ બરાબર દેખાડેલાં છે. પાણીમાં ચાલતાં પાણીમાં મોજાં થાય તેવાં જ મોજાં રંગથી દેખાડેલાં છે, અને મોજાં ઉપર કોઈ કોઈ જગાએ ચન્દ્રનો પ્રકાશ પડે તે પણ, મોજાંની ઉપલી કોર કોઈ કોઈ જગાએ વધારે સફેદ કરી બતાવેલું છે.

પાણીમાં ઊતરતાં માણસો કપડાં ઊંચે લે તે જ પ્રમાણે બન્ને સ્ત્રીઓએ કપડાં ઊંચાં લીધેલાં છે. નદીકાંઠે ઘણી વાર ઝાડ હોય છે તેવું એક ઝાડ બતાવેલું છે અને તેની એક ડાળી નીચે પાણીમાં થોડી બૂડી ગઈ છે તે પણ બરાબર દેખાય છે. નદીમાં કોઈ કોઈ જગાએ પાણીમાં ઘાસ જેવા છોયા ઊગે છે તે પણ બતાવેલા છે. અને તેમાં કોઈ કોઈ છોયા-પર લાલ જીવડાં બેઠેલાં તમે કદાચ જોઈ શકશો.

ચિત્રકારે ગામડાંનાં જીવનનું એક ઘણું સુંદર દૃશ્ય આપણને બતાવેલું છે, અને તેની ખૂબી એ છે કે આવું દૃશ્ય કુદરતમાં જેવું હોઈ શકે તેવું જ તેણે ચિત્રમાં રંગોથી આપણને બતાવેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારા પાઠમાં આપેલું છે તે ચિત્ર છાપખાનામાં છાપેલું છે. મેં આ પાઠ, છાપેલા ચિત્ર ઉપરથી નહિ, પણ અસલ ચિત્રને સામે રાખીને લખેલો છે. તે તમારા છાપેલા ચિત્ર કરતાં વધારે સુંદર છે, કારણ કે અસલ ચિત્રના બધા જુદા જુદા રંગો અને એક જ રંગની જુદી જુદી છાયાઓ બધી છાપમાં પાડી શકાતી નથી. તમને પણ કોઇવાર કોઈ સુંદર છાપેલા ચિત્રનું મૂળ ચિત્ર જોવા મળે તો જોવું ચૂકશો નહિ, કારણ કે ચિત્રની ખરી ખૂબી તો મૂળ ચિત્રમાં જ દેખાય છે.

૪૦

મધપૂડો

[જેસલ–તોળલનું ભજન શીખતાં લોકગીત વિશે તમને કંઈક પરિચય મળ્યો હતો. અગાઉ આપણે ત્યાં દુહા, સોરઠા, ચોપાઈ વગેરે ખૂબ પ્રચલિત હતાં. ગાવાંને માટે અને યાદ રાખવા માટે એ ઘણાં અનુકૂળ હોઈ અગાઉ એનો ઘણો ઉપયોગ થતો. એમાં આપણા અગાઉના લોકો સુન્દર વિચારકણિકાઓ સંગ્રહી રાખતા. તમારે માટે અહીં જે કણિકાઓ ભેગી કરી છે તેમાંથી ઉદાહરણ તરીકે એક દુહો લઇએ. આપણે જાણીએ છીએ કે કોઈ માણસને આપણે મારીએ તો કાળે કરીને તે તે ભૂલી જશે, પણ તેને એક કડવું વેણ કહીએ તો ? એથી આપણાં લોકગીતોનો કોઈ એક કવિ કડવાં વેણો વિરુદ્ધ ચેતાવતાં કહે છે: 'મોતીનો વેધ પાડતાં જો મોતી તૂટી, ઘોડાને પળોટતાં જો ઘોડે તૂટે, અને કવેણ–એટલે ખરાબ વેણથી જો મન તૂટે તો તેને ન તો સાંધી શકાય ન રેણ દઈ શકાય–એ તો ભાંગેલાં જ રહે.' આમ થોડા શબ્દોમાં મોટા વિચારો મૂકવા એ ઘણું અઘરું છે, અને એથી અહીં નાની નાની કાવ્યકણિકાઓ આપી છે તેને મધનાં બિન્દુઓ જેવી ગણી છે. મોટે ભાગે એ બધી લોકગીતોમાંથી જ છે. એની સુંદરતા અને મીઠાશ તમે એને મોઢે કરશો ત્યારે જ ખરેખર તો માણી શકશો. એવાં બીજાં ગદ્ય-પદ્ય મધુબિન્દુઓ ભેગાં કરી તમે તમારો સુભાષિત–મધુપૂડો બનાવશો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



વા ફરે, વાદળ ફરે
ફરે નદીનાં પૂર;
શૂરા બોલ્યા ના ફરે,
(ભલે) પશ્ચિમ ઊગે સૂર,

*

ગાજ્યા મેહ વરસે નહિ
ભસ્યા શ્વાન નવ ખાય;
બહુ બોલ્યા નવ રણ ચઢે,
થોડ બોલ્યા ન ઘર જાય.

*

જે મારગ કેસરી ગયો,
રજ લાગી તરણાંય,
એ ખડ ઊભાં સૂકશે,
નહિ ચાખે હરણાંય.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંથા રણમાં પેઠકે, કેની જોવે વાટ?
સાથી તારાં ત્રણ છે–હૈયું કટારી, હાથ.

*

અગર બળતાં ગુણ કરે, ને સુખડ ઘાસંતાં,
શૂરા હોય તે રણ ચડે, ને કાયર નાસંતા,

*

પાન સડે, ઘોડા અડે, વિદ્યા વિસરી જાય,
રોટી દાઝી ખાખ થઈ–કો, ચેલા કેમ યે થાય?

*

ધન જોબન ને ઠાકરી, તે ઉપર અવિવેક;
એ ચારે ભેગાં હુંવાં, અનરથ કરે અનેક.

*

મોતી ભાંગ્યું વીંધતાં, મન ભાંગ્યું કવેણ;
ઘોડો ભાંગ્યો ખેડતાં, એને નહિ સાંધો નહિ રેણ.

*

ગુણની ઉપર ગુણ કરે, એ તો વે'વારાં વટ્ટ;
અવગુણ ઉપર ગુણ કરે ખરી ખત્રિયાં વટ્ટ.

*

હલકા જન હલકા રહે, લીએ પલકમાં લાજ,
ઊતરાવે છે પાઘડી, માંકડ ભરી સમાજ.

*

સંપત ગઈ તે સાંપડે, ગયાં વળે છે વહાણ,
ગત અવસર આવે નહિ, ગયા ન આવે પ્રાણ.

*

ખડ ખૂટ્યાં, ધણ વસૂકિયાં, વા'લાં ગયાં વિદેશ;
અવસરચૂકા મેહુલા, વરસી કાંઉ કરેશ?

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઋતુએ ઊગે મોગરા, ઋતુએ આવે ફૂલ;
ઋતુ વિનાનું ચાહીએ, તે તો ધૂળેધૂળ.

*

વિપત પડે ના વલખીએ, વલખે વિપત ન જાય;
વિપતે ઉદ્યમ કીજીએ, ઉદ્યમ વિપતને ખાય.

*

હૈડા ભીતર દવ બળે, કોઈ ન જાણે સાર;
કાં મન જાણે આપણું, કાં જાણે કર્તાર.

*

ડગલે ડગલે ડુંગરા, વિકટ પ્રેમનો પંથ,
કૃપા કરે શ્રીરામ તો, સન્ત પામતા અંત.

LIBRARY,
GURUKULA KANGRI.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar